પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સંસ્થાપક
રવિશંકર રાવળ

ઑક્ટોબર, ૨૦૦૦


સળંગ અંક ૮૭૪

તંત્રી
ધીરુ પરીખ

દીપોત્સવી અંક

વર્ષ ૭૩મું

સંભવત : બુરહાનપુરની] ફૂલભાતની જાજમનો એક ભાગ [આશરે ૧૭મી સદીનો ઉત્તરાર્ધ





વટપત્ર પર બાલમુકુન્દ
૧૮મી સદીના પૂર્વાર્ધમાં સેરિંગપટ્ટમ્ કર્ણાટકમાં દશાવતાર ચિત્રમાલામાંનું એક ચિત્ર

करारविन्देन पदारविन्दं मुखारविन्दे विनिवेशयन्तम् ।
वटस्य पत्रस्य पुटे शयानं बालं मुकुन्दं मनसा स्मरामि ॥

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૭મું | અંક ૧૦

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* 'કુમાર' દર માસની ૧૭ગગગગમી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

ઑક્ટોબર **સાંકળિયું** ૨૦૦૦

કુમાર સળંગ અંક ૮૭૪

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઑફસેટ, ૪૯, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટિજની પાછળ,નારોલ ચોકડી પાસે. અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૫ - ૦૦

વાચકો લખે છે

'કુમાર'ના સ્થાપક અને આદ્યતંત્રી ગ્રાહક નોંધવા નીકળે છે ત્યારે....

'ઊગતા પ્રભાતે, બળતા બપોરે
ને સાંજ કેરા નમતા પહોરે,
કે રાત્રીના શીતળ અંધકારે
કુમારનો 'અશ્વ' સદાય દોડે.'

જાન્યુ. ૧૯૨૪માં 'કુમાર'નો પ્રથમ અંક અમદાવાદ મધ્યે પ્રકાશિત થાય છે. 'કુમાર'નો અશ્વ દોડાવવા, નવા ગ્રાહકો નોંધવા આદ્ય સ્થાપક તંત્રીશ્રી રવિશંકર રાવળ હોંશે હોંશે મુંબઈની સફર ખેડે છે.

તંત્રીશ્રી અગાઉ હાજી મોહમ્મદના માસિક 'વીસમી સદી' સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા હતા. અને એટલે 'વીસમી સદી'ની ઓળખાણોથી નવા ગ્રાહકો સંદર્ભે આશાવાદી હતા. ત્યારે 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૬.

ર.મ.રા. સાન્તાક્રુઝમાં પોતાના પરમ મિત્ર ચુનીભાઈ ઘોડીને મળે છે.

ચુનીભાઈ અને ર.મ.રા. નજીકના એક બંગલાના માલિક-શેઠ-મિત્રને ત્યાં પધારે છે : ચુનીભાઈ શેઠમિત્રને : 'તમે જરા રૂપિયા છ કડવા કરી આપો.'

શેઠ : 'શું છે ? લાવો જોઈએ.' 'કુમાર'નો પ્રથમ અંક હાથમાં લે છે. પાનાં ફેરવી કહે : 'આટલાં જ પાનાં ને છ રૂપિયા લવાજમ ?'

ર.મ.રા. : 'રંગીન પ્લેટ છે. રંગીન પૂઠું છે, ચિત્રો છે, તે પણ જુઓ.'

શેઠ : 'અરે, બ્લૉક અને ચિત્રો પાછળ ખર્ચ કરો એટલે વાંચવાનાં પાનાં ઓછાં મળે ને ? આ લ્યો, તમારું રંગીન પાનું ફાડી લ્યો, શો ખર્ચ આવે ?'

ચુનીભાઈ : 'શેઠ, હવે ચીકાશ મૂકોને! આ તમારી નાનકડી દીકરી લીલા રંગનું 'મોજમજાહ' વાંચી રહી છે અને વિલાસી તેમજ ઝેરી સાહિત્ય વાંચે છે તે તો દૂર કરો!'

શેઠ : 'ચુનીભાઈ માફ કરજો. છાપેલાં કાગળિયાં માટે આવું મોટું લવાજમ ભરવા હું તૈયાર નથી.'

ચુનીભાઈ શેઠને રોકડું પરખાવે છે. ચુનીભાઈ અને ર.મ.રા. ચાલતી પકડે છે. શેઠ તો પાણી જેવા પાતળા થઈ ગયા. પાછળ ઘસડાતા આવ્યા. ચુનીભાઈએ તેમનો હાથ તરછોડી નાખ્યો.

શેઠ (ર.મ.રા.ને) : 'એઈ મિસ્ટર, તમે છ રૂપિયા લેતા જાઓ. ચુનીભાઈ, ભાઈ સાબ, માફ કરો.' પરંતુ ચુનીભાઈ અને ર.મ.રા.નું ટિપ્પણ છે : દાનની ટીપોમાં પાર્ટીઓમાં મોટી રકમો આપતા શ્રીમાનો હજી સાહિત્ય અને કળાના સંસ્કારનાં મૂલ્ય પિછાનતા થયા નહોતા. (ગુજરાતમાં કલાનાં પગરણ : ૧૯૩૫ સુધી. રવિશંકર રાવળ, ૧૯૯૮. કિં. રૂ ત્રણસો. ૪૦૦ પૃષ્ઠનો બે કોલમમાં દળદાર ગ્રંથ. ૧૬ કલાત્મક રંગીન પ્લેટો, સંખ્યાબંધ સ્કેચોયુક્ત બેશક વસાવવાલાયક છે) ૭૬ વર્ષોનાં વહાણાં વાયાં. 'કુમાર'ના પ્રથમ વર્ષમાં ગ્રાહકો છસો, વર્તમાનમાં કેટલા ગ્રાહક ? કેટલાંયે ગુજરાતી સામયિકો છસોની ગ્રાહકસંખ્યા પણ ધરાવતાં નથી. છેલ્લે છેલ્લે કવિશ્રી ઉમાશંકર જોશીનાં 'સંસ્કૃતિ'ના ગ્રાહકો બસો.

લિપિ : બ્રાહ્મી વિ. ખરોષ્ઠી

'જાણીતા માણસની અજાણી વાતો' કટારમાં ત્યારે ભારતના રાજ્યકક્ષાના પ્રધાન ઉમા ભારતીના (હવે રાજીનામું આપેલ છે) દ્વારકાધીશ મંદિરના દર્શન સંદર્ભે શ્રી પુષ્કરભાઈ ગોકાણીનું કથન છે : 'દ્વારકાધીશ મંદિરને પહેલે માળે મંદિરના જીર્ણોદ્ધાર માટે દાનનો 'ખરોષ્ઠી લિપિમાં લેખ વાંચી (ઉમા ભારતી) કહે : ખરોષ્ઠી લિપિ તો ભારતમાં પચ્ચીસો વર્ષ પહેલાં પ્રચલિત હતી, કેમ ? મંદિર કેટલું પ્રાચીન છે?' (કુમાર, એપ્રિલ, ૨૦૦૦ પૃ. ૨૨૦)

તે સંદર્ભે શ્રી નરોત્તમ પલાણનો પ્રતિભાવ છે : 'આ વખતે (એપ્રિલ અંકમાં) એક વાત ન ગમી. શ્રી દ્વારકાધીશના મંદિરમાં ઉપલે માળે કઈ લિપિનો લેખ છે તે અદ્યાપિ સ્પષ્ટ નથી. પુષ્કરભાઈ પોતે પણ આ અગાઉ આ લેખને 'બ્રાહ્મી લિપિ'નો કહી ચૂક્યા છે. (જુઓ દ્વારકા સર્વસંગ્રહ પૃ. ૧૬) હવે અહીં ખરોષ્ઠી લિપિ કહે છે.' (કુમાર, મે, ૨૦૦૦ પૃ. ૨૭૦).

'કુમાર'ના બચુભાઈ રાવત જન્મશતાબ્દી વિશેષાંકમાં (ફેબ્રુઆરી ૧૯૯૮) શ્રી બચુભાઈ રાવતનો લેખ 'લિપિનો વિકાસ એક ટૂંકી અભ્યાસ નોંધ' પ્રકાશિત છે. વાસ્તવમાં આ અભ્યાસનોંધ અનુપમ, પ્રશિષ્ટ, પ્રમાણભૂત વિસ્તૃત લેખ છે. (પૃ. ૧૫૪)

શ્રી બચુભાઈ રાવત વિદ્વાન સંશોધક જૈન મુનિશ્રી પુણ્યવિજયજીના 'લેખનકળા' લેખમાંથી વિસ્તૃત અવતરણ ટાંકે છે : ''ચાઈનીઝ ભાષામાં રચાયેલો 'ફા યુઅન સુલિન' નામના બૌદ્ધ વિશ્વકોશમાં બ્રાહ્મી ખરોષ્ઠી આદિ લિપિઓની ઉત્પત્તિ વિષે લખતાં તેમાં બૌદ્ધ ગ્રંથ 'લલિતવિસ્તાર' પ્રમાણે ૧૪ લિપિઓનાં નામ આપ્યાં છે જેમાં પહેલું ખરોષ્ઠી છે. 'ખરોષ્ટ'ના વિવરણમાં લખ્યું છે કે લખવાની કળાની શોધ ત્રણ દૈવી શક્તિવાળા આચાર્યોએ કરી છે. તેમાં સૌથી પ્રસિદ્ધ બ્રહ્મા છે. જેમની લિપિ (બ્રાહ્મી) ડાબી બાજુથી જમણી બાજુ લખી-વાંચી શકાય છે. તેના પછી કિઅ-લુ (કિ અ-લુ-સે. ટો = ખરોષ્ઠીનું ટૂંકું રૂપ છે) જેની લિપિ જમણી બાજુથી ડાબી બાજુ વાંચી શકાય છે. બ્રહ્મા અને ખરોષ્ટ ભારતવર્ષમાં થયા છે. પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં મુખ્યત્વે કરીને બ્રાહ્મી અને ખરોષ્ઠી એ બે લિપિઓ જ પ્રચલિત હતી. ખરોષ્ઠી લિપિ જમણી બાજુથી ડાબી બાજુ હોઈ તે સેમેટિક વર્ગની છે. એનો પ્રચાર ઈ.સની ત્રીજી શતાદી સુધી પંજાબમાં હતો. તે પછી એ ભારતમાંથી સદાને માટે અદશ્ય થઈ ગઈ. અને તેનું સ્થાન બ્રાહ્મી લિપિએ લીધું. તેમ છતાં હિંદુકુશ પર્વતના ઉત્તરના દેશોમાં

તેમજ ચીન-તુર્કસ્તાન આદિ દેશોમાં જ્યાં બૌદ્ધધર્મ ને ભારતીય સભ્યતા પોતાનો પગ જમાવી રહી હતી ત્યાં સદીઓ સુધી તે ચાલુ હતી.

ઇતિહાસવેત્તાઓની એ માન્યતા છે કે ઈરાનવાસીઓ સાથે હિંદુસ્તાનના વ્યાપારિક સંબંધને લીધે તેમજ તેમના રાજ્યકાળમાં તેમની સત્તા નીચે રહેલા હિંદુસ્તાનના ઇલાકાઓમાં તેમની રાજકીય લિપ 'અરમઇ'નો પ્રવેશ થયો હશે અને તેમાંથી ખરોષ્ઠી લિપિની ઉત્પત્તિ થઈ હશે. સંભવ છે કે આ લિપિને વ્યવસ્થિત રીતે તૈયાર કરનાર ચાઇનીઝ બૌદ્ધ વિશ્વકોશમાં લખ્યા મુજબ ખરોષ્ઠ નામનો આચાર્ય (બ્રાહ્મણ) હોય. જેના નામથી લિપિનું નામ ખરોષ્ઠી પડ્યું હોય તેમજ એ પણ સંભવ છે કે તક્ષશિલા જેવા ગાંધારની કોઈ પ્રાચીન વિદ્યાપીઠમાં આ લિપિનો પ્રાદુર્ભાવ થયાં હોય.

'ઈ.સ. પૂર્વે ૫૦૦૦થી લઈ ૩૫૦ સુધી (ઈ.સ. પૂર્વે ૩૫૦ કે ઈ. ૩૫૦) ભારતવર્ષની તમામ લિપિઓની સંજ્ઞા બ્રાહ્મી છે.' આપ્યા. કેશવરામ કા. શાસ્ત્રીના બૃહદ્ ગુજરાતી કોશ અનુસાર (ખંડ ૧, ૧૯૭૬) ખરોષ્ટી, ષ્ટ્રી, ષ્ઠી (સ્રી-મૂળ સંદિગ્ધ) સમ્રાટ અશોકના સમય (ઈ.પૂ. ૩જી સદી)ની ભારતવર્ષના વાયવ્ય પ્રદેશમાં પ્રચલિત એક વિદેશીય લિપિ (સંજ્ઞા). સાર્થ ગુજરાતી જોડણીકોશ અનુસાર (ગૂજરાત વિદ્યાપીઠ, પાંચમી આવૃત્તિ, ૧૯૬૭) ખરોષ્ઠી સ્રી (સં?) હિ. ખરોષ્ટ્રી, ષ્ઠી, એક જૂની લિપિ. સર મોનિઅર વિલિઅમ્સના સંસ્કૃત-અંગ્રેજી કોશ અનુસાર ખરોષ્ઠી A kind of written character or alihabet (૧૯૭૬, પૃ. ૩૩૭)

ખરોષ્ઠી વિદેશીય લિપિ હોવાનું શ્રી કે. કા. શાસ્ત્રીનું મંતવ્ય યથાર્થ છે કે? ખરોષ્ઠ જો ભારતવર્ષના હોય તો યથાર્થ નથી. સમ્રાટ અશોકનો જીવનકાળ : 304 BC to 232 BC; શાસનકાળ : 270 BC to 232 BC

શ્રી રાધાકુમુદ મુખરજીકૃત 'અશોક' (તૃતીય આવૃત્તિ પુનર્મુદ્રણ ૧૯૭૨)માં પરિશિષ્ટ 'સી'નો વિષય છે : On the Scrilt, Dialect and Grammar of the Inscriltions (પૃ. ૨૪૬-૨૫૩) જેમાં વિધાનો છે : The Asokan inscriptions are written in two scrits known as kharosthi and Brahmi. The former is a cursive scrilt written from right to left and is traced to a Semitic origin, the Aramaic scrilp... Sylvain Levi calls the script Kharistri After the name of the country of kharostra just outside India, where it was first traced of the scrilt Kharistri after the name of the Asokan inscription, only those at Shahbazga and Mansehra, and the short note of the scribe Chalada at the end of the Mysore versions of the minor rock edict II are written in this scrilt. The other iscriltions of Asoka are written in the iolular Brahmi scrilt running left to right, the iarent of all Indian Scriits... but Buhle has shown how Brahmi too was originally written from right to left.

(૧) અસલમાં બ્રાહ્મી લિપિ પણ જમણેથી ડાબે લખવામાં આવતી. ત્યાર બાદ ડાબેથી જમણે. (૨) ખરોષ્ઠી લિપિ જમણેથી ડાબે લખવામાં આવતી (૩) ખરોષ્ઠી Aramaicમાંથી (પર્સિઅન સામ્રાજ્ય) ઊતરી આવેલ હોવાની સંભાવના છે. (૪) સમ્રાટ અશોકના લેખો બહુધા બ્રાહ્મી લિપિમાં છે (મધ્યપ્રદેશમાં વિદિશા નજીક ઈ. પહેલી-બીજી સદીના ખંભામાં લખાણ પણ બ્રાહ્મીમાં છે. અમે નીરખેલ છે.)

(૫) Shahbazgarhi (પૃ. ૧૨૮, ૨૨૨) અને Maneshra (પૃ. ૧૩૯, ૨૨૫)ના શિલાલેખો ખરોષ્ટીમાં છે. (ગિરનારના શિલાલેખની પ્રતિકૃતિ દિલ્હી રાષ્ટ્રિય મ્યૂઝીઅમના પ્રાંગણમાં પ્રદર્શિત છે.)(૬) 'કુમાર', ફેબ્રુઆરી ૧૯૯૮, પૃ. ૮૪૧ પર જૂનામાં જૂની બ્રાહ્મીનો ગિરનારમાંનો અશોકનો શિલાલેખ અને અશોકના શિલાલેખોની લિપિની વાચના (મેકમિલન કંપની તરફથી પ્રકાશિત શ્રી રાધાકુમુદ મુખરજીના પુસ્તકમાંથી સાભાર પ્રકાશિત છે.) પરંતુ તૃતીય આવૃત્તિનું પુનર્મુદ્રણ ૧૯૭૨ મોતીલાલ બનારસીદાસનું પ્રકાશન છે. પૃ. ૨૪૬ની સામે Asokan Alihabet, સ્વચ્છ અને આબેહૂબ છે. (૭) ખરોષ્ઠી લિપિ ભલે કાળાંતરે ભારતમાંથી લુપ્ત થઈ, પરંતુ સમ્રાટ અશોકના શિલાલેખોની લિપિ હોતાં ખરોષ્ઠી લિપિને ભારતીય લિપિરૂપે પ્રમાણવી ઘટે. (ભલે ઉદ્ભવ વિષે પ્રમાણવી ઘટે (ભલે ઉદ્ભવ વિષે મતમતાંતર હોય, ધારણાઓ માન્યતાઓ હોય).

'કુમાર'નો 'બચુભાઈ રાવત જન્મ-શતાબ્દી વિશેષાંક' સીમાચિહ્ન છે, માનદંડ છે. ધન્યવાદ ! અમે 'કુમાર'ના વિશેષાંકો ધરાવીએ છીએ.

શ્રી ગજેન્દ્ર શાહ (ચિત્રકાર) 'ચિત્રકાર રાજા રવિ વર્મા' વિષયક 'કલાસ્મૃતિ'માં ઈ. ૧૯૯૩માં યોજાયેલ રાજા રવિ વર્માના ચિત્રોનાં પ્રદર્શન અને ૧૫૦ ચિત્રો અને નોંધપોથીનાં પાનાંનાં મોન્ટાજ ગ્રંથનો નિર્દેશ કરે છે. (કુમાર, એપ્રિલ, ૨૦૦૦, પૃ. ૨૫૨-૩) પરંતુ શ્રી શાહે કેરળ સરકાર પ્રકાશિત રાજા રવિ વર્મા ગ્રંથનો (૧૯૮૧, કિં.રૂ. ૭૫) નિર્દેશ કરેલ નથી. કેરળ લલિત કલા અકાદમી વતી E.M.J. Venni Yoor રાજા રવિ વર્માની કારકિર્દી અને કલાને સમુચિત નાણે છે. ગ્રંથમાં આબેહૂબ વાચન રંગીન ચિત્રો છે. ઉપરાંત અનેકવિધ સ્કેચો છે. ગ્રંથ દિલચસ્પ છે, લાજવાબ છે.

રાજા રવિ વર્માનાં ચિત્રો વડોદરા મ્યૂઝીઅમ ઉપરાંત થીરૂઅનંથપુરમ્ (ત્રિવેન્દ્રમ્)ની શ્રી ચિત્રા આર્ટ ગેલરી અને નવી દિલ્હીનાં મ્યૂઝીઅમ ઓવ્ મૉર્ડન આર્ટ (જયપુર હાઉસ)માં સુપેરે પ્રદર્શિત છે. રાજા રવિ વર્માની ચિત્રકલા પુનઃ પ્રસ્થાપિત થતી ચાલી છે. 'કુમાર'માં પ્રકાશિત ફોટો શ્રી ચિત્રા આર્ટ ગેલરીમાં પ્રદર્શિત છે. કેરલ સરકારના પ્રકાશનમાં મુખપૃષ્ઠ છે. ફોટાના કલાકાર છે રાજા રવિ વર્માનાં બહેન મંગલાબાઈ.

-વી. બી. ગણાત્રા (મુંબઈ)

ઑગસ્ટ ૨૦૦૦ના અંકમાં મુખપૃષ્ઠ ઉપર રાષ્ટ્રના અભ્યુદયની પ્રાર્થના મૂળ અને સમ-મંત્ર (ગુજરાતી) વાંચીને ખૂબ જ ગમ્યું. બીજી પંક્તિમાં 'વ્યાધી' રહી ગયું છે. 'આ રાષ્ટ્રે રાજન્યઃ શૂર ઈષવ્યોકુતિ વ્યાધી મહારથોજાયતામ્ડ વ્યાધ-બાણ ચલાવવામાં કુશળ. અતિવ્યાધી -- અત્યંત કુશળ. સાતમી પંક્તિમાં 'ઓષધયઃ' છે, 'ઑં' નહીં, શુકલયજુર્વેદ ૨૨મા અધ્યાયનો ૨૨મો મંત્ર. વેદવિધિથી ગાન થતું હોય ત્યારે અર્થ ન સમજાય તેને પણ પુલકિત થતા જોયા છે.

-બાલુભાઈ જોશી (પ્રભાસપાટણ)

ઑગસ્ટ ૨૦૦૦ના 'માધુકરી' વિભાગમાં 'સરકારી કર્મચારીઓની વફાદારી કોની સાથે ?' લેખ ખૂબ સુંદર છે. આજે જ્યારે સરકારી વહીવટ લોકાભિમુખ અને પારદર્શક બનાવવાનો સરકારનો અભિગમ જાહેર છે ત્યારે તે સર્વત્ર આવકારદાયક બને છે. સરકાર તે માટે ખૂબ જ જહેમત ઉઠાવી રહેલ છે ત્યારે આ લેખ સૌને માટે માર્ગદર્શન પૂરું પાડે છે. આમાં કર્મચારીઓની અને પદાધિકારીઓની મર્યાદાઓ અને સંકલન કેવાં હોવાં જોઈએ તે સમજવા મળે છે. મારા એક પુસ્તક 'લોકાભિમુખ વહીવટની દિશામાં'માં આ બાબતો અંગે વિશેષ માર્ગદર્શન પૂરું પાડી નાગરિક અધિકારપત્રનો અમલ કેવી રીતે થઈ શકે, લોકાભિમુખ વહીવટ કેવી રીતે થઈ શકે, આવી બાબતોમાં જનસંપર્કનું શું મહત્ત્વ છે, તે સવિસ્તર સમજાવ્યું છે.

હું ભણતો ત્યારથી જ 'કુમાર'નો ચાહક છું. નિયમિત વાંચું છું. તેણે અસ્મિતા જાળવી રાખી છે. અભિનંદન. વિશેષમાં સપ્ટેમ્બર ૨૦૦૦ના અંકમાં શ્રી કા.વ. રામીનો પદ્મવિભૂષણ સ્વ. ઉષા મહેતા વિશે લેખ ખૂબ જ ગમ્યો. ઘણી જ સુંદર માહિતી પૂરી પાડી છે. ન જાણેલું જાણવા મળ્યું. તે ઉપરાંત ભાનુશંકર પંડ્યાની ઘરડા સિંહની વાર્તા પણ ખૂબ સારી છે. શ્રી રાધેશ્યામ શર્માનો 'ના વેચાય એવો એક જલદ વિચાર' લેખ પણ ખૂબ જ ગમ્યો.

-એસ.બી. સોની (અમદાવાદ)

સપ્ટેમ્બર ૨૦૦૦, સળંગ અંક ૮૭૩માં 'જાણીતા માણસની અજાણી વાતો'માં શ્રી પુષ્કરભાઈ ગોકાણીએ 'શ્રી ૧૦૦૮ શ્રી અભિનવ....' એમ સંબોધન કરેલ છે. તો તેમાં ૧૦૦૮ શું સૂચવે છે ? મારી જાણ પ્રમાણે ૧૦૮ ઘણી વાર પૂર્વાર્ધ લખવામાં આવે છે. ચાર દિશા અને સત્યાવીશ નક્ષત્રોમાં (૪ x ૨૭ = ૧૦૮) જેની કીર્તિ ફેલાયેલી હોય તેને ૧૦૮નું સંબોધન કરાય તો આ ૧૦૦૮નો ખુલાસો શું ? પુષ્કરભાઈ કે બીજું કોઈ ખુલાસો કરશે.

-વિક્રમ વસાવડા (અમદાવાદ)

'કુમાર' ૮૬૯માં 'પ્રસંગપરાગ'ની સુગંધ પચાસ વર્ષે ય તાજગી બક્ષી ગઈ. સીધીસાદી પણ કેવી ભવ્યતાવાળી વાત ! 'હું તમને મંજીમામાં કહેતો' એટલા જ કથનમાં આ ભવ્યતા સભર ભરી છે. અને વળી માસ્તરસાહેબે કહ્યું. 'થશે, એય થશે.' એ માસ્તરસાહેબના કથનમાં ભારોભાર નમ્રતા અને નિશ્ચયાત્મકતા છે. આ ઉત્તર આપતી વખતે તેમના મનમાં સીધોસાદો સહજ ઉકેલ હશે જ પણ ઉત્તર આપવામાં ડોળનો અંશ સુધ્ધાં નથી.

પંચાંગની લેખમાળા રસપ્રદ રહી. આનુષંગિક સર્વ અંગોને ધ્યાનમાં લઈ વિગતપ્રચુર માહિતી લેખકે પૂરી પાડી છે અને તે પણ રસ પડે, આનંદ મળે તે રીતે. લેખમાળા આગળ ચાલે અને વ્યાપક ફલક પર વાચકને લઈ જવામાં આવે એવી આશા છે. ખગોળના વિષયમાં યુવા પેઢી અનાયાસે પ્રવેશ પામે તે જરૂરી છે. ખગોળવિદ્યા એવી ભવ્ય છે કે આ સઘળું કરનાર અને સર્જનાર કોણ ? આકાશનું દર્શન કરતાં જ આનંદથી અમથું અમથું છલકાઈ જવાય છે. કોણે આ બધું ગોઠવેલ છે, જે આપણા ચિત્તને ગોઠી જાય છે ? અને 'કુમાર'માં પણ જે બધું ગોઠવાતું આવ્યું છે ને ગોઠવાતું જાય છે એ શું ઓછું આનંદદાયક છે ? આ વખતે મને થયેલા આનંદનો એક કણ અહીં વેર્યો છે.

'કુમાર' ૮૭૩, ગણિતગમ્મતમાં છપાયેલ રકમ ૧૫૮૭૩ (આંકડો અવળસવળ થઈ જવા બદલ દિલગીર છીએ. - તંત્રી) જોઈએ. તેમાં અન્ય ખૂબીઓ પણ છે. તે સંખ્યાને ત્રણ વડે તેમ ૧૧ વડે નિઃશેષ ભાગી શકાય છે.' તેમાં પ્રથમ, મધ્ય અને અંત્ય અંકનો સરવાળો બાર થાય છે. તેમ બીજા અને ચોથા અંકનો સરવાળો બાર થાય છે. વિશેષમાં ગુણાકાર તરીકે જ સંખ્યાઓ દર્શાવી છે તે તે સંખ્યાને ૧૧ વડે ભાગી જુઓ. જેમ કે.

૧૧૧૧૧૧ % ૧૧ = ૧૦૧૦૧

૨૨૨૨૨૨ %૧૧ = ૨૦૨૦૨

૩૩૩૩૩૩ % ૧૧ = ૩૦૩૦૩ અને

એમ આગળ આ ગુણાકાર તરીકે મળતી દરેક સંખ્યાને ૩ વડે ને ૧૧ વડે નિઃશેષ ભાગી શકાય છે. તેમાંના દરેક આંકડાનો સરવાળો કરતાં મળતી રકમને પણ ૩ વડે નિઃશેષ ભાગી શકાય છે. અને એ સરવાળાના આંકને ૬ વડે ભાગતાં તે આખી રકમમાંનો એક અંક મળે તે સ્વાભાવિક છે.

-લલિત શાહ (સુરેન્દ્રનગર)

અમદાવાદમાં સંસ્કાર કેન્દ્ર, પાલડી ખાતે 'કર્ણાવતીના અતીતની ઝાંખી' મ્યૂઝીઅમ (અમદાવાદ સિટી મ્યૂઝીઅમ) તૈયાર કરાયું છે. એમાં વિવિધ પાસાંઓ સાથે સાહિત્ય પણ સમાવાયેલ છે. 'કુમાર'નું પણ મહત્ત્વ ઘણું ગણાય. 'કુમાર' સાથે પરોક્ષ-અપરોક્ષ રીતે સંકળાયેલ વગદાર વ્યક્તિઓ દ્વારા એ મ્યૂઝીઅમમાં 'કુમાર'ના પહેલેથી બધા જ અંકો Archival સ્વરૂપે સંગ્રહાય એવી ભલામણ કરવી જોઈએ એમ મને લાગે છે. 'કુમાર' દ્વારા જ જૂના અંકો મેળવવા અપીલ કરી શકાય. આ વાત મ્યૂઝીઅમના ક્યૂરેટર / ડાઈરેક્ટરને સમજાવી શકાય. એક દૃષ્ટિએ 'કુમાર'ના અંકોનો સંગ્રહ એ જ અમદાવાદના અતીતનું મ્યૂઝીઅમ બની રહે એટલી સામગ્રી- એ ધરાવે, છે એવો મારો અભિપ્રાય છે.

-જ્યોતિ ભટ્ટ (વડોદરા)

શરદસમયે / ઉશનસ્

(શિખરિણી • સૉનેટ)

વહે છે શાન્તિમાં સમય શરદે બે અમ તટે :
હવે એમાં ના કો મય પ્રથમનો ઉચ્છલ રયે,
ઠર્યું અચ્છોદાયું અમી તવીલગી સાંજુકી વર્યે;
શરત્કાન્તિમાંહે નભ સુષમઃ ના ક્યાં વધઘટે,
મ્હારું કે તારું, અમ ઉભયનું આમ, સમયે
વચાળે આવીને હરી શું લીધું તે તો પ્રિય ! કહે ?
સમો તો ઉલ્ટાનો સમથળ બધું યે કરી વહે,
ઘસાયાં તેથી તો સમરસ રહ્યાં થોભી ઉભયે;
વિધાતાએ, કાળે અલગ કરી દીધાંથી થયું શું ?
શુભેચ્છા લૈ લીધી ? રહી જ, ઊલટી તે વધી કંઈ !
બધાંયે .વૈફલ્યો, અગવડ બધીયે વટી જઈ
શુભેચ્છામાં આખી પરિણત પ્રીતિ; પૂછું : ગયું શું ?
ગઈ જો વાણી તો અરવ તવ આંખો ન અરુણા !
શુભેચ્છા મૂંગીમાં પ્રકટી નથી નિઃશેષ કરુણા !

જ્યારે ચાહો / ચંદ્રકાન્ત શેઠ

(ગાન)

જ્યારે ચાહો આવો,
હું દીપ સાચવી બેઠો છું અહીં
ખુલ્લે મારે દ્વાર.
ફૂલ હોય ત્યાં ફરો,
પરંતુ કંટક જ્યારે લાગે,
હું બેઠો છું અહીં અણિયાળી લૈ નજર કાઢવા બ્હાર.
હરતાંફરતાં ભીંસે જો કોઈ ભાર,
હું બેઠો છું અહીં સાહી લેવા,
ખુલ્લા ખાલી બાહુ કરી પ્રસાર.

જ્યારે ભૂલા પડો,
કરજો મને પુકાર,
હું દીવો લૈને દૈશ તમોને
તમ પથનો અણસાર.
લાગે જો સૂનકાર,
તુરત મને તો કહેજો.
હું મારે મારે સૂતાં પંખીને કહેશ કરે કલધાર.
તમોને નડ્યો, મને તો ક્ષમા,
મને જે નડ્યું, ન એની તમા;
હવે તો રાહ જુએ છે મારી પેલો ભર્યો ભર્યો અંધાર,
જવું ત્યાં, લીન થવા આ વાર,
સ્નેહનો રહ્યોસહ્યો લઈ સાર !

તેં વાદળ હટાવી લીધાં / હસમુખ પાઠક

(ગાન)

તેં વાદળ હટાવી લીધાં,
મને સૂર્ય મળ્યો,
સન્મિત્ર મળ્યો,
અતિશીતલ મળ્યો,
જ્યાં વાદળ હટાવી લીધાં.
મેં હરખથી હુલુ હુલુ ધ્વનિ કર્યો,
મન સાફ થયું,
ચિત ઓગળિયું,
તારું નામ બુદ્ધિએ પરમ લહ્યું,
મુજ હંકારે હુલુ* ધ્વનિ સર્યો.
તેં મસ્તક સૂંઘી ચૂમી લીધો,
મને ગોદ મળી,
મને હૂંફ વળી,
શીળી છાંય સમા તારા હૈયે ઢળી,
જ્યાં મસ્તક સૂંઘી ચૂમી લીધો.
મારી કાલીઘેલી બોલીમાં અક્ષર લહી,
નભ-નીલ સમા
રવિ-ચંદ્ર સમા
ગ્રહ-તારક નિહારિકાના શ્વાસ સમા,
મારી કાલી-ઘેલી બોલીમાં અક્ષર વહી-
કિંકર હસમુખ હવે રમી રહ્યો,
પ્રાણ-મન-અંગે,
ફહાન, તુજ સંગે,
ગાઈ હીંચકતાં હસી-રોઈ આનંદ-તરંગે,
કિંકર હસમુખ નમી રહ્યો-
તેં વાદળ હટાવી લીધાં.

હાઈકુ / રવીન્દ્ર યાદવ

ખખડધજ
ખાલી ખંડેર : ધ્રૂજે
સૂકેલ પર્ણ !

ફલશ્રુતિ / પ્રણય જામનગરી

(મુક્તક)

સુખ અને દુઃખ તણી એ યુતિ છે
માત્ર તિમિર નહિ, એ દ્યુતિ છે
અલ્પ ક્ષણમાં ન ધારણા બાંધો
એ જ જીવન કેરી ફલશ્રુતિ છે.

* હુલુ : પૂજા, શુભકર્મ, આનંદ-અનુષ્ઠાન, પ્રસંગોમાં હિન્દુ નારીગણ જિહ્વા અને તાળવાની સહાયથી જે શબ્દ કરે તે હુલુ, જયકાર. સંસ્કૃત શબ્દ ઉલુલુ (સંસદ બાંગ્લા અભિધાન) ઇથિઓપિઆના અમહારિક નારીગણ પણ આ પ્રકારનો હર્ષનાદ કરે છે.

નિમંત્રણ/ ભાનુપ્રસાદ પંડ્યા

(અનુષ્ટુપ • સૉનેટ)

કોઈ તો રીંછના જેવી જિહ્વાએ લાળ ઝેરતી,
વારાહી દંતશૂલે કો' હવાનાં ગાત્ર ચીરતી.
કાયપે ભીંગડાંવાળી અન્યા તો મકરી સમી,
ફૂંફાડી ફેણ માંડે ત્યાં કોઈ તો વિષ ઓકતી.
આપત્તિ સૌ વળી ટોળે વાદળાં-શી કમોસમી,
ધરાપે ત્રાટકી લેવા નીચું ન્યાળે ઝૂમી નમી.
જંતુ શાં બેપગાં ઝાઝાં ધ્રૂજતાં શશકો સમાં,
એમની પાસ શું જાવું દેખે જે સર્પ રજ્જૂમાં ?
અનાડી છોરું-શાં કષ્ટો કટિપે જેની સોહતાં,
વિશાળા ઉરને માળે વેદના જેહ સેવતાં,
ધણણે પંડ પૃથ્વીનાં તો યે જે તસુ ના ખસે
એવી કો' હસ્તી છે આંહીં દાવાગ્નિ દેખી ના ડગે ?
ઓલિયા, સંત ને જોગી કવિ-દ્રષ્ટા તદા હસે,
નિમંત્રે બાહુ ફેલાવી : પધારો પાય નૈં ચસે !

માફક નહીં આવે/ અશરફ ડબાવાલા

(ગઝલ)

શબદની કેદ કે કાગળ તને માફક નહીં આવે,
પવનને બાંધતી સાંકળ તને માફક નહીં આવે.

છે તારો જીવ ઘટનામાં, સમાચારો ને અફવામાં,
નદી, પર્વત અને ઝાકળ તને માફક નહીં આવે.

સરળ રસ્તે જનારા તું સફળતાનો જ પૂજક છો,
વિકટ સંજોગની અટકળ તને માફક નહીં આવે.

બધી સંવેદનાની હદ થતી પૂરી અહીં મનમાં,
અહીંથી એક ડગ આગળ તને માફક નહીં આવે.

વલય કે પૂર થાવા તેં વિતાવી જિંદગી અશરફ,
મરણનું શાંત ઊંડું જળ તને માફક નહીં આવે.

સૂર્યનો ચહેરો/ કિરીટ ગોસ્વામી

(ગઝલ)

યાદનું એકાદ લીલું પાન હો,
જિન્દગી ક્યાંથી પછી વેરાન હો ?

એટલી છે આપણી, બસ, ઝંખના:
ભાવ-ભીના હર-હૃદયમાં સ્થાન હો.

ખેલશું જો ખેલ હો તો હોંશથી,
ગણગણીશું, જન્દગી જો ગાન હો !

સૂર્યનો ચહેરો નથી ઝાંખો પડ્યો,
શક્ય છે - દૃષ્ટિ જ તારી મ્લાન હો !

આંખ હું પ્રત્યેક વાંચું છું 'કિરીટ',
વેદનું છો ના મને કૈં જ્ઞાન હો !

અવ કેવળ માધવ/ યશવંત ત્રિવેદી

(ગાન)

અંગથી અંગ લહ્યું માધવ-શું ક્યાંય રહી નહીં કાયા !
ઝલમલ ઝલમલ ઝલકી રહી સર્વત્ર બ્રહ્મની છાયા !
વ્રજકુંજો-શાં અંગઅંગ, અવ રમત શ્યામ તનુ ભીતર મારે,
જમુનાજલ-શાં ઝરે મુદામય નેણ બિલોરી
રાસલીલાના અનંત કાળે મધુવન માંહી હૃદયપુષ્પ સૌ ખીલી
ખીલી પુષ્પઠીબોમાં ઝરતા ઝરઝર રંગ નિછોરી
જમુનાજલ-શું જલ અડતમાં જલમાં જલ થૈથૈને, [illegible]
અંગથી અંગ લહ્યું માધવ-શું ક્યાંય રહી નહીં કાયા !
અવ ન ગૌર કૈં, અવ ન શામળું - કૃષ્ણલીલાથી સભર ભર્યું સૌ
નહીં ભીતર નહીં બ્હાર હવે કૈં, નહીં આઘે કે ઓરી
ઊડતાં આવે મોર ચકોર બપૈયા આંબાડાળે, સોનલસોનલ
અમૃતરસ-શો ગુંદ ઝરે ને મંજરીઓ લેલૂમ હવે કૈં મ્હોરી
કાય ઊભી રૈ થિર અને ગુલાલ અશા આ રંગ છવાયા !
અવર ધરી દીધ જમુનાજલમાં અવ કેવળ માધવ-શું માયા !
અંગથી અંગ લહ્યું માધવ-શું ક્યાંય રહી નહીં કાયા !
ઝલમલ ઝલમલ ઝલકી રહી સર્વત્ર બ્રહ્મની છાયા !

કાફિયો/ 'ઉશના'

કોણે જલાવી આંગળી પ્રકટાવિયો આ કાફિયો ?
કોણે કમળપૂજા કરી આરાધિયો આ કાફિયો ?

કોણે ઉછાળ્યો ગગનમાં ગેડીદડો આ શબ્દનો ?
કોણે ફણીધર નાગ જેવો નાથિયો આ કાફિયો ?

સદીઓને પેલે પારથી કોણે ફરી કરતાલમાં
પરભાતિયાના સૂરમાં આલાપિયો આ કાફિયો ?

કોણે રચાવી રાસલીલા ગઝલના તટ પર ભલા ?
ઝૂમે રદીફની તાલી પર દઈ તાલિયો આ કાફિયો ?

વાઘા સજી લયછંદના લો, નીકળ્યો ઘોડે ચડી;
કોને પરણવા જાય છે વરણાગિયો આ કાફિયો ?

મનામણું/ મંગળ રાવળ 'સ્નેહાતુર'

(ગાન)

તમે નથીનાં ટોળાં જામે, આવીને ઉથાપો;
છાલક-શું એક સ્મિત દઈને ગીત અનેરું આપો !
ભરચોમાસે પનિહારીને પાણી ખૂટ્યું બેડે,
હૈયાના ખેતરને ખેડી કોણ હવે એ રેડે ?
રીસામણાંના પગલાં સંધાં ઊંડી નદીએ નાખો.... તમે૦

રોજ વિયોગી રાતો ઝરમર આંસુ થઈને વહેતી,
આથમતી હરણ્યુંની વચમાં મૌન બનીને સ્હેતી !
રાતરાણીની ડાળી કહેતી ભાભી મારી લાવો.... તમે૦

લીંપણભીની ઓકળિયુંમાં હાથ ઊભા થૈને બોલે,
ઓઢી લીલી ચુંદલડીને કોણ મૂંઝાવી મોલે ?
મનામણાંની વેલ્યું જોડી જીવતર નવલું સ્થાપો.... તમે૦

પોતાની જાતને નીચલી કક્ષાની સાબિત ન કરવી હોય તો...

સુધીર દેસાઈ

આજે જેની યાદદાસ્તને વખાણીએ છીએ તે કમ્પ્યૂટર ઈશ્વરે હજારો કે લાખો વર્ષ પહેલાં જ બનાવી દીધું છે. આપણને જે મગજ આપ્યું છે એ કમ્પ્યૂટર જ છે. એ આપણે શ્વાસ લઈએ તેવું; તેટલું સરળ છે કે આપણું એના તરફ ધ્યાન જ જતું નથી. બાળપણથી જ આપણે એનો અનુભવ કરીએ છીએ એટલે અતિપરિચયાત અવજ્ઞા જેવી વાત થઈ ગઈ છે. જેને આપણે નિકટથી ઓળખતા હોઈએ તેની કિંમત આપણને ન થાય. ગંગાને કિનારે જન્મેલાન ગંગાની સાચી અગત્ય ખબર ન હોય. જે લોકો બદરિકેદારમાં રહેતા હોય તે દર્શન કરવા પણ વરસે માંડ એકાદ વખત જતા હશે. જ્યારે આપણે માટે ત્યાં જવું એટલે જિંદગીનો મોટો પ્રસંગ.

આજે આવા વિચારો આવે છે એની પાછળ એક કારણ છે. હમણાં થોડી વાર પહેલાં જ એક પ્રસંગ વાંચ્યો. અમેરિકાનો છે.

એક વખત જ્યોર્જ વૉશિંગ્ટન પોતાના મિત્રો સાથે તથા અન્ય ઉચ્ચ સદસ્યો-અધિકારીઓ સાથે ક્યાંક જઈ રહ્યા હતા. રસ્તામાં એમને એક હબસી મળ્યો. એણે વૉશિંગ્ટનને પણ એ જ રીતે માથા ઉપરથી ટોપી ઉતારીને એના અભિવાદનનો ઉત્તર આપ્યો.

ત્યાંથી થોડેક એઓ આગળ વધ્યા કે એમના મિત્રોએ કહ્યું, 'આપ પણ ખરા છો ને ! આવા એક કાળા માણસને પણ સન્માનનો પ્રત્યુત્તર આપો છો !'

વૉશિંગ્ટને જવાબ આપતાં કહ્યું, 'મિત્રો, તમને શું લાગે છે ? એક અશિક્ષિત હબસી માણસે મારા પ્રતિ આટલી સભ્યતા બતાવી તો શું એની સામે હું અસભ્ય જેવો વર્તાવ કરું અને પોતાની જાતને નીચલી કક્ષાની સાબિત કરું ?'

માનવતા એટલે શું ?

માનવતા એટલે આવો વર્તાવ. આ વાત વાંચી અને ઈશ્વરે બનાવેલા કમ્પ્યૂટર જેવા મગજમાંથી એવા જ પ્રસંગો નીકળી આવ્યા.

એવું કહેવાય છે કે હઝરત મહમંદ પયગમ્બરે જિંદગીમાં ક્યારેય કોઈને પણ અભિવાદન કરવાનો પહેલો મોકો આપ્યો જ નથી. કોઈ સામે મળે ને એ વ્યક્તિ અભિવાદન કરવા પોતાનો હાથ ઊંચો કરે તે પહેલાં હઝરત મહમંદ પયગમ્બરનો હાથ ઊંચો થઈ જ ગયો હોય, અભિવાદન કરવા.

આવો જ એક પ્રસંગ બાળપણમાં વાંચ્યો હતો.

એક હતા ઋષિ. એ નદીએ ન્હાવા ગયા. ન્હાતા ન્હાતા એમણે જોયું કે એક વીંછી પાણીમાં તણાતો જઈ રહ્યો છે. એમણે ઝટ લઈને એને પકડ્યો-ઊંચકીને કિનારે મૂકવા, જેથી એ ડૂબીને મરી ન જાય.


જેવો ઋષિએ એ વીંછીને પકડ્યો બચાવવા માટે કે વીંછીએ ડંખ માર્યો એની પ્રકૃતિ પ્રમાણે. ડંખને કારણે ઋષિના હાથમાંથી વીંછી છૂટી ગયો અને નદીનાં પાણીમાં પડ્યો. ઋષિએ એને ડૂબતો બચાવવા ફરી પકડ્યો. વીંછીએ ફરી ડંખ માર્યો. ડંખને કારણે ફરીથી ઋષિના હાથમાંથી વીંછી છટકી ગયો અને ફરી પાણીમાં પડ્યો. ઋષિએ એને ફરી પકડ્યો. વીંછીએ ફરી ડંખ માર્યો. આમ ચાર-પાંચ વાર થયા પછી જ ઋષિ એ વીંછીને કિનારે મૂકી શક્યા.

એક માણસ દૂરથી આ જોતો હતો. એ ઋષિ પાસે આવ્યો અને કહેવા લાગ્યો, 'આપ ખરા છો. વીંછીના પ્રત્યે આવી દયા ? એને તો તમે બચાવવા પ્રયત્ન કરતા હતા છતાંયે ડંખ માર્યોને ?'

ત્યારે ઋષિએ કહ્યું, 'પણ એ તો એની પ્રકૃતિ છે. એ ડંખ મારે જ. તો એને કારણે મારી પ્રકૃતિ જીવને બચાવવાની છે તે શું છોડી દેવી ?'

આ બધી વાતો સજ્જન માનવીઓની છે. જે સજ્જન છે, જે માણસ છે તે ગમે તેવા સંજોગોમાં પણ માનવતા, સંસ્કારિતા છોડતા નથી. આ ત્રણે જણા જ્યોર્જ વૉશિંગ્ટન, હઝરત મહમંદ પયગમ્બર અને ઋષિ એનાં ઝળહળતાં ઉદાહરણો છે. જેનામાં આ ગુણો છે તે જ માનવ. સાચા અર્થમાં માનવ થવું હોય તો કણ કણ કરીને આવા ગુણો ભેગાં કર્યા કરવાના છે જિંદગીભર. ❒

અમદાવાદ મહાનગરપાલિકાના પ્રથમ નગરપતિ



ચીનુભાઈ મેયર

કાન્તિલાલ વ. રામી

અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના પ્રથમ મેયર, જાહેર જીવનના અગ્રણી, સાહિત્ય, શિક્ષણ, કલા અને ઇતિહાસના અભ્યાસી, શ્રેષ્ઠીવર્ય શ્રી ચીનુભાઈ ચિમનભાઈનું જીવન અમદાવાદ નગર અને તેનાં નગરજનોનાં સર્વ પ્રકારનાં કલ્યાણ અને સુખાકારી માટે નિર્માણ થયું હતું. જીવનના છેલ્લા શ્વાસ સુધી તેઓ અમદાવાદ નગરની ચિંતા કરતા હતા અને તેના વિકાસ અને શ્રેય માટે પોતાનાથી બનતું બધું જ કરતા રહ્યા. જીવનમાં ઘણું હોય, ન હોય, જાય-આવે, ભગવાનમાં શ્રદ્ધા અને કાર્યમાં નિષ્ઠા. મન ઘણું શાંત રાખતા. છેલ્લી ઘડી સુધી વાતો કરી, મનમાં પામી ગયા હશે.... છતાં શાંતિ !

મનુષ્યને પોતાનું જીવન સાર્થક કરવા માટે કુળ, જાતિ કે ધર્મ મહત્ત્વનાં નથી, પણ તેનાં કર્તવ્ય અને ભાવના મહત્ત્વનાં છે. પરોપકારાર્થે પોતાની જાતને સમર્પિત કરી દેવી એ તેનો ઉત્તમ જીવનાદર્શ હોવો જોઈએ. આવો ઉત્તમ જીવન-આદર્શ અને પૂર્વજન્મના સંસ્કારોને કારણ શ્રી ચીનુભાઈનું લાલભાઈ કુટુંબમાં અવતરણ થયું — એમ કહી શકાય કે મેયરપદને ગુજરાતમાં જન્મ લેવાનો યોગ પ્રાપ્ત થયો અને તે અમદાવાદમાં લાલભાઈ કુટુંબમાં ચીનુભાઈના સ્વરૂપે.

ચીનુભાઈના પૂર્વજો પુણ્યશાળી અને પરાક્રમી હતા. એમનું કુળ મૂળથી રાજસ્થાનના રાજપૂતોનું. પાછળથી એમણે જૈન ધર્મ અંગીકાર કર્યો. ચીનુભાઈથી બારમી પેઢીના પૂર્વજ સહસ્રકિરણ સોળમી સદીના ઉત્તરાર્ધમાં રાજસ્થાનનું પોતાનું વતન છોડી અમદાવાદ આવી વસ્યા. અહીંની ઝવેરાતની એક પેઢીમાં એમણે ઝવેરાતનો સ્વતંત્ર વ્યવસાય સ્થાપ્યો. એમના પુત્ર શાંતિદાસને આ વ્યવસાય વારસામાં મળ્યો.

પ્રભાવશાળી વ્યક્તિત્વ અને તીવ્ર બુદ્ધિપ્રતિભાવાળા શાંતિદાસે અમદાવાદની પ્રજાનો પ્રેમ અને તે સમયના રાજકર્તાઓનો વિશ્વાસ સંપાદન કરી લીધો અને અમદાવાદ નગરના સર્વપ્રથમ 'નગરશેઠ' બન્યા. નગરની આબાદી અને સાથેસાથે જૈન તીર્થધામોનો વહીવટ અને વિકાસમાં શાંતિદાસ ઝવેરી (૧૫૯૦-૧૬૫૯)એ પાયાનું કામ કર્યું. એમના પછી એમની સતત અગિયાર પેઢીના સુપાત્ર વંશજોએ આજ સુધી એટલે કે લગભગ ચાર સૈકા સુધી એ વારસાને દીપાવે એવું કામ કર્યું છે.

શાંતિદાસ ઝવેરીની પરખશક્તિ પર પ્રસન્ન થઈને તે સમયના મુગલ શહેનશાહ અકબરે એમને 'શાહી ઝવેરી' તરીકેની પ્રથમ કક્ષાના અમીરની પદવી એનાયત કરી હતી અને અમદાવાદના 'પહેલા નગરશેઠ' તરીકેનો માનભર્યો મોભો આપવાનું ફરમાન બહાર પાડ્યું હતું. અકબરની રાજપૂત બેગમ જોધાબાઈ અમદાવાદમાં શાંતિદાસને ઘેર મહેમાન થઈને રહ્યાં હતાં અને પોતાના ભાઈ તરીકે સ્વીકાર્યા હતા. એથી શાહજાદો સલીમ એમને 'ઝવેરીમામા'ના સંબોધનથી નવાજતો હતો. શાંતિદાસ ઝવેરી હીરાપારખુ તરીકે જેટલા કુશળ હતા તેટલા જ માનવ-પારખુ પણ હતા. એમનાં શાણપણ અને શક્તિને બિરદાવતા અનેક પ્રસંગો સમાજમાં જાણીતા છે. એમની આવી પ્રતિભાને કારણે જ તેઓ જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબ જેવા વિભિન્ન મિજાજના બાદશાહો સાથે નિકટનો અને માનભર્યો સંબંધ જાળવી શક્યા હતા અને એમની પાસેથી અમદાવાદ નગર અને ગુજરાતનાં જૈન તીર્થધામોનાં રક્ષણને લગતાં શાહી ફરમાનો મેળવ્યાં હતાં.

શાંતિદાસે અમદાવાદમાં હાલ સરસપુર તરીકે ઓળખાતા વિસ્તારમાં ૯ લાખ રૂપિયાના ખર્ચે ઈ.સ. ૧૬૨૧માં શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથનું ભવ્ય મંદિર બંધાવ્યું હતું. ધર્મઝનૂની ઔરંગઝેબે એને તોડાવીને ત્યાં મસ્જિદ બાંધવી શરૂ કરી ત્યારે શાંતિદાસે શહેનશાહને ફરિયાદ કરી, આથી શહેનશાહે તરત જ ઔરંગઝેબને અમદાવાદથી પાછો બોલાવી દૂર દક્ષિણમાં મોકલી દીધો હતો અને મંદિરનો કબજો જૈનોને પાછો સોંપી મંદિરને થએલું નુકસાન ભરપાઈ કરવાનું ફરમાન બહાર પાડ્યું હતું. ખાસ મહોરવાળાં આવાં ફરમાનો

મેળવનાર વ્યક્તિ સમાજમાં ગૌરવશાળી ગણાતી. શાંતિદાસ શેઠે આવાં ૨૨ જેટલાં ફરમાનો મેળવ્યાં હતાં, જેમાંનાં કેટલાંક ફરમાનો આજે પણ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં સાચવી રાખ્યાં છે.

શાંતિદાસ ઝવેરીના અવસાન પછી નગરશેઠ બનેલા એમના પુત્ર લક્ષ્મીચંદને પણ મુગલ દરબારમાં રજવાડી સન્માન મળતું હતું. એમણે ગુજરાતના સૂબાને પાંચ લાખ રૂપિયા ધીરીને સહાય કરી હતી. એમની હવેલીમાં સશસ્ત્ર આરબ ચોકીદારોનો સતત પહેરો રહેતો. અનેક શહેરોમાં એમણે ધિરાણ કર્યું હતું. એમનું લેણું ડૂબી જવાના સંજોગો જણાતાં લક્ષ્મીચંદ શેઠે શહેનશાહ ઔરંગઝેબનું લેખિત ફરમાન મેળવી કરજ લેનારાઓને તાકીદ કરી પોતાનું લેણું વસૂલ કર્યું હતું.

લક્ષ્મીચંદના પુત્ર ખુશાલચંદે પણ નગરશેઠ તરીકે નોંધપાત્ર કામ કર્યું. મુગલ મરાઠા સંઘર્ષ થતાં મરાઠા સૈનિકો અમદાવાદ શહેરને લૂંટવા આવેલા એ પરેશાનીથી પ્રજાને બચાવવા ખુશાલચંદે મરાઠા સરદારોને એક લાખ રૂપિયા આપીને શહેરમાં દાખલ થતા અટકાવ્યા અને મોટી જાનહાનિ થતી રોકી હતી.

ખુશાલચંદના પુત્ર નથમલશા (ઈ. ૧૭૨૦-૧૭૩૩)ના સમયમાં ગુજરાતમાં અંગ્રેજોનો પગપેસારો વધતો જતો હતો. કંપની સરકારનું સૈન્ય અમદાવાદના વેપાર-રોજગાર અને નગરજનોને કોઈ પ્રકારની કનડગત ન કરે એવું વચન આ નગરશેઠે લશ્કરના વડા પાસેથી મેળવ્યું હતું. નથમલશાના પુત્ર વખતચંદને પેશ્વા સરકારે છત્ર, પાલખી અને મશાલ રાખવાનો વિશેષ અધિકાર આપ્યો હતો અને કંપની સરકારે જિલ્લાકોર્ટમાં ખુરશીનો હક્ક મંજૂર કર્યો હતો.

વખતચંદ પછી નગરશેઠપદે આવેલા એમના પુત્ર હિમાભાઈએ ઝવેરાત ઉપરાંત શરાફીનો વ્યવસાય શરૂ કર્યો. ગુજરાતના અનેક રાજવી કુટુંબોને સહાય કરી એમણે 'જગતશેઠ'નું ઉપનામ મેળવ્યું હતું. અમદાવાદમાં શહેર સુધરાઈ, અંગ્રેજી કન્યાશાળા, કૉલેજ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી વગેરે હિમાભાઈના સમયમાં શરૂ થયાં. હિમાભાઈ પછી નગરશેઠપદે આવેલા એમના પ્રતિભાવંત પુત્ર પ્રેમાભાઈ (ઈ.સ. ૧૮૧૫-૧૮૮૭) પિતાથી સવાયા સાબિત થયા. પ્રેમાભાઈ અમદાવાદની શહેર સુધરાઈના પ્રમુખ હતા. એમણે ધર્માદા હૉસ્પિટલ અને હિમાભાઈ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરેલી, એમની સેવાની કદરરૂપે અંગ્રેજ સરકારે એમને રાવબહાદુરનો માનવંતો ખિતાબ અર્પણ કર્યો હતો. ભદ્ર વિસ્તારનો પ્રેમાભાઈ હૉલ આજે પણ નગરજનોને એમનું સુખદ સ્મરણ કરાવે છે.

પ્રેમાભાઈ જ્યારે અમદાવાદના જાહેર જીવનમાં અગ્રેસર રહી કર્તવ્ય કરી રહ્યા હતા ત્યારે એમના કુટુંબના પિત્રાઈ ભાઈ દલપતભાઈ પારિવારિક વ્યવસાયના વિકાસકાર્યમાં હરણફાળ ભરી રહ્યા હતા. જૈન સમાજના ઉદારદિલ અગ્રણી દલપતભાઈએ કુશળ



શ્રી ચીનુભાઈ અને તેમનાં પત્ની શ્રીમતી પ્રભાબહેન

સંચાલક તરીકેની મોટી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. એમના પછી એમના પુત્ર લાલભાઈએ એ પ્રતિષ્ઠાને વધુ ઊજળી બનાવી, અને આજે ઉદ્યોગક્ષેત્રે લાલભાઈ ગ્રૂપનાં એકમોએ રાષ્ટ્રિય ખ્યાતિ મેળવી છે.

લાલભાઈ શેઠને ચિમનભાઈ, કસ્તૂરભાઈ અને નરોત્તમભાઈ એ ત્રણ પુત્રો હતા. ત્રણેએ ઈ. ૧૯૨૬માં પિતાના નામે એક ટ્રસ્ટની સ્થાપના કરી. આ ટ્રસ્ટે વિકાસ પામીને શૈક્ષણિક સંકુલો ઊભાં કર્યાં અને એ માટેનાં વિવિધ કક્ષાએ ઘણાં દાન કર્યાં છે, તેમજ ઔદ્યોગિક સંકુલો ઊભાં કરીને અમદાવાદ શહેરના વિકાસમાં ઘણો મોટો અને અનન્ય ફાળો આપ્યો છે.

લાલભાઈ શેઠના મોટા પુત્ર ચિમનભાઈને છ સંતાનો હતાં : વિજયસિંહ, ચીનુભાઈ, મનરમાબહેન, અશોકભાઈ, પ્રતિમાબહેન અને અજયભાઈ. પ્રથમ ત્રણ સંતાનોનાં જન્મ પછી એમનાં માતા લક્ષ્મીબહેન નાની વયે અવસાન પામ્યાં, તેથી ચિમનભાઈનાં બીજાં લગ્ન શારદાબહેન સાથે થયાં, આથી ચિમનભાઈનાં બહેન લીલાવતીબહેને સ્વેચ્છાએ ત્રણે નાનાં બાળકોનાં ઉછેરની જવાબદારી સ્વીકારી લીધી.

ચીનુભાઈનો જન્મ ચિમનભાઈને ત્યાં, તારીખ ૧ નવેમ્બર ૧૯૦૯ના રોજ અમદાવાદમાં થયો. તેમનાં માતુશ્રી લક્ષ્મીબહેન નાની ઉંમરે ઈ. ૧૯૧૫માં અવસાન પામ્યાં ત્યારે ચીનુભાઈ માત્ર છ વર્ષના હતા. ચીનુભાઈનો ઉછેર તેમનાં ફોઈબા



ચીનુભાઈનાં માતા લક્ષ્મીબહેન

લીલાવતીબહેનના સાન્નિધ્યમાં થયો. લીલાવતીબહેન અભ્યાસ કરતાં હતાં અને આગળ અભ્યાસ કરવા માટે બનારસની થીઓસૉફિકલ કૉલેજમાં દાખલ થયાં ત્યારે ચીનુભાઈ અને મનોરમાબહેનને પણ પોતાની સાથે બનારસ લઈ ગયાં અને ત્યાંની શાળામાં દાખલ કર્યાં. શાળામાં ગુજરાતના વિખ્યાત વિદ્વાન આનંદશંકર બાપુભાઈ ધ્રુવના સાન્નિધ્યમાં ચીનુભાઈ ઘણું શીખ્યા અને એમને વાચનલેખનની તથા અભ્યાસની ઘણી સારી તક મળી. તે વખતે બનારસ યુનિવર્સિટીના વાઇસ ચૅન્સેલર શ્રી મદનમોહન માળવિયજી હતા. તેઓ મોટા વિદ્વાન હતા અને ભારતની આઝાદી માટેની ચળવળમાં ખૂબ આગળ પડતો ભાગ લેતા હતા. આ બંને વિદ્વાન સાક્ષરોનો ઘણો જ પ્રભાવ પડતો. આમ, ચીનુભાઈને પાયાનું શિક્ષણ બાળપણથી જ બનારસમાં મળ્યું. તેની અસરથી વિવિધ ભાવનાઓનું સિંચન થયું અને તેમને સાહિત્ય, સંગીત, કલા અને ખેતીવાડી પ્રત્યે અભિરુચિ થઈ, જે જીવનમાં છેક સુધી રહી. સાથેસાથે ભારતની સ્વતંત્રતાની લડતનાં બીજ પણ એમનામાં રોપાયાં અને ગાંધીજી પ્રત્યેની અભિરુચિ પાંગરી.

બનારસમાં પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ પૂર્ણ કરીને ચીનુભાઈ અમદાવાદ આવ્યા અને ગુજરાત કૉલેજમાં દાખલ થયા. સ્વાતંત્ર્ય-સંગ્રામ વખતે સરકારી નોકરી, અંગ્રેજી અભ્યાસ અને પરદેશી ચીજવસ્તુઓના બહિષ્કારના ગાંધીજીના એલાનને લીધે ગુજરાત કૉલેજમાં હડતાળ પડી; આથી અભ્યાસ પૂર્ણ કરવા ચીનુભાઈ મુંબઈ એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા. ત્યાંથી ઇતિહાસ અને અર્થશાસ્ત્રના વિષયો સાથે ઉચ્ચ કક્ષાએ ગ્રૅજ્યુએટ થયા, પછી અમદાવાદ આવી લૉ કૉલેજમાં કાયદાશાસ્ત્રનો અભ્યાસ શરૂ કર્યો.

બનારસમાં એમને મંદિરોમાં ભક્તિસંગીત અને શાસ્ત્રીય સંગીત માણવાનો સઘન લહાવો મળેલો અને વિખ્યાત સંગીતકારોનો પરિચય તથા એમની પાસેથી જ્ઞાનની ઉપલબ્ધિ થએલી તેથી ચીનુભાઈ શાસ્ત્રીય સંગીત ગાતા, સિતાર-સારંગી-વાયોલિન પણ વગાડતા. એમણે અમદાવાદમાં ત્રણેક સંગીતકૉન્ફરન્સ યોજેલી અને પ્રેમાભાઈ હૉલના ઉદ્‌ઘાટન-પ્રસંગે શાસ્ત્રીય સંગીત અને પ્રખ્યાત નૃત્યતકારોનાં નૃત્યના સાત દિવસ સુધી કાર્યક્રમો યોજેલા.

અમદાવાદમાં સાબરમતી આશ્રમમાં ગાંધીજીની પ્રાર્થના-સભાઓ તથા અન્ય સ્વાતંત્ર્યવિષયક સભાઓ, પ્રવચનો, સરઘસોમાં ચીનુભાઈ નિયમિત હાજરી આપતા અને ચર્ચાઓમાં ઘણો ઊંડો રસ દાખવતા. એ સમયે સરદાર વલ્લભભાઈ પટેલ, ગણેશ વાસુદેવ માવળંકર જેવા મોટા મોટા દેશભક્તોને સાંભળવાનો અને તેમના પરિચયનો અલભ્ય લાભ ચીનુભાઈને સાંપડેલો.

આશ્રમ અને સ્વતંત્રતાની ચળવળના ફંડફાળા તથા મિલમજૂરોની હડતાળ, મોંઘવારીભથ્થું વગેરે પ્રશ્નો માટે સરદાર વલ્લભભાઈ પટેલ ચીનુભાઈના કાકા કસ્તૂરભાઈને ત્યાં વારંવાર મળવા આવતા ત્યારે ત્યાં ચીનુભાઈ હોય જ. એક દિવસ વલ્લભભાઈએ કહ્યું : 'કસ્તૂરભાઈ, તમારા ત્યાંથી અમદાવાદ શહેરના અનેકવિધ પ્રશ્ન તથા અન્ય કાર્યવાહી માટે કોઈને આપો.' કસ્તૂરભાઈએ ચીનુભાઈ તરફ આંગળી ચીંધીને કહ્યું કે, 'ચીનુભાઈને લો.' વલ્લભભાઈની માણસ પારખવાની તીવ્ર સમજસૂઝથી એમણે ગ્રૅજ્યુએટ થયેલા ચીનુભાઈને મ્યુનિસિપાલિટીમાં લીધા. પહેલી જ ચૂંટણીમાં કૉન્ગ્રેસ તરફથી ચીનુભાઈએ જ્વલંત વિજય મેળવ્યો.

આમ, શ્રી ચીનુભાઈના જીવનનું એક નોંધપાત્ર પ્રકરણ શરૂ થયું અને ત્યારથી ચીનુભાઈ અમદાવાદનાં નગરજનોના સાચા હિતેચ્છુ બની ગયા. એ સમયે ભારતમાં 'હિંદ છોડો'નું આંદોલન પૂરજોશમાં ચાલી રહ્યું હતું. ચીનુભાઈ ૧૯૪૨થી ૧૯૪૪ સુધી મ્યુનિસિપાલિટીના સભ્ય રહ્યા. તેમની કામ કરવાની સૂઝ-સમજ અને અદમ્ય ધગશથી ચીનુભાઈ મ્યુનિસિપાલિટીની સ્ટૅન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે ચૂંટાયા. ૧૯૪૫થી ૧૯૪૮ સુધી ચેરમેન તરીકે રહ્યા બાદ ઈ. ૧૯૪૯ના ફેબ્રુઆરીની ૧૯મીએ પ્રેસિડેન્ટ બન્યા. ચીનુભાઈની મ્યુનિસિપાલિટીના દરેક પ્રકારના કામની અને નગરજનોની સુવિધાની, શહેરનો વિકાસ તથા તેને લગતાં ઘણાં કામોની જવાબદારી વધી ગઈ અને તેઓ એમની સૂઝ-સમજ અને હોશિયારીથી એ સર્વ કાર્યોમાં સફળતા મેળવતા રહ્યા.

એવામાં અમદાવાદ નગરપાલિકાને મહાનગરપાલિકામાં ફેરવવાનાં ચક્રો ગતિમાન થયાં હતાં અને તા. ૧-૭-૧૯૫૦થી અમદાવાદ મ્યુનિસિપાલિટી કૉર્પોરેશનના રૂપમાં ફેરવાઈ ગઈ. ચીનુભાઈની પ્રમુખ તરીકેની સમગ્ર કામગીરીથી અમદાવાદનાં તમામ નગરજનો ઘણાં પ્રભાવિત હતાં. અમદાવાદ મ્યુનિસિપાલિટી કૉર્પોરેશન (મહાનગરપાલિકા) થતાં તેના મેયર (નગરપતિ) તરીકે શ્રી ચીનુભાઈ સર્વાનુમતે નિયુક્ત થયા. આમ, ઈ. ૧૯૫૦માં અમદાવાદ શહેરના પ્રથમ નગરપતિ (મેયર) શ્રી ચીનુભાઈ બન્યા. ચીનુભાઈને સરદાર પટેલ, ગ.વા. માવળંકર, જવાહરલાલ નેહરુ

તથા બીજા અનેક રાજકીય તેમજ સામાજિક મહાનુભાવોનાં ચારેય બાજુથી ખૂબ ખૂબ અભિનંદન મળ્યાં. આ સમયે શ્રી ચીનુભાઈની ઉંમર ૪૧ વર્ષની હતી.

ચીનુભાઈ અને પ્રભાબહેનનાં લગ્ન પણ એક મધુર પ્રસંગ છે. ચીનુભાઈ સને ૧૯૪૭માં મહાબળેશ્વર આવેલા અને મિત્રો સાથે પ્રભાબહેનના પિતાને ત્યાં તેમનું સિતારવાદન સાંભળવા ગયેલા. બંનેએ એકબીજાંને જોયાં હશે, પણ પરસ્પરનો કોઈ પરિચય ન હતો. ૧૯૪૮ના નવેમ્બરમાં ચીનુભાઈ એમના એક બીમાર મિત્રની સારવાર માટે મુંબઈ એમના ઘેર આવેલા. આ બીમાર મિત્ર મુંબઈના પ્રતિષ્ઠિત ઝવેરી મણિલાલ મોહનલાલના કુટુંબના નિકટના મિત્ર થતા હતા. પ્રભાબહેન તેમની ખબર પૂછવા તેમને ઘેર આવ્યાં અને ચીનુભાઈ સાથે મુલાકાત થઈ. પૂર્વના સંસ્કારબળે બંનેનાં હૃદય કોળી ઊઠ્યાં અને આ પ્રથમ પરિચય સ્નેહસંબંધમાં પાંગરતો ગયો, અને તા. ૨૦ ફેબ્રુઆરી ૧૯૪૯ના દિવસે લગ્નસંસ્કારમાં પરિણમ્યો, આમ, પ્રભાબહેન અમદાવાદ આવ્યાં અને એક આદર્શ ગૃહિણી બની રહ્યાં.

પ્રભાબહેનનો જન્મ મુંબઈમાં સંસ્કારી અને ધનાઢ્ય ઝવેરી કુટુંબમાં ઈ.સ. ૧૯૧૯માં થયો હતો. પિતા મણિલાલ મોહનલાલ ઝવેરી મૂળ પાટણના વતની હતા અને માતા જાસૂદબહેનનાં પિયરનું વતન પાલનપુર.હતું. પ્રભાબહેનના સંસ્કાર-ઘડતરમાં માતાપિતાએ ઘણી કાળજી લીધી હતી. શાળાના અભ્યાસ દરમિયાન પિતાશ્રીની પ્રેરણાથી સંગીતશિક્ષણ, મણિપુરી નર્તનની તાલીમ, સિતારવાદનની તાલીમ, શાસ્ત્રીય સંગીત અને રવીન્દ્રસંગીત પણ શીખેલાં. તૈલચિત્રના આલેખનની તાલીમ પણ લીધી હતી.

વિલે પારલે-મુંબઈના બંગલામાં રહેતા મણિલાલ ઝવેરીના કુટુંબ પર ગાંધીજી અને સરદાર પટેલનો પ્રભાવ ઘણો પડેલો હતો. વિલે પારલેની સત્યાગ્રહ છાવણીમાં પ્રાર્થના અને પ્રભાતફેરીમાં બધાં જતાં. એક વખત ગાંધીજીની ધરપકડ થઈ ત્યારે કસ્તૂરબા ગાંધીની ધરપકડ ન થાય તે માટે તેમને પોતાના નિવાસસ્થાને રાખેલાં. કુટુંબ પર સ્વદેશીની અસર ઘણી હતી. વિદેશી સાડીઓ તથા અન્ય વિદેશી ચીજોની હોળી કસ્તૂરબાની હાજરીમાં જ કરવામાં આવેલી અને બધાંએ ખાદી પહેરવાનું શરૂ કરેલું. મુંબઈમાં વર્લી ઉપર કોન્ગ્રેસ ભરાઈ ત્યારે પ્રભાબહેને વોલંટિયર તરીકે કામ કરેલું. ગાંધીજીના સ્કેચ સાથેનાં 'કરેંગે યા મરેંગે'નાં સેંકડો પોસ્ટરો પ્રભાબહેન હાથે ચીતરી રાત્રીના સમયે શેરીનાં મકાનોની ભીંતે ચોંટાડી આવતાં. આવાં વિલક્ષણ બુદ્ધિપ્રતિભાવાળાં અને સાહસિક પ્રભાબહેન ચીનુભાઈનાં જીવનસંગિની બન્યાં અને લગભગ સાડા ચાર દાયકા સુધી પ્રસન્ન દામ્પત્ય માણ્યું અને એકબીજાંનાં પૂરક બની રહ્યાં. મુંબઈમાં પિતાશ્રીને ત્યાં જે સંસ્કારો પડેલા હતા તેથી અહીં પ્રભાબહેન સાચા અર્થમાં સ્વમાની બન્યાં અને લાલભાઈ કુટુંબની 'પ્રભા' બની રહ્યાં.


ગ્રેજ્યુએટ થયા પછીના ચીનુભાઈ

ચીનુભાઇ મેયર બન્યા પછી એમની પ્રવૃત્તિનો વ્યાપ ઘણો જ વધી ગયો. એમના મેયરપદ દરમિયાન નગરની મુલાકાતે આવતા દેશવિદેશના અનેક મહાનુભાવોનું સ્વાગત-સન્માન-અભિવાદન એમના દ્વારા થતું. આવા મહાનુભાવોમાં ભારતના વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ અને ઇંગ્લંડનાં રાણી ઇલિઝાબેથથી માંડીને વિદેશોના પ્રતિનિધિઓ, ભારતનાં જુદાં જુદાં રાજ્યના મુખ્ય મંત્રીઓ, રાજ્યપાલો, પ્રધાનમંડળના સભ્યો, ભારતનાં રાજવંશી કુટુંબનાં સભ્યો, નામાંકિત સાક્ષરો અને સંગીતકારો નગરની મુલાકાતે આવતાં. આ સહુ મહેમાનો-મુલાકાતીઓનું સ્વાગત અને યોગ્ય શાહી મહેમાનગતિ કરવાનું કામ પ્રભાબહેન ઘણી કુશળતાથી અને બુદ્ધિચાતુર્યથી પાર પાડતાં. ઇંગ્લંડનાં રાણી ઇલિઝાબેથ અને ડ્યૂક ઓવ્ એડીનબરાની અમદાવાદની મુલાકાત (ઈ. ૧૯૬૦) વખતે ગુજરાતના રાજ્યભવનમાં એમના માનમાં યોજાયેલ સત્કાર-સમારંભમાં સુશોભન અને ચા-નાસ્તા અંગેની સમગ્ર વ્યવસ્થા પ્રભાબહેનના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. બ્રિટિશ કાઉન્સિલ તરફથી પ્રભાબહેનને આના માટે આભારપત્ર મળેલો. પ્રભાબહેન એટલે જ ઉષ્માભર્યું આતિથ્ય. ચીનુભાઈનાં આદર્શ જીવનસાથી તરીકે 'કાર્યેષુ મંત્રી' રૂપે પ્રભાબહેને ઘણું ઉત્તમ કાર્ય કર્યું.

ઈ. ૧૯૬૧માં પ્રભાબહેન મ્યુનિસિપલ કૉર્પોરેશનની ચૂંટણીમાં ઊભાં રહ્યાં અને.જ્વલંત વિજય મેળવ્યો. એક જાગૃત અને નિષ્ઠાવાન કૉર્પોરેટર તરીકે ચાર વર્ષ (૧૯૬૧-૬૪) પ્રભાબહેને નોંધપાત્ર કામગીરી કરી હતી. લાલભાઈ અને ઝવેરી કુટુંબમાં પ્રભાબહેન પ્રથમ મહિલા કૉર્પોરેટર બન્યાં હતાં.

અમદાવાદના જાહેરજીવનમાં ચીનુભાઈના પ્રવેશથી અમદાવાદ શહેર અને તેની સમગ્ર જનતા ઘણી પ્રભાવિત થઈ. એમણે મ્યુનિસિપાલિટીમાં અનેક હોદ્દાઓ સફળ રીતે સંભાળ્યા અને શોભાવ્યા. અમદાવાદ મ્યુનિસિપાલિટી કૉર્પોરેશન (મહાનગરપાલિકા) બનતાં શ્રી ચીનુભાઈ સમગ્ર નગરજનોના સન્માન્ય અને સર્વમાન્ય પ્રથમ મેયર (નગરપતિ) બન્યા.

ચીનુભાઈએ અમદાવાદના મેયર તરીકે પૂરાં બાર વર્ષ સુધી અદમ્ય ઉત્સાહથી સેવાઓ આપી. શહેરના ભાવિ વિકાસને નજરમાં



મનોરમાબહેન, ચીનુભાઈ અને લીલાવતીબહેન લાલભાઈ (ડીયર આન્ટી)

રાખીને એમણે પાણીપુરવઠો, ગટરયોજના, સડકયોજના, મ્યુનિસિપલ જાહેર દવાખાનાં, પ્રાથમિક શિક્ષણની જાહેર નિશાળો, જાહેર બાગ-બગીચાઓ, સ્નાનાગારો વગેરે જેવી જાહેર જનતાને જરૂરી સુવિધાઓનાં કાર્યો ઘણી સફળ રીતે પાર પાડ્યાં. તેઓ માનતા હતા કે, મહાનગરનાં નાગરિકોને એમની પ્રાથમિક જરૂરીઆતો પૂરી પાડવાથી જ મ્યુનિસિપલ કૉર્પોરેશનનું કર્તવ્ય સિદ્ધ થઈ જતું નથી, શહેરનો સર્વતોમુખી વિકાસ થાય, કલા અને સંસ્કૃતિનું એ સાચું ધામ બની રહે, આધુનિક સુવિધાઓથી એ સંપન્ન મહાનગર બનાવવાની પોતાની જે મહેચ્છાઓ હતી એને સાકાર કરી બતાવી અને અમદાવાદનો સર્વતોમુખી વિકાસ કરી, શહેરનો એક નવો જ ચહેરો ઉપસાવ્યો.

એમના મેયરપદ દરમિયાન બે મહત્ત્વની રાજકીય ઘટનાઓ બનેલી : ૧૯૪૭માં હિંદુસ્તાનના ભાગલા પડ્યા ત્યારે અમદાવાદમાં પાકિસ્તાનથી ઘણાં નિરાશ્રિતો આવેલાં, એ બધાં માટે સરદારનગર, કુબેરનગર, વાડજમાં વસાહતો બાંધવામાં આવી. વળી, આવેલાં નિરાશ્રિતોમાંથી કેટલાંકે નાની દુકાનો, નાના ગલ્લા, કેબિન કે હાથલારી કરવા માંડી હતી અને ઘણી જગ્યાએ ફૂટપાથો પર નાની દેરી જેવાં મંદિરો બનાવી કબજો જમાવવા માંડ્યો હતો. એ બધાંની રહેવાની, વ્યાપારની, નોકરી-ધંધાની ગોઠવણી કરવી પડી હતી. અને એ સમયે સર્વે નિરાશ્રિતોને જરૂરી બધી વ્યવસ્થા પૂરી પાડી હતી.

૧૯૫૬માં ગુજરાત સહિત દ્વિભાષી મુંબઈ રાજ્યની રચના થઈ. ગુજરાત પ્રદેશ કોન્ગ્રેસ સમિતિએ બીજી ઓગસ્ટે તેનો સ્વીકાર કર્યો. સ્વતંત્ર ગુજરાત રાજ્યની ઝંખના સેવી રહેલી જનતાએ કોન્ગ્રેસના આ નિર્ણય સામે આક્રોશ વ્યક્ત કર્યો અને અમદાવાદમાં ચારે તરફ આંદોલનો શરૂ થયાં. કૉન્ગ્રેસ સરકાર પ્રજાના આ સ્વયંભૂ પ્રકોપને સમજવામાં થાપ ખાઈ ગઈ અને આંદોલનો દાબી દેવા સરકારે કડક પગલાં લેવા માંડ્યાં. આઠમી ઑગસ્ટે અમદાવાદના આંદોલનકારી અહિંસક વિદ્યાર્થીઓ પર ગોળીબાર થયો, અને આઠ આઠ નવલોહિયા યુવાનો એ દિવસે શહીદ થયા. અમદાવાદમાં હાહાકાર મચી ગયો. આ બનાવની ખબર પડતાં તરત જ ચીનુભાઈ કૉન્ગ્રેસ હાઉસ પહોંચી ગયા. વિદ્યાર્થીઓએ એમની ખાદીટોપી ઉતારી લીધી ! ચીનુભાઈએ વિદ્યાર્થીઓને ખાતરી આપી કે, હું પરિસ્થિતિ સમજીને પાછો તમારી પાસે જ આવીશ અને તમારી સાથે જ રહીશ ત્યારે વિદ્યાર્થીઓએ તરત જ ટોપી પાછી આપી. ઉપર જઈને ગોળીબાર બંધ કરાવ્યા અને ચર્ચામસલત કરીને ચીનુભાઈ નીચે આવ્યા. તેમણે બધાંને કહ્યું : 'આમ તોફાનો કરવાથી સમગ્ર પ્રજાને નુકસાન થાય છે. તમારામાંથી થોડા અગ્રણીઓ ગુજરાત અંગે ચર્ચામસલતો કરી બધું સમજાવો અને કોન્ગ્રેસ સરકારને જલદ નિવેદનપત્રો આપો.' આથી મુંબઈ મોરારજીભાઈને ઊલટા જ સમાચાર અપાયા કે, 'ચીનુભાઈ ઉશ્કેરણી કરાવે છે.' રાત્રે મુંબઈથી સત્તાવાહી આદેશ આવ્યો કે, 'ઉશ્કેરણી ન કરવી અને રિઝાઈન થાવ.' આ અન્યાયી આદેશથી ચીનુભાઈએ એ જ દિવસે મેયર તરીકેનું પોતાનું રાજીનામું ધરી દીધું અને ગુજરાતના યુવાનોની પડખે આવીને એ ઊભા રહ્યા. કૉન્ગ્રેસ સરકારના બિનલોકશાહી વર્તનનો વિરોધ કરવા સત્યાગ્રહરૂપે પોતાની લડત ચાલુ રાખવા ગુજરાતના અગ્રણીઓએ નિર્ણય કર્યો અને એમાં ચીનુભાઈએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. જનતાનું આંદોલન તીવ્ર બનતું ગયું અને પોલીસના ગોળીબાર ચાલુ રહ્યા. શહીદોની સંખ્યા વધવા લાગી. ગુજરાતની પ્રજાએ રુદ્ર સ્વરૂપ ધારણ કરવા માંડ્યું. મોરારજીભાઈ અમદાવાદ દોડી આવ્યા, એમણે ચીનુભાઈને રાજીનામું પાછું ખેંચવા આગ્રહ કર્યો ત્યારે ચીનુભાઈએ સ્પષ્ટ જણાવ્યું : 'અત્યારે મારું સ્થાન અમદાવાદની પ્રજાની સાથે છે.'

દરમિયાન બીજે વર્ષે મ્યુનિસિપલ કૉર્પોરેશનની ચૂંટણી આવી. શહેરના અગ્રણીઓએ ચીનુભાઈને ચૂંટણીમાં ઊભા રહેવા આગ્રહ કર્યો. ચીનુભાઈએ કોઈ પણ રાજકીય પક્ષ તરફથી ચૂંટણી ન લડવાનો પોતાનો નિર્ણય જણાવ્યો. આથી એક નવા 'નાગરિક પક્ષ'ની રચના થઈ. એ પક્ષના બધા ઉમેદવારોને ચીનુભાઈએ જ પસંદ કર્યા. નાગરિક પક્ષની રચના, તેનાં સર્વ કામકાજ, તેની અનેક મીટિંગો સતત ત્રણ મહિના સુધી પાનકોર નાકાના તેમના બંગલામાં થતી. કૉમ્પાઉન્ડમાં સી.આઈ.ડી., રિપોર્ટરો, વિરોધ પક્ષના કાર્યકર્તાઓ, જાતજાતનાં લોકો આવતાં. સવારના પાંચથી રાતના બાર સુધી ચા-નાસ્તો આપવામાં આવતો. ક્યારેક બપોરના જમવાની વ્યવસ્થા પણ પ્રભાબહેન કરી દેતાં. કોઈના વિરોધનો સામનો શાંતિથી અને સમજૂતીથી કરાતો, આ સમય અનેક મથામણમાંથી પસાર થયો. ચૂંટણીમાં બહુ રસાકસી થઈ.

ચીનુભાઈના નાગરિક પક્ષે સૌથી વધુ ૪૭ બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી, અને સત્તાધારી પક્ષ બન્યો. ઈ. ૧૯૫૭નાં મેના ચોથી તારીખે અમદાવાદની જનતાએ ચીનુભાઈને ફરીથી મેયરપદે નિયુક્ત કર્યા. પરંતુ મેયરપદ ગ્રહણ કરતાં પહેલાં ચીનુભાઈએ સ્પષ્ટતા કરી : 'અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને હું રાજકારણનો અખાડો બનવા નહીં દઉં. એમાં નાગરિકોની સુખાકારીની જ ચર્ચાઓ થશે.' આમ છતાં જનતા પક્ષ તરફથી શહીદસ્મારકનો ઠરાવ રજૂ થયો. ચીનુભાઈએ વિનમ્રતાથી કહ્યું : 'ઠરાવ સાચી વાતનો છે, પણ મ્યુનિસિપલ કૉર્પોરેશન એ માટેનું સાચું પ્લેટફૉર્મ નથી.'

ચીનુભાઈએ મેયરપદનાં છેલ્લાં ચાર વર્ષ નાગરિક પક્ષના નેતા તરીકે કામ કર્યું અને ત્યાર પછી એમણે તા. ૩ મે ૧૯૬૧ના રોજ કૉર્પોરેશનમાંથી નિવૃત્તિ લઈ લીધી. કૉન્ગ્રેસ પક્ષે એમને સંસદ સભ્ય અથવા રાજ્યપાલ પદની ઑફર કરી પણ ચીનુભાઈએ એ સ્વીકારી નહિ.

શહેર સુધરાઈનું મહાનગરપાલિકામાં પરિવર્તન થયા પછી અમદાવાદના વિકાસની જરૂરિયાતો એકદમ વધી ગઈ. શહેરના ઘણા વિસ્તારો કૉર્પોરેશનની હદમાં આવી ગયા. દસ વર્ષમાં તો શહેરી વિસ્તાર લગભગ ૧૩ હજાર એકરથી વધીને ૨૩ હજાર એકર ઉપરાંતનો થઈ ગયો. શહેરના તમામ વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય, તબીબી સેવા વગેરે સુવિધાઓ જનતાને સત્વરે મળી રહે એ માટેનું ચીનુભાઈએ સુંદર આયોજન કર્યું. સમગ્ર શહેરને આધુનિક ગટરવ્યવસ્થાથી આવરી લેવાયું. બધે ડામરની સડકો થઈ અને રસ્તાઓ ફ્લોરેસન્ટ લાઈટોથી શોભવા લાગ્યા. દૂધેશ્વરનું આધુનિક વૉટર-વર્ક્સ, દૂધની જાહેર ડેરી, સ્નાનાગાર, જાહેર બાગ-બગીચા, સરદાર પટેલ સ્ટેડિયમ વગેરે તૈયાર થયાં. આમ, પોતાના આ પ્રિય નગરને સુંદર અને આધુનિક ઢબે વિકસાવવા ચીનુભાઈએ કોઈ પણ પ્રકારની ઊણપ ન રાખી.



વડાપ્રધાન જવાહરલાલ નેહરુને આવકારતા ચીનુભાઈ

એ સમયે વિખ્યાત ફ્રેન્ચ સ્થપતિ લા-કોર્બુઝિયર પંજાબના પાટનગર ચંડીગઢની નૂતન રચના માટે ભારત આવેલા. ચીનુભાઈએ તેમને અમદાવાદ આમંત્રીને મ્યૂઝીઅમ માટેની આધુનિક ઇમારત બાંધવાનું સોંપ્યું, અને ફ્રેન્ચ સ્થપતિની ડિઝાઇન મુજબનું ભવ્ય મ્યૂઝીઅમ (સંસ્કાર કેન્દ્ર) તૈયાર કરાવ્યું. મ્યૂઝીઅમની પાસે નદીકિનારે એક વિશાળ અને સુવિધાઓવાળું ટાગોર મેમૉરિઅલ નાટ્યગૃહ તૈયાર કરાવ્યું. આમ, અમદાવાદની સ્થાપત્યકલામાં ક્રાંતિ આવી.



ઇંગ્લૅન્ડની રાણી ઇલિઝાબેથને આવકારતા ચીનુભાઈ, સાથે શ્રી મોરારજી દેસાઈ અને ડૉ. જીવરાજ મહેતા દૃષ્ટિગોચર થાય છે.



ડ્યૂક ઑવ્ એડિનબરાને આવકારતા શ્રી ચીનુભાઈ અને શ્રી કસ્તૂરભાઈ

નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓવ્ ડિઝાઇનને અમદાવાદ ખેંચી લાવવામાં પણ ચીનુભાઈનો મોટો ફાળો છે. ફોર્ડ ફાઉન્ડેશનના પ્રતિનિધિઓ સાથે મુલાકાતો ગોઠવી અને ડિઝાઇન ઇન્સ્ટિટ્યૂટ માટે અમદાવાદની યોગ્યતા સચોટપણે દર્શાવી અને એ અંગે ભારત સરકારમાં રજૂઆત કરી, મંજૂરી મેળવી. સંસ્કાર કેન્દ્રની સામે (ઈ. ૧૯૬૧માં) નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓવ્ ડિઝાઇન અમદાવાદને પ્રાપ્ત થઈ.

અમદાવાદ નગરનો વિકાસ ખૂબ ઝડપથી વધી રહ્યો હતો. ટાઉન હૉલ નજીક પૂર્વ-પશ્ચિમ શહેરને સાંકળતો એલિસબ્રિજ જૂનો અને ઘણો નાનો લાગતો હતો તેથી તેની નજીક બીજો નવો પુલ બાંધવાની આવશ્યકતા વધી ગઈ. ચીનુભાઈએ નેહરુપુલનું આયોજન કરીને વડા પ્રધાન પંડિત નેહરુના હસ્તે એ પુલનું ઉદ્‌ઘાટન કરાવ્યું. શાહીબાગ ભૂગર્ભ, પુલ તૈયાર કરાવી ટ્રાફિકની સમસ્યા સરળ બનાવી. સુભાષ પુલના પ્લાન તેમણે તૈયાર કરાવ્યા હતા. મ્યુનિસિપલ શાળાઓનાં સુંદર અને વિશાળ મકાનો, મ્યુનિસિપલ દવાખાનાં, પ્રસૂતિગૃહો, વાચનાલયોનાં મકાનો તેમણે દાતાઓની આર્થિક સહાયથી તૈયાર કરાવ્યાં.

સલ્તનત કાળમાં બંધાયેલા કાંકરિયા તળાવને ૫૦૦ વર્ષ ઉપરાંત થયાં જાણી ચીનુભાઈએ તળાવને સુધરાવવાનું કામ શરૂ કર્યું અને એ વિસ્તારની રોનક જ બદલાઈ ગઈ. લગભગ ૩૬ એકરથી પણ વધુ વિસ્તારમાં વિશાળ પ્રાણીસંગ્રહાલય, મનોહર બાલવાટિકા, બૉટ-ક્લબ, પાર્ટી પ્લૉટ, ઓપન એર થીએટર વગેરેનું નિર્માણ કરાવ્યું. આજે તો આ તળાવ સહેલાણીઓને ફરવા માટેનું એક આદર્શ અને સર્વોત્તમ સ્થળ બની ગયું છે.

માનવસર્જિત કે કુદરતસર્જિત આફતો જેવી કે કોમી રમખાણો અને પૂરપ્રલય વખતે ચીનુભાઈ નિર્ભયતાથી આપદ્‌ગ્રસ્ત લોકોની મદદે દોડી જતા અને તેમને સહાયરૂપ થતા તથા સાંત્વન આપતા. બજેટની જોગવાઈ ક્યારેક નડતી તો પોતાના ખિસ્સામાંથી ખર્ચ કરતા. ભાઈ-ચારો, સુલેહ, સંપનું વાતાવરણ સર્જવા સહુને


ચીનુભાઈનું પાનકોરનાકાનું મકાન જ્યાંથી તેઓ મેયર ચૂંટાયા હતા

સમજાવતા. વ્યવસ્થાની ચોકસાઈ કરવા ગમે તે સમયે ચીનુભાઈ હૉસ્પિટલમાં પહોંચી જતા અને ત્યાં દર્દીઓની સારવાર માટે ડૉક્ટરો છે કે નહિ તેની ખાતરી કરી લેતા. એ રીતે મ્યુનિસિપલ કૉર્પોરેશન સંચાલિત તમામ સંસ્થાઓની નિર્ભયતાથી ઓચિંતી મુલાકાત લેતા અને વહીવટ સરળ અને સાચી રીતે ચાલે એ માટે આગ્રહ રાખતા. સાચે જ તેઓ નગર અને તેની પ્રજા સાથે સંપૂર્ણપણે ઓતપ્રોત થઈને વહીવટ કરતા હતા.

ચીનુભાઈએ અમદાવાદને આબાદ બનાવ્યું. પરિણામે આજે ત્રીસ-ચાળીસ વર્ષના સમય પછી પણ ચીનુભાઈનું મેયર તરીકેનું નામ અમદાવાદની જનતામાં પ્રેમપૂર્વક કાયમી ધોરણે અંકિત થઈ ગયું છે. કોઈ સભામાં, જાહેર સમારંભ કે કોઈ કાર્યક્રમમાં તેઓ જાય ત્યારે સૌ કહેતા કે, 'ચીનુભાઈ મેયર' આવ્યા. આમ મેયર જાણે અટક થઈ ગઈ ! કોઈ વ્યક્તિનું પદ આમ એમની કાયમની અટક બની ગયું હોય એવું જવલ્લે જ જોવા મળે છે. અમદાવાદની જ નહિ પણ સમગ્ર ગુજરાતની પ્રજા ચીનુભાઈને 'મેયર'ના ઉપનામથી જ ઓળખે છે.

ચીનુભાઈ પૂરાં બાવીસ વર્ષ સુધી અમદાવાદના જાહેરજીવનમાં અગ્રેસર રહ્યા અને એ સમયમાં તેઓ દેશવિદેશની ઘણી ખ્યાતનામ પ્રતિભાઓ જેવી કે, ઇંગ્લંડની રાણી ઇલિઝાબેથ અને ડ્યૂક ઓવ્ એડીનબરઅ, ગ્વાલિયરનાં રાજમાતા વિજયરાજે સિંધિયા, વડોદરાના મહારાજા ફતેહસિંહરાવ અને રાજમાતા ચીમનાબાઈ, પાલનપુરના નવાબ, સાણંદના ઠાકોર, જોધપુરના મહારાજા અને જામનગરના જામસાહેબ, ખ્યાતનામ કલાકારો, સંગીતકારો, સ્થપતિઓ, ભારતના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, પ્રધાનો, નેતાઓ વગેરેના સંપર્કમાં આવ્યા. અમદાવાદનો વિકાસ જોઈ વડાપ્રધાન પંડિત નેહરુ ઘણા પ્રસન્ન થયા હતા. લખનઊની એક જાહેર સભામાં નેહરુએ ચીનુભાઈનો મેયર તરીકે ઉલ્લેખ કરતાં કહેલું : 'એક શહેરની પ્રગતિ માટે મેયર કેટલું કરી શકે છે એ જોવું હોય તો અમદાવાદ જોવા જવું જોઈએ.' લાલ બહાદુર શાસ્ત્રી અમદાવાદની મુલાકાતે આવેલા અને તેમણે અમદાવાદની પ્રગતિ જોઈ ઘણી ખુશી વ્યક્ત કરી હતી. ઇંદિરા ગાંધી ભારતનાં વડાપ્રધાન બન્યાં પછી જ્યારે અમદાવાદ આવ્યાં ત્યારે ચીનુભાઈ અને પ્રભાબહેન સાથે ખાસ મુલાકાત યોજાએલી અને ચીનુભાઈએ અમદાવાદની સ્થાપના અંગેની જાણીતી દંતકથા 'જબ કુત્તે પે સસ્સા આયા તબ બાદશાહને શહર બસાયા.' કહી સંભળાવી ત્યારે ઇંદિરા ગાંધી ઘણાં વિસ્મય પામ્યાં અને આ પ્રસંગની તસ્વીર પર પોતાના હસ્તાક્ષર પાડી આપ્યા. રાજીવ ગાંધી જ્યારે અમદાવાદ આવેલા ત્યારે ચીનુભાઈએ તેમની સાથે ચા-નાસ્તા વખતે દેશના આર્થિક પ્રશ્નોની ચર્ચાઓ કરેલી. ઘનશ્યામદાસ બિરલાના કુટુંબ સાથે પણ ચીનુભાઈને ગાઢ સંબંધ હતો. આમ, સરળ, સૌજન્યશીલ અને નિર્ભીક સ્વભાવવાળા ચીનુભાઈ રાષ્ટ્રિય કક્ષાના મહાનુભાવ અને

શ્રી ચીનુભાઈના જીવન પરથી એવું પ્રતીત થાય છે કે, મેયર (નગરપતિ) કેવા હોવા જોઈએ—

-- જે સમગ્ર નગર-સમાજની પ્રતિષ્ઠિત અને મોભાદાર વ્યક્તિ હોય.
-- જે સજ્જન, પ્રામાણિક અને ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવનાર વ્યક્તિ હોય.
-- જે ન્યાયનિષ્ઠ, દ્વેષરહિત અને પક્ષાપક્ષીથી અલિપ્ત હોય.
-- જે સાહસિક, વિનમ્ર, ઉદાર અને ઉચ્ચ બુદ્ધિપ્રતિભાવાળી વ્યક્તિ હોય.
-- જેની પાસે આધુનિક વૈશ્વિક દૃષ્ટિ અને દર્શન હોય.

રાજવીઓના પ્રશંસાપાત્ર અને માનીતા થયા હતા.

ચીનુભાઈએ દેશની અને પરદેશની ઘણી મુલાકાતો લીધેલી. કાશ્મીર, હિમાચલ પ્રદેશ એમ સમગ્ર ભારતમાં ફરેલા. ચીનુભાઈ ઈ: ૧૯૩૭, ૧૯૪૭, ૧૯૫૬, ૧૯૬૦માં પરદેશ પ્રવાસે ગયેલા અને શ્રીલંકા, નેપાળ, લંડન, ફ્રાન્સ-પૅરિસ, રશિયા, જર્મની, સ્પેન, જાકાર્તા, જોગજાકાર્તા, બાલી, બૅંગકોક, હૉંગકૉંગ, જપાન, હવાઈ દ્વિપો, અમેરિકા, સાન ફ્રાન્સિસ્કો, ન્યૂ ઓર્લિઅન્સ, ન્યૂ યોર્ક, વૉશિંગ્ટન, બફેલો-નાયગરા-ફૉલ્સ, આફ્રિકા-નૈરોબી, સ્વિટ્ઝરલૅન્ડ વગેરેનો સફળ પ્રવાસ કર્યો હતો.

ચીનુભાઈ વર્ષો સુધી પોતાની ફરજ અદા કરવામાં સતત તનાવપૂર્ણ જીવન જીવ્યા હતા. પ્રમાણમાં જરૂરી આરામ તેમણે લીધો ન હતો અને શરીર પાસેથી ખૂબ કામ લીધું હતું. વખત જતાં તેઓ હૃદયરોગના દર્દી બની ગયા હતા. નિષ્ણાત ડૉક્ટરોએ તેમને અવારનવાર આરામ લેવાનું સતત કહ્યા કર્યું હતું, પણ ચીનુભાઈના જીવનમાં 'આરામ હરામ હૈ'નું સૂત્ર વણાઈ ગયું હતું અને ચીનુભાઈ વારે વારે બીમાર પડી જવા લાગ્યા. ઉચ્ચ કક્ષાના નિષ્ણાત ડૉક્ટરોની સારવાર સતત લેવાતી રહી. માંદગીના છેલ્લા ત્રણ મહિના દરમિયાન ડૉક્ટરોએ ચીનુભાઈને આરામ વધારે કરવાની અને કામ બિલકુલ નહિ કરવાની સૂચના આપી હતી. છતાં, કેટલીક વાર સવારે ફાર્મ ઉપર જાય, બેસે અને કુદરત નિહાળે.

ચીનુભાઈએ પોતાનાં સંતાનો ઉર્વશી અને રાજીવના ઉછેરમાં પણ ઘણો રસ લીધો હતો. સંતાનોને ઉચ્ચ શિક્ષણની તથા બીજી ઘણા પ્રકારની તાલીમ આપી હતી. પુત્રી ઉર્વશી લગ્ન કર્યા પછી મુંબઈ સ્થિત થઈ છે અને તેના પતિ સુનીલ ઉચ્ચ ડિગ્રી મેળવી મોટી ફર્મમાં ઊંચા હોદ્દા પર છે. પુત્ર રાજીવને કૉલેજ-અભ્યાસકાળ દરમિયાન પૌલોમી સાથે પરિચય થયો અને બંને લગ્નગ્રંથિથી જોડાઈ ગયાં. રાજીવને મિલના સંચાલનમાં અને ફાર્મમાં ઘણો રસ પડતો



કલાગુરુ રવિશંકર રાવળ સાથે તેમના ચિત્રપ્રદર્શનમાં શ્રી ચીનુભાઈ અને શ્રીમતી પ્રભાબહેન

હતો. આજે રાયપુર મિલનું સંચાલન અને પિતાનું ફાર્મ તે ઘણી સારી રીતે ચલાવે છે. આદિત્ય અને મોહલ બંને નાના પૌત્ર દાદાની પાસે ઘણી વાર્તાઓ કહેવડાવે અને સાંભળે. ફૂલો-પક્ષીઓ વિશેનાં પુસ્તકો જુએ અને શીખે.

ચીનુભાઈની માંદગી વધતી જ ગઈ. ૧લી ઑગસ્ટે સાંજે સાડાસાત સુધી પોતાના જૈન ધર્મનાં પુસ્તકો વાંચ્યાં, સર્વે જીવોની માફી માગતી અને ખમાવતી જૈન ધર્મની ઉચ્ચારણી ચિઠ્ઠી પોતાની પાસે જ રાખતા. તેમણે ક્ષમાપના વાંચી. રાત્રે નવથી સાડા દસ વાગ્યા સુધી પ્રભાબહેન સાથે કૌટુંબિક વાતો કરી અને અંદર ગયા. એટલામાં રાજીવ અને પૌલોમી સફાળાં બહાર આવ્યાં. ચીનુભાઈ અચાનક જ પડી ગયા હતા અને બેભાન થઈ ગયા હતા ! માથામાં વાગ્યું હતું. પણ ચીનુભાઈ ભાનમાં આવ્યા નહિ, અને ઈ. ૧૯૯૩ની પહેલી ઑગસ્ટે મધ્ય રાત્રિએ ૮૪ વર્ષની ઉંમરે અમદાવાદ મહાનગરપાલિકાના પ્રથમ મેયર ચીનુભાઈ આપણી વચ્ચેથી વિદાય થઈ ગયા. નગરની આબાદી અને નગરજનોની જરૂરીઆતોની સતત ચિંતા રાખનાર એક સાચા નગરપતિ તરીકેની એમની સ્મૃતિઓ આજે કાયમ રહી છે. ❑

સૂત્રસાર

કેવળ જ્ઞાન માટે ઈન્દ્રિયબોધ પૂરતો નથી

રાધેશ્યામ શર્મા

વ્યવહાર કે તત્ત્વજ્ઞાનમાં ઇન્દ્રિય દ્વારા થતા પ્રત્યક્ષ જ્ઞાનનો અથવા બોધનો મહિમા મોટો છે. તર્ક-અનુમાન-અવધારણા-કલ્પના-પરિકલ્પનાનો આધાર પણ કોઈક તબક્કે આવું બોધ-જ્ઞાન બને છે.

અનુભવના પાયા પર જ અનુમાનની ઈમારતની ઊંચાઈ નિર્ભર રહે છે. અનુમાનને અનુભવ, નિરાધાર અને પંગુ દર્શાવી શકે.

તર્કે પણ તત્ત્વાશ્રય લેવો પડે. તત્ત્વના વિશાળ વટવૃક્ષ નીચે જ તર્કના છોડવા ઊછરી શકે, પાંગરી શકે.

પરંતુ અનુભવની વ્યાખ્યા પણ આમ સહેલી-સૂતરી નથી. ધારીએ એવી સાદી-સીધી નથી.

ઇન્દ્રિયજ્ઞાન-બોધ દ્વારા પ્રાપ્ત અનુભવને પરિપૂર્ણ કે સંપૂર્ણ અનુભવ માનવા દરેક દાર્શનિક તૈયાર નહિ થાય.

જાણીતી કહેવત જ ઘણું સૂચવી જતી નથી? 'નજરે જોયેલી વાત પણ ખોટી પડે છે!'

જોયેલું કબૂલ, પણ તે ખોટું એટલા માટે પડે છે કે પૂરું જાણ્યું નથી. પૂરું જાણ્યા વિના માત્ર જોયેલા ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકવાનું શાણાઓ મંજૂર નહિ રાખે. જોયેલા સાથે જાણેલાનો સુમેળ રચાવો જોઈએ. તાળો મળવો જોઈએ. દર્શન સાથે જ્ઞાનનો સંગમ સધાય તો જ અનુભૂતિ તીર્થવતી મનાય!

દર્શન વગરનું જ્ઞાન અન્ધ છે.

જ્ઞાન વગરનું દર્શન મૂકબધિરવત્ છે.

પરસ્પરની પૂર્તિથી જ અનુભૂતિનું વિશ્વસનીય એકમ કાર્યાન્વિત બની શકે.

અને અહીં 'જ્ઞાન' શબ્દનો ઉપયોગ પણ મર્યાદિત અર્થમાં સમજવાનો છે. ઇન્દ્રિયબોધને, એમ મળેલી માહિતીને જ 'જ્ઞાન' અહીં સગવડ ખાતર કહેલ છે.

હજુ કશુંક ખૂટે છે એવું નથી લાગતું? દર્શન-જ્ઞાન હોય પણ કલ્પનાતત્ત્વનું ઉડ્ડયન ના હોય તો અનુભૂતિ કૃતાર્થ કઈ રીતે બને?

અમૂર્ત અનુભૂતિ અભિવ્યક્તિ રૂપે સાકાર થાય ત્યારે જ સાર્થકતાને પામી એવં બહુધા મનાય છે.

કોરી અનુભૂતિ, અભિવ્યક્તિવિહોણી વંધ્ય માતા હોવાના વાવડ મળે છે ક્યારેક. અભિવ્યક્તિ વગર વ્યક્તિનું વ્યક્તિત્વ કેટલું અપૂરતું અને અપૂર્ણ હશે!

ગોળ ખાધો છે જરૂર પણ ખાનાર મૂંગો છે. ગોળનો સ્વાદ વર્ણવવાનું એનું ગજું નથી એ એની અસહ્ય લાચારીની વેદના તો સમવેદક જ જાણે! એ પણ પૂરેપૂરી નહીં.

અનુભૂતિની અભિવ્યક્તિને અભિનવ આયામ આપવામાં કલ્પનાશક્તિનો ફાળો અણમોલ છે. જ્યાં તર્ક શુષ્ક બને, જરૂર વગર કઠોરતા ધારણ કરે ત્યાં કલ્પના ગરુડપાંખે કે કોયલઆંખે વહારે ધાય છે. અહીંથી કવિતાનો પ્રદેશ શરૂ થાય. સર્જનના પવન સંવેદનાના સુમનને ખીલવે છે.

> જ્યારે પુલ પરથી થાઉં પસાર
> લ્યો, જળ તો ના વહે,
> પણ પુલ તો વહે!
>
> જેન્યે

સામાન્યોનો ચાલુ અનુભવ, 'નદિયાં મેં નાવ ડૂબી જાય'નો સાંભળ્યો છે.

પણ કબીરે 'ઊલટ બાની'માં ઘોષણા કીધી : 'નાવ મેં નદિયાં ડૂબ ડૂબ જાય!'

આવું વાસ્તવના સપનામાં યે નથી બનતું, એટલું સ્વપ્નના વાસ્તવમાં સંભવે છે.

નદીમાં નાવડી ડૂબી જઈ શકે, પણ નાવડીમાં નદી કેમ કરીને ડૂબી શકે? તર્ક માનવા માટે નન્નામાં મસ્તક ધુણાવે છે પણ ત્યાં જ સમજણ જાગવી ઘટે કે એવી પરા-મનો-વાસ્તવિકતા છે કે જ્યાં તર્કનું નહિ પણ તર્કાતીતનું એકચક્રી શાસન છે. વ્યાવહારિક લૌકિક સૃષ્ટિમાં તર્ક અને વ્યવહાર પ્રયોજનથી નિરપેક્ષ અલૌકિક કે પારલૌકિક વિશ્વમાં તર્કાતીત, તર્કમુક્ત કલ્પના છુટ્ટા છેડે ઘૂમતી રહે છે.

આવી ક્ષણે દર્શન 'ભ્રમ' બને છે, અને કદાચ ભ્રમ દર્શનનું સ્થાન લઈ લે છે. ભ્રમ દર્શનની પૂર્ણતાને પરિપૂર્તિકર બને છે.

અહીં એવું જ બન્યું લાગે છે. પુલ પરથી પસાર થનાર જળને જુએ છે જરૂર, પણ એ જળને કેવળ વહેતું જોતો નથી! લ્યો, કરો વાત. દ્રષ્ટા માત્ર જોતો નથી અહીં. માત્ર જોતો હોત તો જળની પ્રવાહગતિની નોંધ લેત! પરંતુ જોવાથી વિશેષ કલ્પનાત્મક કક્ષાએ અનોખું અનુભવે છે, આલેખે છે. આ અનુભૂતિ જેટલી નિજી એટલી જ મૌલિક છે.

માટે તો સામાન્ય દર્શક કરતાં ન્યારું અને નિરાળું તે નિહાળી શક્યો છે. દૃષ્ટિની ભ્રાંતિમાં કલ્પનાતત્ત્વનો સંસ્પર્શ કહેતાં પ્રગાઢ પાસ બેઠો છે. એટલે તો તે જળના વહેવાને ઇનકારે છે અને પુલના વહેવાને સ્વીકારે છે! જળની ગતિને જોવી એટલે નદીમાં નાવના નિમજ્જનનું દર્શન, પરન્તુ પુલની પ્રવાહદશાને પણ જોવી એટલે નાવમાં નદીના નિમજ્જનનું પ્રદર્શન! આ સર્જકસુલભ દર્શન વિશિષ્ટ છે.

અંબાશંકર જોશીની વાર્તા

સૌમિત્ર ત્રિવેદી

ભરઉનાળાની ધોમ ધખતી બપોરે જ્યારે આખું ગામ ખાઈકારવી થોડી ઠંડક મેળવવાના ચિત્રવિચિત્ર નુસખા અજમાવવામાં મશગૂલ છે ત્યારે આપણે માત્ર લક્ષ્મીશંકર જોશીના ખોરડા પર ધ્યાન કેન્દ્રિત કરીએ.

લક્ષ્મીશંકર જોશીનું ખોરડું એ આ નાના ગામનું એકમાત્ર બ્રાહ્મણનું ખોરડું. એટલે ગામ સમસ્તનાં માન-સન્માન તેમના માથે આવી પડેલાં. લક્ષ્મીશંકર જોશી પણ આ બધાં માન માટે ખૂબ જ યોગ્ય પાત્ર. આત્મશુદ્ધ જીવન જીવવાની કળા, અડગ સિદ્ધાંતો, ઊંડું તત્ત્વજ્ઞાન, ધરમ-કરમની અને ભગવાનને લગતી માહિતીઓ આ બધું તેમનામાં ઠાંસીઠાંસીને ભરેલું. ઉપરથી તેમનો પ્રભાવી દેખાવ. જાણે ગુરુ દ્રોણ સાક્ષાત ! પ્રચંડ ગૌરવર્ણ દેહ, મોટી તેજસ્વી ડારતી આંખો, ઊંચું કપાળ અને તેમાં ચંદનનું ત્રિપુંડ, કાળી-સફેદ લાંબી ફગફગતી દાઢી અને માથે એવા જ ખભે પહોંચતા વાળ વચ્ચે બ્રહ્મગાંઠ વાળેલી શિખા, ગળામાં મોટા રુદ્રાક્ષની લાંબી માળા, ખભે ઓમ નમઃ શિવાયવાળો ગમછો, પહોળી છાતી પર થઈ કમરે વળાંક લેતી યજ્ઞોપવિત અને પછી ચોખ્ખુંચણાક ધોતિયું. આવા પ્રભાવશાળી દેખાવે તેમને ગામનાં આદર-માનસમ્માન પામવાના વધારે હકદાર બનાવ્યા છે. તેઓ ગામના આદરણીય અને વજનદાર માણસ છે.

ગામ આખું લક્ષ્મીશંકર જોશીનું જજમાન. તેમના યજમાનોમાં ખાસ તો આહીર-ભરવાડ, પણ બાકીના કોળી-કાઠીનાં કામેય એમને રોડવવાનાં. આ બધાંને નાનીમોટી મૂંઝવણોના સચોટ ઉપાય માટે લક્ષ્મીશંકર જોશી પણ હોંશે હોંશે તેમના સંકટમોચન બનતા. લક્ષ્મીશંકર જોશી દુનિયા ફરેલા એટલે તેમનામાં જ એટલી સમજણ કે ગામનો કોઈ કોળી જજમાન, તેનો દીકરો પાંચ દિવસથી તાવમાં સબડતો હોઈ બેબાકળો બની તેમની પાસે દોડતો આવે ત્યારે તેઓ તેને મા મેલડી કે ખોડિયારના દીવા માનવાને બદલે શહેરમાં ડૉક્ટરને બતાવવાની સલાહ આપે. એવા કપરા સમયમાં તેઓ છેક સુધી તેમની સાથે રહે. પોતાને ખર્ચેય તેમની સાથે જાય.

ગામમાં દરેક સગાઈ પહેલાં લક્ષ્મીશંકર જોશી પાસેથી સામા પક્ષ વિશે સલાહ લેવાતી અને તે પ્રમાણભૂત લેખાતી. જાત્રાએ જવું હોય તો દાદા પહેલા. આવા પરોપકારી અને પ્રતિષ્ઠિત લક્ષ્મીશંકર જોશી ચાર સુપુત્રી તથા એક સુપુત્રના વત્સલ પિતા અને પત્ની શ્રીમતી લીલાબહેન જોશીના લાયક પતિ છે.

લક્ષ્મીશંકર જોશી ફળીમાં ખાટલો ઢાળી ગમછાથી હવા ખાતાખાતા કંઈક ગહન વિચારમાં સરી પડ્યા છે. કંઈક આધ્યાત્મિક ગૂંચવાડો ઉકેલવામાં જ પડ્યા હશે.

શ્રીમતી લીલાબહેન વ્યગ્રભાવે ઓસરીની કોરે બેઠાંબેઠાં માટલું વીછળી રહ્યાં છે. આજ સવારથી તેમને કોઈક બાબતે વ્યગ્ર બનાવ્યાં છે. ઉપરથી સુપુત્રીઓનાં નિશાળે ન જવાનાં બહાનાંએ તેમની વ્યગ્રતામાં વધારો કર્યો છે. લીલાબહેન આગળ કોઈનાં બહાનાં ચાલતાં નથી. તેઓ વચ્ચેવચ્ચે તલ્લીન થયેલા તેમના પતિદેવ તરફ એકાદ નજર નાખી લે છે. પછી પટારાવાળા ઓરડા તરફ જોઈ ઊંચા અવાજે બૂમ પાડે છે : 'અંબુ, બટા અંબુ, ઊઠ, આ તારો અદો માથે આયો.'

આ અંબુ તે એમનું સૌથી નાનું ફરજંદ અંબુ ઉર્ફે અંબાશંકર અને ભવિષ્યના શ્રી અંબાશકર જશી. હાલ તો તેઓ માત્ર સાત વર્ષના છે, છતાં રુઆબમાં એક્કા છે. તેઓ હજુ સુધી નિશાળે ગયા નથી. અને કદી જવાનો ઇરાદો પણ ધરાવતા નથી. આપણે એમને અંબાશંકર જોશી જ કહીશું. તેમનાં માતુશ્રી ભલે 'અંબુ' કે 'અંબુડો' કહેતાં. ખરું કહેતાં તેમના રુઆબને હાનિ પહોંચાડતું આપણે કંઈ નહીં કરીએ.

લીલાબહેનની જાણબહાર અંબાશંકર જોશી ઊઠી તો સવારના ગયા છે, પણ એ બાબતની જાણ તેઓએ કોઈને થવા દીધી નથી. હાલ તેઓ નીચે તરફની આંખ જરાક જ ખોલી છાપરાનાં નળિયાં વચ્ચે થઈ ઓરડાની લીપેલી જમીન અને ભીંત પર પડતાં ચાંદરડાંઓનું નિરીક્ષણ કરી રહ્યા છે. એક ચાંદરડું તેમની ગોદડીની બાજુમાં જ હોઈ તેઓ થોડા ખુશ છે. તેમને જમીનનાં ચાંદરડાંથી લઈને તેનાં મૂળ સ્રોતરૂપી છાપરાનાં કાણાં સુધીની તડકાની પાતળી સેરમાં ઊડતાં રજકણો જોવાની ખૂબ મજા પડે છે.

અંબાશંકર જોશી નાના તો ખરા, પણ નાનપણથી જ પ્રભુમાં પૂરેપૂરી શ્રદ્ધા. તેઓ એકાદ કલાક પહેલાં પ્રભુને પ્રાર્થના જ કરતા હતા. પ્રાર્થના વચ્ચે તેઓને એક તુક્કો સૂઝ્યો હતો 'જો ભગવાન મને ઉંદરડો બનાવી દે તો કેવી મજા આવે ? પછી તો પટારાની વાંહે જ ગરી જાઉં, ને બા ગોતે તો ય નો જડું. બા શોધતાં, હાંફળાંફાંફળાં આમતેમ દોડી રહ્યાં છે અને તેઓ ન મળતાં ઓસરીમાં બેસી રડી રહ્યાં છે એવો વિચાર આવતાં અંબાશંકર જોશી મનોમન ખૂબ હરખાયા હતા.

'પછી તો રાતના પટારા વાંહેથી નીકળીને ભાગી જાઉં,' એટલું વિચાર્યા પછી તેઓ થોડી અસમંજસમાં પડી ગયા હતા. ભાગીને ક્યાં જવું ? પછી થોડી વારે તેનો પણ ઉકેલ મળી ગયો. 'વાણિયાની દુકાનમાં દર પાડીને બધોય ગોળ અને તીખા ગાંઠિયા ખાઈ જાઉં.'

તેઓની ઉંદર બનવાની ઇચ્છા વધુ પ્રબળ બની હતી, તેથી પ્રભુ સમક્ષ પ્રસ્તાવ મૂક્યો હતો કે, ઓમ શંકરદાદા, મને ઉંદરડો બનાવી દ્યો. તેઓને પિતાશ્રી મારફત એ બાબતની જાણ હતી કે ભગવાન પાસે ખૂબ પ્રાર્થના આવતી હોય, એટલે આપણો વારો

આવતાં વાર લાગે. તેથી તેમનો વારો આવવાની વાટ જોતા અત્યારે ચાંદરડાં અને તડકાની સેરોમાં ઊડતાં રજકણો નીરખી રહ્યા છે.

'અંબુડા ? હાળાનાં હરામનાં હાડકાં થઈ ગયાં છે. એ અંબુડા, ઊઠ, નઈંતર તારા બાપાને કઈને ભીંસાં ખેરાવી નાખીય.' લીલાબહેને અંતે સંયમ ખોઈ બરાડો પાડ્યો. આમ તો અંબાશંકર જોશીને ગળા સુધી ખાતરી કે પિતાશ્રી તેમને કદી મારે નહીં. પરંતુ પિતાશ્રીનું વિશાળ કદ અને ઉપરથી તેમની આંખોના ડારા લક્ષમાં રાખીને અંબાશંકર જોશીનું શરીર થોડું સળવળ્યું.

'આ તમેય આમ ને આમ આને બગાડી મૂઈકો છે. આ જોવો તો આ, ગણકારે છે કોઈને ?' લીલાબહેને થોડી મદદના ઈરાદે લક્ષ્મીશંકર જોશી ઉપર સુપુત્રને બગાડવાનું આળ ચડાવ્યું. ચંદનના ત્રિપુંડ સાથે ઊંચા કપાળવાળા લક્ષ્મીશંકર જશીએ ઈશારો પામી જઈ ભારેખમ અવાજે હાકલ કરી, 'અંબુ, ઊઠી જા.'

અંબાશંકર જોશી સોગિયું મોં કરી ઓરડાના ઉંબર પર આવી, મુંડનયુક્ત માથા પર ઘર કરી ગયેલી વેંતેકની શિખાને હાથ વડે આમળતા ઊભા.

'મોઢું ધોઈને આંઈ આવ્ય. આને કળશો પાણી દે, લીલા.'

અંબાશંકર જોશી તેમની પડુંપડું થતી લટકતી ચડ્ડીને એક હાથે ઊંચે ખેંચતા ક્રમને માતુશ્રી સમક્ષ હાજર થયા. લીલાબહેન તેમનો હાથ પકડી ખેંચતા હોય તેમ દોરીને પાણિયારે લઈ ગયાં. અંબાશંકર જોશીએ પાછું વાળીને પિતાશ્રી તરફ નજર નાખી, તેઓનું ધ્યાન નથી એવી ખાતરી કરી. લાગ જોઈને માતુશ્રીથી પીડાના માર્યા મોટો સિસકારો નીકળી ગયો. અંબાશંકર જોશી બાવડું પંસવારી રહેલાં માતુશ્રી તરફ ખુન્નસભરી નજરે તાકી રહ્યા. પછી અંબાશંકર જોશીની ધારણા પ્રમાણે પીઠ ઉપર સમસતો તમાચો પડ્યો, 'મારો રોયો ચીટિયા ભરે છે ! લે લેતો જા.'

અંબાશંકર જોશીનો એક હાથ, તમાચો પડવાની ક્રિયા સાથે જ, ઊંચકાયો અને આંખ પર ઊંધો દબાઈ ગયો. તે સાથે જ બીજી આંખ પટ પટ થવા માંડી. થોડી વાર શાંતિ છવાઈ રહી. પછી એક તીણી સિસોટી જેવો અવાજ સંભળાયો. સાથો સાથ અંબાશંકર જોશીની આંખમાંથી પલપલિયાં પડવા માંડ્યાં. માતુશ્રી તેમના ખભા પકડી હચમચાવી રહ્યા, 'વંઠેલ, મૂઆ, એક તો મારીને રોવા બેઠો !'

લક્ષ્મીશંકર જોશીની વિચારસમાધિ બીજી વખત સુપુત્રની તીણી સિસોટીએ ભાંગી. તેઓ અંબાશંકર જોશી તરફ જોઈ રહ્યા. પછી એકાએક શ્રીમતી તરફ જોઈ ઘાંટો પાડ્યો : 'મારી નાઈખ ઠામૂકો, ટાઢક વળતી હોય તો.'

'આ તમે જ ચડાવી માઈરો છે, અમથું જરાક ટપલું કઈરું તેમાં !' પછી લીલાબહેન લાંબું ન સમજાય તેવું કંઈક બોલી ગયાં. તેમાંથી લક્ષ્મીશંકર જોશીના કાને 'ભૂખ લાડ્યકાઈ', 'હરામનાં હાડકાં', 'વંઠેલ' અને 'કપાતર' એટલા શબ્દો પડ્યા.

થોડી વાર અંબાશંકર જોશીએ તીણી સિસોટી વગાડી, પછી ધીમે રહીને હીબકાં પર ઊતરી આવ્યા. પછી પૂજ્ય પિતાશ્રી તરફ દયામણી નજરે જોયું. લીલાબહેન લોટો ભરીને ઘૂરકિયાં કરતાં અંદર સિધાવ્યાં.

'લે, આંઈ આવતો રે, મારો ગગો. ભડભાદર થઈને કીકીની જેમ ભેંકડા તાણે છે ! લે, કળશ્યો લઈ આંઈ આવતો રે જોઈ.'

અંબાશંકર એક હાથે પાણી ભરેલ તથા બીજા હાથે લટકતી ચડ્ડી ઊંચકતા પિતાશ્રી તરફ દોડ્યા. પિતાશ્રીએ તેમને મોં ધોવડાવ્યું. પછી ઊંચકી ખોળામાં બેસાડી તેમનું ભીનું મોં ખભાના ઓમ નમઃ શિવાયવાળા ગમછાથી કોરું કર્યું. અંબાશંકર જોશી પૂજ્ય પિતાશ્રીની લાંબી ફગફગતી કાળીધોળી દાઢી તરફ તાકી રહ્યા !

'ધોલ ખાવી પઈડીને ?' પછી લક્ષ્મીશંકર જોશી સ્વગત બોલ્યા, 'હજી તો હંગીને હાર્યું કરે છે, ને તોર તો મોટા લાટસાઈબ જેવા !'

પછી લક્ષ્મીશંકર જોશી અંબાશંકર જોશીના માથા પર હાથ ફેરવતા રહ્યા. અંબાશંકર જોશી પણ ચૂપચાપ ખોળામાં બેસી તેમની રુદ્રાક્ષની માળાના મણકા સાથે રમતા રહ્યા.

લીલાબહેન અચાનકના વંટોળની માફક ધસી આવ્યાં અને હાથમાંની થેલી ખાટલા પર નાખતાં બોલ્યાં, 'આને ક્યો કે દુકાને જઈ અડધો અડધો શેર દાળચોખા ને પાશેર મરચાંની ભૂકી લઈ આવે.'

અંબાશંકર જોશી પિતાશ્રી કંઈ બોલે તે પહેલાં જ ધરાર ના પાડતા બોલ્યા, 'નઈ જાઉં, માઈરુંતું સું કરવા ?'

'હવે ડાયો થા મા ને થેલી લઈને હાલતો થા.' લીલાબહેન થોડાં ગુસ્સે થઈ ગયાં. અંબાશંકર જોશી રીઢા ગુનેગારની માફક હાલ્યાચાલ્યાબોલ્યા વગર બેઠા રહ્યા.

'આને ક્યો કે જાય'. લીલાબહેન થોડાં નબળાં પડ્યાં.

લક્ષ્મીશંકર જોશીને આવી નમાલી બાબતમાં વચ્ચે પડવાની જરૂર ન લાગતાં મૌન રહ્યા. કદાચ તેમને મા-દીકરાનું 'જા' ને 'નઈ જઉં' સાંભળવાની મજા પડતી હોય !

લીલાબહેને હવે નરમ વલણ છોડી સામસામે આવી જવાનો ફેંસલો કર્યો, 'જા છો કે નઈ ? રાતે ખાવાનું નઈ દઉં. ભીખા માસ્તરને ભળાવી દઈશ. ભલે ઈ નિહાળ્યે લઈ જાય ને આંકણીએ આંકણીએ હોલારે !'

લીલાબહેને અંબાશંકર જોશીના નબળા પાસા ઉપર ધમકી ઉચ્ચારી. પણ પિતાશ્રીનું મૌન જોઈ અંબાશંકર જોશીને પાનો ચડ્યો, 'નિહાળને તો એક ઢીંકા ભેગી પાડી નાખું !' કદાચ તેમનો ઇરાદો દેખાવે કાળા, ડરામણા, પૂળો પૂળો મૂછો ધરાવતા ભીખા માસ્તર વિષે પણ એવું બોલવાનો હતો, પણ હિંમત ન કરી શક્યા.

'જા છો કે નઈ ?' બોલતાં અંબાશંકર જોશીનાં પૂજ્ય માતુશ્રી

હાથ હવામાં લહેરાવી રહ્યાં. અંબાશંકર જોશીને બીજો તમાચો નજીક લાગતાં પિતાશ્રીના ખોળામાં વધુ લપાયા. કોઈ છટકબારી ન મળતાં ફરી એક વાર ઉંદર બનવાની ઇચ્છા વધુ પ્રબળ બની — જો કે આ વખતે કોઈ બીજાં કારણોસર જ વળી. તેમની પ્રાર્થનાનો વારો આવતાં આટલી બધી વાર કેમ લાગી હશે ? થોડા મૂંઝાઈ ગયા. પછી કારી ફાવતી ન લાગતાં આખરી શસ્ત્ર ઉગામતા બોલ્યા, 'ભાઈ હાર્યે આવે તો જાઉં.' અંબાશંકર જોશી તેમના પિતાશ્રીને 'ભાઈ' કહેતા. લક્ષ્મીશંકર જોશીને પોતાને આ મામલામાં ખેંચાતા જોઈ થોડું આશ્ચર્ય થયું. તેઓ થોડું મૂંઝાયા, પછી તોડ કાઢી બોલ્યા, 'પણ મારે તો પસા લવાર હાર્યે શેરમાં જાવાનું છે !' આ ફેરે તું એકલો જઈ આવ્ય, આગલી ફેર આપણે બેય હાર્યે જાશું.'

અંબાશંકર જોશીને દાળમાંનું કાળું પકડતાં વાર ન લાગી. હાર્યે આવો તો હા, નીકર ના-ની રટ ચાલુ રાખી. લક્ષ્મીશંકર જોશી દુનિયા ફરેલા એટલે સામ, દામ, દંડ, ભેદમાં 'દામ'નું મહત્ત્વ સૌથી વધારે છે એવું એમનું જ્ઞાન.

'આજે એકલો જંઈ આવ્ય, ને દુકાનેથી તારા હારુ આઠાનાના તીખા ગાંઠિયાય લેતો આવજે.'

અંબાશંકર જોશીની આંખો 'તીખા ગાંઠિયા' જેવા સ્વાદિષ્ટ શબ્દો સાંભળી ચમકી ઊઠી. તેઓ પિતાશ્રીના ખોળામાંથી નીચે કૂદ્યા. પછી લટકતી ચડ્ડી ઉપર ખેંચવાની પ્રાથમિક કામગીરી પતાવી બહાર જવા અત્યંત આવશ્યક એવું સાઇકલનું જૂનું પૈડું અને તેને ગબડાવવા માટેના ટૂંકા ડંડાની શોધ આદરી.

લીલાબહેન અંબાશંકર જોશીમાં અચાનક આવેલો આ ધરખમ બદલાવ જોઈ રહ્યાં.

*

કાળા ભરવાડના ઘરની બાજુમાં આવેલા ગામના સૌથી ઊંચા વડલાની ટોચ પર ચડીને જોઈએ તો લક્ષ્મીશંકર જોશીની નાની ડેલી સ્પષ્ટ દેખાય. આ ડેલી બહાર અત્યારે અંબાશંકર જોશી લટકતી ચડ્ડી ઉપર પાણકોરાના બાંડિયામાં સજ્જ થઈ ઊભા છે. એક હાથમાં થેલીનો ડૂચો અને બીજામાં નાનો ડંડો તથા સાઈકલનું જૂનું પૈડું છે. તોલા પરની વેંતેકની શિખા શોભામાં અભિવૃદ્ધિ કરી રહી છે. આંખોમાં ચાર ધામની લાંબી જાત્રાએ જવા નીકળતા જાત્રાળુની આંખમાં હોય તેવા ભાવ છે. તો પછી હવે શું વાર છે ? અંબાશંકર જોશી કેમ ચાલતા નથી ? કદાચ સારું ચોઘડિયું બેસે તેની રાહ જોતા હશે ! ના, ના, એવું નથી. લો, આ ચાલ્યા અંબાશંકર જોશી. પૈડાને ડંડા વડે બે ઠેલા મારી તેઓ શેરી અધવચ્ચે પહોંચી ગયા. પણ પગના હલનચલનને લટકતી ચડ્ડી આધારવિહીન બની. અંબાશંકર જોશીના રુઆબનો ફજેતો કરતી બે ગોઠણ પર લટકી રહી. તેમણે ગોઠણેથી વળી જઈ આબરૂ બચાવવાનો ભગીરથ પ્રયત્ન કર્યો તેમાં આંશિક સફળ રહ્યા. પછી અંબાશંકર જોશીએ ફરીથી યાત્રા આરંભી. પૈડાને ધીમા ઠેલા મારતા ધીમે ધીમે ગતિ પકડાવતા ગયા. આ કલામાં તેઓ ભલભલાને આંટી દે તેવા મહારથી છે.

થોડી વાર ગામની શેરીઓમાં પૂરપાટ પૈડું દોડાવતા ગામ વચ્ચે આવેલા ગોળ ઓટલાવાળા વડલે પહોંચી ગયા. વડલાના છાંયે ઓટલા પર સિત્તેર વર્ષના નાથુભા લેંઘો ગોઠણ સુધી ચડાવી, એક પગ ગોઠણેથી વાળી ઓટલા પર રાખી, બીજો નીચે લટકાવી બીડીની ગડીમાંથી સારી બીડીઓ શોધી રહ્યા છે. તેમનું પાઘડીવાળું મસ્તક કોઈ અકળ કારણસર સતત ધ્રૂજી રહ્યું છે. તેમની બાજુમાં કુપોષણનો શિકાર બનેલું એક અત્યંત કૃશકાય કૂતરું ડચકાં ભરતું ઊંઘી રહ્યું છે. થોડે દૂર આપણા અંબાશંકર જોશીની જ ઉંમરના પણ બિલકુલ રુઆબ વગરના અને છેલ્લી કક્ષાના બે છોકરા લગ્ગી રમી રહ્યા છે.

અંબાશંકર જોશી પૈડું ઠેલતા ઓટલાને ચક્કર મારવા લલચાયા. બેએક ચક્કર માર્યા. પછી પેલા રુઆબ વગરના બે છોકરામાંથી એકે તેમની સામે જોઈ બૂમ પાડી, 'એ અંબુ, એ અંબુ બત્તી, એ અંબુ બત્તી.' બીજો નપાવટ પણ તેમાં જોડાયો, 'અંબુ બત્તી, અંબુ બત્તી.'

ચડ્ડીની બેઠકના ભાગે રહેલા બે કાણાંને નિર્દેશી ઉલ્લેખાયેલો 'બત્તી' શબ્દ સમજતાં અંબાશંકર જોશીને વાર ન લાગી. તેઓ કોપાયમાન થઈ ત્રાડી ઊઠ્યાં, 'હાળાં રાંડનાઉ, ઊભા રેજો' કહી હાથમાંનો ડંડો ઉગામી તેમની તરફ ધસ્યા. રુઆબ વગરના છોકરા તેમની લગ્ગી ભેગી કરતા ભાગ્યા અને સામેની શેરીમાં જઈ ભરાયા. અંબાશંકર જોશી થોડી વાર ત્યાં જ ઊભા રહ્યા, પછી પાછા વળ્યા. તેમણે મનોમન સમાધાન કરી લીધું કે, 'ઈ તો નવરીના છે.' દરેક મહાપુરુષ આવું જ કરતો હોય છે ને ! તેમને પાછા વળતા જોઈને પેલા બેમાંના એકે ભીંત પાછળથી ડોકું હબહાર કાઢી બૂમ પાડી, 'એય, અંબુ બત્તી, અંબુ બત્તી.' પરંતુ અંબાશંકર જોશી સાચા મહાપુરુષની જેમ કરેલા સમાધાનમાં અડગ રહ્યા અને શિખા ફગફગાવતા, પૈડું ઠેલતા આગળ નીકળી ગયા.

થોડી વાર પૈડું ઠેલ્યું.કે ઝાઝી વાર તે કહેવું મુશ્કેલ છે. પરંતુ અમુક કાળનિર્ગમન પછી અચાનક ભેજામાં 'તીખા ગાંઠિયા'નું સ્મરણ થતાં અંતે તેઓ ગામની એક શેરીમાં આવેલી, કાટ ખાઈ ગયેલા અસંખ્ય ડબ્બાંથી ભરચક એવી નાની હાટડી પાસે આવી ઊભા. ગામની આ એકમાત્ર કરિયાણાની દુકાનમાં, તેના માલિક લાભજી ગાંધી મેલ ખાધેલી ગાદી શોભાવતા ત્રાજવામાં કંઈક તોલી રહ્યા છે. તેઓ પ્રમાણમાં જાત અને ધંધા પ્રત્યે પ્રામાણિક છે. તેમની સામે બહાર બે સ્ત્રીઓ ભરત ભરેલી થેલી પકડી ઊભી છે. અંબાશંકર જોશી પૈડું પકડી એક બાજુ ઊભા રહ્યા. ગાંધીએ ત્રાજવામાંના સામાનનું સફાઈપૂર્વક પડીકું વાળી એક સ્ત્રીને આપ્યું. પછી બીજી

તરફ જોઈ બોલ્યા, 'બોલો બેન ?' બેનની પસંદગી કાટ ખાઈ ગયેલા અનેક ડબ્બામાંના એકમાં રહેલા મગ પર ઊતરી. લાભજી ગાંધી મગ ત્રાજવામાં નાખી તોલવા લાગ્યા.

અંબાશંકર જોશી માતુશ્રીએ રટાવેલું એકીશ્વાસે બોલી ગયા, 'મારા ભાઈએ કીધું છે, અડધો અડધો શેર દાળ-ચોખા ને પાશરે મશાલો આપો. મારા ભાઈએ કીધું છે કે આઠાનાના તીખા ગાંઠિયા આપો.'

પછી અંબાશંકર જોશી આમતેમ તાકી રહ્યા. થેલીનો ડૂચો ખોલી તેમાંથી આખી થેલી બનાવી. પછી તેમની સાઇકલના જૂના પૈડાની સુંદરતા મનોમન વખાણી રહ્યા હતા ત્યારે તેમનાથી બે-ચાર વર્ષ મોટી ઘાઘરી પહેરેલી એક છોકરી આવી ઊભી રહી. છોકરીએ આવતાંવેંત રવા પર પસંદગી ઉતારી. હવે આપડો વારો એમ વિચારી અંબાશંકર જોશીએ થોડા મોટા અવાજે માગણી દોહરાવી. પછી ફરી પોતાના પૈડાને વખાણવા લાગ્યા. લાભજી ગાંધી સ્ત્રીઓના પૈસા ગલ્લામાં મૂકી રવાના ડબ્બા તરફ રવાના થયા. અંબાશંકર જોશી તેમના પૈડાની સુંદરતા વખાણતા થોડા થાક્યા એટલે પડીકામાં બંધાયેલ તીખા ગાંઠિયા કેવા દેખાશે એવું વિચારવા લાગ્યા. તેમની આંખો થોડી ચમકી.

ઘાઘરીવાળી છોકરી રવાનું પડીકું હાથમાં લઈ ચાલતી થઈ ત્યારે અંબાશંકર જોશી તીખા ગાંઠિયાના સ્વર્ગમાંથી નીચે ઊતર્યા. તોલા પર હાથ ફેરવી શિખા આમળતા થોડા ઊંચા થઈ હાટડીમાં નજર નાખી. લાભજી ગાંધી કશે દેખાયા નહીં. લાભજી ગાંધીને આમ અચાનક અલોપ થયેલા જોઈ અંબાશંકર જોશી થોડું મૂંઝાયા. પછી આગવી છટાથી દુકાનના ઉંબર પર બેસી આવતાં-જતાં કૂતરાં અને રડ્યાં-ખડ્યાં બકરાં જોઈ રહ્યાં.

અથાક ધૈર્યપૂર્વક કૂતરાં-બકરાં નીરખવાની રસમય પ્રક્રિયાનો સિલસિલો અચાનક તૂટ્યો. કમરેથી વળી ગયેલી એક ડોશીએ તેમની બાજુમાં ઊભા રહી કાનના પડદા ચીરી નાખે તેવી ચીસ પાડી, 'લાભુ, એ લાભુડા.' અંબાશંકર જોશીના શરીરમાંથી કંપારી છૂટી ગઈ. લાભજી ગાંધી પાછળના ઘરમાંથી હાટડીમાં પ્રકટ થયા. ડોશી તરફ જોઈ થોડા ઉદાસીન ભાવે બોલ્યા, 'બોલો.'

ડોશીએ બજરની ડાબલી ઉપર કળશ ઢોળ્યો. અંબાશંકર જોશી મહામહેનતે ઊભા થયા અને પૈડાની સુંદરતા પરથી નજર ન હટાવતા ઉતાવળે બોલી ગયા, 'મારા ભાઈએ કીધું છે કે, અડધો અડધો શેર દાળ-ચોખા ને પાશેર મશાલો આપો. આઠાનાના તીખા ગાંઠિયાય આપો.'

લાભજી ગાંધીએ એક કટાઈ ગયેલા ડબ્બા પાછળથી બજરની ડાબલી કાઢી, ગમછાથી લૂછી ડોશીને આપી, 'હાડા પાંચ.' ડોશીએ કબજાની ગંજીમાંથી થોડી ચોળાઈ ગયેલી નોટો અને બે-ચાર સિક્કા કાઢ્યા અને ઝીણી નજરે જોઈ રહી.

અંબાશંકર જોશીને અચાનક તુક્કો સૂઝ્યો, જો વાણિયો ઉંદઇડો થઈ જાય તો ? પછી તેઓ થોડું આમતેમ જોઈ રહ્યા.

ડોશીએ અંતે ચૂંથાઈ ગયેલા ખજાનામાંથી સાડા પાંચનો મેળ કરી લીધો. અંબાશંકર જોશીએ ફરી પોપટવાણી શરૂ કરી, 'મારા ભાઈએ કીધું છે કે-'

લાભજી ગાંધીએ તેમના ભણી એક ત્રાંસી નજર નાખી અને ડોશીના પૈસા ગલ્લામાં મૂક્યા, 'હું હું કીધું છે તારા બાપાએ ?

અંબાશંકર જોશીએ થોડા રુઆબથી જવાબ આપ્યો, 'અડધો અડધો શેર દાળ-ચોખા ને પાશેર મશાલો, આઠાનાના તીખા ગાંઠિયા.'

લાભજી ગાંધી તેમની તરફ તાકી રહ્યા. અંબાશંકર જોશી પૈડામાંથી કંઈક ખેંચી રહ્યા. વાણિયો ઉંદઇડો થઈ જાય તો ? થેલીમાં અપડી લઉં ને જીવકાદાદાના ડાઘિયા પાંહે-

ત્રાજવાના ખણકારે તેમનો વિચાર ભાંગ્યો. લાભજી ગાંધી પડીકું વાળી રહ્યા હતા. અંબાશંકર જોશી ગાંધી ક્યારે તીખા ગાંઠિયાનો ડબ્બો ખોલે તેની રાહ જોતા હાટડીમાં નજર ફેરવી રહ્યા. કાટી ગયેલા ડબ્બાઓ વચ્ચે એકમાત્ર કાચની બરણીમાંથી અચાનક તેમનું સ્વર્ગ ડોકિયા કરતું તેમની નજરે ચડ્યું. તીખા ગાંઠિયા સાક્ષાત ! અને એ પણ પાછા બરણી ભરીને ! અંબાશંકર જોશી ધન્ય થઈ ગયા.

લાભજી ગાંધીએ બીજું પડીકું વાળ્યું. અંબાશંકર જોશી તાકી રહ્યા.

'લે ઉપાડ્ય.'.લાભજી ગાંધીએ ત્રણ પડીકાં ધરતાં કહ્યું, 'તીખા ગાંઠિયા નથી, ખલાસ થઈ ગયા. કરમફૂટ્યા છે, મારા હાળા, લે, ને તારા બાપને કેજે હાડી અઠિયાવી થ્યા આગલાપાછલા થઈને. હવે નઈ આપું. કેટલા થ્યા ?'

અવાક થઈ ગયેલા અંબાશંકર જોશીએ સૂન પડી ગયેલા હાથ લંબાવ્યા. થેલીમાં અચાનક ભાર ફેંકાયો. અંબાશંકર જોશીનું મસ્તક થોડું ધ્રૂજી રહ્યું, 'હું કઈશ ? હાડા અઠિયાવી થ્યા, આગલા પાછલા... હવે નઈ આપું. કેટલા થ્યા ?'

'હાડા અઠિયાવી.' અંબાશંકર જોશી માથું હલાવી રહ્યા. જોનારને એવું જ લાગે કે જાણે તેમનું માથું વૃદ્ધની જેમ ધ્રૂજી રહ્યું છે.

અંબાશંકર જોશી થેલી અને પૈડાનો ભાર વેંઢારતા બે ડગલાં આગળ ચાલ્યા. પાછળથી લાભજી ગાંધીનો ન સમજાય તેવો બબડાટ સંભળાયો, જેમાંથી પ્રયત્ન કરતાં 'તીખા ગાંઠિયા', 'મફતના તાગડધિન્ના',

(અનુસંધાન પૃ. ૬૧૮)

હું અને દિવાળી

પ્રફુલ્લ રાવલ

જ્યારે ગજવું ખાલીખમ હતું ત્યારે દિવાળીનો અપાર આનંદ હતો અને આજે ગજવું ખાલી નથી ત્યારે પેલો મુગ્ધ આનંદ પલાયન થઈ ગયો છે. ટોડલે દીવા મૂકવા જેટલી સહજતા રહી નથી. આંગણું લીંપીને રંગોળી પૂરવાની મઝા રહી નથી. હવે મેરમેરાયું લઈને ઝાંપે મૂકવા જવાની વય રહી નથી. નવાં કપડાં, નવાં ચંપલ પહેરવાનો સમય વહી ગયો છે. નવો ચામડાનો પટ્ટો પહેરવાની ઋતુ રહી નથી. સમય દિવાળી લઈને આવે છે અને તરત દોડી જાય છે. આંખના પલકારામાં તહેવાર પતી જાય છે. અત્યારે હું દિવાળીની રાતે ચોપડાપૂજન કરું છું. તેના પર નાગરવેલનું પાન મૂકી ચોપડે સ્વસ્તિક ચીતરું છું. એના પર અબીલગુલાલ ચડાવું છું. ચોળી મૂકું છું. ફળ મૂકું છું. કાળી શાહીથી લખું છું. પછી લાભસવાયા બોલું છું. લાભ તો સવાયો થયા કરે છે, પરન્તુ ખર્ચનું ખાનું મોટું થયાં કરે છે. સરવાળે બેય બાજુ સમતોલ રહેતી નથી. આથી જ ક્યારેક ઓચિંતું ખર્ચ આવી જાય છે ત્યારે મનની સમતુલા રહેતી નથી. આધુનિકતાના ચાળે કંઈક ત્રસ્ત થઈને અર્થની ચિંતામાં એક વાર લખ્યું હતું :

'દિવાળી આવી
છો આવી
હું કહું છું
કે
કાચબાની મોંમાંથી દુર્ગંધ આવી.'

દર દિવાળીના દિવસોમાં હું પાછળ નજર કરીને વીતેલી પસાર કરેલી દિવાળીને તાજી કરું છું. એમ અતીતને જીવતો કરું છું. ત્યારે મન પર પહેલો ટકોરો મેઘાણીની વાર્તા 'દિવાળીની બોણી' મારે છે. કંઈક એવી જ પરિસ્થિતિના ભાર તળે મેં મારી કિશોરાવસ્થા-મુગ્ધાવસ્થા પસાર કરી છે. યૌવન પણ એમ વહી ગયું છે. ત્યારે પ્રાણનો આનંદ લૂંટી લીધો હતો. અને પાસે રહી હતી માત્ર લાચારી. પછી દિવાળી કાચબાના મોંમાંથી આવતી દુર્ગંધ જેવી જ લાગેને ! પણ આ તો જીવનસમજની વાત થઈ. સમજ ન્હોતી ત્યારે દિવાળી કેવી ભવ્ય લાગતી હતી ! દિવાળીના અઠવાડિયા પહેલાં વેકેશન પડતું, નિશાળમાં રજા. પુસ્તકોની થેલી ખીંટીએ લટકાવી દેતો. મન 'દિવાળી આવી.... દિવાળી આવી'નો જાપ જપવા માંડતું. મહોલ્લામાં ફટાકડા કા'ક ફોડે અને આનંદ મને થતો. મેં તો ફટાકડાની જગ્યાએ ભીંતભડાકા ખૂબ ફોડ્યા છે. થોડા પૈસામાં વધુ ધડાકા, વધુ આનંદ.

છેક દશેરાથી દિવાળી ડોકિયું કરવા માંડતી. વાઘબારશ આવતાં સુધીમાં તો દિવાળીનું સામ્રાજય છવાઈ જતું. સહુનાં ઘર ધોળાતાં. અને મારું ઘર... છેક નવરાત્રિથી બા ઘર ધોળવાનું વિચારતી. ઘરની ઓસરીમાં પડેલા ખાડાને પૂરવા બા મથતી. આમ જ દિવાળીના દિવસો આવી જતા અને 'હવે આવતી સાલ ધોળાવીશું' કહીને બા મન મનાવતી. મારે ક્યારેક દિવાળીમાં નવી ચડ્ડી હોય તો શર્ટ ન હોય અને શર્ટ હોય તો ચડ્ડી ન હોય. ચંપલને તો સાંધીને પહેરવાનાં. પાલીસ કરાવું એટલે નવા નકોર લાગતાં.

સહુને ત્યાં ઘરમાં અને આંગણે લીંપણ થતું. અમારા ઘરમાં પણ લીંપણ હતું. પણ બાને લીંપતાં આવડતું નહીં. ગમે તેમ કરીને ગાર કરતી. છેલ્લા ઓરડામાં બા ક્યારેક કમળાકાકી પાસે ઓકળી કરાવતી. હું ક્યારેક તાજી ગાર પર મારું પગલું પાડતો. એ પગલું નવી ગાર ન થાય ત્યાં સુધી રહેતું.

એ દિવસોમાં જાતજાતનું ખાવાનું બનતું. ઘૂઘરા મહોલ્લાની ખાસ વાનગી હતી. બા થોડો જાળીવાળો મેસૂર બનાવતી, પણ ક્યારેક જ. બાકી મોહનથાળ-મગજ બનતો તે ય થોડો. તાણમાં પણ થોડુંથોડું બનાવવું તે દિવાળીની ઉજવણી હતી. વધુનો અવકાશ નહીં તે થોડાથી મઝા માણતા.

દિવાળીના પહેલાં, વરસતા વરસાદનું પાણી ભરી રાખેલું હોય તેમાં આંબલી પલાળીને અભરાઈ પરથી વાસણો ઊટકવામાં આવતાં. તાંબા-પિત્તળનાં વાસણો ચકચકાટ થતાં. ક્યારેક મહોલ્લાની સ્ત્રીઓ સાથે લક્ષ્મીભાભી ગંગાસર તળાવે વાસણ ઉટકવા જતાં, ત્યારે હું ભાડાની નાની સાઈકલ પર વાસણો લઈ જતો લાવતો. એ બહાને સાઈકલ ફેરવવાનો લહાવો મળતો.

ધનતેરસના દિવસે સંધ્યાકાળે બાપા ધનની પૂજા કરતા. એક પોટલીમાં બાંધી રાખેલા રોકડા પૈસા બા પેટીમાંથી કાઢતી. બાપા પૂજા કરે. મંત્ર ભણે. હું સામે બેઠો બેઠો જોયા કરું. ધન આવે તેની મનમાં પ્રાર્થના કરું. પણ ધન આવતું નહીં. હું બાને પૂછતો 'ક્યારે પૈસા આવશે ?' બા પાસે રોકડો જવાબ હતો 'આવશે'. હું એ 'આવશે' શબ્દમાં શ્રદ્ધા રાખતો અને આવતી ધનતેરસે સાઈકલ આવે તેની પ્રતીક્ષા કરતો. પરન્તુ વિત્તેશ્વર ક્યારેય રીઝતો નહીં.

બીજે દિવસે કાળીચૌદસ આવતી. બા આંખમાં મેશ આંજતી. સાંજે વડાં બનાવતી. પછી એ ત્રિભેટે એક નળિયામાં ભરીને મૂકી આવતી. એવી માન્યતા હતી કે આમ કજિયો ઘરની બહાર જાય છે. જો કે અમારા ઘરમાં કજિયાને અવકાશ નહોતો. સહુ સંતોષી. છે તેનો આનંદ. મળ્યું એ ખરું. ન મળ્યાનો, ન હોવાનો અફસોસ જરાય નહીં. પ્રાપ્ત પરિસ્થિતિનો સહજ સ્વીકાર એ જ બાનું શિક્ષણ હતું. માટે જ કશુંક મેળવવા માટે ક્યારેય ઇતર માર્ગને સ્વીકારવાનું બન્યું નથી. રાત્રે મહોલ્લામાંથી મોટેરા ભૂત મંતરવા જતા. મને પણ એક વાર જવાનું મન થયેલું. રવલાને લઈને ગયેલો. અડધે રસ્તે એ તો એવો ડરી ગયો કે તાવ ચડી ગયો. અમે પાછા ફર્યા.

મને જીવનમાં ક્યારેય બીક લાગી નથી. પછી તો જાણ્યું કે ભૂત એ તો મનનો ખયાલ છે, મનનો વહેમ છે. મન નબળું હોય તે બીએ. મન તો ક્યારેય નબળું નથી પડ્યું. હા, ક્યારેક સંવેદનશીલ બન્યું છે. કલ્પનાના પ્રદેશમાં પહોંચી ગયું છે. રંગીન સ્વપ્નો જોઈને ચક્તિ થયું છે. વળી પાછું વાસ્તવિકતાની ભોં પર આવી ઊભું રહે છે.

છેલ્લો દિવસ દિવાળીનો. સવારે બા ઉઠાડતી ત્યારથી દિવાળીનો નશો રહેતો. એ કેફમાં જ રાત પડી જતી. દિવાળીના દિવસે સવારથી બહાર ફરવાની છૂટ મળતી. રોડ પર ફરવા જતો. શણગારેલી દુકાનો જોઈને મન તરંગે ચડતું. 'આ લેવું છે. પેલું લેવું છે'ની યાદી મનમાં ગોઠવતો રહેતો. છેલ્લે મળતી એક નાનકડી ટીકડી ફોડવાની બંદૂક. તેય છેક સાંજે. સાંજથી હું ટીકડી ફોડતો રહેતો. ફટાકડાની જરાય બીક નહીં. સુખી સખી રાતે નાનું તબડકું ભરીને દારૂખાનું લઈને આવતી. લાલ ટેટા, ફૂલઝરી, પેન્સિલ, કોડી, વાંદરા, જલેબી બધું જ હોય. હું એને એ ફોડી આપતો. મારી બંદૂકમાંથી એ ટીકડી ફોડતી. હું ટેટો ફોડું અને સખી બીએ. એક વાર સખી પાસે વટ બતાવવા લાલ ટેટો હાથમાં ફોડેલો. પછી લાલઘૂમ થેયલી તર્જની અંગુઠાને ક્યાંય લગી જિહ્‌વાથી પલાળતો રહ્યો. સખીની આંખ ભીની અને હું 'કંઈ નથી થયું, કંઈ નથી થયું' બોલતો. વળી, એની ફૂલઝરી સળગાવી ગોળ ગોળ ફેરવતો. બપોરિયાં સળગાવીને સખીના ચહેરાને રંગીન બનાવતો. આજે ક્યારેક લાલ ટેટો હાથમાં લઉં છું તો સખીનું સ્મરણ છલકાય છે અને ગણગણું છું : 'એક વો ભી દિવાલી થી....' મોડી રાત લગી ફટાકડા ફૂટતા રહેતા. આકાશમાં હવાઈ ઊડતી, રૉકેટ ઊડતું. ડોક ઊંચી કરીને જોતો રહેતો. રાત પડતી તેમ અવાજ ઘટતા જતા. હું નવા વર્ષની સવારની પ્રતીક્ષા કરતો સૂઈ જતો. વગર ઉઠાડે પરોઢે આંખ ઊઘડી જતી અને કાને અથડાતો રહેતો એક શબ્દ તે 'સબરસ'. મેં પણ બે-ચાર વાર સબરસ વેચવાનો લહાવો લીધો છે : 'સપ્પરમે દહાડે સબરસ.'

નવા વર્ષની વાત જુદી. બાકી દિવાળી તે દિવાળી. મુગ્ધાવસ્થા વીતી અને દિવાળીનો આનંદ ગતિ કરી ગયો. પછી 'પાસે નથી'નું દુઃખ કાખમાં લઈને ફરવાની આદત પડવા માંડી. ત્યારેય સખી તો હતી જ. એની આંખમાં ભાવ પણ એ જ હતો. લાગણી ઘટી નહોતી. પરન્તુ સમય બદલાયો હતો. મુગ્ધ આનંદ ખોવાઈ ગયો હતો. અને એમ જ કેટલીય દિવાળી સરકી ગઈ. હું પ્રૌઢ થતો ગયો. ત્યારે જે જોઈતું હતું તે આજે સહજ મળી શકે તેમ છે. તો પેલો મુગ્ધ આનંદ નથી. અને સખી... આંખ પર છાજલી કરીને આજે ઝીણી નજરે દૂર સુધી શોધું છું પણ ક્યાંય જડતી નથી.

❐

અનુસંધાન] અંબાશંકર જોશી [પૃ. ૬૧૬ થી

'ધર્માદો' જેવા શબ્દો તારવી શક્યા.

અંબાશંકર જોશી થેલી ખભે ઉઠાવી પૈડું ઘસડતા ચાલતા રહ્યા; 'વાણિયાને થેલીમાં અપડીને ડાધિયા હામે નાખી દઉં.' અધૂરો વિચાર તેમણે પૂરો કર્યો. થોડી વાર પૈડા સાથે ઘસડાતા રહ્યા. પછી લોકોને ઉંદર બનાવી દેવાનો હક્ક પોતાને હસ્તક લેતા વિચારી રહ્યા, 'બાનેય ઉંદઈડો બનાવી દઉં ને ગોળામાં પૂરી દઉં.'

'એ અંબુ બત્તી, એ અંબુ બત્તી, અંબુ બત્તી....'

અંબાશંકર જોશી ચકળવકળ આંખે આમતેમ જોઈ રહ્યા. પોતે ખોટી શેરીએ ઘસડાઈ આવ્યા છે એવું જ્ઞાન થયું. રુઆબ વગરના એક છોકરાનું માથું થોડે દૂરની એક ડેલીમાંથી દેખાયું, 'અંબુ બત્તી, અંબુ બત્તી.'

આ વખતે અંબાશંકર જોશીના હાથપગ ઢીલા થઈ ગયા. આગળ જવું કે પાછા વળવું તેની ગમ ન પડી. થોડી વાર એમ જ ઊભા રહ્યા. પછી આંખોમાંથી આંસુની ધારા વહી.


*

કાળા ભરવાડના ઘરની બાજુના ઊંચા વડલાની ટોચે ચડીને આપણે લક્ષ્મીશંકર જોશીની ડેલી પર નજર નાખીએ. લક્ષ્મીશંકર જોશી હજુ પણ ગંભીર મુદ્રામાં ખાટલા પર 'ઓમ નમઃ શિવાય'-વાળા ગમછાથી હવા ખાતા બેઠા છે. કદાચ ખભે પહોંચતા વાળ વચ્ચે બ્રહ્મગાંઠ વાળેલી શિખા પંપાળતા અગમનિગમના ગૂંચવાડાઓના ઉકેલ જ શોધતા હશે. તેમનાં પત્ની શ્રીમતી લીલાબહેન જોશી તુલસીક્યારે કાંકરા આમતેમ કરતાં બેઠાં છે. આજ સવારથી તેઓને કોઈ બાબતે વ્યગ્ર બનાવ્યાં છે. પરંતુ રુઆબદાર સુપુત્ર અંબુ અને ભવિષ્યના શ્રી અંબાશંકર જોશી કેમ ક્યાંય કળાતા નથી ? ક્યાંય રસ્તામાં ખરેખર એમની પ્રાર્થનાનો વારો તો નથી આવી ગયો ને? ના ના, એવું નથી. આ રહ્યા તેઓ, આ આવ્યા અંબાશંકર જોશી — પડું પડું થઈ રહેલી લટકતી ચડ્ડી પર પાણકોરાના બાંડિયામાં સજ્જ, ખભે વજનદાર થેલી અને ઘસડાતા પૈડા સાથે.

'ભાઈનેય ઉંદઈડો બનાવી દઉં, બાને નાખું ગોળામાં ને ભાઈને મંદિરમાં પૂરી દઉં, શંખની હેઠે.'

અંબાશંકર જોશી ચડ્ડી ઉપર ખેંચતા વિચારી રહ્યા. તેમનું વેંતેકની શિખાવાળું માથું પેલા ઓટલે બેઠેલા સિત્તેર વર્ષના નાથુભાની જેમ ધ્રૂજી રહ્યું.

❐



સંગીતશાસ્ત્ર - ૪૨



ડૉ. હસુ યાજ્ઞિક

ઠુમરીનું પિયર લખનઊ-ઘરાના

મોગલયુગથી જ દિલ્હી શાસ્ત્રીય સંગીતનું પિયર રહ્યું છે. અબુલ અફઝલના 'આઈને અકબરી'માં એ યુગના મૂર્ધન્ય ગાયકોનાં નામ મળે છે. તાનસેન જેવા ઉત્તમ ગાયક ઉપરાંત ચંદ, મોહમ્મદખાં, મંદલખાં, દાઉદખાં, સઈદખાં, લાલ, તાનતરંગખાં, મુલ્લા ઇશાક ધાડી. રહમતુલ્લા, ચરજૂ, આદિ ઉત્તમ ગાયકો એ યુગમાં હતા. રબાબનો શોધક મનાતો કાસિમ ઉર્ફે કોકબર. વીણાવાદકોમાં પ્રવીણખાં અને બાંસુરીવાદક દોસ્ત મુહમ્મદ મરૌહંદી, શહનાઈવાદક શાહ મુહમ્મદ, કાનૂનવાદક મીરઅબ્દુલ્લા વગેરે પણ વાદનક્ષેત્રે સિદ્ધહસ્ત કલાકાર હતા. તાનસેને મિયાંમલ્હાર તથા અન્ય, વિવિધ ગાયકો દ્વારા મલ્હાર પ્રકારો અને વિલાસખાન દ્વારા વિલાસખાની તોડી પણ આ યુગમાં સર્જાયેલા નવા રાગો છે. ધ્રુપદધમાર વિકાસના ઉન્નત શિખરે પહોંચ્યા અને ખ્યાલનો પાયો પણ અહીં નંખાયો અને દૃઢ થયો. સંગીતના અનેક ગ્રન્થો પણ અહીં રચાયા. શાહજહાંના જમાનામાં કાનખાં, ડાગુર સલૈમ ચંદ અને શેખ મુહમ્મદ જેવા ગાયકો, રબાબ અને બીનના વાદક બહાઉદ્દીન પણ આ યુગના પ્રખ્યાત સંગીતકારો. છેલ્લા બાદશાહ બહાદુરશાહના દરબારમાં અચપલ, બડે છંગેખાં, શાદીખાં, મુરાદખાં, બહાદુરખાં, દિલાવરખાં જેવા ગાયકો હતા.

દિલ્હીના દરબારી સંગીતરત્ન તાનસેનની પરંપરામાં જ અનેક ઘરાના જન્મ્યાં. ધ્રુપદના આધારે સદરંગે ખયાલ પદ્ધતિ વિકસાવી અને એના શિષ્ય મનરંગે પરંપરાને આગળ વધારી. એ બન્નેની રચનાઓ આજે ગવાય છે. ૧૯મી સદીના દિલ્હીના ગાયકોમાં છંગેખાં, શાદીખાં અને મુરાદખાં મુખ્ય છે.

વાદનનો પણ અહીં વિકાસ થયો અને તેની પરંપરા ચાલી. પન્નાલાલ ગોંસાઈ ઉત્તમ સિતારવાદક હતા. એમની શિષ્યપરંપરાએ સાધના અખંડ રાખી તથા ઠુમરી અને કવ્વાલીનો અહીં વિકાસ થયો.

પંજાબના પતિયાલા ઘરાનાના સ્થાપક અલીબક્ષ અને ફતેહ અલીખાં મનાય છે. એ બન્ને અલીબક્ષના પિતા મિયા કાલુના શિષ્યો હતા. પતિયાલા ઘરાનાની પરંપરાને આશિકઅલીખાં, જાનખાં વગેરેએ આગળ વધારી.

ધ્રુપદના ગાયક બહરામખાંનું ઘરાનુ સહારનપુર ઘરાના તરીકે પણ ઓળખાય છે. અઢાર અને ઓગણીસમી સદીમાં વારાણસી, લખનઊ અને રામપુર ધ્રુપદનાં મુખ્ય કેન્દ્રો હતાં. બંગાળનું વિષ્ણુપુર અને બિહારનું દરભંગા આ પ્રણાલિ સાથે જ જોડાયેલાં હતાં. વારાણસી અને રામપુરના સેનિયા ઘરાનાનું સહારનપુર ઘરાના સમકાલીન છે. એના સ્થાપક બહારામખાં ઈ. ૧૮૦૦માં જન્મેલા હતા. હિંદી અને સંસ્કૃત ભાષા પરના પ્રભુત્વને કારણે તેઓ જયપુરના મહારાજા રામસિંહના દરબારી ગાયક હતા. ગ્વાલિયર, ઇન્દોર, અલવર, વડોદરા, રામપુર અને મૈસૂરના દરબારમાં પણ એમને માનભેર સ્થાન મળ્યું હતું. ગાયિકા ગોકીબાઈ, પતિયાળાના અલીબક્ષ અને ફતહઅલીખાં, ફરીદખાં પંજાબી, મૌલાબક્ષ સાંકડેવાલે, પતિયાળાના મિયાં કાલૂ, પુત્ર અકબરખાં અને સદૂખાં, ભત્રીજો ઝાકિરુદીનખાં, બન્દેઅલીખાં વગેરે તેમના શિષ્યો. પંજાબકેસરી મહારાજા રણજિતકસિંહે એમને પૃથ્વીમાંડલિકની ઉપાધિ આપી હતી. બહરામખાં ધધ્ધે ખુદાબક્ષના મિત્ર હતા.

જયપુરના સંગીતકારોએ પણ પોતાની આગવી મુદ્રા ઉપસાવી અને જયપુર ઘરાના અસ્તિત્વમાં આવ્યું. અહીં ગાયન અને વાદન બન્નેનો વિકાસ થયો. અહીં બહરામખાંની ધ્રુપદશૈલી, ધધ્ધે ખુદાબક્ષની ખયાલશૈલી, મુબારક અલીખાંની કવ્વલબચ્ચાના ઘરાનાની ખયાલશૈલી, રજબઅલીખાંનું વીણાવાદન, ઇમરતસેનનું સેનિયા વાદ્યશૈલીનું સિતારવાદન – એમ વિવિધ શૈલીઓના માધુર્યનો સમન્વય થયો. ગાયકવાદકોને રાજદરબારમાં માનભર્યું સ્થાન મળતું હતું. જયપુરના રાજા રામસિંહ તો સંગીતકારોના શિષ્યની જેમ વર્તતા હતા. મહારાજા માધોસિંહના દરબારમાં પણ સાંવલખાં જેવા વીણાવાદક હતા. જયપુરના દરબારમાં બીનકારને પણ માનભર્યું સ્થાન હતું. રજબઅલીખાં પોતે તન્મય બનીને વીણા વગાડતા. એમની શિષ્યપરંપરામાં મુશર્રફખાં પણ બીનકાર હતા. અલવરના રાજાએ એમને ગામ પણ આપ્યું હતું. એમના જમાનાના પુત્ર મુસાહિબઅલીખાં પણ બીનકાર હતા.

જયપુરના બીજા નામી બીનકાર જમાલુદ્દીનખાં હતા. એ વિચિત્ર વીણાના ઉત્તમ વાદક હતા. ઉ. અબ્દુલ અજીઝખાંએ ૪૫ વર્ષ સારંગી વગાડેલી. તે જમાલુદ્દીનના શિષ્ય બન્યા અને વિચિત્ર વીણા વગાડતા થયા. એમના સારંગીના શિષ્ય અહમદરજા પણ વીણાવાદક બન્યા.

અલીગઢ પાસેના અતરૌલી જેવા નાનકડા ગામની પણ ઘરાના પરંપરા છે અને તેમાં મુંબઈના ઉં. અલ્લાદિયાખાં જેવા ઉત્તમ ગાયકો થયા. આ ઘરાનામાં મહાબૂબખાં 'દરસ' થયા, જેમણે

વિવિધ રાગની ચીજોની રચના કરી અને તે પ્રખ્યાત બની. રાગ આનંદીની 'હે બારે સૈયા' તથા રાગ જોગની 'પિહરવા કો બિરમાયે' એમની પ્રખ્યાત રચના છે. એમના જ પુત્ર અતાહુસેનખાં પણ વાગ્ગેયકાર હતા અને 'અજહુ ન આયે શ્યામ' તેમની રચના છે. 'દરસ' પિયાની અન્ય રચનાઓમાં રાગ સોહિનીની 'દ્રુમ દ્રુમ લતા લતા', કામોદની 'ગુની કી ચરચા કરલે મા' પણ પ્રખ્યાત છે. જોહરાબાઈના ગુરુ અહમદખાં અને રામપુરના રાજગાયક મુશ્તાક હુસેનખાં જેવા નામી કલાકારોએ પણ 'દરસ' પાસે તાલીમ લીધી હતી. એમના બે પુત્રો અતાહુસૈન અન બંદેહસને ફૈયાઝખાં પાસે તાલીમ લીધી હતી. ફૈયાઝખાં આગરાના ઘરાનાના; પરંતુ તેમના પૂર્વજો અંતરૌલીના હતા ને લગ્ન પણ અતરૌલીમાં 'દરસ'ની પુત્રી સાથે થયાં હતાં. આ ઘરાના ખયાલગાયકી પૂરતું જ મર્યાદિત નથી રહ્યું, કેમ કે ધ્રુપદ-ધમારની પણ પરંપરા દૃઢ રહી. અતરૌલીની આ પરંપરાના સ્થાપક કાલેખાં અને ચાંદખાં મૂળ બ્રાહ્મણવંશના જ ગાયકો હતા. આ પરંપરામાં ગોબરહારી બાનીના દલ્લૂખાં અને છજ્જૂખાં થયા. ૧૮મી સદીનાં અંતના ધ્રુપદધમારના ગાયક હુસેનખાં અને તેમના વંશજ અજમતહુસેનખાં પણ મૂળ બ્રાહ્મણ વંશના હતા. એ રીતે સાહબખાં પણ મૂળ બ્રાહ્મણ હતા. એમના પુત્ર પણ ધ્રુપદ ગાયક હતા. એમને રામપુરના નવાબે માનતૌલની ઉપાધિ આપી અને પછી તે એ નામે જ ઓળખાવા લાગ્યા. સંગીતમાં આવું છેક તાનસેનથી બન્યું છે, જેમાં ગાયકને અપાયેલી ઉપાધિ જ એનું નામ બની જાય. દિલ્હીના છેલ્લા બાદશાહ બહાદુરશાહ ઝફરે સર્વશ્રેષ્ઠ ગાયક કુતુબબક્ષને તાનરસખાં તરીકે નવાજ્યા પછી એ એમનું નામ બની ગયું. ફૈયાઝખાં આફતાબે મૌસીકી અને ઑંકારનાથ સંગીતમાર્તંડ તરીકે ઓળખાતા, એ જાણીતું છે.

અતરૌલી મૂળ તો ધ્રુપદધમારની જ મુખ્ય પરંપરાનું બ્રાહ્મણવંશી ઇસ્લામી ગાયકોનું ઘરાણું. એમાં પછી જુદા જુદા ઘરાનાઓની કલાઓનો સમાવેશ થયો. ધ્રુપદ ગાયક સુલતાનસિંહ પણ મૂળ રાજપૂત વંશના હતા. આ ઘરાનામાં દલ્લૂખાં અને છજ્જૂખાં પાસે ખૈરાતીખાંએ ખંડહાર બાનીની તાલીમ લીધી. એમના પુત્ર અજમતહુસૈનખાં કરીમબક્ષ માનતૌલખાંના પુત્ર હતા અને મૂળ ધ્રુપદના ગાયક; પરંતુ ખયાલગાયકીમાં પણ પ્રસિદ્ધ થયા અને જોધપુરના રાજા માનસિંહના દરબારમાં માનભર્યું સ્થાન મળ્યું. હક્કાનીબક્ષ પણ ધ્રુપદધમારના જોધપુરના દરબારી ગાયક, પરંતુ એ અતરૌલીના હતા. એ રીતે જોધપુરના દરબારી ધ્રુપદ ગાયક ભૂપતખાં પણ અતરૌલીના. એમના પુત્ર ગુલાબખાં અને પૌત્રો અહમદખાં અને નસીરખાં પણ ધ્રુપદ ગાયકો.

આગરાની જેમ ફતેહપુર સીકરીને પણ પોતાની પરંપરા છે. મૂળ ધ્રુપદધમારની પરંપરા પછી કવ્વાલી, ખયાલ વગેરે અસ્તિત્વમાં આવ્યાં. જહાંગીરના જમાનાના જૈનૂખાં અને જોરાવરખાં કવ્વાલીના ગાયકો હતાં. શેખ સલીમચિસ્તીના દરબારમાં દુલ્હેખાં કવ્વાલ હતા. ધ્રુપદની જેમ કવ્વાલી પણ ભક્તિપ્રધાન સંગીતપ્રકાર છે. આથી આ યુગના ધ્રુપદ ગાયકોએ પણ ભક્તિભાવથી આ પ્રકાર પણ અપનાવ્યો અને તન્મયતાથી ગાયો. એમના પુત્ર ઘસીટખાં ઉત્તમ ધ્રુપદ ગાયક હતા અને ધમાર, ખયાલ પણ ગાતા હતા. ઈ. ૧૮૦૦માં જન્મેલા ઘસીટખાં ધ્રુપદધમારના ઉત્તમ ગાયક હતા. લખનઊના હૈદરીખાં પાસે તેમણે વિશેષ અભ્યાસ કર્યો અને શિષ્યો સાથે ગ્વાલિયર પહોંચ્યા. સિંધિયાની પ્રેયસી અને ભૈયા ગણપતરાવની માતા એવી ચન્દ્રભાગાના ઘરે જલસો હતો. ઘસીટખાં શિષ્યો સાથે ધર્મશાળામાં ઉતરેલા અને ફકીર ગાયક તરીકે એમની વાત વહેતી સાંભળીને ચન્દ્રભાગાએ જલસામાં નિમંત્ર્યા. એક પછી એક ઉત્તમ ગાયકોએ કલા પ્રકટ કરી અને છેલ્લે ગ્વાલિયર ઘરાનાના મુખ્ય ગાયક હદુખાંએ રંગત જમાવી. જલસો પૂરો થયો. આવા ઉત્તમ ગાયક પછી બીજું કોણ ગાય ? પરંતુ ઘસીટખાંના શિષ્યોએ કહ્યું કે જલસો પૂરો નથી થયો. અમારા ગુરુ ગાશે. ઉત્તમ ગાયક પછી કોઈ ગાવાનું કહે તો ધૃષ્ટતા જ લાગે ! પરંતુ ચન્દ્રભાગાબાઈ સાચાં સંગીતજ્ઞ અને કદરદાન હતાં. એમણે કહ્યું, એક ફકીર ગાવા ઇચ્છે તો એમને પણ સાંભળવા જોઈએ. ઘસીટખાંએ રાગ પરજમાં હોરી ગાઈ. એ સાંભળતાં ચન્દ્રભાગાબાઈની આંખો ભરાઈ આવી. શ્રોતાઓ મંત્રમુગ્ધ બની ગયા. હદુખાં અને હસ્સુખાં એ ફકીરને ભેટી પડ્યા. મહારાજ સિંધિયા પણ મુગ્ધ બન્યા. આ ઘટના પછી અતરૌલીના આ ગાયક ઘસીટખાંની નામના દેશભરમાં પ્રસરી. એમના નાનાભાઈ છોટેખાં પણ ઉત્તમ ધ્રુપદ ગાયક અને પખવાજવાદક હતા. એ બંગાળના દીનાજપુર અને દરભંગામાં વસ્યા. એ જયપુર પણ જતા હતા. ઘસીટખાંનું ઈ. ૧૮૯૦માં અને છોટેખાંનું ૧૯૧૨માં મૃત્યું થયું.

આગરા, ફતેહપુર સીકરી, મથુરા, ભરતપુર અને જયપુર પારસ્પરિક સંકળાયેલાં છે. આથી એની સંગીત પરંપરા સમાન રહી છે. ભરતપુરના ગાયકોમાં મદારબક્ષ ખયાલ ગાયક હતા.

લખનઊમાં સંગીત અને નૃત્ય બન્નેની પરંપરા રહી છે તેથી ઠુરીના અને કથકના ઘરાનાનો સંબંધ લખનઊ સાથે રહ્યો છે. તાલ માટે જેમ દિલ્હી અને બનારસ એ બે બાજ (વાદનશૈલી) મુખ્ય છે તેમ ઠુમરીમાં લખનઊ અને બનારસ એ બે મુખ્ય પરંપરાઓ છે. ધ્રુપદ અને ખયાલ પ્રકૃતિ અને શૈલીએ પ્રશિષ્ટતાના આગ્રહી પ્રકાર છે, જ્યારે ઠુમરી રંગદર્શી પ્રકૃતિ અને શૈલીની છે. બન્નેમાં ભાવનુ પ્રાધાન્ય છે, ભક્તિ અને શૃંગાર છે; પરંતુ પ્રશિષ્ટનું સ્વરૂપ ચાંચલ્ય અને કમનીયતાનું પક્ષપાતી છે. આ બે મૂળભૂત એવાં પ્રકૃતિભેદ છે. આથી સાહિત્યમાં જેમ ક્લાસિકલ અને રોમેન્ટિક એવા બે મુખ્ય પ્રકારો છે તેમ સંગીતમાં, ક્લાસિકલ અને રોમેન્ટિક એવા ભેદ છે આથી વદતોવ્યાઘાતનું પ્રમાણ ઘટાડવા માટે જ ધ્રુપદ-ધમાર-ખયાલ

આદિને શાસ્ત્રીય અને ઠુમરી, હોરી, કજરી, દાદરા વગેરે પ્રકારોને ઉપશાસ્ત્રીય સંગીતના પ્રકારોમાં મૂકવામાં આવે છે. આ બન્ને પ્રકારો રાગસંગીતના છે અને શાસ્ત્રદષ્ટિએ પણ ઉપાશાસ્ત્રીય રાગમાં, સ્વરમાં, તાલમાં શિથિલ નથી. રાગના બંધનો શાસ્ત્રીયમાં ચુસ્ત છે એટલા ઉપશાસ્ત્રીયમાં ચુસ્ત નથી, કેમ કે તેમાં માધુર્ય કેન્દ્રમાં છે, ભાવની કમનીયતા આરાધ્ય છે. અને એથી મિશ્રરૂપોનું અને મિશ્રરાગોનું એમાં પ્રાધાન્ય છે. પરંતુ એ કંઈ શિથિલ કે યથેચ્છ નથી. એને પણ એનાં બંધનો છે, ધોરણો છે, શાસ્ત્ર છે. ભેદ છે તે પ્રકૃતિનો છે. મૂળ તો કથાઓ જ સાંગીતિક અને નૃત્યાત્મક પદ્ધતિએ રજૂ થતી ગઈ. એમાંથી જ આવા પ્રકારોનો જન્મ થયો છે. ધ્રુપદ, ખયાલમાં ભાવને પ્રાધાન્ય મળ્યું એટલે એમાં નાયક-નાયિકા એ ભાવનો આધારમાત્ર રહ્યો, કથન નહીં. જ્યાં કોઈ ઘટના ક્રિયા સાથે આવી અને સ્વરની જેમ શરીરનું પણ માધ્યમના રૂપમાં પ્રદાન રહ્યું ત્યાં 'કથક'નો જન્મ થયો. આવા પ્રસંગનો કોઈ કેન્દ્રસ્થ ભાવ જ જ્યાં કેન્દ્રમાં રહ્યો અને તેના પણ ક્રિયાત્મક-નાટ્યાત્મક અંશો સ્વરના માધ્યમે વ્યક્ત થયા અને શરીરનું માધ્યમ અને નર્તન બાદ થયાં ત્યાં 'ઠુમરી'નો જન્મ થયો અને જ્યાં પ્રસંગ પણ ગળી ગયો અને કોઈ એક કેન્દ્રસ્થ સઘન ભાવ રહ્યો અને એની જ અભિવ્યક્તિ રહી ત્યાં ધ્રુપદ અને ખયાલ રહ્યા. ધ્રુપદમાં પણ હજુ કોઈ ઘટના કે નાટ્યાત્મક એવો પ્રસંગ રહ્યો, જે છોટા ખયાલમાં જળવાયો; પરંતુ વિલંબિત બડા ખયાલમાં તો એનું પ્રમાણ પણ નહિવત્ બન્યું. મોટા ભાગની આ બધી જ રચનાઓના કેન્દ્રમાં કૃષ્ણકથા જ છે. આથી મેં અનેક સ્થળે કહ્યું છે તેમ ભારતીય કલાઓ સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર, નૃત્ય, સાહિત્ય અને સંગીતને ભારત-યુરોપીય કલાઓથી જુદું પાડનારું જે તત્ત્વ છે તેમાં મુખ્ય અર્પણ કૃષ્ણકથાનું જ છે. ભારતીય કલાઓમાં જે કમનીયતા, માર્દવ વગેરે પ્રમુખ બન્યાં, ભક્તિભાવ કેન્દ્રમાં આવ્યો, એનું કારણ કૃષ્ણકથા છે. અને ધર્મ કે સંપ્રદાય બદલાયા છતાં કલાઓમાં કૃષ્ણ કેન્દ્રસ્થ જ રહ્યા. અનેક મુસ્લિમ ગાયકોની ધ્રુપદધમાર, ખયાલની રચનાઓમાં બહુસંખ્ય કૃષ્ણકથા આધારિત છે. એ બધી જ પરંપરાની જ હતી એવું નથી, ઈસ્લામના સ્વીકાર પછી પણ જે ઇસ્લામી વાગ્ગેયકારોએ રચનાઓ કરી એ પાક મુસ્લિમ કલાકારોની પોતે કરેલી રચનાઓમાં પણ કૃષ્ણકથા જ કેન્દ્રમાં રહી.

ઠુમરી અને અન્ય નૃત્યાત્મક સંગીત રચનાઓનો વિકાસ તવાયફ દ્વારા થયો, એ કારણે આ પ્રકારને કેટલાક ઉન્નતભ્રૂ ગાયકોએ તુચ્છ માન્યો. પરંતુ બડેગુલામઅલીખાં તથા અન્ય ઉત્તમ કોટિના ગાયકોએ આ પ્રકાર પણ શાસ્ત્રીય સંગીતનો પ્રાણ છે, એ પ્રમાણ્યું ને અને અપનાવ્યો. વાઝિદઅલી શાહના યુગના નવાબ સાદિકઅલીખાં, જેઓ કવ્વાલ-બચ્ચા ઘરાનાના હતા એ ઠુમરીના અન્વેષક મનાય છે. લખનઊના નવાબી દરબારમાં સંગીત અને નૃત્યને મહત્ત્વપૂર્ણ સ્થાન હતું, એમાં ઠુમરીને પોષણ મળ્યું. સાદિકઅલીની ઠુમરી લખનઊમાં જ પ્રકટી. ગ્વાલિયરના ભૈયા ગણપતરાવ અને મૌજુદ્દીનખાંએ સાદિકઅલી પાસે તાલીમ લીધી. ગણપતરાવ દ્વારા ઠુમરીનો પ્રચાર થયો કેમ કે પોતે ચન્દ્રભાગાબાઈના પુત્ર, સિંધિયાના કૃપાપાત્ર, ગાયક અને હારમોનિયમવાદક હતા. ઠુમરી અને દાદરાને તેમણે લોકપ્રિય બનાવ્યા. મૌજુદ્દીનખાં પણ ઉત્તમ ઠુમરીગાયક હતા. ભૈયા ગણપતરાવના શિષ્યવૃંદમાં ગયાના ગફુરખાં, સોહનીબાબુ, બશીરખાં જોધપુરવાળા, ગ્વાલિયરના જંગી, લખનઊના સજ્જાદહુસેન, મીર ઈર્શાદઅલી, કલકત્તાનાં ગૌહરજાન અને જદ્દનબાઈ, આગરાનાં મલકાજાન અને બાબુ શ્યામલાલનો સમાવેશ થાય છે.

ઠુમરીનો કથકનૃત્યના આશ્રયે જ વિકાસ થયો ને એને વિશિષ્ટ રૂપ આપીને લખનઊમાં સાદિકઅલીખાંએ વિલંબિત અને મધ્ય લયમાં ઢાળીને સમ્માર્જિત રૂપ આપ્યું. 'સનદ' પિયા બહાદુરહુસેનખાં અને સમીરખાં જેવા સેનિયા સંગીતજ્ઞો રામપુરના દરબારમાં હતા. વીસમી સદીમાં આ કલા શિખર પર પહોંચી. આ લખનવી પરંપરા પૂરબની ઠુમરી તરીકે ઓળખાવા લાગી. એનું સ્વરૂપ બનારસની પરંપરામાં થોડું બદલાયું. એનો ઝોક લોકગીત અને લોકસંગીત પર વિશેષ રહ્યો. મિર્ઝાપુરની ચૈતીકજરીની પણ બનારસી ઠુમરી પર અસર પડી. બનારસમાં રસૂલબાઈ, સિદ્ધેશ્વરીદેવી અને મોતીબાઈ ઠુમરીક્ષેત્રના સીમાસ્તંભો છે. લખનઊનું આભૂષણ બેગમ અખતર છે. એમાં પંજાબનું પણ મિશ્રણ છે. (ક્રમશ:)



સંમુખ સાગરમઠ-૧૮
આગવો મંદિર-સંપુટ

—— પ્રીતિ સેનગુપ્તા ——

હોટેલથી માર્કેટ સુધી ગયાં, ને આવ્યાં, એટલામાં શિગાત્સે શહેરનો નકશો લગભગ પરખાઈ ગયેલો. તિબેટનું બીજા નંબરનું શહેર ગણાય - એક તરફ, પણ એનો માહોલ જુઓ તો સાવ ઉદાસ ને પ્રાણહીન લાગે. ના કહેવાય જેને ગામ, ને ના કહેવાય જેને શહેર - એવી કોઈ જગ્યા. એનું વાતાવરણ નથી ગ્રામીણ, ને નથી નાગરીય. એની અંદર, ચીનનાં બધાં શહેરોમાં જે હોય જ તેવું, 'પીપલ્સ પાર્ક' તરીકે ઓળખાતું લોકપ્રાંગણ કે હરવાફરવા, ભેગાં થવા માટેનું ખુલ્લું મેદાન પણ નથી. કે પછી પેલું ઊંચું, ધૂળિયું, શાળાની નજીકનું જે ચોગાન જોયેલું તે જ પૂરતું ગણાતું હતું શિગાત્સે માટે ?

તિબેટના પ્રવાસીઓની સફરમાં આ શહેર મુકાય છે તેનું કારણ એની જરાક જ બહાર આવેલું તાશિલ્હુમ્પો બૌદ્ધ-મંદિર અને એની સાથે જોડાયેલો મઠ. આ પંથના મહાધિકારીને પંચેન લામા કહે છે. સમગ્ર બૌદ્ધધર્મમાં વરિષ્ઠ વડા એવા દલાઈ લામા પછી બીજી અગત્યની વ્યક્તિ તે પંચેન લામા હોય છે. તાશિલ્હુમ્પો મંદિર, તથા મઠ, ચૌદમી સદીમાં તૃતીય પંચેન લામા દ્વારા સ્થાપાયેલાં. ત્યારથી પ્રથાગત રીતે આ જ સ્થાન એમના ધાર્મિક અધિકાર અને સામર્થ્યની બેઠક ગણાતું આવ્યું છે. એક જમાનામાં એમાં છ હજાર જેટલા બૌદ્ધ લામા તથા વિદ્યાર્થીઓ રહેતા. અત્યારે ત્યાં છસો જેટલા માંડ હશે.

સામ્યવાદી ચીને પહેલેથી જ ધર્મને લગતી બધી જ બાબતો પર પ્રતિબંધ મૂકવા માંડેલા. તિબેટી શ્રદ્ધાળુઓ જેને ઈશ્વરના અવતાર તેમજ પ્રજાના રાજા માનીને પૂજે છે તે આજના દલાઈ લામા છેલ્લાં ચાલીસ જેટલાં વર્ષથી 'દેશવટો' ભોગવી રહ્યા છે અને પંચેન લામાની પદવી પામનારા છેલ્લા દોઢેક દસકાથી હેરાન થઈ રહ્યા છે. ૧૯૮૯માં, ત્યારના પંચેન લામા, કે જે ફક્ત પચાસ જ વર્ષના હતા, તેમનું અચાનક મૃત્યુ થયું. પછી નવા 'અવતાર'ની શોધ શરૂ થયેલી. ચીની સરકારને એવી વ્યક્તિ જોઈતી હતી જે સરકારનું પ્યાદું બનીને રહે. પ્રજાને પૂજનીય ગુરુ મળે, પ્રજા ખુશ રહે, ને દોર સરકારના હાથમાં રહે, એવા ઉદ્દેશથી તાશિલ્હુમ્પોના મઠાધ્યક્ષ અને અન્ય વૃદ્ધ લામાઓને શોધ કરવા મોકલવામાં આવેલાં.

આવશ્યક ચિહ્નો અને સંકેતથી યુક્ત એવો એક દસ વર્ષનાં બાળક એમને મળેલો. મઠાધ્યક્ષે એને માટે દલાઈ લામા પાસેથી પણ સંમતિ મેળવેલી. પણ બેનજિન્ગના સરકારી સદસ્યો એ બાળકનો સ્વીકાર કરે એ પહેલાં મઠાધ્યક્ષે એને નવા પંચેન લામા



તાશિલ્હુમ્પાં મંદિર અને મઠ-સંકુલમાં એક ઈમારત

તરીકે જાહેર કરી દીધો. આથી અપમાનિત અને ક્રુદ્ધ થયેલી કેન્દ્ર સરકારે તરત જ ૧૯૯૫ની શરૂઆતમાં એ બાળક તેમજ એનાં માતાપિતાને જપ્ત કર્યાં, અને એ મઠાધ્યક્ષને પણ કેદમાં પૂર્યા. ત્યારથી આજ સુધી એ કોઈનો પત્તો મળ્યો નથી, અને એ બધાંની હત્યા થયેલી મનાય છે.

આ દરમિયાન યેનકેન પ્રકારેણ ચીની સરકારે બીજો એક છોકરો શોધી કાઢ્યો, એને પંચેન લામા તરીકે જાહેર કર્યો, ને શિગાત્સેની તાશિલ્હુમ્પો બેઠક પર વિધિસર સ્થાપિત કર્યો. એ ૧૯૯૫ના અંતનો સમય. ત્યારે એ બાળક નોર્બુ નવ જ વર્ષનો હતો. આજે પણ એ સૈનિકોની દેખરેખ નીચે રહે છે, કારણ કે એના પર હુમલો થવાનું જોખમ મનાય છે. ચીની સરકાર કહે છે તો ખરી કે પ્રજા એને ચાહે છે ને પૂજે છે. પણ હકીકત એ છે કે આ પંથમાં માનનારા જનસમુદાય તથા લામાઓમાં પેલો આગલો બાળક જ પ્રિય છે, પૂજનીય છે. એના જ ફોટા ઘરમાં ને દુકાનોમાં રખાય છે, ને એને જ ધર્મના મહાધિકારી ગણવામાં આવે છે. એ કિશોર, કે જે કદાચ હયાત પણ નથી, તેને માટે શ્રદ્ધાળુઓ હજી આશા રાખીને બેઠા છે.



તાશિલ્હુમ્પો બૌદ્ધવિહારમાં એક ધાર્મિક પ્રસંગે નૃત્ય કરી રહેલા યુવાન લામા

એક તરફ સરકારે વેપાર, વેચાણ અને અંગત અર્થોપાર્જનના ક્ષેત્રમાં ઢીલ મૂકી છે, તો બીજી તરફ વ્યક્તિ તથા સમાજની ધર્મ-વિષયક પસંદ, કુટુંબનિયોજન વગેરે બાબતોમાં સરકાર સહેજ પણ મચક આપતી નથી. ૧૯૯૫થી આજ સુધીમાં તિબેટનાં મંદિરો અને મઠો પર વારંવાર કડક પગલાં લેવાતાં જ રહ્યાં છે. અમુક બંધ કર્યાના, લામાઓની સંખ્યા ઘટાડ્યાના, ને ધાર્મિક વિધિઓ અટકાવ્યાના સમાચાર પશ્ચિમની દુનિયાનાં છાપાંમાં આવતા જ રહે છે.

તિબેટની ધાર્મિક, સામાજિક, આર્થિક અને રાજકારણીય સ્થિતિને દયનીય જ કહેવી પડે. ત્યાંનું જીવન પહેલાં જેવું નથી રહ્યું. ત્યાંનું કશું જ પહેલાં જેવું નથી રહ્યું છતાં, પહેલી વાર ત્યાં જનારને અભિભૂત કરે, ને ભૂતકાળના ગત ગૌરવની કલ્પના કરાવે એવાં સ્થાન હજી તિબેટમાં મોજૂદ છે. દા.ત. તાશિલ્હુમ્પો. એનું દર્શન મંત્રમુગ્ધ કરી દે તેવું છે. ઊંચા, પથરાળ પહાડને અઢેલીને એનાં મકાનોનો સંપુટ લંબાણમાં પથરાયેલો છે. એની દીવાલો સફેદ, ઉપલા છેડે કાળો રંગ. મંદિરની પ્રાચીર ગેરુ રંગેલી. નાની નાની બારીઓ પર કાળા પડદા, ને મંદિરના જુદાં જુદાં શિખર સોનેરી. આ બધો રંગમેળ બહુ જ સરસ લાગે. જેવો એનાં મકાનોનો વિસ્તાર તેવું જ વિસ્તૃત એનું કોમ્પાઉન્ડ. પાસે જતાં, પશ્ચાદ્ભૂવાળો પર્વત આભને અડતો દેખાય.

કોમ્પાઉન્ડમાં પ્રવેશતાં ડાબી બાજુ પર નિવાસગૃહ હતાં. લામાઓને રહેવાનાં એ મકાનો બરાબર કોઈ ગામડામાંનાં ઘર જેવાં લાગે. સાવ સાદાં, સપાટ છત, નાની બારીઓમાંથી અંધારું દેખાય. વીસમી સદી પૂરી થવાની, પણ તિબેટનાં બધાં મંદિર-મઠમાં વીજળી નથી આવી ! રહેઠાણોની લાંબી દીવાલો દ્વારા સાંકડી ગલીઓ બનતી હતી. પરિસર ધૂળિયો હતો, ને એમાંય સહજ ને હૃદ્ય સ્વાભાવિકપણું હતું.

નજીકમાં થઈને, અસમાન પથ્થરિયાં પગથિયાં પર ચડીને આગળ જતાં મંદિરો શરૂ થાય. સૌથી પહેલા ખંડમાં 'ભવિષ્યના બુદ્ધ' મૈત્રેયની પ્રતિમા સ્થાપિત છે. અતિ ઉચ્ચ, અતિ ભવ્ય, કાંસા તથા સોનાનાં પતરાંથી જડેલી. મને યાદ રહી ગયું એમનું કરુણામય મુખ. એમનાં નયન પણ સ્નેહાર્દ્ર હતાં કે ?

અન્ય ખંડોમાં દસમા અને ચોથા પંચેન લામાની સમાધિઓ હતી. ચીનમાંના 'સાંસ્કૃતિક ક્રાંતિ'ના કાળમાં બીજી સમાધિઓને ખંડિત કરવામાં આવેલી. એ પછી દસમા પંચેન લામાએ બધા ભગ્નાવશેષોને ભેગા કરી પાંચમાથી નવમા પંચેન લામાઓનું સન્માન કરતી એક સમાધિ બનાવડાવેલી. એ પોતે ૧૯૮૯માં મૃત્યુ પામેલા. ત્યાર પછી શરૂ થયેલી નવા પંચેન લામાને પ્રસ્થાપિત કરવા માટેની, ખેંચતાણ હજી ક્યાં અટકી છે ?

મોટા સભાખંડમાં ચાર-પાંચ લામા બેસીને ગપ્પાં મારતા હતા. આવો સમય એમને ભાગ્યે જ મળતો હશે. અમે બધા ખંડ



ચીની સરકારે પસંદ કરેલા ૧૧મા પંચેન લામા

[illegible] અંદર ગયાં એટલે એ લોકો ચૂપ થઈ ગયા. અભ્યાસ કે સમૂહપ્રાર્થના કે વ્યક્તિગત ધ્યાન કરવા માટેની ગાદી-બેઠકો સળંગ, લાંબી પાથરેલી હતી. છેડે, 'વર્તમાન બુદ્ધ' શક્યમુનિની મૂર્તિની પધરામણી થયેલી હતી. એની બંને બાજુ પૂજાઘર હતાં. એકની અંદર દેવી તારાનાં ત્રણ સ્વરૂપ હતાં, ને બીજામાં પીળા શિરસ્ત્રાણવાળા ગુરુ દ્ઝોન્ગાબાની સ્થાપના હતી. બીજા એક ખંડમાં કોઈ બત્તી હતી નહીં. ટમટમતા દીવાના ઝાંખા અજવાળામાં, ત્યાં ચૂપચાપ બેઠેલા લામા પહેલાં તો દેખાયા પણ નહીં. એ જ રીતે, એ બધા ખંડોની અંદર સમાઈને રહેલી ભીત્તીચિત્ર, તાન્કાચિત્ર, શિલ્પ ઇત્યાદિની વિવિધતા ને કળાત્મકતા પણ સ્પષ્ટ જોઈ શકાતી નહોતી. અમે તો ટૂંકી મુલાકાતે ત્યાં હતાં, પણ ત્યાં વર્ષો કાઢી રહેલા ભિખ્ખુઓનાં દિવસો ને રાતો કઈ રીતે વીતતાં હશે ?

પથ્થરજડેલી ભૂમિથી અંદરનું ચોગાન બનેલું હતું. ઘણા યુવાન લામા ત્યાં હરતાફરતા જણાતા હતા. એક વૃદ્ધ લામાએ બીજા એવા જ વૃદ્ધ લામાનો હાથ પકડેલો હતો, ને કશું પૂછી રહ્યા હતા.- ક્યાં તો કશી સલાહ, અથવા કોઈ તાવ-દુખાવા પ્રત્યે સહાનુભૂતિ. ગેરુ દીવાલોમાં થઈને સરસ, સાંકડી ગલીઓ બનતી હતી. મકાનોની બહારનાં પ્રાંગણમાં ફૂલો ઉગાડેલાં હતાં. ધ્યાન ને તપના આવા કઠિન જીવન દરમિયાન પણ, દુનિયાથી સાવ વિખૂટા પડીને જીવતા, એ લામાઓના દિલમાં કેવી કુમાશ હતી ! એ ફૂલો દ્વારા વર્ષના બે-ત્રણ મહિના, કુદરતના ગેબી તત્ત્વ સાથે એ બધા કિંચિત્ સંધાન પામતા હતા. બાકી, મંદિર-વિભાગની ગેરુ દીવાલો; છત પાસેનાં ઝીણાં, અને કાળાં રંગેલાં લાકડાં

(અનુસંધાન પૃ. ૬૨૪)

ફૂલ, કાંટો અને ફાંસ

ભૂપેન્દ્ર મો. પંડ્યા 'સ્નેહસેતુ'

રાત્રિના બારના સમયે પણ વર્ષાની ભારે હળવી ઝરમર નીચે સૈનિકોની આખીય ડિવિઝન શોકાર્ત હૃદયે કર્નલના ગમગીનીભર્યા શબ્દો સાંભળી રહી હતી.

કર્નલ અશ્રુપૂર્ણ આંખે કહેતો, 'એ વીર યોદ્ધા શોભનના શૌર્યને ક્યા શબ્દોમાં વર્ણવું ? બધા શબ્દો અને અંજલિઓ એની નિષ્ઠા, દેશદાઝ અને જાનફિશાની આગળ ટૂંકાં પડે. ખરેખર, સહુની ચાહના જીતી લેનાર શોભન આપણા બાગનું સુગંધી ફૂલ હતો. દુશ્મનોની દુર્ભેદ્ય ચોકીને આખરે આપણે જીતી શક્યા છીએ, પણ આ જીતને મહામૂલી ભેટ ધરવી પડી છે. આજે શોભન હતો-ન હતો થઈ ગયો, એ ફૂલ દુર્ભાગ્યે ચીમળાઈ ગયું છે, પણ એની સુગંધ ચોતરફ નિત્ય પ્રસરેલી રહેશે જ.'

ત્યારે ખરી ગયેલા ફૂલની સહુ પ્રત્યેની ચાહના જાણે અત્તરના શેરા રૂપે વ્યક્ત થવા માગતી હોય એમ સહુની આંખે ઝળઝળિયાં આવ્યાં હતાં. મંચ ઉપર કર્નલની બાજુમાં બેઠેલ સદ્ગત શોભનની પત્ની કુરંગા તો ધ્રુસકાભેર રડી રહી હતી. એના દારુણ દુઃખની વેદનાને આશ્વાસન આપતાં સહુએ ગમગીન પગલે જવા માંડ્યું અને જે જમીન પર પાણીનું ટીપું પણ મેદનીને લીધે પડ્યું નહોતું તે હવે ખાલી થતાં શોકાર્ત હૃદયની જેમ ધીરે ધીરે પલળવા લાગી હતી.

પણ ના, કુરંગાએ હવે ઝડપથી આંસુ લૂછી નાખ્યાં. મનમાં એ થોડું મલકી પણ ખરી. અરે, શરારતપૂર્ણ નજરે કર્નલને કહ્યું પણ ખરું, 'ડીઅર, આ કેવી રીતે બની શક્યું ? આવું પરિણામ લાવવા માટે પ્રકાંડ કુશળતા જોઈએ.'

'ડાર્લિંગ, આ કર્નલ માટે કશું જ અશક્ય નથી. દુશ્મનોના તોપગોળા સામે મેં એને ધરી દીધો. એ વીંધાઈ ગયો. કાંટો હતો એ કાઢી નાખ્યો છે - હવે તો આપણે લગ્ન કરી શકીશું જ ને ?' કર્નલનું હાસ્ય કુટિલ હતું.

'આપણા પ્રેમનો વિજય થયો. લગ્ન માટે શંકા ન રાખો. જો કે હાલ થોડો વખત....!' કુરંગાએ પોતાની મોટર તરફ જતાં કહ્યું, 'દસ-પંદર દિવસ જવા દઈશું, બસ. હા, શોભનની સ્થાવર-જંગમ મિલકત એ દરમિયાન....'

'એ વ્યવસ્થા થઈ જશે. હાલ મારે નામે; લગ્ન બાદ તમારે નામે. મારે તો બસ, તમારો પ્રેમ જોઈએ.'

'તે હું તો હંમેશ તારો જ છું અને રહેવાનો. મિલકતની અહીં કોને પડી છે ? શોભન તો મૂરખ હતો.'

'તદ્દન મહામૂર્ખ. આટલી માલ-મિલકત છતાં આદર્શનું પૂંછડું ઝાલી લડવા નીકળ્યો હતો !'

'પણ એ કાંટો હવે નીકળી ગયો.' કર્નલે હસીને કહ્યું.

જવાબમાં મુખ મલકાવી કુરંગાએ ગાડી હંકારી.

હવે અંધકાર હતો. સન્નાટો પણ હતો. અને હા, કર્નલ પણ હતો. હવે એકલો જ. એ કુરંગાની કારના રસ્તાને તાકી રહ્યો હતો. એકલો એ કેમ કહેવાય ! મદારીની સાથે એનો કરંડિયો, અને કરંડિયામાં એની નાગણ હોય એમ કર્નલની સાથે એનું મન અને એ મનમાં મલિન વૃત્તિ હતી. એ હવે કુરંગાના વિચારોએ રંગાઈ બબડતો હતો :

'લગ્ન પછી તમામ મિલકત મારી જ હા, લગ્નનું નાટક કરવું પડશે ખરું. પછી હથેળીમાં જીવ લઈ ફરવાની આ નોકરીને નમસ્કાર. પણ કુરંગાનું ? પણ એનાથી અહીં કોણ ડરે છે ? આ શોભન તો ગયો. રસ્તાનો કાંટો હતો, પણ બાગનું ફૂલ કહેવો પડ્યો. કુરંગાથીડરવાનું કેવું ? કુરંગાનું પણ શોભનને માર્ગે.... એમ જ થશે. જેને કાંટો કાઢતા વાર ન લાગે તેને મન ફાંસની વળી શી વિશાત ?'

કર્નલ ખડખડાટ હસી પડ્યો.'

એ અટ્ટહાસ્યથી ગભરુ ગાય જેવો બેઠેલ અંધકાર જાણે ધ્રૂજી ઊઠ્યો હોય એમ વીજના એકાદ-બે ચમકારા થયા.

અનુસંધાન | સંમુખ સાગરમઠ | પૃ. ૬૨ થી

ને સોનેરી ચમકતાં શિખરાભૂષણો વગરેનું સંમિલન ખૂબ નેત્રરંજક લાગતું હતું. હજી બીજાં પગથિયાં ચડીને અગાશી પર પહોંચ્યાં, તો ત્યાં પણ મંદિર હતું. કિશોર લામાઓએ બહુ જ જાડા, રૂ-ભરેલા બૂટ પહેર્યા હતા. જાતે બનાવાતા હશે ? એવા બજારમાં, કે અન્ય લોકોના પગમાં, ક્યારેય જોયા નહોતા. ત્યાં લાલ થાંભલાવાળો વરંડો હતો. એની એક તરફ રસોડું લાગ્યું. વચ્ચે ચોક હતો. દીવાલો પર ચોતરફ સળંગ બુદ્ધસ્વરૂપ ચીતરેલાં. શોભાની શોભા, પૂજાની પૂજા. ઉપરથી એ જગ્યા તો જાણે આખું કોઈ ગામનું ગામ જ. એટલો મોટો એનો પ્રસ્તાર હતો.

કોમ્પાઉન્ડમાં જ્યાં ને ત્યાં કૂતરાં દેખાય. માગેલું બધું મળી ગયું હોય તેમ આરામથી બધાં ધૂળમાં કે પથ્થર જડેલી ભોંય પર સૂતેલાં જ હોય. ફરતાં ફરતાં સંગીત સંભળાયું, ને એ દિશા તરફ અમે [illegible] ધસ્યાં. એક ચોગાનમાં મરૂન વસ્ત્રધારી યુવાન લામાઓ કાંઈ ધાર્મિક ઉત્સવ માટે સમૂહનૃત્યની તૈયારી કરી રહ્યા હતા. વિદેશીઓને અંદર જવાની મનાઈ હતી. નાના દરવાજાને રોકીને બે વૃદ્ધ લામા વચ્ચોવચ બેઠેલા. એની ખુલ્લી ફાંટમાંથી થોડું થોડું દેખાતું હતું. સ્થાનિક તિબેટીઓ ચોગાનને ફરતે બેઠેલા. અમે થોડું જોયું, ફોટા પણ લઈ શકાયા, ને સરસ તક મળી ગઈ એક ઝલક હતી તોયે.

પીપૂડાં જેવાં પણ આઠથી દસ ફીટ - લાંબા વાજિંત્રોના સૂર સાથે, યુવાન લામાઓ મોટા કુંડાળામાં ફરતા હતા. હાથ ઊંચા થતા હતા, પગ ઊંચકાતા હતા. આપણાં નૃત્યોમાં હોય છે તેવી નૃત્યભંગિઓ નહોતી, પણ નૃત્યકર્તાઓ તન્મય હતા, અને પ્રેક્ષકો એકરત હતાં.

તાશિલ્હુમ્પોની મુલાકાતને અંતે અમને પણ હરખાંવાનું એક આગવું કારણ મળ્યું હતું. (ક્રમશઃ)

ભારતના બે અલ્પજ્ઞાત ખગોળશાસ્ત્રી

રાધા ગોવિંદ ચંદ્ર અને ચિંતામણિ રઘુનાથાચાર્ય

ડૉ. સુશ્રુત પટેલ

આપણામાંથી બહુ ઓછાએ એમનું નામ સાંભળ્યું હશે. જૂન ૭, ૧૯૧૮ના રોજ ગરુડ (Aquila)નામના તારામંડળમાં દેખાયેલો નવો તારો અર્થાત્, નોવા (Nova) એટલે કે સ્ફોટક તારો જોનાર ભારતમાં જ નહીં, સમગ્ર એશિયામાં એ પહેલા હતા. હકીકતે, નોવા નિહાળનાર ભારતના એ પહેલા ખગોળશાસ્ત્રી છે. યુરોપના ખગોળપ્રેમીઓએ તો એને બીજે દિવસે જોયો. ત્યારબાદ આ નોવાની જાણકારી આખી દુનાયના ધંધાદારી ખગોળશાસ્ત્રીઓને કરવામાં આવી, જેમણે તેનો ઘનિષ્ઠ અભ્યાસ કર્યો. 'ગરુડના નોવા ક્રમાંક-3' (Nova Aquila No. 3) તરીકે પાછળથી જાણીતા બનેલા આ નોવાને પહેલપ્રથમ જોવા ઉપરાંત, ખગોળશાસ્ત્રમાં રસ હોય તેવા આપણા દેશના લોકોએ પણ એમનું નામ સાંભળ્યું હોવાની શક્યતા ઓછી છે. કવિ ન્હાનાલાલ તેમના એક કાવ્યમાં પૂછે છે :

'એકલાં ઊગવું, સ્હેવું, એકલાં આથમી જવું,'
સ્નેહથી છલકતાં આ સંસારે એમ શેં થવું ?'

વગડામાં ઊગતાં મોટા ભાગનાં ફૂલોનું આ જ ભવિષ્ય નિર્માયું હોય છે. પોતાના વતનમાં જ અજનબી ! પરંતુ આ કિસ્સામાં થોડુંકેય આશ્વાસન હોય તો તે એ કે આપણામાંથી ભલે જૂજ લોકો એમના નામથી પરિચિત હશે,. પરંતુ પશ્ચિમના ખગોળશાસ્ત્રીઓમાં આ નામ ઠીક ઠીક જાણીતું છે, અથવા કહો કે એક કાળે ખૂબ જાણીતું હતું.

ભારતના આ સપૂતનું ટૂંકું નામ છે : આર.જી. ચંદ્ર. પૂરું નામ રાધા ગોવિંદ ચંદ્ર'. લાડકું નામ ચંદ્ર, અથવા રાધા ચંદ્ર.

એ હતા તો માત્ર એક સાધારણ ખગોળપ્રેમી. એટલે કે વ્યવસાયી ખગોળશાસ્ત્રી ન હતા. પરંતુ, ખગોળની ઉપાસનાએ એમને આન્તરરાષ્ટ્રિય ખ્યાતિ રળી આપી.

સોટા જેવો ઊંચો દેહ, મધ્યમ દાઢી અને માથે ઠીક ઠીક વાળ, સફેદ ધોતી અને ઉપર એકરંગી કે સફેદ ઝભ્ભો. આ એમનો બાહ્ય પરિચય. (એમની એક દુર્લભ તસવીર આ સાથે આપી છે.)

એમનો જન્મ કલકત્તા નજીક, બંગાળના જેસોર જિલ્લામાં આવેલા બાગચર નામના એક નાનકડા ગામમાં સન ૧૮૭૮માં એક જમીનદાર કુટુંબમાં થયો હતો. પાછળથી ભારત-પાકિસ્તાનના ભાગલા થતા આ ગામ હાલમાં બાંગલાદેશમાં આવેલું છે. એમનું બાળપણ અને જિંદગીનાં મોટા ભાગનાં વર્ષો આ ગામમાં જ વીત્યાં. એમની શૈક્ષણિક કારકિર્દી ટૂંકી અથવા કહો કે નહિવત્. મેટ્રિકની પરીક્ષામાં ત્રણેક વાર નાપાસ થયા પછી ભણવાનું છોડ્યું. આ પછી આજીવિકા માટે કલેકટરની કચેરીમાં મહિને પંદર રૂપિયાના પગારથી નોકરી કરવા માંડી. અહીં તેમની મુખ્ય કામગીરી નાણાં-પરીક્ષક તરીકેની એટલે કે સિક્કા ચકાસવાની હતી.

રાધા ચંદ્ર કોલેજના અભ્યાસથી વંચિત રહ્યા છતાં, એમણે પોતાના ઘડતર માટે ભારે પુરુષાર્થ કર્યો. પૂર્ણ પરિશ્રમ ને ચીવટથી જાતકેળવણી આરંભી. નાની વયે વાંચેલા વિજ્ઞાનના એક પુસ્તકે એમના જીવનચક્રની ધરી જ બદલી નાખી. અક્ષયકુમાર દત્ત નામના એક બંગાળી બાબુએ લખેલા તે પુસ્તકનું નામ હતું : 'બ્રહ્માંડ કી પ્રકંદા'. બંગાળીમાં લખાયેલા આ પુસ્તકનો કાંઈક આવો અર્થ થાય : બ્રહ્માંડ કેટલુંક વિસ્તીર્ણ ! આ પુસ્તકે બાળક રાધાને ખગોળમાં અને વિશેષતઃ તારાઓ અને ગ્રહોમાં રસ લેતો કર્યો. આકાશ-નિરીક્ષણની પ્રેરણા એમને એક બીજા બંગાળી ગૃહસ્થ પાસેથી મળી. એમનું નામ કાલિનાથ મુખરજી. વ્યવસાયે વકીલ એવા આ સજ્જન એ કાળે એક તારાનકશાપોથી અથવા કહો કે તારાઓનો એક નકશો તૈયાર કરી રહ્યા હતા. એમને એક ખગોળપ્રેમી સહાયકની જરૂર હતી. યુવાન રાધાએ આ તક ઝડપી લીધી. એમના સહાયક તરીકે કામ કરતા રાધાને પ્રત્યક્ષ આકાશ-દર્શનની તાલીમ મળી.

એ પછી, ૧૯૧૦માં જ્યારે હેલીનો પ્રખ્યાત ધૂમકેતુ દેખાયો. ત્યારે રાધા ગોવિંદે એનું અવલોકન કર્યું અને એના સંબંધી લોકભાગ્ય શૈલીમાં એક ખૂબ લાંબી લેખમાળા લખી. રોજેરોજનો એનાં આંખ્યે દેખ્યો અહેવાલ આપ્યો. આ લેખમાળા તે કાળના પ્રખ્યાત બંગાળી માસિક 'હિંદુ'માં પ્રસિદ્ધ થઈ હતી. આ ધૂમકેતુનું અવલોકન એમણે માત્ર બાઈનોક્યૂલર્સ



રાધા ગોવિંદ ચંદ્ર એમનાં બે ટેલિસ્કોપ સાથે

વડે કર્યું હતું. તે વખતે તેમની પાસે ટેલિસ્કોપ ન હતું. આ દરમિયાન તેમનો પરિચય શાંતિનિકેતનના જગદઆનંદ રોય સાથે થયો. તેમણે આકાશ-અવલોકન માટે એક દૂરબીન મેળવી લેવાનું સૂચન કર્યું. આથી ૧૯૧૨માં તેમણે ત્રણ ઇંચના દગકાચવાળું વર્તક (વક્રીભવન) દૂરબીન લંડનથી મંગાવ્યું. આ દૂરબીન માટે રાધાએ એ જમાનામાં ૧૩ પાઉન્ડ એટલે કે આશરે ૨૫૭ રૂપિયા અને ૦૬ પૈસા ખર્ચેલા ! જગદઆનંદ રોયે ચંદ્રને પરદેશના ખગોળશાસ્ત્રીઓના સંપર્કમાં રહેવાની સલાહ માત્ર જ ન આપી, એ દિશામાં જોઈતી તમામ મદદ પણ કરી. સમયસર મળેલી આ કીમતી સલાહે ચંદ્રના જીવનને એક બીજો મહત્ત્વનો વળાંક આપ્યો.

આજીવિકા માટે ક્લેક્ટરની કચેરીમાં એક મામૂલી ક્લાર્ક તરીકે દિવસભર સખત મહેનત કરતા રાધા ચંદ્ર રાત્રે આકાશના ઘુમ્મટ તળે આકાશી જ્યોતિપુંજોમાં ખોવાઈ જતા. પોતાનાં અવલોકનોની બહુ વ્યવસ્થિત નોંધ રાખવાની પણ એમને ટેવ હતી. એમની જે કાંઈ પુરાણી નોંધો ઉપલબ્ધ છે તે જોતાં એવું લાગે છે કે એમના સમકાલીન પશ્ચિમના ખગોળજ્ઞો રાધા ચંદ્રનાં નિરીક્ષણોને ઘણું મહત્ત્વ આપતા હતા. આની સાહેદી પૂરતો એક કાગળ હાર્વર્ડ કૉલેજ ઑબ્ઝર્વેટરીનો છે, જેમાં જાન્યુઆરી ૧૭, ૧૯૨૦ની તારીખ લખેલી છે. એમાં લખ્યું છે : 'તમે મોકલેલાં નિરીક્ષણો ખૂબ સારાં છે, અને દર મહિને મોકલવાનું ચાલુ રાખશો એવી આશા રાખીએ છીએ.' આવો જ પ્રતિભાવ ૨૭મી ડિસેમ્બર, ૧૯૨૩ના રોજ લખાયેલા એક પત્રમાં છે. આ પત્ર બ્રિટિશ એસ્ટ્રોનોમિકલ એસોસિએશનનો છે, જેમાં લખ્યું છે : 'તમારાં ઉત્કૃષ્ટ નિરીક્ષણો અને ટિપ્પણીઓ અમારા આ વિભાગ (રૂપવિકારી તારાવિભાગ) માટે હંમેશા મૂલ્યવાન રહ્યાં છે, અને હું આશા રાખું છું કે તમારો આવો જ લાગણીસભર ઉત્સાહભર્યો ટેકો અમને મળતો રહેશે અને આનંદિત કરતો રહેશે.'

આમ તો કોઈ પણ ખગોળપ્રેમીની જેમ ખગોળીય દરેક ઘટનાના અવલોકનમાં એમને રસ હતો. જેમ કે, રૂપવિકારી તારા (varible stars), સ્ફોટક તારા (નોવા), નિહારિકા (nebula), ઉલ્કા, ગ્રહણો વગેરે. પરંતુ, એમનું મુખ્ય કાર્યક્ષેત્ર રૂપવિકારી તારા સંબંધી છે. વળી, આગળ જોયું તેમ, નોવાની શોધ કરનાર ભારતના તે પહેલા ખગોળશાસ્ત્રી છે.

પહેલાં તો રૂપવિકારી તારા અને નોવા એટલું શું તે સમજીએ.

રૂપવિકારી તારા એટલે એવા તારા કે જેના તેજમા સમયાંતરે ફરક પડતો રહે. બીજી રીતે કહીએ તો, પોતાના પ્રકાશમાં નિયમિત કે અનિયમિતપણે વિકાર દાખવતા તારાઓને રૂપવિકારી તારા કહેવામાં આવે છે. એમ તો રાત્રે ઝબૂક-ઝબૂક કરતા તારા પણ એક રીતે તો તેજની વધઘટ કરતા જણાય છે. પણ એનું કારણ પૃથ્વીનું વાતાવરણ છે. રૂપવિકાર તેની આંતરિક બાબત છે. વળી, જો તારાનો કોઈ સાથીદાર તારો હોય તો સમયાંતરે એકબીજાનું ગ્રહણ કરે છે, જેને કારણ તેના તેજમાં વધઘટ થતી રહે છે. આ ઉપરથી રૂપવિકારી તારાઓના મુખ્ય બે પ્રકાર પાડવામાં આવ્યા છે : આન્તરિક રૂપવિકારી અને સંક્રામક રૂપવિકારી (એકબીજાને

ANNUL REPORT OF AMERICAN ASSOCIATION OF VARIABLE STAR OBSEVERS, 1920-21

Observer	Initial	November	December	January	February	March	April	May	June	July	August	September	October	Totals
Bancroft	Ba	228	351	....	....	51	....	....	156	....	....	....	....	786
Barns	Bs	33	11	....	18	19	23	9	34	23	....	....	....	170
Bemporad	Bp	36	....	....	....	....	....	59	....	....	20	....	33	148
Benini	Be	29	....	....	....	....	....	....	....	....	....	20	35	84
Bouton	B	126	133	68	21	49	38	49	38	32	....	46	46	646
Bunch	Bh	46	9	....	....	....	....	....	....	....	....	15	....	70
Carr	Ca	70	....	....	....	....	....	....	....	28	11	31	83	223
Chandler	Cd	....	....	....	....	....	9	12	14	6	....	...	....	41
Chandra	Ch	42	48	72	83	71	50	95	59	73	50	62	46	751
Clement	Cl	21	36	22	15	10	....	17	20	23	....	23	....	187
Clough, Miss	Cg	....	....	....	....	....	12	14	20	23	....	8	13	[illegible]
Dawson	Dw	....	....	....	....	151	....	....	....	....	....	....	....	151
Dunham	Du	....	....	....	....	....	12	21	26	....	21	....	....	80
Eaton	E	....	....	3	1	14	19	....	....	....	....	....	....	37

AAVSOનો વાર્ષિક અહેવાલ - ૧૯૨૦-૨૧. એમાં રાધા ગોવિંદ ચંદ્રનું નામ ઉપરથી નીચે આવતાં ૯મું જોઈ શકાય છે : Chandra

વટાવતા પિંડોનું એક જ લીટીમાં આવી જવું એટલે સંક્રમણ, સંક્રમવું એટલે ઓળંગવું, ગ્રહણ કરવું.) સંક્રામણ રૂપવિકારીને ગ્રહણકારી રૂપવિકારી (eclising binary variable) પણ કહેવાય છે. આ ઉપરાંત, રૂપવિકારી તારાઓના બીજા પણ અનેક પ્રકાર છે. જેમ કે, આરઆર લાઈરી કે આરઆર વીણા રૂપવિકારી (RR Lyrae), સૈફિયરી કે વૃષપર્વા રૂપવિકારી (Ceiheids), ડબ્લ્યૂ વર્જિનિસ કે ડબ્લ્યૂ કન્યા રૂપવિકારી (W Virginis), આરવી ટૌરી (ટાઉરી) કે આરવી વૃષભ રૂપવિકારી (RV Tauri), માઈરા તારા કે મિરા-પ્રકાર રૂપવિકારી (Mira stars, Me), અનિયતમિત કે અનિયતકાલીન રૂપવિકારી (irregular variables) વગેરે. નોવા (સ્ફોટક) અને સુપરનોવા (પરમ સ્ફોટક) પણ આ જ વર્ગમાં આવે છે.

નોવા એટલે તેજનો સ્ફોટ કરતા વિશિષ્ટ રૂપવિકારી તારા. ક્યારેક એવું બને છે કે સામાન્ય રૂપમાં દેખાતો કોઈ તારો કોઈ કારણસર પોતાનું વિકિરણ વધારી દઈ સ્ફોટક રૂપ પામે છે. ઘણી વાર તેજનો આ વિકાસ ખૂબ ઝડપી હોય છે અને તેથી એ ઓચિંતો નજરે ચઢી આવે છે. આવા તારા ક્યારેક એમના મૂળ રૂપ કરતાં દસ હજારથી એક લાખ ગણા તેજસ્વી થઈ જતા હોય છે. પરિણામે દૂરબીનથી માંડ દેખાતા તારા નરી આંખે સહેલાઈથી જોઈ શકાય તેટલા તેજસ્વી બની જતા હોય છે. પૂર્ણ તેજસ્વી બન્યા પછી આવા તારાના તેજમાં ક્રમશઃ ઘટાડો થતો જાય છે. પણ તેના તેજના ઘટાડાની રફતાર ઘણી ધીમી હોય છે. ઘણી વાર તો સ્ફોટક સ્થિતિએ પહોંચ્યા પછી મૂળ સ્થિતિએ પહોંચતા આવા તારાઓને બે વર્ષ જેટલો સમય પણ લાગી જાય છે. જૂના જમાનામાં અત્યંત ઝાંખા તારા નરી આંખે જોવા શક્ય ન હતા. પછી જ્યારે આવો કોઈ નિસ્તેજ તારો સ્ફોટ રૂપ ધારણ કરતો, ત્યારે આકાશમાં તે સ્થળે, જ્યાં અગાઉ અંધકાર હોય ત્યાં, એક પ્રકાશિત તારો અચાનક પ્રકટ થતો દેખાતો. આ ઘટનાને એક નવા તારાનો જન્મ થયો હોવાનું માનવામાં આવતું. આમ, નોવા એટલે નવ્ય તારક, અથવા સ્ફોટક તારક. ખરેખર તો તે કોઈ નવો તારો નથી.

આવા રૂપવિકારી તારા ક્ષેત્રે રાધા ચંદ્રનું પ્રદાન નોંધપાત્ર રહ્યું છે. આ તારાઓના વર્ગીકરણમાં મુખ્યત્વે એમનાં આ નિરીક્ષણો ઘણાં મદદરૂપ નીવડ્યાં છે. ખાસ કરીને વિદેશની વેધશાળાઓની પત્રિકાઓ, નોંધવહીઓ (જર્નલ્સ)માં તથા ખગોળવિજ્ઞાન અને ખગોળભૌતિકીના સામયિકોમાંનાં લખાણોમાં અને એમાંના લેખોના સંદર્ભોમાં એમના નામનો સારો એવો ઉલ્લેખ જોવાં મળે છે. બ્રિટિશ એસ્ટ્રોનૉમિકલ એસોસિએશનના રૂપવિકારી તારા વિભાગનો અહીં રજૂ કરેલો એક પત્ર રાધા ચંદ્રના આ કાર્યની કદરનો એક નમૂનો પૂરો પાડે છે.

માત્ર ઈંગ્લંડ જ નહીં, અમેરિકન એસોસિએશન ઑવ્ વૅરિયેબલ સ્ટાર ઑબ્ઝર્વર્સ (American Association of Variable Star Observers, ટૂંકમાં, AAVSO) નામના અમેરિકામાં આવેલ રૂપવિકારી તારાનિરીક્ષક મંડળ જેવી આ ક્ષેત્રે અત્યંત પ્રતિષ્ઠિત સંસ્થાને પણ રાધા ચંદ્રનાં નિરીક્ષણો બહુ ખપ લાગ્યાં હતાં. આ સંસ્થાના તઓ સક્રિય સભ્ય હતા[3] રૂપવિકારી તારાઓને લગતાં હજારો નિરીક્ષણો આ સંસ્થાને તેમણે મોકલેલાં. સંસ્થાની કાયમી ફાઇલોમાં બે મોટી કોથળીઓ (ફોલ્ડર) ભરાય તેમની નિરીક્ષણ-નોંધો અને માહિતીપત્રકો આજે પણ સચવાયેલાં જોઈ શકાય છે. આ સંસ્થા રાધા ચંદ્રને પોતાના બહુ મોંઘેરા સભ્ય ગણતી હતી. તેમના કાર્યની કદર તરીકે અને રૂપવિકારી તારાનિરીક્ષક મંડળને પોતાને પણ તેમનાં નિરીક્ષણોનો લાભ મળે તથા અત્યંત ઝાંખા તારાઓનું પણ નિરીક્ષણ થઈ શકે તે આશયથી આ મંડળે સન ૧૯૨૬માં તેમને છ ઈંચના દગકાચવાળું એક શક્તિશાળી 'ક્લાર્ક વર્તક દૂરબીન' (Clark Refractor) ઉછીનું આપ્યું હતું. મૂળે આ દૂરબીન મંડળના આશ્રયદાતા અને મિત્ર (patron and friend) એવા ચાર્લ્સ એલ્મર (Charles W. Elmer) નામના એક સજ્જનનું હતું.

રાધા ચંદ્રે અપેક્ષા મુજબ જ આ દૂરબીનનો ઘણો સારો ઉપયોગ કર્યો અને સન ૧૯૨૬થી ૧૯૫૪ સુધીના ૨૮ વર્ષના ગાળામાં મંડળને આશરે ૩૭૨૧૫ જેટલાં બહુ વ્યવસ્થિત નિરીક્ષણો મોકલી આપ્યાં. એ પછી ૭૬ વર્ષે પોતે બહુ સારી રીતે નિરીક્ષણ નહીં કરી શકે તેમ લાગતાં, મંડળના કહેવાથી આ દૂરબીન તેમણે આપણા પ્રખ્યાત ખગોળવિદ્ ડૉ. મનાલી કલ્લત વૈણુ બાપ્પુ (૧૯૨૭-૧૯૮૨)ને આપી દીધું. યુવાન ડૉ. બાપ્પુ અમે-

[FEB 1934] PAPERS COMMUNICATED TO THE ASSOCIATION

Observations of Annular Eclipse of the Sun at Jessore (India), 1933 August 21.

By R. G. CHANDRA.

Latitude ..	23° 10′ 5″ N.
Longitude ..	89° 15′ 15″ E.

First Contact	$3^h\ 40^m\ 15^s$ G.M.T.
Second Contact (formation of annulus)..	$5^h\ 19^m\ 59{\cdot}2^s$ G.M.T.
Third Contact (end of annular phase) ..	$5^h\ 20^m\ 14{\cdot}2^s$ G.M.T.

Last Contact not observable owing to clouds.

Instrument: 3-inch refractor.

An attempt was made to see the corona by putting the Sun out of the field of view, but without success.

રિકાની હાર્વર્ડ વેધશાળામાંથી તાલીમ લઈને લગભગ તે જ અરસામાં ૧૯૫૩માં ભારતમાં આવ્યા હતા અને ખગોળ-વિજ્ઞાનમાં અત્યંત રસ ધરાવતા ઉત્તર પ્રદેશના તત્કાલીન મુખ્યપ્રધાન ડૉ. સમ્પૂર્ણાનંદ"ના આમંત્રણથી નૈનિતાલમાં વેધ-શાળા માટેના નવા સ્થળની શોધમાં અને એની સ્થાપનાના કાર્યમાં વ્યસ્ત હતા. ડૉ. વૈણુ બાપ્પૂ ભારતના આજ સુધી એકમાત્ર ખગોળશાસ્ત્રી છે કે જેમનું નામ એક ધૂમકેતુ સાથે કાયમ માટે જોડાઈ ગયું છે. આ ધૂમકેતુનું નામ 'બાપ્પૂ બૉક-ન્યૂકિર્ક' રાખવામાં આવ્યું છે. પાછલા બે શોધકો અમેરિકાના છે અને આ ત્રણે જણાએ સંયુક્તપણે તે શોધ્યો હતો. બાપ્પૂના અવસાન પછી તેમના માનમાં કવલૂર વેધશાળાને તથા એના પ્રમુખ દૂરબીનને ૧૯૮૬થી તેમનું નામ આપવામાં આવ્યું છે. તે ઉપરાંત, ૧૯૮૫માં ભારતમાં આયોજિત આન્તરરાષ્ટ્રિય ખગોળ વિજ્ઞાન સંઘ (The International Astronomical Union)ના મહાસંમેલન દરમિયાન નવા શોધવામાં આવેલા એક લઘુગ્રહને સર્વસંમતિથી વૈણુ બાપ્પૂનું નામ આપવામાં આવ્યું છે.[૫]



ઈ.સ. ૧૮૭૪માં શુક્રનું અધિક્રમણ થયું તે ઘટનાને સંબંધિત પુસ્તિકા મૂળ અંગ્રેજીમાં ચિંતામણિએ લખેલી. તેના અનુવાદ ભારતની ઘણી ભાષાઓમાં તે કાળે થયાં હતાં. ઉર્દુ પુસ્તિકાના મુખપૃષ્ઠ ઉપરનું ચિત્ર અહીં આપ્યું છે. તેમાં અંગ્રેજીમાં લેખક તરીકે તેમના નામની જોડણી પણ આપી છે. જે આમ છે : **C. Ragonathachary.** તે કાળે પુસ્તકોનાં મુખપૃષ્ઠ કેવા સુશોભિત તૈયાર કરાતાં હતાં તેનો પુરાવો આપતું આ ચિત્ર આ રીતે ઐતિહાસિક પણ છે.

ડૉ. બાપ્પૂ પરની આડવાત પછી રાધા ચંદ્રની મૂળ વાત પર આવીએ. 'એલ્મર-ચંદ્ર ટેલિસ્કોપ' (Elmer-Chandra Telescope) તરીકે જાણીતું બનેલું આ દૂરબીન આપણે ઉપર જોયું તેમ, મૂળે અમેરિકન બનાવટનું હતું અને હિંદમાં અંગ્રેજોના શાસનકાળ દરમિયાન જે કેટલાંક જૂજ અમેરિકન બનાવટનાં ટેલિસ્કોપ હતાં, તે પૈકીનું તે એક હતું. આ ઐતિહાસિક ટેલિસ્કોપ હાલમાં કવલૂર ખાતે જોઈ શકાય છે.

અમેરિકાની હાર્વર્ડ વેધશાળાના તત્કાલીન નિયામક અને પ્રખ્યાત ખગોળજ્ઞ હાર્લો શેપ્લે (Harlow Shailey : ૧૮૮૫-૧૯૭૨) રૂપવિકારી તારા સંબંધી રાધા ચંદ્રનાં નિરીક્ષણોની પ્રશંસા કરતા તેમના તા. ૧૨ ડિસેમ્બર, ૧૯૫૦ના અંગત પત્રમાં જે લખે છે, તેનો તરજૂમો કરવાનું મુલતવી રાખીને મૂળ લખાણ જ જોઈએ તો ખયાલ આવશે કે આ ક્ષેત્રે પરદેશના વિશેષજ્ઞો તેમની કેટલી કદર કરતા હતા : 'The American Association of Variable Star Observers, with head-quarter at the Harvard Observatory, is honoured to salute you as one of the important contributors from abroad.'

રાધા ચંદ્રને દૂરબીન ભેટ મળ્યું એ પછી બહુ થોડા જ સમયમાં, ફ્રાંસ સરકારના શિક્ષણ વિભાગે એમને Officer d' Academic Reiublic Fancaise ખિતાબથી નવાજીને એમનું બહુમાન કર્યું હતું. આ ઇલકાબ અને ચંદ્રક ફ્રાંસના કૉન્સ્યુલિટ જનરલ મારફત એમને કલકત્તામાં પહેલી ઑગસ્ટ, ૧૯૨૮ના રોજ વિધિવત એનાયત કરવામાં આવ્યો હતો.

ખગોળશાસ્ત્રમાં એમના પ્રદાનની કદર તરીકે બ્રિટનની ખગોળીય મંડળી (The British Astronomical Association), હાર્વર્ડ કૉલેજ વેધશાળા (The Harvard College Observatory), અમેરિકાની ઉલ્કા સોસાયટી (American Meteor Society), તથા લાયોન વેધશાખા (Lyon Observatory), ઉપરાંત અમેરિકાસ્થિત પ્રકૃતિ-વિજ્ઞાન સંગ્રહસ્થાન (The American Museum of Natural History) વગેરે જેવી ખ્યાતનામ સંસ્થાઓએ તેમને પોતાના સભ્ય બનાવ્યા હતા.

સ્વતંત્રતા મળ્યા પછી, રાધા ગોવિંદ ચંદ્ર તત્કાલીન પૂર્વ પાકિસ્તાનમાંથી દેશાન્તર કરીને ભારત આવ્યા. પરંતુ વધતી વય અને સ્થાનફેરને કારણે એમના ખગોળીય નિરીક્ષણમાં અગાઉ જેવો ઉત્સાહ ન રહ્યો.

રાધા ચંદ્રનું બીજું મહત્ત્વનું પ્રદાન ભારતીય પંચાંગસુધારણા પ્રવૃત્તિ સંબંધી છે. આ અંગે એમણે કેટલાક મૂલ્યવાન લેખો પણ લખેલા. પંચાંગ સુધારણામાં રસ દાખવનાર અને એ દિશામાં પાયાનું કામ કરનાર આપણા પ્રસિદ્ધ વૈજ્ઞાનિક મેઘનાદ સાહા, એન.સી. લાહોરી તથા અન્ય જાણીતા વૈજ્ઞાનિકો સાથે આ નાતે તે ઘનિષ્ઠપણે સંકળાએલા હતા. પરંતુ, કમનસીબે આ ક્ષેત્રે રાધા ચંદ્રના ખરેખરા પ્રદાનની બીજી વધુ વિગતો સાંપડતી નથી.

૧૯૭૫માં એપ્રિલની ત્રીજી તારીખે, ૯૭ વર્ષની જૈફ ઉંમરે તેમનું અવસાન થયું. મુખ્યત્વે બંગાળીમાં લખાએલા એમના લેખો વિવિધ સામયિકોમાં કે પછી દૈનિકોમાં અને વિવિધ જર્નલમાં અત્રતત્ર વેરાએલા પડ્યા છે. પોતાની જિંદગીનાં પાછલાં વર્ષોમાં ખગોળશાસ્ત્રને લગતાં ચારેક પુસ્તકો એમણે લખેલાં. સામાન્યજન

પણ ખગોળવિદ્યાને સમજી અને માણી શકે તે માટે આ પુસ્તકો એમણે બંગાળીમાં લખેલાં. પણ આ છાપવા માટે કોઈ પ્રકાશક એમને મળ્યો નહીં. આખરે છેક ૧૯૫૦માં, એટલે કે ચારેક વર્ષ સુધી પ્રસિદ્ધ થયા વગર ધૂળ ખાતી પડેલી હસ્તપ્રતો એક પ્રકાશકે છાપવાની તૈયારી બતાવતા, આ પૈકીની એક પ્રસિદ્ધ થઈ. આ પુસ્તકનું શીર્ષક હતું : 'ધૂમકેતુ'. એમણે લખેલાં ખગોળ પરનાં મૂલ્યવાન પુસ્તકોની બાકીની હસ્તપ્રતો પ્રસિદ્ધિનો ઉજાસ જોવાની આશામાં અત્યારે તો ક્યાંક અભરાઈ પર ધૂળ ખાતી પડી છે.

ધૂમકેતુ ઉપરના આ પુસ્તકમાં તેના નામ પ્રમાણે, ધૂમકેતુ ઉપરની જાણવા જેવી અનેક બાબતો આવરી લેવામાં આવી છે. એનો ઉઘાડ ભારતના પ્રાચીન ધર્મગ્રંથોમાં જોવા મળતા ધૂમકેતુઓના ઉલ્લેખોના સંદર્ભો સાથે કરવામાં આવ્યો છે. એ પછી તેમાં ધૂમકેતુઓના પ્રકારો, સંભવિત ઉદ્ભવ વગેરે ઉપરાંત, સન ૧૮૦૧ અને ૧૮૨૭ વચ્ચેના સમયગાળામાં આશરે ૩૩ જેટલા ધૂમકેતુઓ શોધનાર જે.એલ. પૉન્સ (Jeav Louis Pons : ૧૭૬૧-૧૮૩૧) જેવા ધૂમકેતુ શોધકોનો પરિચય પણ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત, કેટલાક જાણીતા ધૂમકેતુઓ અંગે વધુ માહિતી આપીને હેલીના ધૂમકેતુ ઉપર બે પ્રકરણો આપવામાં આવ્યાં છે. આ પ્રકરણો અત્યંત મહત્ત્વનાં છે અને દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે, કારણ કે ૧૯૧૦માં ધૂમકેતુ હેલીના પુનરાગમન વખતે લેખકે કરેલાં પ્રત્યક્ષ અવલોકનોનો તેમાં નિચોડ છે એટલું જ નહીં, તે એક અત્યંત તાલીમ પામેલી વ્યક્તિ દ્વારા આલેખાયાં હોઈ ખૂબ જ પ્રમાણભૂત છે. તેમાં ધૂમકેતુ દેખાયાના પહેલા દિવસથી, તે દેખાતો બંધ થયો ત્યાં સુધીના, પ્રત્યેક દિવસનો અહેવાલ એવી તો રોચક શૈલીમાં આપવામાં આવ્યો છે કે આટલાં વર્ષો પછી પણ તેનું વાચન કોઈ પણ વાચકને મુગ્ધ કરી દે. ધૂમકેતુ ઉપરના બંગાળી ભાષાના ગણનાપાત્ર પુસ્તકોમાં તેનો સહજ સમાવેશ કરી શકાય. ત્રીસેક વર્ષ બાદ આ પુસ્તકની બીજી આવૃત્તિ થઈ હતી, જેમાં પ્રકાશક તરફથી વિષયમાં થયેલી નવી જાણકારી, આંકડા વગેરે પાદટીપ રૂપે, જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં મૂકેલાં જોઈ શકાય છે. આને કારણે રાધા ચંદ્રની મૂળ શૈલીમાં ખાસ ફેર થયા વગર, પુસ્તક વધુ માહિતીપ્રદ બન્યું છે.

રાધા ચંદ્રનું ધૂમકેતુ ઉપરનું આ પુસ્તક અંગ્રેજી કે હિંદીમાં અવતાર પામે એવું ઇચ્છીએ, જેથી બંગાળી ન જાણનાર પણ એને માણી શકે. એમનાં અન્ય અપ્રકટ પુસ્તકો પણ પ્રસિદ્ધ થવાં જોઈએ. તેવી જ રીતે, અગ્રંથસ્થ લેખો પણ સંકલિત થઈને પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવા જોઈએ. માત્ર ભારતમાં જ નહિ, સમગ્ર એશિયામાં નોવા જોનાર પ્રથમ ભારતીય તરીકે, ભારતમાં રૂપવિકારી તારના ક્ષેત્રે પાયાની કામગીરી કરનાર, ભારતીય પંચાંગસુધારણા પ્રવૃત્તિમાં રસ દાખવનાર અને એક અચ્છા વિજ્ઞાનલેખક તરીકે રાધા ચંદ્રની ઘરઆંગણે જોઈએ તેવી કદર થઈ નથી અને એમના સમગ્ર કાર્યની લેવી જોઈએ તેવી નોંધ ભાગ્યે જ લેવાઈ છે.

ભારતમાં રૂપવિકારી તારાની વાત કરીએ એટલે જૂના કાળની મદ્રાસ વેધશાળા અને તેની સાથે સંકળાએલા ભારતના એક બીજા અદના આદમીની અનાયાસ યાદ આવે. ઈસ્ટ ઇંડિયા કંપનીના વેપારીઓએ યુરોપથી ખગોળયંત્રો લાવીને ભારતમાં આધુનિકયંત્રોથી સજ્જ પહેલી વેધશાળા મદ્રાસ (ચેન્નઈ)માં સન ૧૭૮૬થી ૧૭૯૨ દરમિયાન સ્થાપી હતી. આશરે એક સદી સુધી સક્રિય રહેલી આ વેધશાળામાં યુરોપના ઘણા બધા ખગોળજ્ઞોએ મહત્ત્વનું વેધકાર્ય કર્યું. એવો એક અંગ્રેજ ખગોળવિદ નૉર્મન રૉબર્ટ પૉગસન (Norman Rob ert Pogson : ૧૮૨૯-૧૮૯૧) હતો. સન ૧૮૬૦માં તેને મદ્રાસ વેધશાળાના નિયામક તરીકે જોડાવાનું આમંત્રણ મળતાં તે ઇંગ્લંડથી સમુદ્રમાર્ગે મદ્રાસ આવ્યો અને ૧૮૬૧માં મદ્રાસ વેધશાળામાં નિયામક તરીકે જોડાયો. એના એકધાર્યા ત્રીસ વર્ષના સુદીર્ઘ શાસનકાળમાં રૂપવિકારી તારા ઉપર અહીં સારું એવું સંશોધન થયું. મદ્રાસ વેધશાળામાં જોડાયા તે પહેલાં ઇંગ્લંડમાંથી અને તે પછી મદ્રાસમાંથી પૉગસને કેટલાક લઘુગ્રહ શોધેલા. તેવી જ રીતે, ઇંગ્લંડ હતો ત્યારે તેણે કેટલાક રૂપવિકારી તારાની નકશાપોથી કે સારણી (Variable Star Atlas)ના સંકલનની કામગીરી આગળ વધારી. આ ઉપરાંત ખગોળવિજ્ઞાનમાં તેણે બીજી કેટલીક મહત્ત્વની શોધો પણ કરી છે.

પૉગસનના મદ્રાસ ખાતેના આ સઘળા કાર્યમાં, અને ખાસ કરીને રૂપવિકારી તારાને શોધવામાં અને તેની સારણી તૈયાર કરવામાં ચિંતામણિ રઘુનાથાચાર્ય (ચિંતામણિ રઘુનાથ આચાર્ય કે ચિં. રઘુનાથચારી)* નામના ભારતના એક ખગોળવિદનો બહુ મોટો હાથ રહેલો છે. એમનો જન્મ ૧૭ માર્ચ, ૧૮૨૮ના દિવસે થયો હતો. એવું માનવામાં આવે છે કે તે કાંચીની પૂર્વે આઠ માઇલે આવેલા કાવાંડલમ્ નામના ગામના તે રહેવાસી હતા. એમના પિતા પણ મદ્રાસ વેધશાળામાં મદદનીશ રહી ચૂક્યા હતા. એવું લાગે છે કે એમને ખગોળવિદ્યા વારસામાં મળી હતી અને પાછળથી ચિંતામણિના પુત્રો સહિત કેટલાક કુટુંબીઓ પણ પંચાંગ બનાવવા જેવી ખગોળીય પ્રવૃત્તિઓ સાથે સંકળાએલા હતા અને ચિંતામણિના અવસાન પછી પી. રાઘવાચાર્ય નામે તેમના એક નિકટના સગા તો મદ્રાસ વેધશાળામાં મદદનીશ તરીકે પણ જોડાયા હતા. એવું કહી

શકાય કે ખગોળશાસ્ત્ર અને જ્યોતિષવિદ્યા આ કુટુંબનો ખાનદાની પેશો રહ્યો હતો.

ચિંતામણિને સંસ્કૃત ભાષા આવડતી ન હોવાનું એમણે પોતે જ લખ્યું છે.એમનું યુરોપીય ગણિતનું અને ખગોળનું જ્ઞાન બહુ સારું હતું. તેને કારણે એમને ભારતીય ખગોળનું પરંપરાગત જ્ઞાન' સહજ રીતે થયું હતું. એમની તાલીમ મુખ્યત્વે પાશ્ચાત્ય ઢબે થઈ હોવા છતાં તેમણે માતૃભાષા તામિલમાં 'જ્યોતિષ-ચિંતામણિ' નામનો ત્રણ ભાગમાં વહેંચાયેલો ખગોળશાસ્ત્ર ઉપરનો એક ગ્રંથ લખ્યો હતો. આ ઉપરાંત, તેઓ અંગ્રેજીમાં પ્રકાશિત થતા નાવિક પંચાંગ (Nautical Almanac)ને આધારે 'દગ્ગણિત-પંચાંગ' નામે એક પંચાંગ પણ ઈ.સ. ૧૮૬૯થી નિયમિત પ્રસિદ્ધ કરતા હતા.[૮]

ઈ.સ. ૧૮૭૪માં શુક્રનું અધિક્રમણ (transit of Venus) થયું હતું. મતલબ કે શુક્રનો ગ્રહ સૂર્યની સપાટી ઉપરથી કાળા ટપકારૂપે પસાર થતો દેખાયાની ઘટના બની હતી. સાદી ભાષામાં કહીએ તો, શુક્રના ગ્રહ વડે સૂર્યનું ગ્રહણ (શુક્રગ્રસ્ત સૂર્યગ્રહણ) થયું હતુ. આ ઘટનાનું ગણિત રઘુનાથાચાર્યે કર્યું હતું અને તેને એક પુસ્તિકારૂપે પ્રસિદ્ધ કર્યું હતું. મૂળે અંગ્રેજીમાં લખાયેલી આ પુસ્તિકા ઉર્દૂ સહિત ભારતની ઘણી ભાષાઓમાં પ્રસિદ્ધ થઈ હતી.

રઘુનાથાચાર્ય સંભવતઃ ઈ.સ. ૧૮૪૭માં ૧૯ વર્ષની ઉંમરે મદ્રાસ વેધશાળામાં જોડાયા હતા, ત્યારથી છેવટ સુધી ત્યાં જ હતા. આમ, આશરે તેત્રીસ વર્ષના સમયગાળામાં જુદા જુદા નિયામકોના મુખ્ય સહાયક તરીકે આ વેધશાળામાં તેમણે કામગીરી બજાવી હતી. તેઓ નિરીક્ષણમાં અત્યંત કાબેલ અને આંકડાની ગણતરી કરવામાં બહુ કુશળ હતા. વળી, થાક્યા વગર લાંબા સમય સુધી કામ કરવાની તેમની શક્તિ પણ અસાધારણ હતી. 'મદ્રાસ તારા-સારણી' (Madras Catalogue of Stars)ના નામે પાછળથી જાણીતું બનેલું મદ્રાસ વેધશાળાનું તારાસ્થિતિપત્રક તૈયાર કરવામાં તેમનો ફાળો નોંધપાત્ર હતો. તેમાંના ઘણા વેધ ચિંતામણિએ લીધા છે. અને આંકડાનો આ જુમલો અંદાજે ૩૮૦૦૦ જેટલો થવા જાય છે ! તેમનો પહેલો સંશોધન લેખ (પેપર) સૂર્યને લગતો હતો. અને તે સન ૧૮૫૯માં રૉયલ ઍસ્ટ્રોનૉમિકલ સોસાયટીમાં સ્વીકારાયો હતો. સન ૧૮૭૨માં અહીંથી તેમણે બીએલા (Biela)ના ધૂમકેતુને પણ અવલોકેલો.

રૂપવિકારી તારાઓનું જ્ઞાન એ જમાનામાં નવું અને હજુ તો વિકાસના તબક્કામાં હતું એટલે આવા તારાની શોધ એ સમયે ખૂબ કુશળતા અને મહેનતનું કામ ગણાતું હતું. ચિંતામણિએ પૉગસનને રૂપવિકારી તારા શોધવામાં મદદ કરવા ઉપરાંત પોતે પણ બે નવા રૂપવિકારી તારા શોધેલા. આ તારા તે R Reticuli અને V Celhei. જે ચિંતામણિએ અનુક્રમે સન ૧૮૬૭ અને ૧૮૭૮માં શોધેલા. અહીં એ નોંધવું જોઈએ કે ૧૯મી સદીમાં બે રૂપવિકારી તારાની શોધ કરનાર ચિંતામણિ પહેલા અને એકમાત્ર ભારતીય હતા. ખરું પૂછો તો, કોઈ ભારતવાસી દ્વારા દૂરબીનથી કરવામાં આવેલી તે પહેલી મહત્ત્વની શોધ હતી. સન ૧૮૬૮ અને ૧૮૭૧ના પૂર્ણ સૂર્યગ્રહણ (ખગ્રાસ સૂર્યગ્રહણ)નાં અવલોકનોમાં પણ ચિંતામણિએ ભાગ લીધો હતો. જાન્યુઆરી ૧૮૭૨માં એમને ઇંગ્લંડની રૉયલ ઍસ્ટ્રોનૉમિકલ સોસાયટી (RAS)ના ફેલો (સભ્ય) ચૂંટવામાં આવ્યા હતા.

પાંચમી ફેબ્રુઆરી, ૧૮૮૦ના દિને, બાવન વર્ષની વયે તેમનું અવસાન થયું.

આટઆટલી સિદ્ધિઓ હાંસલ કરવા છતાંય પૉગસનના નામ સાથે આ હિંદુસ્તાનીનું નામ ભાગ્યે જ કોઈક સંદર્ભ ગ્રંથમાં જોવામાં આવે છે. જો કે એની સ્થાપનાના માંડ સોએક વર્ષથી પણ ઓછા સમયગાળામાં તો મદ્રાસની આ વેધશાળા પોતે જ અને એની સાથે સંકળાએલા લગભગ બધા જ સંશોધકો ભૂલાઈ ગયા. ઉ.ત. 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા' (આવૃત્તિઃ ૧૯૬૬) જેવા પ્રમાણભૂત વિશ્વકોશ કે સંદર્ભગ્રંથમાં જયપુરના રાજા સવાઈ જયસિંહની વેધશાળાનો ઉલ્લેખ છે, પરંતુ ૧૯મી સદીમાં ભારતીય ખગોળશાસ્ત્રમાં મહત્ત્વનું પ્રદાન કરનાર મદ્રાસની આ વેધશાળા સંબંધી કે એના ખગોળશાસ્ત્રીઓ વિષે ખાસ કશું જ લખવામાં નથી આવ્યું.[૯]

જો કે આમાં કોને દોષ દેવો ? જે કાંઈ ખામી હોય તે આપણી જ છે. આપણા લોકોના કામને આપણે જ ભુલાવી દઈએ તો બીજી પ્રજાને એમાં કેટલોક રસ પડે ? એક પ્રજા તરીકે યોગ્ય સંસ્થા કે યોગ્ય વ્યક્તિને આપણે ભાગ્યે જ ઓળખી શકીએ છીએ, અને જો કદાચ ઓળખી શકીએ તો તેને આગળ લાવી શકતા નથી. એ આપણા પ્રજાજીવનની એક કરુણતા છે. બિરદાવવા જેવી પ્રતિભાની ઉપેક્ષા કરવાની આપણને ફાવટ છે. ગટરની ગંધ અને ગુલાબની સુગંધ વચ્ચેનો ભેદ તારવવાનો વિવેક જે પ્રજા ગુમાવી બેસે તેનું પરિણામ આવું જ આવે. જ્યાં રાધા ગોવિંદ ચંદ્ર જેવું દેશનું ગુલાબ ધૂળમાં રગદોળાય છે કે પછી વિદેશમાં સુગંધ ફેલાવે છે અને ચિંતામણિ જેવું દેશનું ગુલાબ દેશમાં ને દેશમાં જ અર્ધખીલ્યું રહી જાય છે.

આ સંદર્ભે અમેરિકાનો લેસ્લીં પેલ્ટીઅર (Leslie Colus Peltier : ૧૯૦૦-૧૯૮૦) નામનો એક ખેડૂત યાદ આવે છે. ખગોળપ્રેમી એવો આ ખેડૂત બાર ધૂમકેતુઓ શોધે છે; બે નોવા શોધે છે; ૧,૩૨,૦૦૦ થી પણ વધુ રૂપવિકારી તારાના પોતાની આગવી પદ્ધતિથી નિરીક્ષણો કરે છે; પુસ્તકો લખે છે; આત્મકથા પણ લખે છે અને પોતે એમાં ચિત્રો પણ દોરે છે; અને એ બધું અનેક આવૃત્તિરૂપે પ્રસિદ્ધ થાય છે (એની આત્મકથાની નવી આવૃત્તિ તાજેતરમાં જ પ્રસિદ્ધ થઈ છે) અને ઘરઆંગણે તેમજ આંતરરાષ્ટ્રિય

કક્ષાએ નામના હાંસલ કરે છે. એક આડવાત. ઉપર જેનો ઉલ્લેખ કર્યો તે, પેલ્ટીઅરની આત્મકથા : 'Starlight Nights : The Adventures of a Star-Gazar' ખગોળમાં રસ હોય કે ન હોય તેવા દરેકને ખૂબ રસ પડે તેવી રીતે, સરળ ભાષામાં લખાઈ છે. તેમાં પેલ્ટીઅરનાં સાઠેક વર્ષનાં આકાશનિરીક્ષણનો નિચોડ છે. અનુવાદ માટે કોઈ સારા પુસ્તકની શોધ જો કોઈ અનુવાદક કરતો હોય, તો તેને માટે આ પુસ્તક સૂચવી શકાય એવું પ્રેરણાદાયી તે બન્યું છે.

નોંધ :

૧. ગુજરાતીમાં રાધાગોવિંદચંદ્ર - એમ ભેગું પણ લખી શકાય.

૨. આ વિષય : 'સુપરનોવા...' ઉપર વધુ માહિતી માટે જુઓ આ જ લખનારની કલમે : 'કુમાર', માર્ચ-એપ્રિલ અને મે-જૂન, ૧૯૮૭; સળંગ અંક : ૭૪૭-૭૪૮ અને ૭૪૯-૭૫૦.

૩. રૂપવિકારી તારા પર કામ કરતા દુનિયાના ખગોળપ્રેમીઓ માટે અમેરિકાસ્થિત સંગઠન. તેની સ્થાપના ૧૯૧૧માં વિલિયમ ઓલકોટ (William Tyler Olcott) નામના એક ખગોળપ્રેમીએ કરેલી. ખગોળ જેવા વિષય પર તે કવિતા પણ કરતાં. ખગોળના વિષયો પર પ્રવચન કરવાનો તેને શોખ હતો. જુલાઈ ૬, ૧૯૩૬ના રોજ આવા જ એક પ્રવચન દરમિયાન હૃદયરોગના હુમલાથી તેનું અવસાન થયેલું. સંખ્યાબંધ ખગોળરસિયાઓએ પોતાનાં અવલોનો અહીં મકોલ્યાં છે અને તેના સંગ્રહને સમૃદ્ધ કર્યો છે. ખગોળપ્રેમીઓ અને ધંધાદારી ખગોળશાસ્ત્રીઓ ભેગા મળીને કેવું સુંદર ફળ પકવી શકે એનું આ સંગઠન ઉત્તમ ઉદાહરણ છે. એનું સરનામું : AAVSO. 25 Birch Street. Cambridge. MA 02138. USA. વધુ માહિતી માટે ઇન્ટરનેટ વેબ સાઇટ (web site) htt://hoa.aavso.org

૪. ડૉ. સમ્પૂર્ણાનંદ માત્ર રાજકારણી જ નહોતા, પરન્તુ વિજ્ઞાનકથાના લેખક પણ હતા. ૧૯૫૩માં વિજ્ઞાનકથા 'પૃથ્વી સે સપ્તર્ષિમંડલ' તેમણે લખેલી. વારાણસીથી તે પ્રકાશિત થયેલી. હિન્દી આધુનિક વિજ્ઞાનકથાઓમાં એની પ્રથમ કૃતિ તરીકે ગણના થાય છે.

૫. ડૉ. બાપ્પુ ઉપર વધુ માહિતી માટે જુઓ આ લખનારની કલમે : 'કુમાર', જુલાઈ-ઓગસ્ટ, ૧૯૮૨, સળંગ અંક : ૭૦૩-૭૦૪.

૬. એમ તો હૈદરાબાદની ઓસ્માનિયા યુનિવર્સિટીમાં ખગોળશાસ્ત્રના પ્રોફેસર કે.ડી. અભ્યંકરે (જન્મ : ૧૯૨૮) પણ ૧૯૫૮માં બે તારાના રૂપવિકાર સંબંધી મહત્ત્વની શોધ કરી છે, પણ એ જુદી વાત થઈ.

૭. ચિંતામણિના નામની જોડણી એકસરખી મળતી નથી. અંગ્રેજી સંદર્ભોમાં આવા પાઠભેદ મળે છે : Chintamani / Chintamany Ragoonatha Charry. C. Ragoonathachary. C. Ragoonathchary વગેરે. પરંતુ ૧૮૭૪માં શુક્રના અધિક્રમણ વખતે તેમણે લખેલી મૂળ અંગ્રેજી પુસ્તિકાના વિવિધ ભાષામાં થયેલા અનુવાદ પૈકી હાલમાં ઉપલબ્ધ ઉર્દૂની પુસ્તિકાના મુખપૃષ્ઠ ઉપર, ઉર્દૂ ઉપરાંત અંગ્રેજીમાં તેમના નામની જોડણી મળે છે તે આ : C. Ragoonathachary F.R.A.S. (જુઓ આ લેખમાં એ પુસ્તિકાના ટાઇટલ પેજનું ચિત્ર). અહીં ચિંતામણિ રઘુનાથાચાર્ય લખવું પસંદ કર્યું છે.

૮. લગભગ એ જ અરસામાં ઓરિસ્સાનાં ગીચ જંગલોમાં, ચિંતામણિ રઘુનાથાચાર્ય કરતા ઉંમરમાં આઠેક વર્ષે નાના, ચંદ્રશેખર સામંત (૧૮૩૬-૧૯૦૪)કરીને એક ખગોળજ્ઞ આકાશી વેધ લેતા હતા. બંને સમકાલીન ખરા, પણ બેઉની કાર્યપદ્ધતિ તદન ભિન્ન, રઘુનાથાચાર્ય પશ્ચિમી શિક્ષણ પામેલા, જ્યારે ચંદ્રશેખર પ્રાચીન ભારતીય પરંપરામાં ઘડાયા હતા. તેમણે બધાં નિરીક્ષણો નરી આંખે જ કર્યાં હતાં. ટેલિસ્કોપ વાપરવાનું તો બાજુએ રહ્યું. મૃત્યુના થોડા સમય પૂર્વે સુધી તેમણે જોયું સુધ્ધાં ન હતું ! તેમને માતૃભાષા ઉડિયા અને સંસ્કૃતને બાદ કરતા એક પણ ભાષા આવડતી ન હતી. અને તેમ છતાંય, ભારતીય ખગોળમાં એમણે મહત્ત્વનું પ્રદાન કર્યું છે. 'ભારતના ટાઇકો' (Tycho Brahe : ૧૫૪૬-૧૬૦૧)નું બિરુદ પામેલા આ સામંતનું વિસ્તૃત અને સચિત્ર જીવનચરિત્ર હવે પછી.

૯. મદ્રાસ વેધશાળા અને એના ખગોળવિજ્ઞાનીઓના પ્રદાનની કથા પણ એટલી જ રોચક છે. તે વિષે વધુ વિગતે, સચિત્ર લેખસ્વરૂપે ફરી ક્યારેક જોઈશું. ❐

લઘુકથા

અભણ

દુર્ગેશ ઓઝા

વાત તો સાવ નાની હતી પણ લોકોને મન એનું મહત્ત્વ ઝાઝું હતું. અભણ માટલાવાળી અને પરદેશી સ્ત્રીનો સંવાદ સાંભળવામાં ભીડને બહુ રમૂજ પડતી હતી. કલાત્મક માટલાંમાં રસ પડતાં મેડમ પૂછપરછ કરી રહી. પણ તેના 'અંગ્રેજી સટરપટરમાં' માટલાવાળી કંઈ જ સમજતી નહોતી. એટલે એણે બાજુમાં ઊભેલા એક અપ-ટુ-ડેટ સજ્જનને મદદ માટે વિનવણી કરી, જે તેણે કમને સ્વીકારી.

મોહન માટલાવાળાનાં સાદાં માટલાં ચપોચપ ઊપડતાં હતાં. પણ આ માટલાવાળીનાં કલાત્મક અને થોડાંક જ મોંઘાં માટલાં માંડમાંડ નીકળતાં હતાં. એમાંય આજ સાંજ પડી જવા છતાં એનું એક પણ માટલું વેચાયું નહોતું.

અંતે પેલી મેડમે એક માટલું પસંદ કરી તેનો ભાવ પૂછ્યો. પેલા સજ્જને માટલાવાળીને ફોડ પાડતાં એણે પંદર રૂપિયા ભાવ કહ્યો. સજ્જને ઇશારો કરી સલાહ આપી : 'આને પંદર નહિ, ત્રીસ જ કહેવાય, એ ય એને ઓછા જ લાગશે ને તારો દિવસ સુધરી જશે, સમજી ?'

પણ માટલાવાળી 'સમજવા' તૈયાર ન થઈ એટલે સજ્જને ચોપડાવી, 'તો પછી સડ્યા કરો ગરીબીમાં. તમે અભણનાં અભણ જ રહ્યાં. મારી જેમ ભણ્યાં હોતને તો ક્યારનાંય... આ તો ભલાઈની વાત કરીએ તો ય મગજમાં ન ઊતરે. એને માટે હોશિયારી જોઈએ હોશિયારી, સમજી ? આ તમારું કામ નહિ.'

ને મેડમને પંદર રૂપિયામાં માટલું આપતાં એ માટલાવાળી બોલી ઊઠી, 'હાચું, હંધુય હાચું કીધું તમે સાયેબ. ઈ હંધુય તમને હોપ્યું. તમે ભણેલગણેલ, ઈવડા ઈ 'અપ-ટુ-ડેટ', તમને ઈ હંધુય આવડે, અમે તો અભણ. અમને આવું નો આવડે.'

— પ્રસંગપરાગ —

મહાત્માપણું

— પ્રા. સુરેશ મ. શાહ —

૧૯૨૯ના શિયાળામાં ગાંધીજી પંજાબના પ્રવાસે ગયા હતા.

પંજાબનું કાર્ય પૂરું કરી તેઓ અમદાવાદ જતા હતા. ત્યારે દિલ્હીના સ્ટેશન પર શ્રી ઘનશ્યામદાસ બિરલા તેઓને મળવા આવ્યા. બિરલાએ તેઓને પૂછ્યું કે, તમો અહીં રોકાવાના છો ? ગાંધીજીએ કહ્યું કે ના, મારે જવું પડશે, રોકાવાય તેમ નથી. પણ તમે મને આ શા માટે પૂછ્યું ? બિરલાએ કહ્યું કે કાંઈ નહીં. એટલે તરત જ ગાંધીજી બોલ્યા કે કાંઈક કારણ તો હોય જ, નહીંતર તમો મને આમ પૂછો નહીં.

બિરલાએ કહ્યું કે વાત એમ છે કે અહીંથી ૧૨ માઈલ દૂર એક સ્ત્રી મૃત્યુશય્યા ઉપર આપનાં દર્શનને ઝંખતી પડી છે. સતત આપના નામનું રટણ કરે છે કે મારે મરતાં પહેલાં ગાંધીજીનાં દર્શન કરવાં છે. પરંતુ આપ તો રોકાઈ શકો તેમ નથી એટલે હવે શું થાય ?

ગાંધીજીએ તરત જ કહ્યું કે, હું તમારી સાથે આવીશ, ભલે હું રોકાવાનો ના હોઉં; ચાલો જઈએ. બિરલાએ ઘણી ના પાડી. કહ્યું કે બહાર સખત ઠંડી છે અને સ્થળ પણ દૂર છે. તરત જ ગાંધીજીએ તાકીદ કરી કે હવે એક પણ શબ્દ ઉચ્ચાર્યા વગર મોટરમાં બેસી જઈએ, હું તો બીજે સ્ટેશનથી પણ ગાડી પકડી શકીશ.

ખુલ્લી મોટર હતી. માથે છાપરું નહોતું. ઠંડો પવન ફૂંકાતો હતો. અને દિલ્હીનો શિયાળો હતો. છતાં ગાંધીજી મૃત્યુશય્યા ઉપર પડેલી એ સ્ત્રી પાસે ગયા, મળ્યા, માથે હાથ મૂક્યો. મક પ્રાર્થના કરી. અને બીજે સ્ટેશનેથી ગાડી પકડી અમદાવાદ પહોંચ્યા.

એમની આ કરુણા અને માનવતા. મનુષ્યમાત્રને ચાહવાનું પરિણામ હતી. જેમાં આયુષ્યના અંત સુધી ક્યારેય ઓટ આવી નહોતી. કોઈની પણ કાળજી લેવી એ ચાહનાનું પરિવર્તિત રૂપ છે તેવું તેઓ સતત પ્રતીત કરાવતા.

બસ આ જ હતું તેમનું મહાત્માપણું.

ગણિતગમ્મત

પટ્ટામાં ૨૦૦૦

સાથેની આકૃતિ જાદુઈ પટ્ટાથી બનેલ બેવડા ચોરસમાં ૩૮૪થી ૪૧૬ સુધીના સળંગ ૩૩ ક્રમાંકોનો સમાવેશ કરવામાં આવેલ છે. આમાં જોઈ શકાય તેમ ૪૦૦ દરેક પટ્ટામાં સામાન્ય છે. (આઠ આડી અને ઊભી રેખાઓ સિવાયની રેખાઓ માટે)

દરેક આવા પટ્ટાનો સરવાળો (૪૦૦ ગણતાં) ૨૦૦૦ આવશે. જેમ કે,

૪૦૧ + ૩૯૯ + ૪૦૦ + ૪૦૮ + ૩૯૨ = ૨૦૦૦

૩૯૦ + ૪૧૦ + ૪૦૦ + ૩૮૪ + ૪૧૬ = ૨૦૦૦


ઉપરાંત ૪૦૦ ને સામાન્ય નંબર ગણતાં બીજી અનેક રીતોથી પાંચ નંબરોના સરવાળા ૨૦૦૦ થવા પામશે. જેમ કે,

૪૦૧ + ૩૯૯ + ૪૦૦ + ૩૮૫ + ૪૧૫ = ૨૦૦૦

૪૧૪ + ૩૮૬ + ૪૦૦ + ૪૧૨ + ૩૮૮ = ૨૦૦૦

તેમજ ચાર ખૂણાઓ વધતાં ૪૦૦ = ૨૦૦૦ વગેરે અનેક રીતે પાંચ નંબરોના સરવાળા ચાલુ ૨૦૦૦ના વર્ષના ક્રમાંકમાં થવા જાય છે.

-કિશોર ન. ગોરધનદાસ



સવાસોમી જન્મજયન્તીએ

સરદાર વલ્લભભાઈ પટેલની સ્મરણમાધુરી

ચન્દ્રકાન્ત મહેતા

સરદાર પટેલને મેં પ્રથમ બારડોલી સત્યાગ્રહ વખતે જોયા. એ સમયે હું મુંબઈની માધ્યમિક શાળામાં ભણતો હતો. મુંબઈના 'એડવર્ડ થીઅટરમાં એમનો સન્માન સમારંભ તેમજ એમને સત્યાગ્રહ માટે અર્પણ કરવાની થેલીનો કાર્યક્રમ હતો. તે વખતે એમણે એમની લાક્ષણિક રીતે અંગ્રેજ સરકાર તરફ કટાક્ષ અને વ્યંગસભર ભાષણ આપેલું. એનું એક વાક્ય મને હજી યાદ છે. એમણે કહ્યું હતું, 'ટાઇમ્સ ઓવ્ ઇન્ડિયા લખે છે કે હું દર અઠવાડિયે અમદાવાદ લડત કેમ ચલાવવી તે પૂછવા જાઉં છું. પણ હું એમના ગવર્નર કે વાઇસરોય જેવો ઠોઠ નિશાળિયો નથી કે ડગલે ને પગલે હવે શું હુકમ થાય છે તેની મારે રાહ જોવી પડે.'

તે પછી દાંડીકૂચ પૂર્વે એમણે મહેમદાવાદમાં ખેડૂતોની સભા બોલાવેલી. તેમાં એ દરેક ખેડૂતને એની માલિકીની જમીન વિષે પ્રશ્નો પૂછતા હતા. તેમણે એક જણને પૂછયું, 'તારી કેટલી જમીન છે ?' પેલા ખેડૂતે કહ્યું, 'કાલે સર્કલસાહેબ આવેલા...' સરદારે તરત જ એને બોલતો અટકાવ્યો ને કહ્યું, 'શું બોલ્યો ? એ સર્કલ (જમીનની મોજણી કરનાર) સાહેબ શાનો ? એ તો આપણો નોકર. બોલ, સર્કલ આવેલો.' પછી સરદારે એને જે કહેવું હોય તે કહેવા કહ્યું. આ રીતે સરદાર આમપ્રજાને વિદ્રોહ માટે એમની લાક્ષણિક રીતે તૈયાર કરતા હતા.

તે પછી 'ભારત છોડો' આંદોલન શરૂ થવાનું હતું તે પૂર્વે સરદારે વિદ્યાર્થીઓની એક સભા બોલાવેલી. એ સમયે હું મુંબઈની કૉલેજમાં પ્રાધ્યાપક હતો એથી હું પણ ગયો હતો. સરદારે સભાને સંબોધતાં આગામી લડત એ સ્વતંત્રતા માટેની છેલ્લી લડત છે, અને અત્યંત ઉગ્ર વાણીમાં યુવકોને લડતમાં જોડાવા કહ્યું. પરિણામે ઘણાએ ત્યાં જ લડતમાં જોડાવાની પ્રતિજ્ઞા લીધી. મેં પણ તે જ વખતે પ્રતિજ્ઞા લીધી. મને જોતાં જ એમણે મને ઓળખ્યો. મારા સસરા ઝીણાભાઈ જોષી કૉન્ગ્રેસના સક્રિય કાર્યકર્તા અને પદાધિકારી હતા. એ મુંબઈ કૉન્ગ્રેસ સમિતિના પ્રમુખ પણ હતા. ૧૯૩૫માં પ્રાંતીય ધારાસભાઓની ચૂંટણી થઈ ત્યારે સરદાર પટેલે એમને મુંબઈમાંથી કોન્ગ્રેસના ઉમેદવાર તરીકે ઊભા રાખ્યા હતા. એમની જોડે એક-બે વાર સરદારને મળેલો. મારાં લગ્નમાં સરદાર આવેલા અને અમને આશીર્વાદ આપ્યા હતા. આથી મને કહે, 'તું તો ઝીણાભાઈનો જમાઈને ?' મેં હા પાડી એટલે એમણે કહ્યું, 'જો હવે ફસક્યો તો તારા જેવો જમાઈ શોધવા માટે ઝીણાભાઈ બદનામ થશે.' મેં કહ્યું, 'મેં દૃઢ મનથી પ્રતિજ્ઞા લીધી છે.' અને એમને પ્રણામ કર્યા. એમણે આશીર્વાદ આપ્યા. 'ભારત છોડો' ચળવળ શરૂ થતાં જ મેં એમાં સક્રિય ભાગ લીધો. ભૂગર્ભમાં રહ્યો, ઉત્તર પ્રદેશ, બિહાર, બંગાળમાં ગયો. આઠ મહિના કામ કરીને પછી પકડાયો. મુંબઈની જેલમાંથી મને નાશિક લઈ ગયા. પછી મેં મારી બહેન ઉષા મહેતા યરવડા જેલમાં હતી, તેને મળી શકાય તે માટે મને યરવડા ખસેડાય એવી માગણી કરી, જે મંજૂર થતાં મને યરવડા જેલમાં ખસેડ્યો.



કોન્ગ્રેસ કારોબારીના સભ્યોને અહમદનગર જિલ્લામાં રાખ્યા હતા. પછી દરેકને પોતપોતાના પ્રાંતમાં ખસેડવાનો સરકારે નિર્ણય લીધો. તે પ્રમાણે સરદાર પટેલ અને શંકરરાવ દેવને યરવડા જેલમાં લઈ આવવામાં આવ્યા. એ બન્નેને અમારા બૅરેકમાં એક એક ઓરડી આપવામાં આવી હતી. એ આવ્યા ત્યારે અમારા બૅરકના સત્યાગ્રહીઓએ એમનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. તે વખતે અમને સંબોધતાં સરદારે કહ્યું હતું કે, 'આ આપણી છેલ્લી લડત છે. હવે અંગ્રેજોને અહીંથી ગયા વિના છૂટકો નથી.' એમણે નેતાજીએ આઝાદ હિન્દ ફોજ ઊભી કરી, અને અંગ્રેજ સરકારને હચમચાવી નાખી તે માટે નેતાજીના સાહસ અને શૌર્યને બિરદાવ્યું હતું.

સરદારને પેટની બીમારી હતી. એટલે બે વખત બાફેલાં શાક જ ખાતા હતા. એમને વિશિષ્ટ કેદી તરીકે અઠવાડિયે ૧૫૦ રૂપિયાનું ભથ્થું મળતું એ પૈસામાંથી એ દર અઠવાડિયે અમને મિજબાની આપતા. ફરસાણ, મિષ્ટાન્ન બહારથી મંગાવતાં, અને આઇસક્રીમ બનાવવાનો સંચો ભાડેથી મંગાવી બધા વારાફરતી હેન્ડલ ફેરવતા ને આઇસક્રીમ બનાવતા.

સરદાર દરેક સત્યગ્રહીને એણે જે કામ કર્યું હોય તેની વિગતો પૂછતા. મેં કોન્ગ્રેસ સમાજવાદીની દોરવણીથી કામ કર્યું હતું. એમણે મને અચ્યુત પટવર્ધન, રામમનોહર લોહિયા, જયપ્રકાશ નારાયણ, અરુણા અસફઅલી વગેરે સાથે મેં કામ કર્યું હોવાથી મારી ઊલટપાલટ તપાસ કરતા હોય તે રીતે લડત વિષે વિગતવાર માહિતી માગી હતી. બીજા સત્યાગ્રહીઓને પણ એ જ રીતે પૂછતા અને કોઈ અતિશયોક્તિ કરે કે ખોટું કહે તો તરત પકડી પાડતા અને સાચી વાત કઢાવતા.

મારી બહેન ઉષા યરવડામાં જ મહિલાઓની જેલમાં હતી. એની સાથે એ વખતે મણિબહેન (સરદારનાં દીકરી) હતાં તેમણે મને ચિઠ્ઠી લખી અને જણાવ્યું કે ઉષા માંદી છે અને એની તબિયત લથડે છે. ડોક્ટર ધ્યાન આપતા નથી તેથી મારે સરદારને કહેવું. મેં સરદારને વાત કહી. એટલે એમણે તરત ડૉક્ટરને બોલાવ્યો અને ધમકાવ્યો તથા પૂરી તપાસ કરીને તરત જ રિપોર્ટ આપવા કહ્યું. પેલો ડૉક્ટર ઉપરીઅધિકારીને પૂછવા પણ ન રહ્યો. તરત જ તપાસ કરવા ચાલ્યો ગયો. એવામાં જેલોના ઉચ્ચોચ્ચ અધિકારી ત્યાં આવ્યા. એમને પણ સરદારે ઉષા પ્રત્યે જેલમાં બહુ ખરાબ વર્તન કરવામાં આવે છે એવી ફરિયાદ કરી ત્યારે એણે કહ્યું, 'અમે તો ઉષાને બહુ સારી રીતે રાખીએ છીએ.' એટલે સરદારે કહ્યું : 'એક જ દિવસ તમે તમારી વહુને ઉષાની જોડે રાખો અને આખો દિવસ ઉષાની જેમ જ એ પણ કેદી હોય તેવી જ રીતે એની જોડે વર્તો પછી મને કહો કે બહુ સારી રીતે તમે એને રાખો છો.' પેલો છોભીલો પડી ગયો. ડૉક્ટર રિપોર્ટ લઈને આવ્યો. એટલે સરદારે જ એને હૉસ્પિટલમાં ખસેડવા કહ્યું. અને તાબડતોબ એને હૉસ્પિટલમાં ખસેડવામાં આવી.

મારા સસરા ઘણા માંદા હતા. એમને જેલમાંથી છોડવામાં આવ્યા હતા. તબિયત ઘણી લથડી એટલે ઘેરથી મને પેરોલ પર છૂટવા દબાણ આવ્યું. મેં સરદારની સલાહ માગી. એમણે તરત કહ્યું, 'આપણાથી સરકાર જે શરતો મૂકે તે કબૂલ કરીને જવાય નહિ. તારા સસરા તો સત્યાગ્રહી છે એ સમજી જશે, ને ઘરનાંને કહેજે કે સરદારે ના પાડી છે!' હું ગયો નહિ. પછી એમનું મૃત્યુજ થયું.

સરદાર અમારી જોડે જાતજાતની વાતો કરતા. એમણે કહેલો એક પ્રસંગ હજી આટલાં વર્ષો પછી પણ મને યાદ છે. ૧૯૩૫માં જ્યારે કોન્ગ્રેસે પ્રાંતીય ધારાસભાની ચૂંટણીમાં ભાગ લીધો ત્યારે બાબુ રાજેન્દ્રપ્રસાદે સરદારને જણાવ્યું કે તાતા ચૂંટણીમાં ફાળો આપવાને જોઈએ એવો ઉત્સાહ બતાવતા નથી, એટલે સરદાર જ એમની જોડે સીધી વાત કરે. આથી સરદારે તાતાને બોલાવ્યા ને એમની જોડે કડક ભાષામાં વાત કરી. ત્યારે તાતાએ જણાવ્યું કે એ જોઈએ તેટલા પૈસા આપવા તૈયાર છે, પણ એમના થોડા માણસોને કૉન્ગ્રેસ ઉમેદવાર તરીકે પસંદ કરે. સરદાર એકદમ ગુસ્સે થઈ ગયા અને કહ્યું, 'જાઓ. તમે થોડા કૉન્ગ્રેસના માણસોને તમારા વ્યવસ્થાપક મંડળમાં રાખશો? મારે તમારો એક પૈસો પણ જોઈતો નથી. તમે જાઓ.' તાતાએ બહુ કાલાંવાલાં કર્યાં પણ સરદારે એમની એક વાર સામું પણ જોયું નહિ. એ જાણે ત્યાં હાજર જ ન હોય તેમ એ વર્ત્યા. એટલે તાતા કોરા ચેક પર સહી કરી ત્યાંથી ચાલ્યા ગયા.

સરદાર રોજ રાતે બ્રીજ રમતા. એમાં એ એટલા નિષ્ણાત હતા કે ક્યારેય હારતા નહિ. અને પહેલી વાર બધાં પાનાં ઊતરે એટલે તરત કોની પાસે ક્યું પાનું છે એનો અંદાજ લગાવતા, જે હંમેશાં સાચો પડતો.

અમે એક વાર સરદારને પૂછેલું કે સંગ્રામ પૂરો થાય પછી અમારું સ્થાન ક્યાં? ત્યારે સરદારે કહેલું, 'કિનારા પર વહાણ નાંગર્યાં હોય ત્યારે ઓટ વખતે એ તણાઈ ન જાય તે માટે એમાં બહુ ભારે વજન મૂકવામાં આવે છે. તોફાન ન હોય અને જ્યારે વહાણને હંકારવાનો સમય થાય ત્યારે એ વજનને બહાર ફેંકી દેવામાં આવે છે. તમે લોકો કોન્ગ્રેસનું વહાણ તણાઈ ન જાય તે માટે એ વજન જેવા છો એથી લડત પૂરી થતાં તમે પહેલાં જ્યાં હતા ત્યાં પહોંચી જવાનું છે.'

લડાઈના અંતિમ તબક્કામાં જ્યારે અંગ્રેજ સરકાર જીતતી જતી હતી, ત્યારે વાટાઘાટ કરવા કોન્ગ્રેસ કારોબારીના જે સભ્યો જેલમાં હતા તેમને મુક્ત કરવામાં આવ્યા. આથી સરદાર વહેલા છૂટી ગયા હતા. હું થોડા વખત પછી છૂટેલો. છૂટ્યા પછી સરદારને મળવા ગયેલો. ત્યારે લડતમાં હું અરુણા અસફલીના સેક્રેટરી તરીકે કામ કરતો હોવાથી સરદાર મને કહે, 'તારી શેઠાણીને કહે કે ચાર વર્ષ પછી ધણી-ધણિયાણી મળે ત્યારે પ્રેમથી વાતો કરવાની હોય કે તમે તરત જ પકડાઈ ગયા, ભૂગર્ભમાં ન ગયા એમ કહીને ઝઘડવાનું હોય? એ ભૂગર્ભમાં રહી તેથી એના મગજમાં રાઈ ચડી ગઈ છે એનો નશો ઉતારવો પડશે.'

સરદાર મધ્યસ્થ સરકારના ગૃહમંત્રી બન્યા, તે પછી એ જ્યારે જ્યારે મુંબઈ આવતા ત્યારે મને અને મારી બહેન ઉષાને મળવા બોલાવતા અને હળવી વાતો કરતા. દેશી રાજ્યોના વિલીનીકરણ વિષે એમણે કહેલો એક કિસ્સો મને યાદ છે. એક રાજા (કયા રાજ્યનો રાજા હતો તે મને અત્યારે બરાબર યાદ નથી) પોતાના રાજ્યનું વિલીનીકરણ કરતાં અચકાતો હતો. સરદારે એને અમુક દિવસે આવીને એનો છેવટનો નિર્ણય જણાવવા તાકીદ કરેલી. મુકરર કરેલા દિવસે એ આવ્યો ત્યારે એને નિર્ણય પૂછવા મોકલ્યો. જ્યારે મંત્રીએ આવીને કહ્યું કે એ વિલીનીકરણના દસ્તાવેજમાં સહી કરવા તૈયાર છે ત્યારે સરદાર એનું સ્વાગત કરવા એ જ્યાં બેઠો હતો ત્યાં ગયા ને માનભેર પોતાની ઑફિસમાં લઈ જઈ ચા-પાણી પિવડાવ્યાં. સરદાર પટેલના વજ્રથીયે કઠોર અને કુસુમથી યે કોમળ એવાં સ્વરૂપો મેં જોયાં છે. જેલના અમલદારો જેલમાં પણ સત્યાગ્રહી સાથે તોછડું વર્તન કરે તો એમનો પુણ્યપ્રકોપ પ્રજ્વલી ઊઠતો. સત્યાગ્રહીઓ પ્રત્યે એમનું વર્તન અત્યંત કૂણું અને પ્રેમાળ રહેતું. કોઈ જૂઠું બોલે તો એ તરત જ પકડાઈ જતો.

સરદારનાં સંસ્મરણો એ જીવનની મહામૂલી મૂડી છે.

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

ગુરુવાર, ૧લી ઑક્ટોબર, ૧૯૪૨

પ્રિય કિટી,

ગઈ કાલે હું બહુ જ ગભરાઈ ગઈ. અચાનક આઠેક વાગ્યે જોરથી બેલ વાગી. મને લાગ્યું કે કોઈ આવ્યું છે.. કોણ એ તું જ સમજી લે. પણ જ્યારે બધાએ કહ્યું કે કોઈ તોફાની છોકરો કે પોસ્ટમેન હશે ત્યારે મને થોડી શાતા વળી.

દિવસે અહીં ઘણી શાંતિ છવાઈ જાય છે. શ્રી કુગ્લરને ત્યાં લેવીન'નામનો યહૂદી દવાવાળો રસોડામાં મદદ કરે છે. એ આ મકાનનો ખૂણેખૂણો જાણે છે. અમને સતત ડર રહે છે કે રખેને અચાનક જૂની પ્રયોગશાળામાં જવા એ આવી પહોંચશે તો ? અમે ચૂં કે ચાં કરતાં નથી. ત્રણ મહિના પહેલાં કોને ખબર હતી આ ફરકફૂદરડી એનને કલાકો સુધી એક જગ્યાએ સ્વસ્થ બેસી રહેવું પડશે ! એવો વિચાર પણ કોઈ કરી શકે ?

૨૯મીએ શ્રીમતી વૅનડાનનો જન્મદિવસ હતો. ઉજવણી મોટા પાયે તો કેવી રીતે કરી શકાય ? તો પણ ખાસ ભોજન સામગ્રી સાથે નાનકડી પાર્ટી યોજી હતી. નાનીનાની ભેટ અને ફૂલો પણ આપ્યાં. એમના વરજીએ એમને લાલ કાર્નેશન આપ્યાં. એ એમની કૌટુંબિક પ્રથા લાગી. શ્રીમતી વૅનડાનનો વિષય નીકળ્યો જ છે તો એક વધુ વાત મારે તને શ્રીમતી વૅનડાનની પપ્પા પર લાઇન મારવાની વાત તો કરવી જ પડશે. મને એનો બહુ ત્રાસ થાય છે. એ તો પપ્પાના ગાલ પંપાળે તો વળી માથામાં હાથ ફેરવે, પાછું સ્કર્ટ થોડું ઉપર ખેંચી લે અને વાતે વાતે કટાક્ષ મારીને પીમનું ધ્યાન ખેંચ્યા કરે. એટલું સારું છે કે પીમને એ નથી આકર્ષક લાગતાં કે નથી લાગતાં રમૂજી એટલે એ કાંઈ એમના ઇશારા પાછા વાળતા નથી. મમ્મી શ્રી વૅનડાન સાથે આવું કાંઈ કરતી નથી. આ વાત મેં શ્રીમતી વૅનડાનને મોઢે જ સંભળાવી હતી.

કોઈ કોઈ વાર હવે પીટર એના કવચમાંથી બહાર આવે છે. છોકરો આમ તો રમૂજી છે. અમને બંનેને કરવી ગમે એવી એક ચીજ છે. એનાથી બધાંનું મનોરંજન પણ થાય છે. એ છે વેશભૂષા. એક દિવસ એણે શ્રીમતી વૅનડાનનો ચોટડૂક ડ્રેસ પહેર્યો. મેં પીટરનો સૂટ પહેર્યો. એણે પહેરી હૅટ અને મેં ટોપી મોટેરાંઓ તો હસીહસીને બેવડ વળી ગયાં. અને અમને પણ એટલી જ મજા આવી. બેપ બિનેનકોર્ફમાંથી માર્ગટ માટે અને મારા માટે નવાં સ્કર્ટ લઈ આવી છે. કાપડ બેકાર છે. લેલાંપેચાં જેવું અને ભાવ છે અનુક્રમે ૨૪ ફ્લૉરેન્સ અને સાડા સાત ફ્લૉરેન્સ. યુદ્ધ પહેલાંની સરખામણીમાં શું ભાવ વધી ગયા છે!

મેં તને એક સારા સમાચાર તો આપ્યા જ નથી. બેપ એ કોઈ સેક્રેટેરિયલ સ્કૂલનો સંપર્ક કરીને માર્ગટ પીટર અને મારા માટે પત્રવ્યવહાર દ્વારા શિખવાતા શોર્ટ હેન્ડના કોર્સની વ્યવસ્થા કરી છે. તું તારે જોયા કર આવતા વર્ષ સુધીમાં અમે કેવાં શોર્ટ હેન્ડ નિષ્ણાત બની જઈએ છીએ તે. ગમે તેમ સાંકેતિક ભાષામાં લખતાં આવડવું એ પણ મહત્ત્વનું છે.

લિ. એન.

શનિવાર ૩જી ઑક્ટોબર, ૧૯૪૨

પ્રિય કિટી,

ગઈ કાલે ફરી ચકમક ઝરી. મમ્મી મને ભયાનક વઢી અને પછી પપ્પા સામે મારા વિશે ખૂબ બોલી. પછી ચોધાર રડી એટલે હું ત્યાંથી જતી રહી. આમેય મારું માથું ખૂબ દુઃખતું હતું. છેવટે મેં પણ પપ્પાને કહી દીધું કે મને પણ મમ્મી કરતાં પપ્પા જ વધુ ગમે છે. એના જવાબમાં એમણે એટલું જ કહ્યું કે એવું કાયમ માટે નહિ લાગે. હું એ માનવા તૈયાર નથી. બસ, હવે હું મમ્મી સાથે બોલવાની નથી. મમ્મીની તબિયત સારી નહિ હોય કે માથું દુઃખતું હશે ત્યારે જો પપ્પા મદદ કરવા કહેશે તો પણ હું નહિ કરું.

હું ફ્રેન્ચમાં ખૂબ મહેનત કરું છું. આજકાલ 'લ બેલે નિવેરનાઇસ' વાંચવાનું ચાલુ છે.

લિ. એન.

શુક્રવાર ૯મી ઑક્ટોબર, ૧૯૪૨

પ્રિય કિટી,

આજે તને કહેવા માટે મારી પાસે ફક્ત નિરાશાજનક સમાચાર છે. અમારા ઘણા બધા યહૂદી મિત્રોને જથ્થાબંધ ઉપાડી ગયા છે. છૂપી પોલીસના આ લોકો સાથેના વર્તનમાં દયાનો અંશ પણ હોતો નથી. દેન્ત્રેના યહૂદી કેમ્પ વેસ્ટરબોર્કમાં ઢોરને લઈ

જવાના ખટારામાં ભરીને એમને મોકલી દેવાય છે. વેસ્ટરબોર્ડ એક ભયાનક જગ્યા લાગે છે. સો માણસો વચ્ચે એક ન્હાવાનું ટબ, થોડાંક જાજરૂ, પુરુષો-સ્ત્રીઓ અને બાળકોએ સાથે એક જ જગ્યામાં સૂવાનું. આને કારણે કમકમાં આવે એવી અનીતિપૂર્ણ વાતો સાંભળવામાં આવી છે. ત્યાં રહીને ઘણી સ્ત્રીઓ અને છોકરીઓ પણ સગર્ભા બની ગઈ છે.

ત્યાંથી ભાગી છૂટવું પણ લગભગ અશક્ય છે. કારણ કે ઘણાખરા કેમ્પવાસીઓના વાળ ઉતરાવી નાખ્યા છે. બાકી યહૂદી દેખાવ પણ ભાગવામાં આડો આવે છે.

અને જો હોલેન્ડમાં આ સ્થિતિ છે તો દૂરના જંગલી પ્રદેશોનું તો પૂછવું જ શું ? અમારી ધારણા પ્રમાણે મોટા ભાગનાં લોકોને તો મારી નાખવામાં આવે છે. બ્રિટિશ રેડિયોનું કહેવું છે કે એમને મારવા માટે ઝેરી વાયુનો ઉપયોગ કરાય છે.

એ કદાચ મરવાનો સહુથી સહેલો રસ્તો છે. આ બધાથી હું ખૂબ અસ્વસ્થ થઈ જાઉં છું. મીપ જ્યારે આ વાત કહેતી હતી ત્યારે હું ત્યાંથી મારી જાતને અલગ પણ ખેંચી શકતી નહોતી. મીપને પણ દુઃખ થાય છે. થોડા દિવસ પહેલાં જ એક અપંગ યહૂદી વૃદ્ધા એના ઘરના પગથિયે બેઠી હતી. છૂપી પોલીસે, એ લોકો કાર લઈને આવે ત્યાં સુધી એને ત્યાં બેસી રહવાનો હુકમ કર્યો હતો. બિચારી ઊડતાં વિમાનોના બૉમ્બમારાના અવાજથી અને આમથી તેમ ફરતી સર્ચ લાઇટના પ્રકાશે ખૂબ ગભરાઈ ગઈ હતી. પણ મીપમાં એને પોતાના ઘરમાં આશ્રય આપવાની હિંમત નહોતી. એવું જોખમ કોણ વ્હોરી લે ? જર્મની આ બાબતમાં તદ્દન નિર્દયી છે. બેપ પણ ચિંતાગ્રસ્ત છે. એના બૉયફ્રેન્ડને જર્મની જવાની ફરજ પડી છે ! ડર્ક માથે તોળાતા બૉમ્બમારાના ભયથી એ ચિંતામાં છે. સાંભળ્યું છે કે એક એક બૉમ્બનું વજન લાખેક કિલો હોય છે. 'એને લાખ મળવાની શક્યતા નથી.' કે પછી એક બૉમ્બ જ પૂરતો છે.' ગમ્મતમાં બોલાય તો છે, પણ એની પાછળની ભાવના સુખદ નથી. અલબત્ત, ડર્ક કાંઈ એકલો નથી જતો. રોજેરોજ ટ્રેન ભરીને યુવાનો રવાના થાય છે. ક્યારેક વળી ટ્રેન રસ્તામાં ઊભી રહે તો કેટલાક સફળતાથી છટકી જાય છે. પણ બહુ થોડા લોકોને બાનમાં પકડવા એટલે શું તું જાણે છે ? આજકાલ કોઈ પણ ભાંગફોડની આ નવી શિક્ષા છે. આનાથી વધારે ભયંકર વાત તે કદી સાંભળી છે ? પ્રતિષ્ઠિત નાગરિકો તદ્દન નિર્દોષને પકડીને કેદ કરે. જો ભાંગફોડિયાને છૂપી પોલીસ શોધવામાં સફળ ન થાય તો એમાંથી પાંચને ગોળીએ ઉડાવી દે. છાપામાં અવારનવાર આવી મૃત્યુનોંધ આવે છે. એવા સમાચારને 'જીવલેણ અકસ્માત'ના નામે વર્ણવે છે. વાહ રે જર્મની ! એક વાર હું પણ એમાંની જ એક હતી. પણ હિટલરે તો અમારું નાગરિકત્વ ક્યારનું છીનવી લીધું છે. જર્મનો અને યહૂદીઓ દુનિયામાં સૌથી મોટા દુશ્મનો છે. એ જ હકીકત છે.

લિ. એન.

શુક્રવાર ૧૬મી ઑક્ટોબર, ૧૯૪૨

પ્રિય કિટી,

મારે ખૂબ કામ છે. હમણાં જ મેં 'લ બેલે નિવેરનાઇસ'ના એક પ્રકરણનો અનુવાદ પૂરો કર્યો અને નવા શબ્દોની નોંધ કરી. પછી ગણિતના સંપૂર્ણ રીતે દુર્ગમ દાખલાઓ ગણ્યા અને ત્રણ પાનાં ભરીને ફ્રેન્ચ વ્યાકરણ પતાવ્યું. ગણિતના દાખલા ગણવાનો હું રોજ સ્પષ્ટ નકાર કરું છું. એ ખૂબ અઘરા છે એની સાથ તો પપ્પા પણ સહમત છે. દાખલા ગણવામાં પપ્પા કરતાં મને સારી ફાવટ છે. અમારા બેમાંથી કોઈ એમાં નિષ્ણાત નથી. ઘણી વાર અમે માર્ગટની મદદ લઈએ છીએ. શૉર્ટ હેન્ડમાં પણ અમારા ત્રણમાં હું સહુથી પાછળ છું.

ગઈ કાલે મેં 'દ એસોલ્ટ' પૂરી કરી. સારી લાગી, પણ જૂપ-ટર હોયલની વિસાતમાં કાંઈ નહિ. હકીકતે, મારી દૃષ્ટિએ સિસી વાન માક્સવેલ્ટ પ્રથમ કક્ષાની લેખિકા છે. મારાં બાળકોને પણ હું એની વાર્તા વાંચવા આપીશ. હું, મમ્મી અને માર્ગટ વળી પાછાં જિગરી દોસ્ત બની ગયાં છીએ. પહેલાંની સરખામણીમાં એટલું તો સારું લાગે છે. ગઈ કાલે તો હું અને માર્ગટ સાથે સૂતાં. સંકડાશ લાગતી હતી પણ એમાં જ ખરી મજા હતી. એને મારી ડાયરી વાંચવાનું મન હતું. મેં કહ્યું, 'જરૂર, થોડી વાંચે તો મને વાંધો નથી.' પછી મેં એની ડાયરી વાંચવાની વાત કરી અને એણે પણ હા પાડી. પછી અમે ભવિષ્યના વિષય પર આવી પહોંચ્યાં. મેં એને પૂછ્યું કે ભવિષ્યમાં એ શું બનશે. પણ એ વાત એણે ખાનગી જ રાખી. શિક્ષક બનવા વિશે કાંઈક કહ્યું પણ મને બરોબર સમજાયું નહિ. પણ સાચે તો આટલી બધી જિજ્ઞાસા ય સારી નહિ !

આજે સવારે પીટરને એના ખાટલામાંથી વિદાય કરી હું ત્યાં પડી હતી. મારી પર એ ખૂબ ચિડાયો હતો. અલબત્ત, મેં એની પરવા કરી નહિ. એમ તો ગઈ કાલે મેં એને એક સફરજન આપ્યું હતું એટલે એ થોડી મિત્રતા બતાવે તો કાંઈ વાંધો ના આવે.

મેં માર્ગટને જ્યારે પૂછ્યું કે હું શું એને કદરૂપી લાગું છું. ત્યારે એણે જવાબ આપ્યો કે એમ તો હું ઘણી આકર્ષણ છું અને ખાસ કરીને મારી આંખો સરસ છે. જરાક અસ્પષ્ટ જવાબ છે નહિ ?

ઠીક ત્યારે ફરી મળીએ ત્યાં સુધી.

લિ. એન.

પસ્તીનાં પાનાં

— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય —

ફિલ્મી સિતારા રાજકારણમાં

તા. ૧૮-૫-૮૫. આજકાલ ઉનાળો પૂરબહારમાં જામ્યો છે. બે દિવસથી તાપમાન ૪૫° C થાય છે. કાલે તો ૪૫°.૪ હતું. આજે કદાચ એટલું જ હશે. આખો દિવસ પવન વાય છે. સવારે અને રાત્રે ઠંડો પવન, બપોરે ગરમ પવન. કોણ જાણે કેમ પણ મને તો ગરમ ઉનાળો બહુ જ ગમે છે. નાનપણમાં ભાવનગરના બળતા બપોરના ઉઘાડે પગે ખૂબ રખડ્યો છું. ઘરમાં મા નહિ. કોણ રોકે? અને જોડા-ચંપલ વ્યવસ્થિત પહેરવાનું તો મેં લગ્ન પછી જ શરૂ કર્યું. અને આ ઉનાળો મને જ ગમે છે એવું નથી. કાલિદાસે પણ નિદાઘકાલ (ઉનાળા)નાં ભરપટ્ટે વખાણ કર્યાં છે. તેણે ઉનાળાને 'અભ્યુપશાન્તમાનસઃ' કહ્યો છે. ઉત્તેજિત મગજને સાન્ત્વના અને શાન્તિ આપનાર તરીકે વર્ણવ્યો છે. એટલે આજકાલ અમે ૪૫° C તાપમાનમાં મગજને શાન્ત કરી રહ્યાં છીએ!

ગુજરાતના ઘણા ભાગોમાં અત્યારે દુષ્કાળની પરિસ્થિતિ પ્રવર્તે છે. દુષ્કાળ-રાહત માટે ફંડ ભેગું કરવા કૉંગ્રેસે ફિલ્મ સ્ટાર અમિતાભ બચ્ચનના પ્રોગ્રામો ગોઠવ્યા. — અમદાવાદ, વડોદરા અને સુરતમાં. આવા કાર્યક્રમો માટે ફિલ્મ સ્ટારને આમંત્રવા તેમાં કાંઈ નવું નથી. પણ હવે તો ફિલ્મ સ્ટારો પણ રાજકારણમાં પડેલા છે. અમિતાભ રાજીવ ગાંધીનો લંગોટીઓ મિત્ર છે અને અલ્લાહબાદથી કૉંગ્રેસ ટિકિટ ઉપર પાર્લમેન્ટમાં ચૂંટાયો છે. એટલે તેની હાજરી એ ફક્ત ફિલ્મી સિતારાની હાજરી નહિ પણ કૉંગ્રેસમૅનની હાજરી. લોકોને મન તો અમિતાભ ફિલ્મી હીરો જ છે. એટલે ત્રણે જગ્યાએ વિશાળ સમુદાય એકઠો થયો અને મોટું ભંડોળ એકઠું થયું. કાર્યક્રમને અન્તે અમિતાભે વિનંતી કરી કે જે ભંડોળ એકઠું થયું છે તેના ૧૦ ટકા અલ્લાહબાદમાં તેના મત વિસ્તારનાં લોકો માટે વાપરવા તેને આપવા. ગુજરાત કૉંગ્રેસના પ્રમુખે જાહેરમાં તેની વિનંતી સ્વીકારી. અને રાજકારણ દાખલ થયું. બીજે દિવસે કોઈકે અમદાવાદની સિટી સિવિલ કોર્ટમાં દાવો દાખલ કર્યો કે ગુજરાતના દુષ્કાળરાહત માટે એકઠાં કરેલાં નાણાં ગુજરાત બહાર વાપરવા માટે અપાય નહિ. કોર્ટે તાત્કાલિક સ્ટે આપ્યો કે એકઠાં કરેલાં નાણાં કશે પણ વાપરવાં નહિ અને હવે ૨૫મી મેને દિવસે સુનાવણી રાખી છે.

સિવિલ કોર્ટના કેસો ઘણા લાંબા ચાલે અને તેમાં પાછું રાજકારણ એટલે સંભવ છે કે બેત્રણ મહિના નીકળી જાય. દુષ્કાળમાં મદદ કરવી તો બાજુએ રહે. લોકો ભૂખે મરે ત્યાં વરસાદ આવી જાય અને જનતા પાસેથી ભેગા કરેલા કરોડો રૂપિયા એમ ને એમ પડ્યા રહે! ફિલ્મી સિતારા જ્યારે રાજકારણમાં પડે છે ત્યારે કેવું વિચિત્ર પરિણામ આવે છે! અમિતાભમાં થોડી સદ્‌બુદ્ધિ બચી હોય (હજી રાજકારણમાં હમણાં જ દાખલ થયો છે એટલે હજી તો આવી સદ્‌બુદ્ધિ રહી હશે!) તો ૨૫મીએ તેણે કોર્ટમાં કહેવું જોઈએ કે બધાં જ નાણાં ગુજરાત દુષ્કાળરાહતમાં વપરાશે!

અયોધ્યા-મંદિર-મસ્જિદ અને જોશીમહારાજ

તા. ૧૩-૮-૮૯. રામાયણનું અયોધ્યા હવે તો ફૈજલાબાદ નામના મોટા શહેરના એક પરા જેવું થઈ ગયું છે. અયોધ્યામાં એક જ મકાનમાં રામજન્મભૂમિ નામનું એક મંદિર છે અને એ જ મકાનમાં મોગલ બાદશાહ બાબરે બંધાવેલી મસ્જિદ આવેલી છે. વર્ષો સુધી હિન્દુ-મુસલમાન સહકારમાં પૂજાપ્રાર્થના કરતાં હતાં. પણ ભારતના રાજકારણમાં હવે કોમખુશામત ઘર કરી ગઈ છે. પરિણામે રામજન્મભૂમિ-બાબરી મસ્જિદનો ઝઘડો ઊભો થયો. મામલો કોર્ટમાં ગયો અને ૧૯૬૮માં કોર્ટે એ મકાનને તાળું મારવાનો હુકમ કર્યો.

આ પરિસ્થિતિ ૧૭ વર્ષ સુધી ચાલુ રહી અને રામજન્મભૂમિ-બાબરી મસ્જિદની વાત લગભગ વિસરાઈ ગઈ. કોર્ટને ચોપડે મામલો નોંધાયેલો રહ્યો. ૧૯૮૫માં કેસ ફરી ઉખેળાયો અને કોર્ટે ચુકાદો આપ્યો કે મકાનનું તાળું ખોલી દેવું અને ઝગડાનો ઉકેલ ઉપલી કોર્ટે બધા પક્ષકારોને સાંભળીને આપવો.

હાઉં, અરેબિયન નાઇટ્સની વાર્તામાં આવે છે તે પ્રમાણે જાણે બાટલીનો બુચ ખૂલતાંવેંત અંદરથી કોમવાદનો રાક્ષસ ભભૂકી ઊઠ્યો. એક જ કૉમ્પાઉન્ડમાં એક જ મકાન. તેને હિન્દુઓ રામ-જન્મભૂમિ કહે, મુસલમાનો બાબરી મસ્જિદ કહે. સભા, સરઘસ, રેલી, ધરણાં શરૂ થયાં. હિન્દુઓ કહે 'બાબરી મસ્જિદ મુસ્લિમોને સોંપી દો.' મુસ્લિમો કહે, 'બાબરી મસ્જિદ મુસ્લિમોને સોંપી દો'. ઉત્તર પ્રદેશમાં કેટલાંયે કોમી હુલ્લડો થયાં. મામલો ઉત્તર પ્રદેશનો ન રહેતાં દેશભરના કોમી પક્ષોએ તે ઉપાડી લીધો.

રાજીવ ગાંધીની કૉંગ્રેસ સરકાર અસમંજસમાં હતી. ચૂંટણીમાં મુસ્લિમોના મત ખોવા પોષાય નહિ. પણ હિન્દુ ગ્રામ જનતામાં રામ અને રામાયણની ખાસ લાગણી પણ જાણીતી છે. એટલે તેમને નાખુશ કરવા પોષાય નહિ. એમ ને એમ ત્રણ વર્ષ નીકળી ગયાં. દરમિયાનમાં પેટા-ચૂંટણીઓમાં કૉંગ્રેસને ઉપરાછાપરી હાર ખમવી પડી. અને મુસ્લિમોના મત કૉંગ્રેસને ઓછા મળવા લાગ્યા. એટલે છેવટે ૧૯૮૯માં સરકારે ઝઘડો હાઇ કોર્ટને સોંપ્યો.

પણ ઝઘડાના હિન્દુ તરફી સંગઠન વિશ્વહિન્દુ પરિષદે તો જાહેર કર્યું કે તો રામજન્મભૂમિમાં એક વિશાળ રામમંદિર બાંધવા

માંગે છે અને તેણે રામ લખેલી ઈંટોની ટહેલ નાખી તથા દેવ-દિવાળીએ (નવેમ્બરની ૧૪મીએ) મંદિરનું ખાતમુહૂર્ત થશે એમ જાહેર કર્યું.

કૉંગ્રેસને ફફડાટ થયો. ડિસેમ્બરમાં પાર્લમેન્ટની ચૂંટણી છે અને નવેમ્બરમાં કોમી દાવાનળ જાગે તો ચૂંટણીમાં કૉંગ્રેસને ઘણું નુકસાન થાય, પણ ભારતના રાજકારણમાં કોઈ બાપ નથી. કૉંગ્રેસવાળા હિન્દુ જોશીઓને મળ્યા. અને એક દિવસ સવારે છાપાંઓમાં વિદ્વાન જોશીઓનું એક નિવેદન છપાયું. તેમાં શાસ્ત્ર ટાંકીને પ્રતિપાદિત કર્યું કે કોઈ ધાર્મિક કાર્ય દક્ષિણાયનમાં ન કરવું જોઈએ. નવેમ્બરની ૧૪મીએ દક્ષિણાયન હશે માટે રામમંદિરનું ખાતમુહૂર્ત ૧૪મી જાન્યુઆરી પછી, ઉત્તરાયણમાં કરવું !

અમારો રાજકીય વડો પ્રસંગ આવે ભુવા ધુણાવવા, બાધા-આખડી, સાંઈબાબા, રજનીશ, મૌલવી, ફકીર — બધાની દાઢીમાં હાથ ઘાલશે એમ લાગે છે.

વિદ્યાનગર - જનરેશન ગૅપ — નેહરુ શતાબ્દી

તા. ૨૮-૯-૮૯. ૧૯૫૫માં મેં વલ્લભવિદ્યાનગર છોડ્યું ત્યાર પછી આજ સુધીમાં કાંઈ કેટલીય વાર વિદ્યાનગર ગયો છું. એક-બે દિવસથી માંડીને ત્રણ મહિના સુધી ત્યાં રોકાયો છું. છતાં પણ પરમદા'ડે વિદ્યાનગર ગયો ત્યારે મનમાં નવું નવું લાગ્યા કરતું હતું. સાડા સાત વર્ષના વસવાટ પછી ૧૯૫૫માં વિદ્યાનગર છોડ્યું ત્યારે મારી મોટી પુત્રી કુમુદ ૯મા ધોરણમાં ભણતી હતી. પરમદા'ડે જ્યારે હું વિદ્યાનગર ગયો ત્યારે કુમુદની પુત્રી ત્યાં એન્જિનીઅરિંગના પહેલા વર્ષમાં ભણતી હતી ! પૂરી એક પેઢીનો ફેર - અંગ્રેજીમાં જેને generation gap (જનરેશન ગૅપ) કહે છે - તેનો સ્પષ્ટ અનુભવ મને આખો દિવસ દેખાયા કર્યો અને તેનું જ મને 'નવું નવું લાગ્યા કરતાં હતું !' અને મનમાં અનાયાસે સરખામણી થઈ જતી હતી. પહેલાં તો આણંદ અને વિદ્યાનગર વચ્ચે ખેતરાં હતાં. (ચરોતરમાં ખેતરનું બહુવચન ખેતરાં થાય છે.) અત્યારે ખેતરાં તો નથી પણ ક્યારે આણંદ પૂરું થાય અને વિદ્યાનગર શરૂ થાય તેની ખબર જ ન પડે. આણંદની રોટરી ક્લબનો આભાર માનતાં પાટીઆં આવે અને વિદ્યાનગરની ક્લબનાં આવકારતાં પાટીઆં આવે એટલે ખબર પડે કે હવે આણંદ ગયું અને વિદ્યાનગર આવ્યું. હા, આઇસક્રીમના બે મોટા પાર્લર આવે એટલે ખાતરી થાય કે નવી પેઢીનું વિદ્યાનગર આવી ગયું !

આ વખતે એક જુદો જ અનુભવ થયો. હું વિદ્યાનગર હતો ત્યારે મારાં ભાષણોમાં હોલ ચિક્કાર ભરેલા રહેતા. વિદ્યાનગર છોડ્યા પછી પણ જ્યારે ભાષણ કરવા ગયો છું ત્યારે ત્યારે ચિક્કાર હાજરી જ હોય. પણ પરમ દિવસે કેમેસ્ટ્રિ ઑડીટેરિયમમાં મારું ભાષણ હતું. ભાષણમાં કુલ હાજરી ૩૬ની — ૩ રિટાયર્ડ વડીલો, ૬ ગણિત વિભાગના શિક્ષકો, ૨૬ વિદ્યાર્થીઓ અને છત્રીસમો હું !

શું આ નવી પેઢીની નિશાની હતી ? એમ તો કેમ કહેવાય, કારણ કે હજુ ચાર મહિના પહેલાં જ મેં વિદ્યાનગરમાં ભાષણ કર્યું હતું અને ત્યારે ચિક્કાર હાજરી હતી ! વિચાર કરતાં લાગ્યું કે આ તો ભાષણના વિષયની અસર હતી. નેહરુ શતાબ્દી નિમિત્તે નેહરુ-વિજ્ઞાન-ટેકનોલૉજિ વિષય પર ભાષણ હતું. પણ છેલ્લા ૮-૧૦ મહિનાથી અમારાં ટી.વી. અને રેડિયોએ નેહરુનાં ગુણગાન ગાવામાં એટલો બધો અતિરેક કર્યો છે કે લોકોને હવે તેનાથી ઓબાં આવી ગયાં છે. ૩૬ જણ ન આવે તો બીજાં કેટલાં આવે ?

બે વિમાની અકસ્માતો

તા. ૧૮-૨-૯૦ ગયે અઠવાડિયે મુંબઈ-બૅંગલોર-મદુરાઈ જતું ઇન્ડિયન એર લાઈન્સનું એર બસ ૩૨૦ વિમાન બૅંગલોર ઊતરતી વખતે તૂટી પડ્યું અને ૯૦ માણસો મરી ગયાં. દોઢ વરસના ગાળામાં આ બીજો વિમાની અકસ્માત થયો. ૧૯૯૮ના ઑક્ટોબરમાં અમદાવાદ નજીક બોઇંગ વિમાન તૂટી પડ્યું હતું અને ૧૩૧ માણસો મરી ગયાં હતાં ! આપણા દેશમાં વિમાની ફ્રિકવન્સી જોતાં બે અકસ્માતો વચ્ચે દોઢ વર્ષનો ગાળો એ હવાઈ મુસાફરીની સહીસલામતી માટેની ખરાબ નિશાની છે. એક બીજી હકીકત પણ ચિંતા ઉપજાવે તેવી છે. અમદાવાદના અકસ્માત સમયે એવું કહેવાયું હતું કે એરલાઇન્સનાં બોઇંગ વિમાનો ઘણાં જૂનાં થઈ ગયાં છે. તેમને બદલવાનો સમય ક્યારનોય થઈ ગયો છે છતાં જૂનાં વિમાનો ચલાવે રાખીએ પછી શું થાય ? પણ બૅંગલોરનો અકસ્માત તો ૬ મહિના પહેલાં જ ખરીદેલા નવાનકોર વિમાનને થયો ! નવાં કે જૂનાં વિમાનો કરતાં અકસ્માતોનાં મૂળ કાંઈક ઊંડા લાગે છે.

આવું એક ઊંડું કારણ રાજકારણીઓની વૃત્તિ છે. આ એરબસ ૩૨૦ કમ્પ્યૂટર સંચાલિત છે. આના બે અર્થ થાય. એક તો એ કે આપણા પાઇલોટોને કમ્પ્યૂટર સાથે કામ કરતાં અને તેની પાસે કામ લેતાં આવડવું જોઈએ. બીજું, આપણી લૅન્ડિંગસ ફેસિલિટી (ઉતરાણની વ્યવસ્થા) કમ્પ્યૂટરની કામગીરીને અનુકૂળ હોવી જોઈએ. આપણે ત્યાં તો હવાઈ પટ્ટી પર ભેંસો પણ નીકળે. ત્યારે કમ્પ્યૂટર બિચારું શું કરે ? હાથે સંચાલન કરનાર પાઇલોટ તેનો ઉપાય કરે પણ તે પાઇલોટ કમ્પ્યૂટરને ભેંસ બાબત શી સૂચના આપે ?

આથી જ ૧૯૮૪માં ભારતીય હવાઈ નિષ્ણાતોએ એરબસ ૩૨૦ ન ખરીદવાનો અભિપ્રાય આપ્યો હતો. પણ ૧૯૮૫માં વડાપ્રધાન પૅરીસ ગયા ત્યારે એકત્રીસ એરબસ ૩૨૦ ખરીદવાનું નક્કી કરી આવ્યા. ૫૬ કરોડના સોદામાં ૧૦ ટકા કમિશનના પણ સાડા પાંચ કરોડ રૂપિયા થાય !

ભેંસો ન આવે માટે હવાઈ પટ્ટી આસપાસ દીવાલ બાંધી પણ એરોપ્લેનના કમ્પ્યૂટરને આ દીવાલની ખબર કેમ કરીને પડે ? અને દીવાલની અવગણના કરી ઉતરાણનો આદેશ આપતાં કમ્પ્યૂટરને કેમ રોકવું તેની તાલીમ પાઇલોટને નહિ. પછી શું થાય !

રાત્રે સમાચાર સાંભળ્યા કે સરકારે આ એરબસ ૩૨૦નાં બધાં ઉડાનો એક અઠવાડિયા માટે બંધ કર્યાં છે.

❐

વાડો

ભગીરથ બ્રહ્મભટ્ટ

આજે તો ગામડાંને શહેરીકરણનું ઘેલું લાગ્યું છે. છેલ્લી પચ્ચીસીમાં ગામડાં ખૂબ ઝડપથી પલટાઈ રહ્યાં છે. વીસમી સદીના ઉત્તરાર્ધમાં શહેરની લોલુપતા ગામની અસલિયતને એવી તો આભડી રહી છે કે નેળિયું, ગામકૂબો, પનિહારીઓ, ચોરો, ધણ, પાદર અને ચરો જેવા શબ્દો પણ આથમતા જાય છે. ગામડું એના મૂળ સ્વરૂપમાં હવે ક્યાંય જોવા મળતું નથી. પરિસ્થિતિ પ્રમાણે બધું પલટાતું જાય છે.

'વાડો' કે જેને હું ખેડૂતોનો ખુલ્લો સ્ટોરરૂમ કહું છું એના કેટકેટલા સંદર્ભો ! ગામડાના પ્રત્યેક ઘરમાલિકને મોટે ભાગે બાપદાદાના વખતથી વારસામાં એક વાડો પણ મળ્યો હોય છે. એ વાડાનું સ્થાન-સ્થળ કાં તો ઘરની પાછળ, કાં તો ઘરની બાજુમાં અથવા તો ફળિયાની હદ પૂરી થાય ત્યાં હોય. પ્રત્યેક ફળિયાને હરોળબદ્ધ વાડાઓ હતા. વાડ-કાંટો કરીકરીને બાપદાદાએ એના ઉપર માલિકીની મહોર મારી હોય. આજે તો શહેરમાં ચાલ્યા ગયેલા પરિવારોના વાડાઓ વેચાઈ ગયા છે અથવા ગામના જબરા માણસોએ એની ભૌમિતિક ડિઝાઈનો બદલી નાખી છે. થોરિયાં આગળ-પાછળ કરીને વાડાનો નકશો જ પલટી નાખ્યો છે ! વાડાઓ પણ હવે તો જાણે નિસાસા ભરી રહ્યા છે. એમના ભવ્ય ભૂતકાળને સ્મરી દુ:ખી થતા હોય એમ લાગે છે.

વાડ કરી હોય, હદ નક્કી કરાઈ હોય, એનો ભોગવટો કોઈ એક પરિવાર કરતો હોય એ વાડો. વાડામાં ઘાસ ભરાય, ભેંસો બંધાય, બળદ બંધાય, અનાજ સુકવાય, પૂળાની કાલેર મંડાય, ખાટલા ઢળાય, મહેમાનો ઝાઝા આવ્યા હોય તો જાજમ નાખી બેસાડાય. વાડાઓ પ્રત્યેક પરિવારની સાથે પોતીકી રીતે જોડાયેલા. કોઈના વાડામાં આમલી હોય તો કોઈના વાડામાં લીમડો, કોઈના વાડામાં વખડો હોય તો કોઈના વાડામાં મહુડો. ભાદરવામાં સડેલું અનાજ વાડામાં તપાવાય, અરે કપડાં ધોવાનો કાર્યક્રમ પણ વાડો નજીક હોય તો ત્યાં થાય. ઉનાળાના દિવસોમાં વાડામાં રમતાં બાળકો તમે જોયાં છે ? આજના વોટરપાર્ક કરતાંય અદકેરાં આનંદથી એ વખતે બાળકો વાડામાં ગિલ્લી-દંડા, દોડ, સંતાકૂકડી, કબડ્ડી, ખો – કેટકેટલી રમતો રમતાં ! આમલી પરથી કાતરા, બોરડી ઉપરથી બોર, આંબા ઉપરથી કેરી કે કોઈને ત્યાંથી પ્રસાદ લાવીને બાળકો વાડામાં આનંદોત્સવ ઊજવતાં ! ઘાસના કૂંધવાની કૂખમાં કૂતરી બોડ બનાવે, બચ્ચાં મૂકે. અમે કૂતરીને શીરો ખવડાવવાને બહાને, એ આંખોય નહિ ખૂલેલી એવાં બચ્ચાંને પંપાળતા. ગલૂડિયાં બોટતાં. એના ઉપર અમારા માલિકીપણાનો દાવો માંડતાં. 'કાબરું મારું, કાળિયું તારું' એવા તો કેટકેટલા સંવાદો કર્યા છે વાડામાં ! વાડાને ભલે વાડ હતી પણ એની મોકળાશ તો હૃદયની સીમાને વિસ્તારી દેતી હતી.

વાડામાં ગાડાં છૂટતાં. વાડામાં ધાન આવતાં, વાડામાં ખડ આવતાં. અમે વિસ્મયભાવે એ જોતાં. ક્યારેક વાંચતા, વાર્તાઓ સાંભળતા, સંતાતા, શિયાળ કે વાંદરાને જોઈ ગાંડા થઈ જતા ! ગધેડાની સાથે દોડતા. ઘર કરતાં ઝાઝો વખત વાડામાં જ વીતતો. ઉનાળાની બપોરે વાડાના લીમડાનો છાંયો માથીય મીઠો લાગતો ! આંખો મીંચીને વાગોળતા બળદોને મોઢે આવેલાં ફીણ એકધારાં જોતા. થોડેક છેટે દાદા ખાટલો ઢાળી સૂતા હોય, એમનાં નસકોરાંનુંય કુતૂહલ હતું ત્યારે ! એમને ખલેલ પહોંચે નહિ એમ અમે ખેલતાં છતાંય એ જાગી જતા, ગુસ્સે થતા અને અમે બધા ભાગતા.... દોડતા... ભેંસ કે ભેંસની પાડી છાંયે બાંધી ન હોય ત્યારે, જીભ બહાર કાઢી જે હાંફતી, જે હાંફતી એની અમને દયા આવી જતી. અમે એને છાંયે બાંધવાની અધિકૃત જનને સૂચના આપી નિરાંત અનુભવતા.

વાડામાં એક કોર ઉકરડા પણ થતા. ઉકરડામાંથી ખાતર ખેતરમાં લઈ જવાતું ત્યારે વીંછી નીકળતા. અમે ગાડામાં ચઢી જતા. કામ ન કરવું પડે એટલે વાડાની કણજી ઉપર સંતાઈ જતા. છેક ઊંચી ટોચે ચઢી દૂરદૂર જતી એસ.ટી.ની બસને નિહાળતા. ચોમાસામાં વાડો ભર્યોભાદર્યો. ઘાસ થાય, ઠેરઠેર અંકુરો ફૂટે, નાના નાના લીમડા-આંબા થાય, અમે એનાં મૂળિયાં જોતા. ત્યાંથી ઉપાડી સારી જગાએ રોપતા. વાડાની વાડમાં વેલાઓ થતા. ડોડી અને કંકોડાના વેલાઓ ઉપરથી ડોડાં અને કંકોડાં વીણ્યાનું મને સ્મરણ છે. વાડામાં સૂકું લીલું બળતણ પણ પડ્યું હોય, એની નીચે કોઈ સાપનું દર પણ હોય, ક્યાંક સુક્કાં છાણાં કે સાંઠીઓની સોડમાં બિલાડી બેઠી હોય ત્યારે એની આંખોની ચમક હજુ સાંભરે છે. ઝાડ ઉપર કાગડાનો માળો જોવા હું ચઢેલો.... પછી તો એ કાગડાએ મારા માથે કેટલા બધા દિવસ ચાંચો મારેલી ! ત્યારથી કાગડાનો માળો જોવા જવાની હિંમત હારી ગયો છું.

વાડામાં જેમ ગાડાં છૂટતાં એમ વાડામાં જ ગાડાં જોડાતાં. બળદોના ઘૂઘરા રણકતા. શણગારેલા બળદો ગાડે જોડાતાં એનો એક અનોખો આહ્‌લાદ અનુભવતા ! સિંધીઓ કે કચ્છીઓ બળદ લઈ, ધાબળા લઈ વાડામાં આવતા. દાદા એમની સાથે વાતો કરતા, ખવડાવતા, બળદોને સાચવતા. એ અજાણ્યા સિંધીઓ આવે ત્યારે પરિવારના માણસ જેટલો સ્નેહ ઘરમાં વ્યાપી જતો ! બળદની સિંગોટી, બળદોનો વાન, બળદની ચાલ વગેરેની વાતો સાંભળતો, બળદ પળોટવાનો છે એની પણ ત્યારે ખબર પડેલી ! 'ગળિયો' જેવા શબ્દો બળદોના વિશેષણો છે એની ત્યારે ખબર પડેલી ! બળદનો દેખાવ, કપાળ, લંબાઈ, રંગ, દાંત, પૂંછડી એનો કોઠો

વગેરેની ઝીણવટથી ચર્ચાઓ થતી. ખાતરી કરવા વાડામાં જ હંકારી જોવાય. ગાડે જોતરાય એ બળદને અજાણ્યું લાગે તો તોફાન પણ કરે. આમ, આખા મલકના ખેડૂતો બળદો જોવા વાડામાં આવે. વાડો ત્યારે મોટા પેટવાળો માનવ લાગે !

કોઈ વાડામાં તો દેવ-દેવીનાં થાનક પણ હોય. કોઈ જ્ઞાતિ-વિશેષની દેવી બેસાડવામાં આવી હોય. બેચાર ઇંટો આડી અવળી ગોઠવી દેરી બનાવી માતા બેસાડાય. એની પૂજાય થાય. વરસમાં એકાદ દિવસે નૈવેદ્ય પણ ચઢાવાય. ગાય, ભેંસ, કીડી, મકોડા, સાપ, નોળિયા, તીતીઘોડા, ભમરા, માતા — કેટકેટલાંનો આશ્રિત રહ્યો છે વાડો !! વાડામાં ભજનોય થાય. એ ભજનના ભાવવાળો વાડો મને ફકીર લાગ્યો છે !

વાડામાં દાદીમાએ તુલસીનો છોડ રોપેલો. નાહીધોઈને એ તુલસીને જળ ચઢાવતાં. અમારાથી એ છોડ તૂટી જતો તો એમની ગાળો સાંભળવા મળતી. દાદીમા અને તુલસી એકરૂપ થઈ ગયાં હતાં ! આજે દાદી નથી પણ તુલસીનું કૂંડું છે ઘરમાં ! વાડો ચોખ્ખો રાખવાનું કામ બાનું. બાના આવ્યા પછી કહે છે કે ઘરના આંગણા-જેવો ચોખ્ખો રહેતો વાડો ! ચોમાસામાં વાડામાં જે ઘાસ થાય, એ ઘાસ મોટું થાય : વરસાદ પડતો હોય, ખેતરમાં ન જવાયું હોય ત્યારે વાડામાંથી ઘાસ વાઢતા, (વાડો વાઢ્યો એવો પ્રયોગ થતો ત્યારે) જઈએ ત્યારે હાથપગ અને અડધું અંગે ભીનુંભીનું થઈ જતું. ઘાસ જાણે વાડામાંથી વિખૂટું પડ્યાની વેદનામાં રડી ઊઠ્યું હોય એમ અનુભવાતું. પાણીથી ભીંજાયા કરતાં ઘાસથી ભીંજાયાનો અનુભવ નોખો હોય છે. વાડામાં કોઈ બી તો વાવતું નથી, છતાં ત્યાં ઘાસ કેવી રીતે થતું હશે ? આ ઘાસ ક્યાંથી આવ્યું ? એ મારા કુતૂહલનો વિષય. હું મારા પિતાને પૂછતો, એ કહેતાં 'ગોંડા, એ તો થાય.' પણ ક્યાંથી થાય ? કેમ થાય ? તેનો જવાબ મને મળ્યો નહિ. આજે સમજાય છે કે ઘાસ એ પૃથ્વીનો રોમહર્ષ છે.

માથામાં જૂ પડી હોય તો વાડાના લીમડાનાં પાન લાવી, લસોટી માથામાં ભરાતાં. થાક ઉતારવા ગરમ પાણીમાં એ લીમડાનાં પાન નાખતાં. મોં આવ્યું હોય તો બાવળની પાલી (પર્ણો) મોઢામાં રાખતા. કણજીનું દાતણ સારું ગણાતું. તાવ આવ્યો હોય તો તુલસીના પાનનો ઉપયોગ થતો. આમ, વાડો જ જાણે મૂગો દાક્તર ! વળી, ખેડૂતોની કેટકેટલી ચીજવસ્તુઓ વાડામાં રહેતી ! હળ, રાંપરી, સમાલ, ચાવોળ, ધારિયું, કુહાડી, કોશ જેવી વસ્તુઓને જણસ માનીને વાડો સાચવે જાણે. એ ખેડૂતોનો ખુલ્લો સ્ટોરરૂમ !

વાડામાં જુવાન છોકરાં ક્યારેક પ્રેમ પણ કરતાં. વાડામાં જવાને બહાને માણીગરને મળી આવે, જોઈ આવે. એમના પ્રેમનાં તંતુને બળવાન બનાવવામાં વાડાનો સહકાર ઘણો હોં ! એ વાડાને પૂછવા જેવા ઘણા પ્રશ્નો છે - એ ઘણાનું હૃદય છે. એની સાક્ષીએ કેટલી ભેંસો મૂલવાઈ ? કેટલા બળદો વેચાયા ? કેટલા પ્રેમીઓને એનો લાભ મળ્યો ? કેટલી કૂતરી વિયાઈ એની હદમાં ? કેટકેટલી વાર વાઘરીએ એ વાડાની વાડમાંથી મધ પાડ્યાં હશે ? શારદામાની સવલી કંકોડાં ચોરી ગઈ હશે ? બેસવાને બહાને, લોટે જવાને બહાને, લઘુશંકાને બહાને કેટકેટલાં લોકો વાડાની આડશે પોતપોતાની વાત વહેવડાવી ગયાં ? એ બધાંની યાદી થઈ શકતી નથી. પણ વાડો બધું જાણે છે કોણ કેટલામાં છે ? ત્યારે મને વાડો શ્રેયાર્થી લાગ્યો છે !

આજે એક તરફ એકવીસમી સદી છે. ગામડામાં વાડા વેચાવા માંડ્યા છે. એને બિનજરૂરી સમજી એની ઉપેક્ષા થાય છે અથવા એમાંથી રૂપિયા રળાય છે. ઘરના ગાળામાં એ રૂપાંતરિત થઈ રહ્યા છે. વાડો હવે સ્થળનો દસ્તાવેજ, કાળનો દસ્તાવેજ માત્ર બની રહ્યો છે. ત્યારે મને થાય છે કે માનવીએ એના મનમાં, હૃદયમાં જે વાડા વસાવ્યા છે એના પરિણામે વાડાઓની દુર્દશા તો નથીને ? ❐

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

ઇંદિરાજી ભૂતપૂર્વ વડાપ્રધાન બેવાર દ્વારકા આવી ગયાં. પહેલી વખત આવ્યાં ત્યારે રાતોરાત સરકીટ હાઉસમાં પ્રથમ વાતાનુકૂલિત સ્યુટ તૈયાર કરાયો. અત્યારે છે. બહુ ભાવપૂર્વક દ્વારકાધીશનાં તેમણે દર્શન કર્યાં. હેલિકૉપ્ટરમાં આવતાં તેમણે દ્વારકાના સમુદ્રમાં પ્રાચીન દ્વારકાના અવશેષો હોવાના અણસાર જણાયા અને તેમણે પ્રથમ વાર ગોવા - નેશનલ ઓશનોગ્રાફિક ઇન્સ્ટિટ્યૂટને દ્વારકા-બેટદ્વારકા સમુદ્રતલ તળે ખોદકામ કરવા જણાવ્યું. ત્યારથી આજ સુધી ૧૮ વર્ષોથી દરેક ડિસેમ્બર-જાન્યુઆરીમાં સમુદ્રતલ નીચે ખોદકામ-શોધકામ ચાલે છે; અને પ્રાચીન દ્વારકાના અવશેષો મળ્યા પણ છે.

ત્યારે મને નેહરું કુટુંબના પંડા-ગોર ત્ર્યંબકલાલ ઠાકર મળ્યા. ગરીબ માણસ. પૂરું અંગ્રેજી જાણે નહિ. મને કહે, 'મારી પાસે ઇંદિરાજીના દાદી સ્વરૂપબાની સહી મારા યજમાનના ચોપડામાં છે. તે આધારે તે સહી કરી આપશે ? મારે કશી દક્ષિણા નથી જોઈતી'

મેં જણાવ્યું કે તેમના દર્શન સમયે મંદિરમાં કોઈને પ્રવેશ નથી. વળી, તેઓ આવું માનશે નહિ. વિદેશ ભણ્યાં છે. પછી ઇંદિરાજી દર્શન કરી જ્યારે બહાર આવ્યાં ત્યારે મેં હિંમત કરી સિક્યોરિટીને તોડી ઓંચિંતા તેમના દાદીનું નામ બોલી લીધું, તેઓએ મને અને ગોરને પાસે આવવા દીધા અને સ્વરૂપબાની સહી જોઈ. ગોરને વંદન કરી પાંચસો રૂપિયા તથા પોતે ધરાવેલ મેવામાંથી બે થાળ ગોરને આપ્યા. તેમની શ્રદ્ધા જોઈ ગોર તો રડી પડ્યો. દક્ષિણા લેવા ના પાડી - જે તેમણે પરાણે આપી. ❐

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૨૩

પ્રા. પ્રવીણ ન. શેઠ

'ફોબ્સ'થી માંડીને 'ડૉટકૉમ'

અમેરિકામાં થોડા મહિનાઓથી આવીને વસેલાં ભારતીયો વિશે 'ફોબ્સ' (FOBS - fresh off the boats) એવો પ્રયોગ થાય છે. આંતરરાષ્ટ્રિય બંદરગાહે નાંગરેલી બોટમાંથી ઊતરીને સીધા જ અહીં વસેલાં વસાહતીઓ/આગંતુક ભારતીયો વિશે ટીકાત્મક ભાવથી આ પરિભાષા વપરાય છે. જો કે કેટલાક દશકાથી ભારતીયો વિમાન દ્વારા જે.એફ.કે., ઓ'હર (શિકાગો), કે વેસ્ટફેલ્ડ (આટલાન્ટા) વિમાનમથકે ઊતરીને પણ આ દેશમાં કશેક વસે છે, પણ તેઓ માટે પણ 'ફોબ્સ' શબ્દપ્રયોગ જ થાય છે. સૂચક વાત તો એ છે કે પહેલી પેઢીનાં અહીંનાં ભારતીયો માટે અહીં જન્મીને ઊછરેલ એટલે કે બીજી પેઢીનાં યુવાન ભારતીયો પોતાના સમવયસ્ક વર્તુળમાં 'ફોબ્સ' તરીકે ઉલ્લેખીને ઉપહાસ કરે છે. જેઓ ગ્રીન કાર્ડ પર, કે એફ-૧ વીસા પર અહીં આગળ ભણવા આવેલાં હોય તેમને માટે કે ખુદ એચ-૧ બી વીસા પર આવેલા તકનિકી ડિગ્રી ધરાવનારાઓ માટે પણ આવો ઉલ્લેખ થાય છે. એમને માટે 'ડીસીબીએ' (દેશી કન્ફયૂઝ્ડ બાઈ અમેરિકા) શબ્દ પણ પ્રયોજે છે. પહેલી પેઢીવાળા પોતાને 'એબીસીડી' (અમેરિકન બૉર્ન કન્ફયૂઝ્ડ દેશીસ) કહે છે, તેના પ્રત્યુત્તર રૂપે યોજેલો આ શબ્દપ્રયોગ છે !

'ફોબ્સ'ના ઉલ્લેખ કરનારા એમ માને છે કે, ફોબ્સ અમેરિકામાં રહેવા કરવાની માન્ય રીતરસમો સમજતા નથી. તેમનામાં મેનર્સ નથી. શિષ્ટાચાર દર્શાવવામાં 'દેશી' જેવા જ તરી આવે છે. લન્ચ પછી વાતો કરતા હોય, તો તેમના મોંમાંથી ખાધાની વાસ આવે. કારણ ખાધા પછી તેઓ બરાબર દાંત સાફ કરતાં નથી, કે માઉથફ્રેશર વાપરીને સમૂહમિલનમાં આવતાં નથી. તેઓ ભારતથી સારાંમાં સારાં કપડાં તૈયાર કે સીવડાવીને આવેલાં હોય, પણ પેલા 'પોલિસ્ટર કે ટેરેલીન વસ્ત્રધારી' તરીકે તેમનો ઉલ્લેખ થાય છે. ઇન્ટર્વ્યૂ આપવા કે ઑફિસમાં મળવા આવે ત્યારે જે રીતે ખુરશીમાં બેસે કે વાત કરે તેથી જુદાં જ 'દેશી' છે, એમ જણાઈ આવે છે. ખાસ કરીને અહીં જન્મ્યા હોય કે ઉછેરાયેલા હોય તેવા યુવાન ભારતીયો પહેલી પેઢીના યુવાન ભારતીયો (ભારતથી થોડા સમયથી અહીં આવેલા હોય તેવા)ના જાડા અંગ્રેજી ઉચ્ચારો અને ઉચ્ચારશૈલીનો ઉપહાસ કરે છે. આવી વાત અહીં ઊછરીને આગળ આવેલા તેમજ યુવાવયે પોતાની હાઇ-ટેક કંપની સ્થાપીને તેના સીઈઓ (મુખ્ય તંત્રવાહક) બનેલા 'ભારતીય અમેરિકને' કરી છે.

આ મુદ્દે ભારતીય અમેરિકન કુટુંબમાં અહીં જન્મેલ એક તરુણીના સખત શબ્દોમાં વ્યક્ત થયેલ વિચારો અહીં ઉલ્લેખપાત્ર બને છે તે 'સેન હોઝે મર્ક્યૂરી ન્યૂઝ' (૯મે, ૧૯૯૯)ને આધારે રજૂ કરું છું.

લોસ એન્જેલસમાં આઠમા ગ્રેડમાં ભણતી ૧૪ વર્ષની તરુણી રાગિણી શ્રીનિવાસને એક નિબંધ-હરીફાઈમાં ભાગ લીધો. ત્યારે તેણે લખ્યું કે તે પોતે પોતાને (ભારતીય) નવવસાહતી તરીકે નહિ, પણ 'અમેરિકન' તરીકે ઓળખાવા માગે છે. 'ફ્રેશ ધ બોટ' (ફોબ્સ) પ્રયોગનો ઉલ્લેખ કરીને રાગિણીએ લખ્યું : 'અમે બીજી પેઢીનાં ભારતીય મૂળનાં તરુણ યુવક-યુવતીઓ (એટલે કે એબીસીડી) પેલા ચીકણા વાળ અને ગૂંથેલી લટવાળી યુવતીઓ તેમજ ચંપલ પહેરીને ફરતા અને જાડા ઉચ્ચારો કરતા ભારતીય યુવાનોને તિરસ્કારીએ છીએ.' એણે ઉમેર્યું : 'તેઓ (આવા ડીસીબીએ) અમારામાંના જ એક છે, એમ ગણાવતાં પણ અમને સંકોચ થાય છે.'

સાન ફ્રાન્સિસ્કો સ્ટેટ યુનિવર્સિટીમાં ભારતથી છ માસ પહેલાં આવેલ મિતાલી ઠક્કરથી માંડીને ૧૨ વર્ષ પહેલાં એન.જે. આઈ.ટી.માં અભ્યાસ કરી ચૂકેલ સલીલ કુલકર્ણી અને રટગર યુનિવર્સિટીમાં પીએચ.ડી. મેળવી ચૂકેલા કમ્પ્યૂટર સાયન્ટિસ્ટ વિપુલ કશ્યપને 'એબીસીડી'ની મનોગ્રંથિનો અનુભવ છે. મિતાલી અને સલીલ પહેલી પેઢી કે ભારતથી ભણવા આવેલ પોતાની જેવા વિદ્યાર્થીને માટે 'એબીસીડી' જૂથ 'ફોબ્સ' પ્રયોગ કરે છે, તેથી અજાણ છે. પણ એક જ વયનાં બે જુદી સિસ્ટમનાં સાંસ્કૃતિક પર્યાવરણમાં રહેલ ભારતીય જૂથો વચ્ચેની દૂરી કે અંતર ભારતીય અમેરિકન સમાજના સુગ્રથન માટે બાધારૂપ બને છે. જો કે પેલા યુવાન સીઈઓ અમેરિકી ધોરણે કઢંગા લાગતા ફોબ્સના વ્યાવસાયિક ક્ષમતા વિશે મનપૂર્વક કદર કરે છે, તે સધિયારો આપે તેવી વાત પણ છે. તેઓ કહે છે : 'આવા ફોબ્સ એમની તકનિકી જાણકારી અને સૉફ્ટવેર કૌશલ બાબત આગળ તરી આવે છે. ઑફિસમાં કામ કરવામાં પરિશ્રમશીલ છે તથા ઉદ્યમી કાર્યસંસ્કાર ધરાવવામાં તેઓ ગોરાઓની અડોઅડ ઊભા રહે તેવા છે એટલું જ નહિ, તેમને ય ટપી જાય તેવા અને જવાબદારીભર્યાં પ્રોજેક્ટ બાબત આધારપાત્ર જણાયા છે.'

તાજેતરમાં ભારતીયોના એક ભાગને 'ડૉટકૉમ' (dot caum) તરીકે પણ ઓળખાવવાનું શરૂ થયું છે. આજનો યુગ એ ઇન્ફોર્મેશન ટેક્નોલૉજિ (IT) પર આધાર રાખવા માંડ્યો છે. ઇન્ટરનેટ સાથે સંકળાયેલ કંપનીઓ પોતાના ઇ-મેલને છેડે ડૉટ

(.) કરીને કૉમ (com) લખે છે. જેમ કે, infosys@hotmail.com, Sycamor@aol.com.,amit@taalee.com, microsoft@hotmail.com વગેરે. છેલ્લા દશકામાં અમેરિકામાં સિલિકોન વેલિમાં ઇલેક્ટ્રોનિક્સ ક્રાન્તિ અને કમ્પ્યૂટર-કેન્દ્રી ઇન્ટરનેટ દ્વારા આઈટી ક્રાન્તિ શરૂ થઈ તે વિશ્વમાં ફેલાવા માંડી છે.

અહીં આઈટી ઉદ્યોગ વિકસાવવામાં ભારતીયોએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. વિશ્વની માઇક્રોસૉફ્ટ, ઇન્ટેલ, સિસ્કો, ટિલ્કો, સનમાઇક્રોસિસ્ટમ, સપોર્ટ-કૉમ, એપિનિયન્સ. કૉમ વગેરે બીજી અનેક સફળ ડૉટકૉમ કંપનીઓને આ મુદ્દે નોંધી શકાય. ખુદ વેલિમાં ૪,૦૦,૦૦૦ ટેક્નિકલ કર્મચારીઓ ભારતીયો છે. તો 'મિનિ સિલિકોન વેલિ' તરીકે વિકસવા માંડેલી વૉશિંગ્ટન, ડીસી-મેરિલૅન્ડના પટ્ટામાં પણ આવા ૭૦,૦૦૦ ભારતીયો છે. ૧૯૯૮-૨૦૦૦ દરમિયાન વેલિમાં સ્થપાયેલ ઇન્ફોટેક સ્ટાર્ટ અપ (નવી કંપનીઓ)માં ૪૦ ટકા જેટલી તો ભારતીયોએ શરૂ કરેલી છે. છેલ્લાં પાંચ-છ વર્ષથી હાઇટેક ડિગ્રીને આધારે એચ-૧બી વીસા પર વિશ્વમાંથી જે એથ્નિક પ્રજાઓ આવે છે, તેમાં ૪૦થી ૫૦ ટકા આગંતુકો તો એકલા ભારતીયો જ છે. ભારતમાં પણ સોફ્ટવેર કંપનીઓ અને આઈટી ક્ષેત્રમાં અને મૅનેજમૅન્ટ ક્ષેત્રમાં ભારતીયોએ આવી· ઇન્ફોસિસ જેવી સફળ 'ડૉટ-કૉમ' કંપનીઓ સ્થાપીને ભારતમાં અને અમેરિકામાં આદરપાત્ર સ્થાન મેળવવા માંડ્યું છે. આથી ભારતીયો હવે 'ડૉટ કૉમ્યુનિટી' તરીકે અમેરિકામાં અને. વિશ્વભરમાં ઊપસી આવ્યા છે. ટાઇમ્સ ઑવ્ ઇન્ડિયાના ઊંડા વિશ્લેષણ માટે જાણીતા કટારલેખક સંજય બારૂએ આ સંદર્ભમાં હિન્દી 'કૌમ' (કોમ)ને, આવી ડૉટ.કૉમ કૉમ્યૂનિટીને, 'ડૉટ કૌમ' તરીકે ઓળખાવી છે. વિશ્વના ઇતિહાસમાં સૌથી મોટી સંખ્યામાં શ્રીમંતો થયા હોય તો તે આ છેલ્લા દશકામાં અને તેમાંય ૨૫થી ૪૦ વર્ષના એટલે કે યુવાન વયે આટલા બધા અબજોપતિ (માત્ર લાખોપતિ નહિ) છેલ્લાં ચાર-પાંચ વર્ષ દરમિયાન જ નોંધાયા છે. આવા ઇ-બિલ્યોનેરમાં, (ઇ-મેલ-ઇન્ટરનેટના રૂટથી અબજોપતિ બનેલા) સંજય સિંઘુ, વિનોદ ખોસલા, હૉટમેલ-કૉમવાળા સબીર ભાટિયા, મ્યૂઝિક સિસ્ટમના જનક બોઝ, બાપ-દીકરા સાયકામોર કૉમવાળા ગુરુરાજ દેશપાંડે, આવા અબજોપતિ છે. ગુજરાતીઓમાં ડૉટ. કૉમ ભારતીયોમાં જેમની નોંધ લેવાઈ છે તેમાં સામ પિત્રોડા, મૂકેશ પટેલ, નીરવ ટોલીઆ, અજય શાહ, રાજ પારેખ, રાજ દોશી, નિમિષ મહેતા, રાજ જેઠવા જેવાને ગણી શકાય. ભારતીયો માટે 'વ્હીઝ કીડ' પરિભાષા પણ વપરાય છે. કેટલીક મહિલાઓની પણ ડૉટ. કૉમ ભારતીયોમાં અગ્રિમ ઉદ્યોગપતિ મહિલાઓ તરીકે નોંધ લેવાઈ છે, જેમને ઇન્ડિયન એક્સપ્રેસના વૉશિંગ્ટન સંવાદદાતા ચિદાનંદ રાજઘટ્ટાએ 'femme' fe'ti'e (સમર્થ નીવડેલી મહિલાઓ) તરીકે પરિચય આપ્યો છે. વાણી કોલા, વિનિતા ગુપ્તા, લતા કૃષ્ણન્ અને છેલ્લે રાધા બાસુ આવી અગ્રિમ ડૉટ કૉમ ઉદ્યોગપતિઓ છે. કેટલીક ભારતીય કંપનીઓ વિશ્વભરમાં સૉફ્ટવેર ક્ષેત્રમાં મહત્ત્વ પ્રાપ્ત કરવા માંડી છે. તેથી તેઓનો Globocorp (અમેરિકા જેવી એકધ્રુવી મહાસત્તાને ગ્લોબોકોપ Globocop - 'પોલીસદાદા' કહેવાય છે, તે પરથી આ પરિભાષા યોજાઈ છે)ગ્લોબોકૉર્પ કે વૈશ્વિક કંપની તરીકે ઉલ્લેખ થયો છે.

સૂચક બિના એ છે કે જેઓ (પહેલી પેઢીના) 'ફોબ્સ' તરીકે પહેલાં ઓળખાતાં, તેમાંનાં જ ઘણાંએ તાજેતરમાં આદરપાત્ર બનેલી એવી આ 'ડૉટકૉમ' ઘટનાને આકાર આપ્યો છે.

એક બીજી બાબત પણ નોંધવાપાત્ર છે. અહીં ઉછરેલ બીજી પેઢીના બધા તરુણો-યુવાનો 'ફોબ્સ' જેવી પરિભાષાથી ભારતથી અહીં આવેલાં લોકોનો તુચ્છકારભાવથી ઉલ્લેખ કરતાં નથી. ઘણાં બીજી પેઢીના યુવક-યુવતીઓ સ્વામિનારાયણ અને સ્વાધ્યાય જેવાના સંસ્કારને કારણે પોતાનાં માબાપની કાળજીને લીધે સંસ્કૃત ભાષામાં શ્લોકો ઉચ્ચારે છે, હિન્દુ ધર્મના આચારવ્યવહાર કરે છે. ઘણાં 'જે સી કૃષ્ણ', 'જે સ્વામિનારાયણ' કહે છે. વડીલોને અને એમના મિત્ર-સંબંધીઓ પ્રતિ માનથી વર્તે છે. અહીં આ યુવાનો જેમ જેમ મોટા થાય છે તેમ તેમ સ્કૂલ-મિડીઆ-સમવયસ્કોના અમેરિકન પ્રભાવથી થોડા મુક્ત થાય છે. કારણ અમેરિકન મધ્યપ્રવાહમાં પૂરાં ભળી જવાના કે પૂરા અમેરિકન થઈ જવાનું પસંદ કરનાર ભારતીયોને પણ એક તબક્કે ભાન થાય છે કે ગોરાઓ જ તેમને સામાજિક રીતે અપનાવવા તૈયાર નથી. પેલો ચામડીના રંગનો ભેદ બંને સમાજને અલગ રાખે છે. પોતે બ્રાઉન કે શ્યામ છે, એમ ગોરા પરિચિતો અને મધ્યપ્રવાહ તેમને અંદરોઅંદર ગણે છે. એટલે, અને ભારતીયોની ઉપર ઊપસતી આવતી છાપને કારણે પણ એકંદરે તો, ભારતીય સમાજની ખીચડીમાં જ બીજી પેઢીનું ઘી ઢળે, તેવી આશા પણ રખાય છે !

લોકશાસક ગાંધી

૧૯૪૩માં બંગાળમાં પડેલા કારમા દુકાળે લાખ્ખો લોકોની તબાહી સર્જી હતી. આ સમય દરમિયાન ગાંધીજી પૂનાના આગાખાન મહેલમાં નજરકેદ હતા. ૧૯૪૪ની પાંચમી મેએ તેમને થયેલા ભારે ઝેરી મલેરિયાના તાવને કારણે જેલમુક્ત કરવામાં આવ્યા ત્યારે જેલમાંથી છૂટીને શક્ય તેટલા વહેલા બંગાળ પહોંચી જવા તેમણે વિચાર્યું. બંગાળના ખેડૂતોની બેહાલ પરિસ્થિતિ માટે તેઓ ભારે ચિંતિત હતા. દેશનું રાજકીય વાતાવરણ ત્યારે અતિ તંગ હતું. વિવિધ પક્ષના નેતાઓ અને બ્રિટિશ હકૂમતના પ્રતિનિધિઓ વચ્ચે ભારતની આઝાદી વિષે જોરશોરથી સક્રિયપણે મંત્રણાઓ ચાલી રહી હતી. આ બધી ઐતિહાસિક ઘટનાઓ તો ખૂબ જાણીતી છે. પણ તે ગાળા દરમિયાનની ગાંધીજીના વ્યક્તિત્વની દ્યોતક એવી બે નાનકડી ઘટનાઓની જાણ ઘણાં ઓછાને હશે.

દેશના જુદા જુદા પક્ષના નેતાઓ લૉર્ડ વેવલ કે અન્ય શાસક પ્રતિનિધિઓ સાથે મસલતોમાં ગળાડૂબ હતા ત્યારે ગાંધીજી તો આ પરત્વે નિષ્ફિકર રહી બંગાળ-આસામની મુલાકાત દરમિયાન ત્યાંનાં ગરીબ ગ્રામજનો અને ખેડૂતોને મળવામાં અને તેમની હાડમારીઓ અને દર્દભરી વાતો સાંભળવામાં વ્યસ્ત હતા. એક સવારે હુગલી જિલ્લાના ખેડૂતો તેમની પાસે ફરિયાદ લઈને આવ્યા કે બટાટાના વાવેતર માટેની મોસમ પૂરી થવા આવી હોવા છતાં બટાટાના બિયારણના મોટા વેપારીઓ પાસેથી બિયારણ મેળવવું લગભગ અશક્ય હતું અને એકાદ અઠવાડિયામાં જ જો બિયારણ ન મળે તો આખા વરસનો બટાટાનો પાક તેઓ ગુમાવે અને તેમના કુટુંબો ભૂખે મરે. તેઓએ ગાંધીજીને આ બાબતમાં કાંઈક કરવા વિનંતિ કરી.

તે સમયે સુધીર ઘોષ નામનો માંડ પચ્ચીસેક વરસનો એક બંગાળી તરવરિયો લબરમૂછિયો યુવાન ગાંધીજીના અંગત દૂત તરીકેની ફરજ બજાવતો હતો. ગાંધીજીને તેની કુનેહ, સમજદારી અને નિષ્ઠામાં અટલ શ્રદ્ધા હતી. સુધીરને તે સમયના બંગાળના ગવર્નર આર.જી. કોઝીનો પરિચય હતો અને તેમની સાથે મીઠા સંબંધો હતા. ગાંધીજીએ તરત જ કોઝી પર એક પત્ર લખી ખેડૂતોને બટાટાનું બિયારણ તાકીદે મળે તેવી વ્યવસ્થા કરવા વિનંતી કરી અને તે પત્ર સાથે તરત જ ગવર્નરને રૂબરૂ મળવા અને આ બાબતમાં સક્રિયપણે તાત્કાલિક પગલાં લેવા સુધીરને આદેશ આપ્યો. સુધીરે ગવર્નમેન્ટ હાઉસ પર જઈ ગવર્નરની મુલાકાત માગી.

એ જમાનામાં ગવર્નરો તે મહારાજાઓ હતા અને એમ વાતવાતમાં તેમની મુલાકાત એ તો લગભગ અશક્ય જ. ગવર્નરના સેક્રેટરી શ્રી જે.ડી. ટાઇસને તો આવી કોઈ મુલાકાત માટેની ના પાડી એટલે સુધીરે જણાવ્યું કે તેમને બટાટાના બિયારણ માટે ખેડૂતોને તાત્કાલિક જોગવાઈ કરી આપવા માટે તે ગવર્નરને મળવા માગતા હતા અને તેની પાસે તે બાબત અંગેનો ગાંધીજીનો પત્ર પણ હતો. સેક્રેટરી તો બટાટાના બિયારણની જોગવાઈ માટે ગવર્નરની મુલાકાતની વાત સાંભળીને આભો જ બની ગયો. તેમ છતાં સુધીરના હાથમાં તો ગાંધીજીના હસ્તાક્ષરમાં - Immediately - તાત્કાલિક શબ્દ લખેલો પત્ર જોઈને ટાઈસન ગવર્નરની ચેમ્બરમાં ગયા અને ગાંધીજીનો પત્ર લઈને તેમના દૂત તરીકે સુધીર ઘોષ મળવા માગતા હતા તે વાત કરી. એટલે સુધીર ઘોષને તરત જ અંદર બોલાવવામાં આવ્યા અને તેને જોતાવેંત જ ગવર્નરે પૂછ્યું, 'અરે સુધીર, આ બટાટાના બિયારણની શી સમસ્યા છે ?' સુધીરે તેમને ખેડૂતોની બટાટાના બિયારણની શી સમસ્યા છે ?' સુધીરે તેમને ખેડૂતોની બટાટાના બિયારણ માટે તાતી જરૂરિયાતની માંડીને વાત કરી અને તે પરત્વે ગાંધીજી કેટલા ચિંતિત હતા અને ખેડૂતોને વાજબી ભાવે બિયારણ મળી રહે તેવી વ્યવસ્થા માટે કેટલા આતુર હતા. તે જણાવ્યું ટાઇસને ઘડીભર તો માથું ખંજવાળીને તરત જ ખેતીવાડી ખાતાંના સેક્રેટરી સુનીલ દત્તને બોલાવ્યા અને ખેડૂતોને વિનાવિલંબે બટાટાનું બિયારણ વાજબી ભાવે મળી રહે તેવી વ્યવસ્થા કરવા આદેશ આપ્યો. તાત્કાલિક નિર્ણય લેવામાં આવ્યો કે સુધીર ઘોષ અને સુનીલ દત્તે સીધા જ ઉત્તર કલકત્તાના નિમતોલા 'પોસ્ટ પોટેટોઝ માર્કેટ' પહોંચી જવું અને શ્રી દત્તે સરકારી અધિકૃત સચિવ તરીકે સરકારના 'ઇમરજન્સી પાવર'ને આધારે બજારમાંના બટાટાના બિયારણનો જથ્થો કબજે કરવો. બટાટાના બિયારણના મોટા વેપારીઓએ મોટો નફો મેળવવા માટે બિયારણની કૃત્રિમ તંગી ઊભી કરી હતી. વેપારીઓ તો લાલ પટ્ટીધારી સરકારી ચપરાસીઓ અને ખુદ સચિવને જોઈને ડઘાઈ જ ગયા. શ્રી સુનીલ દત્તે એક લાકડાના ખોખા પર ઊભા રહીને એક સાદા કાગળ પર ફરમાન લખી કાઢ્યું કે, આથી હું સરકારી સચિવ સુનીલ દત્ત ભારત સંરક્ષણ ધારાની કલમ પ્રમાણે બટાટાના બિયારણનો બધો જ જથ્થો જપ્ત કરું છું. સરકારી સિક્કો સાથે લેવાનું શ્રી દત્ત ભૂલી ગયા હતા એટલે તેમણે ફરમાન લખેલ કાગળની નીચે એક વર્તુળ દોરી તેની નીચે તેમની સહી કરી. આ ફરમાન તેમણે ચપરાસી પાસે બધાની નજરે પડે તેમ એક દીવાલ પર ચોંટાડાવ્યું. સુધીરને હતું કે વેપારીઓ આવા કોઈ ફરમાનને ગાંઠશે નહીં. વેપારીઓની સાન તરત જ ઠેકાણે આવી અને તરત જ તેમણે વાજબી ભાવે બટાટાના બિયારણનું વેચાણ શરૂ કરી દીધું. તે ખરીદવા ખેડૂતોની કતાર લાગી. સાંજે ગાંધીજી પાસે આવી સુધીરે જણાવ્યું કે ૨૫૦ મણ બિયારણનું

(અનુસંધાન પૃ. ૬૫૫)

આંગણાનો શણગાર

કાન્તિ કાપડિયા

માનવજાતના વિકાસ સાથે અનેક સંસ્કૃતિઓનો વિકાસ થયો. એ સંસ્કૃતિઓની છાયા નીચે લલિત કલાઓનો પણ વિકાસ થયો. સાચી લલિત કલા એ જ કે જે જીવનમાં ઓતપ્રોત થઈ વણાઈ જાય.


ભારત દેશની સંસ્કૃતિ એટલે ગ્રામ સંસ્કૃતિ. ગામડું જ એનું એકમ. આજે શિક્ષણ મોટે ભાગે સ્કૂલ-કૉલેજ-વિશ્વવિદ્યાલય મારફતે મળે છે. અને એ સ્કૂલ-કૉલેજ-વિશ્વવિદ્યાલય ભારતમાં અંગ્રેજ સત્તા રાજકર્તા બની ત્યારથી વિકસ્યાં છે. જોકે ભારતમાં નાલંદા અને તક્ષશિલા વિશ્વવિદ્યાલય હતી, પરંતુ જુદા પ્રકારની. જ્યારે ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં અંગ્રેજ સરકારને ભારતમાં રાજ્યભાર ચલાવવા માટે અંગ્રેજી જાણનાર માણસોની જરૂર પડી ત્યારે બ્રિટિશ સરકારે ભારતમાં મેકોલેને મોકલ્યા અને એમણે ભારતનાં ચાર શહેરો - મુંબઈ-મદ્રાસ-કલકત્તા અને લખનઊમાં વિશ્વવિદ્યાલયની યોજના ઘડી કાઢી. એ સાથે ચાર સ્કૂલ ઑવ્ આર્ટની પણ રચના કરી. એ સ્કૂલ ઑવ્ આર્ટમાં પાશ્ચાત્ય પદ્ધતિથી કલાશિક્ષણનો પ્રારંભ કર્યો અને એ કલાશાળાઓમાં તે તે પ્રદેશની કલાકારીગરીના શિક્ષણનો પણ પ્રબંધ કર્યો. આજે એ કલાસંસ્થાઓ હયાત છે. ઉપરાંત બીજી અનેક કલાશાળાઓ પણ અસ્તિત્વમાં આવી છે અને કલાશિક્ષણ અપાય છે. દા.ત. વડોદરા કલા મહાવિદ્યાલય, ટાગોરનું શાંતિનિકેતન, દિલ્હીનું કલા મહાવિદ્યાલય વગેરે.

આર્યો (ઈ.સ. પૂર્વે ૩૦૦૦ વર્ષ) પોતાની સાથે આર્ય સંસ્કાર અને તેની દ્યોતક આર્ય ભાષા સંસ્કૃત ભાષા લાવ્યા. આમ તો ભારત ભિન્ન ભિન્ન પ્રાંતમાં અને પ્રદેશમાં વહેંચાયેલો હતો. પ્રદેશના રાજકર્તાઓ એકબીજા સાથે લડાઈઓ પણ કરતા હતા. તો વળી પ્રાદેશિક ભાષા પણ એકબીજાથી જુદી હતી. પરંતુ જેને ધર્મ કહીએ તે એક હતો - આર્ય ધર્મ-સનાતન ધર્મ. સાથે ધાર્મિક ભાવના પણ એક હતી અને ધર્મસંસ્કારની ભાષા એક હતી. સંસ્કૃત ભાષાથી પ્રજા જોડાયેલી હતી, જેનાં મૂળ ઊંડાં હતાં. એટલે કાશ્મીરથી કન્યાકુમારી અને સૌરાષ્ટ્રથી અરુણાચલ સુધી સંસ્કૃત ભાષા અને આર્ય સંસ્કૃતિનો પ્રભાવ હતો. સમગ્ર પ્રજા એ રીતે જોડાઈ હતી. આર્ય સંસ્કૃતિ આ રીતે સમગ્ર ભારતવર્ષમાં પથરાયેલી હતી.


અગાઉ જણાવ્યા પ્રમાણે આર્ય સંસ્કૃતિ એટલે ગ્રામ સંસ્કૃતિ. લોકોમાં અક્ષરજ્ઞાન નહિવત્ હતું. બ્રાહ્મણો ભણતા અને ભણાવતા. બાકીની પ્રજા નિરક્ષર જરૂર હતી, પરંતુ સંસ્કારી હતી.

દરેક ગામમાં દેવમંદિર હતું. પ્રજા મોટે ભાગે સામાન્ય ઘર કે ઝૂંપડામાં કે નાના ઘરમાં રહેતી. મંદિરમાં સંગીત - નૃત્ય-નાટ્ય-કથાવાર્તા ચાલુ રહેતાં. એ કથાકાર પૌરાણિક કથાઓ-રામાયણ-મહાભારત-ભાગવત્ ઇત્યાદિ આમજનતાને સંભળાવતા. કન્યાઓ આજની દૃષ્ટિએ ભણેલી નહોતી. પરંતુ દરેક કન્યાનું મૂલ્યાંકન એના સંસ્કાર પરથી અંકાતું. રાંધણકલા, સુશોભનકલા, ગરબા-રાસ, લગ્નગીતો, ભરતકામ સાથે અન્ય આવડત જે કન્યામાં હોય તેની વાહવાહ થતી.


ઘરને શણગારવું, આંગણાને સ્વચ્છ અને સુશોભિત રંગોળી-સાથિયાથી આકર્ષક બનાવવું એ દરેક સ્ત્રી અને કન્યાનું કર્તવ્ય હતું;




આલેખન : રાજેશ્વરી



સાથિયા (ગુજરાત) આલેખન : વાસુદેવ સ્માર્ત (સૌજન્યથી)



કૉલમ (દક્ષિણ ભારત) આલેખન : વાસુદેવ સ્માર્ત (સૌજન્યથી)



અલ્પના (બંગાળ) આલેખન : વાસુદેવ સ્માર્ત (સૌજન્યથી)

પછી તે ગરીબ હોય કે તવંગર બધાના મૂળ સંસ્કાર સરખા હતા. લગ્ન અને ઇતર પ્રસંગે ગવાતાં ગીતો મોટે ભાગે કંઠસ્થ હતાં. વારતહેવારે સરસ રસોઈ બનાવવી એ પણ એક મોટો ગુણ હતો. વૈષ્ણવ મંદિરોમાં દરેક તહેવાર ધામધૂમથી ઉજવાતો અને તેમાંથી પ્રેરણા મળતી. નવરાત્રીમાં ગરબા-રાસની રમઝટ બોલતી. દિવાળી, હોળી, મકરસંક્રાંતિ, વસન્તપંચમીને અનુરૂપ નાચગાન, રમતગમતથી જીવન ભર્યું ભર્યું રહેતું. ટૂંકમાં, જીવનના આનંદમાં સ્ત્રી-કન્યા મધ્યસ્થ રહેતી. દરેક કન્યાને સીતા-સાવિત્રી-દમયંતી-દ્રૌપદી જેવી આદર્શ નારી બનવાની મહેચ્છા રહેતી.

૧૯૭૦માં વડોદરાની અમારી ફાઇન આર્ટ્સ કૉલેજના વિદ્યાર્થીઓ સાથે મારે કર્ણાટકના બેલૂર - જેનાં શિલ્પો ભારતીય શિલ્પકાલનું ઉજ્જવળ પાસું છે તે જોવા અને ડ્રૉઇંગ-સ્કેચ-ફોટોગ્રાફ વગેરે વડે નિરીક્ષણ કરવા ગયેલા. અમારા નિવાસસ્થાનથી થોડે દૂર સ્નાનાદિ કાર્ય માટે વહેલી સવારે જતાં ત્યારે પાછા ફરતા દરેક ઘરના આંગણામાં રંગોળી જોઈ મન તૃપ્ત થતું.

આ જ પ્રમાણે ભારતના દરેક પ્રાન્તનાં ગામડાંઓમાં આંગણું વાળી-ઝૂડી પાણી છાંટી સુંદર રંગોળીઓ પુરાતી. તેમાં વળી દિવાળી જેવા પર્વ પર તો રંગોળીની હરીફાઈ પણ યોજાતી. આજે આ બધા સંસ્કાર લુપ્ત થતા જોઉં છું ત્યારે મનમાં દુઃખ થાય છે. પાશ્ચાત્ય સંસ્કૃતિના આગમન સાથે આપણી આવી સાંસ્કારિક પ્રવૃત્તિ લુપ્ત થતી જાય છે. લલિત કલા અને ઇતર કલાઓ જીવનમાં અદૃષ્ટ થઈ મ્યૂઝીઅમોમાં જ સંઘરાઈ છે. ગામડું અને ઘર જે જીવનનું મધ્યબિંદુ હતું તે લુપ્ત થઈ શહેરોમાં યંત્રવત્ જીવન બન્યું છે. અને રંગોળી આંગણાના સંસ્કારરૂપે જે જીવનમાં ઓતપ્રોત હતી તે કાં તો મ્યૂઝીઅમમાં નમૂનારૂપે યા પુસ્તકોમાં જ જોવા મળે છે.

આ રંગોળી તે કેવી? દરેક પ્રાંત અને પ્રજાની જુદી જુદી રીતે તે વિકાસ પામી હતી : ગુજરાત-મહારાષ્ટ્રના મીંડાંવાળા સાથિયા અને રંગોળી, રાજસ્થાનનાં માંડણાં, દક્ષિણ ભારતનાં કોલમ, બંગાળની અલ્પના, વૈષ્ણવ મંદિરમાં પુરાતી સાંઝી, ગોકુળાષ્ટમીના

પર્વ વખતે દોરાતી વિશિષ્ટ રંગોળી, ભગવાન શ્રીકૃષ્ણની ષષ્ટી વખતે ભીંત પર દોરાતું ષષ્ટીચિત્ર. દેવમંદિરોમાં ઉત્સવપ્રસંગે જમીન પર દોરાતાં ચિત્રો ! આ બધા આપણા આંગણાના શણગાર કહી શકાય. ગામડામાં હજી પણ વારતહેવાર અને લગ્ન ઇત્યાદિ પ્રસંગે ઘર આગળની દીવાલ પર જુદી જુદી રીતે સફેદ ખડીચિત્રો કરવામાં આવે છે. એ પણ રંગોળીનો પ્રકાર છે.

રંગોળી બે રીતે દોરવામાં આવે છે. આરસના બારીક પાઉડર, જેને કરોઠી કહેવામાં આવે છે, તેનાથી અંગૂઠા અને એની બાજુની આંગળી ભેગી કરી ચપટીથી તે દોરવામાં આવે છે.

સૌરાષ્ટ્રમાં ગામની વચ્ચે આવેલા ચોરાની સામે વડપીપળાનું ઝાડ હોય તેની આજુબાજુ ચોતરો હોય, તેના પર પણ સુન્દર રંગોળી થાય છે. મહારાષ્ટ્રનાં વારલી લોકો લગ્ન જેવા શુભપ્રસંગે ઘરની ભીંત પર જે ચિત્રો કરે છે તે પણ રંગોળીનો જ પ્રકાર છે. બંગાળમાં ચૂનો અથવા ખડી અથવા ચોખાના લોટને ભીજવી સફેદ નીતરતો રંગ બનાવે છે. હાથમાં કપડું લઈ રંગમાં ભીંજવી આંગળી અને અંગૂઠા વડે જે ફ્રી હેન્ડ સુશોભન થાય છે તેને આપણે અલ્પના તરીકે ઓળખીએ છીએ. બાંગાળામાં ટાગોરના શાંતિનિકેતનમાં વિખ્યાત ચિત્રકાર નંદબાબુની દીકરી ગૌરીએ ખૂબ જ સરસ અલ્પના કરી હતી અને વિકસાવી હતી.

રાજસ્થાનમાં ઘેરા બેકગ્રાઉન્ડ પર છાણમાટી વડે ભીના સફેદ રંગ વડે ખૂબ જ સુન્દર સુશોભનો કરવામાં આવે છે, જેને માંડણાં કહેવામાં આવે છે. સાંઝી ખાસ કરીને વૈષ્ણવ મંદિરમાં કાગળના ટેન્સિલ અંદર પાઉડર રંગોથી વસ્ત્રગાળ બારીક ચૂર્ણ કરી પૂરવામાં આવે છે. તેમાં ઝાડપાન, હાથી, ઘોડા, ગાય અદ્‌ભુત રીતે આલેખેલાં હોય છે. ખાસ કરીને ભગવાન શ્રીકૃષ્ણના બાળલીલાના પ્રસંગો એમાં સમયેલા છે. ગુજરાત અને ગોકુલ-મથુરાના મંદિરોમાં એ પુરાય છે.

આ રંગોળી પર આપણી લોકચિત્રણકલા ઉપરાંત મુઘલો હિંદમાં આવ્યા તેની સાથે ઈરાની ડિઝાઈનો લઈ આવ્યા તેનો પણ ઘણો પ્રભાવ પડ્યો છે.

રંગોળીનું ભલે લલિત કલામાં સ્થાન ન હોય, પરંતુ લોકકલાનો તે ઉત્કૃષ્ટ નમૂનો છે અને એક સમયે સમગ્ર દેશમાં છવાઈ ગઈ હતી. પાશ્ચાત્ય સંસ્કૃતિ અને રહેણીકરણીના ઉદય સાથે એ લુપ્ત થતી જાય છે. આમ છતાં ગુજરાતનાં ગામડાંઓમાં અને દેશના અન્ય પ્રાન્તનાં ગામડાંઓમાં હજી જોવા મળે છે એ આપણું સદ્‌ભાગ્ય કહેવાય. ખાસ કરીને કન્યાઓના શિક્ષણમાં જો એને સાંકળી લેવામાં આવે તો જરૂર સચવાઈ રહે. નૃત્ય-નાટ્ય-સંગીત-ચિત્ર-શિલ્પ જે જે દેશમાં ચાલુ છે તે તે દેશમાં તેની સંસ્કૃતિનો તે અમૂલ્ય વારસો છે તેમ ગણી તે સચવાય તેની તાતી જરૂર છે. ❐

લઘુકથા

સ્વભાવ શિશુ

બહાદુરભાઈ જ. વાંક

એક કૉલેજમાં તત્ત્વજ્ઞાનના કેટલાક વિદ્યાર્થીઓએ ગુરુ બજુવાને પૂછ્યું : 'આપની અધ્યાત્મ વિચારણાનો મૂળભૂત પાયો શું છે ? અથવા તો આપના તત્ત્વજ્ઞાન વિશે અમને કંઈક સમજાવો.'

'મારે મન અધ્યાત્મ એ જટિલતાનો કોયડો નથી, પણ મુક્તિનું ગાન છે. એટલે જ હું તમને ધ્યાન કે પૂજાપાઠ માટે ભલામણ કરતો નથી, પણ રવીન્દ્રનાથની ગીતાંજલિનાં ગીતો ગણગણવાં કે ગાવાં માટે અનુરોધ કર્યા વગર રહી શકતો નથી. હું અધ્યાત્મને વધારેમાં વધારે સરળ-સહજ બનાવવા જ હંમેશાં પ્રયત્નશીલ રહું છું.'

'પ્રયત્નશીલ એટલે ? જ્યાં પ્રયત્ન કરવો પડે ત્યાં સરળતા સહજતા ટકી શકે ખરી ?' એક બુદ્ધિશાળી વિદ્યાર્થીએ પૂછ્યું.

ગુરુએ તેનો વાંસો થાબડી ધન્યવાદ પાઠવ્યા, અને બોલ્યા : 'મારે મન પ્રયત્ન એટલે જ જાગૃતતા – હોશ' ને પોતાની સાધના-પ્રક્રિયા વિષે સ્પષ્ટતા કરતાં ઉમેર્યું : 'હું ખુલ્લી આંખે જે જોઉં છું, તે જ બંધ આંખે જોઉં છું. ને બંધ આંખે જે જોઉં છું, તે જ ખુલ્લી આંખે.... બોલો, આમાં કંઈ પણ તમને જટિલતા જેવું લાગ્યું ?'

એક વિદ્યાર્થીએ પૂછ્યું : 'તમે ખુલ્લી અને બંધ આંખે એકસરખું જ જોઈ શકો છો, તો પછી તમારે આંખ બંધ જ શા માટે કરવી જોઈએ ?'

પ્રશ્ન સાંભળી ગુરુ હસી પડ્યા : 'તમારી વાત સાચી છે. પણ એક સ્પષ્ટતા કરું. હું આંખ બંધ કરતો નથી, પણ અનાયાસે જ બંધ થઈ જાય છે. જે આપણે કરવું પડતું નથી, પણ આપણાથી થઈ જાય છે, એ છે આપણો સ્વભાવ. હવે હું તમને પૂછું છું કે સ્વભાવનું તે કોઈ તત્ત્વજ્ઞાન હોઈ શકે ખરું ? સ્વભાવને વિચાર સાથે નહીં, શ્વાસ સાથે નિસબત હોય છે.'

'તો પછી માણસો સહજ-સરળ કેમ નહીં બની શકતાં હોય ?' પાછું એક વિદ્યાર્થીએ પૂછ્યું.

ને બજુવા ઉવાચ : 'કંઈક બનવાની અને પ્રાપ્ત કરવાની ઘેલછામાં માણસોએ એના જ 'સ્વભાવ શિશુ'નું ગળું ટૂંપાવી નાખ્યું છે ને એટલે !'

❐

પોસ્ટકાર્ડની વિવિધતા


આપણા સંદેશાવ્યવહારમાં જેનો વધુ ઉપયોગ થાય છે એ પોસ્ટકાર્ડની વિવિધતાના કેટલાક નમૂના

ભારતમાં આઝાદી પહેલાં ઘણાં નાનાં-મોટાં રજવાડાં હતાં. તેમાંનાં કેટલાંકને તેમના રાજ્યમાં વપરાતાં પોસ્ટલ સ્ટેમ્પના-દસ્તાવેજ સ્ટેમ્પ, પોસ્ટ કાર્ડ વગેરે હતાં અને બ્રિટિશ રાજ્યઅમલ સાથે સાથે સમાંતરે એ ભારતમાં વપરાશમાં ચાલુ રહ્યાં હતાં. તેમાંનાં એક સંસ્થાન જૂનાગઢનું પોસ્ટ કાર્ડ - તેમાં જૂનાગઢ સંસ્થાનનો સિમ્બલ છે, જેમાં ગિરનો સિંહ અને તેને પડછે ગિરનારની ગિરિમાળા વચ્ચે ઊગતો સૂર્ય દર્શાવ્યાં છે. સિંહના પ્રતીકવાળી અડધા આના (હાલના લગભગ સવાત્રણ પૈસા)ની પોસ્ટલ-સ્ટેમ્પ પર સૌરાષ્ટ્ર-દેલવાડાની પોસ્ટલ-રદ્દીકરણની છાપ દેખાય છે. બીજું પોસ્ટ કાર્ડ મોરબી સ્ટેટનું છે, જેના પરના સિમ્બલમાં ડાબે-જમણે હરણ અને વાઘ તથા મથાળે ઘોડાનાં પ્રતીક છે. નીચે 'મોરવી સ્ટેટ' છાપ્યું છે. પોસ્ટલ સ્ટેમ્પ તે સમયના રાજવીના ફોટાવાળી છે.

બ્રિટિશ અમલ દરમિયાનનાં ચાર પોસ્ટ કાર્ડ : પહેલું ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું, જેમાં આજુબાજુ બે સિંહવાળો બ્રિટિશ સિમ્બલ અને તે સમયના બ્રિટિશ રાજવીના પ્રતીકવાળી ¼ આના (ક્વાર્ટર આના)ની પોસ્ટલ-સ્ટેમ્પ તથા પોસ્ટલ રદ્દીકરણની છાપ સ્પષ્ટ દેખાય છે. બીજું પોસ્ટ કાર્ડ બ્રિટિશ રાજ્યકર્તા રાણી વિક્ટોરિયાની ત્રણ પાઈ (૧ રૂપિયો = ૧૯૨ પાઈ)ની કિંમતની પોસ્ટલ સ્ટેમ્પવાળું છે અને એ પોસ્ટકાર્ડની ડાબી બીજુ ગણપતિનું ચિત્ર છાપેલું છે. એ સમયે પોસ્ટ કાર્ડ પર ભારતનાં પૌરાણિક દેવદેવીઓનાં ચિત્રાંકનો થતાં. બીજા કાર્ડ પર શિવશક્તિ પરિવાર ચિત્રિત થયો છે અને એ સમયના બ્રિટિશ રાજવી આઠમા એડવર્ડની ૩ પાઈની કિંમતની પોસ્ટલ સ્ટેમ્પ, રદ્દીકરણની છાપ સાથે, સ્પષ્ટ દેખાય છે. ચોથું પોસ્ટકાર્ડ બ્રિટિશ સિમ્બલ સાથેનું પંચમ જ્યોર્જની ૯ પાઈની કિંમતની પોસ્ટલ-સ્ટેમ્પવાળું છે, જેના પર રદ્દીકરણની છાપ જોઈ શકાય છે.



બ્રિટિશ અમલ દરમિયાનનાં પોસ્ટકાર્ડ



જૂનાગઢ અને મોરબી સંસ્થાનનાં પોસ્ટ કાર્ડ

સંગ્રાહક મહેશ ડી. પંડ્યા :(અમદાવાદ)


એક મનોહર કલાસંસ્થાન

કેટલાક ધર્મ-સંપ્રદાયોએ એક યા બીજી રીતે કલાકારીગરીને પોષી છે તે તેમનું જમા પાસું છે. જૈન ધર્મે પણ દેરાસરો, પોથીઓ આદિમાં પોતાના ધર્મનિમિત્તે કાષ્ઠકલા, ચિત્રકલા, શિલ્પકલા આદિને પ્રશંસનીય પ્રોત્સાહન અને પોષણ પૂરું પાડ્યું છે. આવા કલાપરક અભિયાનમાં તે તે ધર્મના શ્રેષ્ઠીઓની દીર્ઘદષ્ટિ અને ઉદાર સખાવતનો ઉમદા ફાળો રહેલો હોય છે.

આ પરંપરામાં પાલીતાણા ખાતે એક સુન્દર અને વૈવિધ્યસભર 'શ્રી વિશાલ જૈન કલા સંસ્થાન' ઊભું કરવામાં આવ્યું છે. આ કલાસંસ્થાનની પ્રેરણા આચાર્ય શ્રીમદ્ વિશાલસેન સૂરીશ્વરજી મહારાજ સાહેબ પાસેથી મેળવીને શ્રેષ્ઠીવર્ય શ્રી મયાભાઈ ઠાકરશી શાહ તથા શ્રીમતી માણેકબહેન મયાભાઈ શાહની પુણ્ય સ્મૃતિમાં તૈયાર કરવામાં આવ્યું છે.

આ વિશાલ સંગ્રહાલયમાં આદીશ્વર ભગવાન શ્રેયાંસકુમાર, મહાવીર ચ્યવન કલ્યાણક, શ્રી અષ્ટપાદ તીર્થ, મહાવીર જન્મ કલ્યાણક, મહાવીર દીક્ષા કલ્યાણક, શ્રી અષ્ટપાદ તીર્થ, મહાવીર જન્મ કલ્યાણક, આદેશ્વર ભગવાનના ખૉળામાં ભગવાન મહાવીર, શ્રી પાર્શ્વનાથ ભગવાન, સિદ્ધચક્ર સાથે ચોવીસ તીર્થંકરો, શ્રી ગૌતમસ્વામી, સ્થૂલિભદ્ર અને રૂપકોષા, ચંદ્રકૌશિક સર્પ, શાલીભદ્ર અને ધન્નાજી, શ્રી શાન્તિનાથ ભગવાન, શ્રી બાહુબલીજી, શ્રી નેમકુમાર, પશુઓથી ઘેરાયેલા અહિંસાવ્રતધારી મહાવીરસ્વામી, સોળ ભાવના, સરસ્વતી આદિના સુંદર બહુરંગી ચિત્રો તથા ધાતુશિલ્પો, આરસશિલ્પો, પાષાણશિલ્પો આદિ આ સંગ્રહાલયનાં આકર્ષણ-સ્થાનો છે. કેટલીક કલાકૃતિઓ અનુકૃતિઓ રૂપ છે.

આ સંગ્રહાલયની આબેહૂબ ઝાંખી કરાવતી શ્રેષ્ઠીવર્ય મયાભાઈના સુપુત્ર શ્રી રાજેન્દ્રભાઈએ, કાન્તિભાઈ કાપડિયા આદિ કલાકારોની સહાયથી અને કેટલાક કલાકારોની કલાકૃતિઓના નમૂનાઓથી શોભતી સુન્દર પુસ્તિકા પ્રકટ કરી છે. ભારે આર્ટ પેપર પર બહુરંગી સુન્દર મુદ્રણથી દીપી ઊઠતી આ પુસ્તિકા કોઈ પણ કલારસિકનું મન જીતી લે તેવી છે. સંપત્તિનો આ રીતે કલાસંસ્કૃતિના શુભાભિયાન માટે સમુચિત ઉપયોગ એ આ પુસ્તિકાના પ્રકાશનથી અનુકરણીય ઉદાહરણ પૂરું પાડે તેમ છે. માત્ર જૈન જ નહિ પરન્તુ જૈનેતર કલાભાવકોને પણ જચી જાય તેવું આ પ્રકાશન કરવા માટે તેના પ્રકાશક રાજેન્દ્રભાઈને ધન્યવાદ ઘટે છે. આ પુસ્તિકામાંની કેટલીક સુન્દર કલાકૃતિઓ આ અંકમાં અન્યત્ર રંગીન અન્યત્ર પૂર્તિમાં મૂકવામાં આવી છે તેથી ભાવકને તેનો સમુચિત ખયાલ મળી રહેશે. શ્રી રાજેન્દ્રભાઈ મ. શાહનો સમ્પર્ક ૨૨૮, ડૉ. એ.બી. રોડ, વરલી, મુંબઈ-૪૦૦ ૦૨૫ એ સરનામે કરી શકાશે. કેટલૉગની કિં. રૂ ૧૫૦.



સિદ્ધગિરિનું સફળ આરોહણ



શ્રી મયાભાઈ શાહ



શ્રીમતી માણેકબહેન શાહ



સિદ્ધચક્રજી સહ ચોવીસ તીર્થંકરે ભગવંતો


શ્રી વિશાલ જૈન કલાસંસ્થાન

તળેટી રોડ ● પાલીતાણા

(મોક્ષસુખની પ્રાપ્તિની પ્રેરણા અને માર્ગદર્શન આપતો કલાકૃતિઓનો સંગ્રહ)



ભગવાન શ્રી મહાવીર સ્વામી





પ્રભુ શ્રી મહાવીર ચ્યવન કલ્યાણક



અહિંસા અંગે શ્રમણ ભગવાન શ્રી મહાવીર



સ્થૂલિભદ્ર અને રૂપકોશા



શાલીભદ્ર અને ધન્નાજી

પૂર્વભવના દાનના પ્રભાવથી અપાર રિધ્ધિ-સિધ્ધિ પામેલા શાલીભદ્ર અને ધન્નાજી વૈરાગ્ય પામી, પ્રભુ શ્રી મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી, વૈભારગીરી (રાજગ્રહી) પર શાલીભદ્ર દેવલોક અને ધન્નાજી મોક્ષ પામ્યા.



શ્રી પાર્શ્વનાથ ભગવાન



બાહુબલિજી



ગણધર ભગવંત શ્રી ગૌતમસ્વામી



પાપનાશિની દેવી સરસ્વતી

ભારતનાં રાજ્યો - ૫



કેરલ

ડૉ. જયકુમાર ર. શુક્લ


દક્ષિણ ભારતમાં આવેલા કેરલની ઉત્તરે કર્ણાટક, પૂર્વ દિશાએ તમિળનાડુ, પશ્ચિમે અરબી સમુદ્ર તથા દક્ષિણે હિંદી મહાસાગર આવેલા છે. રાજ્યના પશ્ચિમ કિનારા પર ૫૯૦ કિ.મી. લંબાઈ ધરાવતો સમુદ્રકાંઠો છે. રાજ્યનો કુલ વિસ્તાર ૩૮,૮૬૪ કિ.મી. છે. તેની કુલ વસ્તી ૧૯૯૧ની ગણતરી અનુસાર ૨,૯૦,૩૩,૦૦૦ની છે. તેમાંથી ૨૬.૩૯ ટકા લોકો શહેરોમાં તથા બાકીનાં ગામડાંમાં વસે છે. રાજ્યની ભાષા મલયાલમ છે અને ૯૫ ટકા લોકો મલયાલમભાષી તથા ૨.૪ ટકા લોકો તમિળભાષી છે. આ રાજ્યમાં ૫૭.૨૮ ટકા લોકો હિંદુ, ૨૩.૩૩ ટકા મુસલમાન તથા ૧૯.૩૨ ટકા ખ્રિસ્તી લોકો વસે છે. રાજ્યના ૧૭ ટકા જેટલાં લોકો ગરીબીની રેખા નીચે જીવે છે. કેરલમાં સાક્ષરતાનું કુલ પ્રમાણ ૯૦.૫૯ ટકા છે. અહીં ૪ યુનિવર્સિટીઓ, ૧૦૦ વિનયન તથા વિજ્ઞાનની કોલેજો, ૫૦ પોલિટેક્નિક તથા ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ અને ૩૦ અન્ય વ્યાવસાયિક તાલીમ સંસ્થાઓ છે. રાજ્યમાં કુલ ૧૪ જિલ્લા છે.

કેરલમાં કુલ ૪૪ નદીઓ છે. તેમાંની કેટલીક નદીઓ પશ્ચિમઘાટમાં ઉદ્દ્ગમ પામીને થોડાક અંતરે અરબી સમુદ્રને મળે છે. પેરિયાર નદી પર પહાડી પ્રદેશમાં ૯૩૦ મીટરની ઊંચાઈ પર બંધ બાંધવામાં આવ્યો છે. અન્ય નદીઓમાં શોલાયાર, ચલિયાર, પંબિયાર, પાંબા, કલ્લાદા, વલયાર વગેરે ઉલ્લેખનીય છે. કેટલીક નદીઓ અરબી સમુદ્રને બદલે સાંકડી ખાડીઓને મળે છે. તેમાંથી કેટલાંક મોટાં સરોવરો બન્યાં છે. કાર્ડેમમના પહાડી પ્રદેશોમાં વાર્ષિક સરેરાશ ૫૦૦૦ મિ.મી. અને અન્ય પ્રદેશોમાં ૩૦૦૦ મિ.મી. વરસાદ પડે છે.

ઇતિહાસ : સમ્રાટ અશોકના શિલાલેખોમાં કેરલનો ઉલ્લેખ છે, તે સૌથી પ્રાચીન મનાય છે. ટોલેમી, પ્લિની અને પેરિપ્લસના ગ્રંથોમાં તેના કિનારાનાં બંદરોના ઉલ્લેખો મળે છે. પ્રાચીન તથા મધ્યયુગમાં પણ આ રાજ્યના વ્યાપારી સંબંધો બેબિલોન, અરબસ્તાન સાથે અને તે પછી યુરોપના દેશો સાથે હતા. આઠમી સદીમાં આદ્ય શંકરાચાર્ય જેવા મહાન દાર્શનિક સંત આ રાજ્યમાં થઈ ગયા. નવમી સદીમાં ચેર વંશના પેરુમાલ શાસકોએ કેરલમાં વિશાળ રાજ્ય સ્થાપ્યું હતું. પેરુમાલ વંશના રાજા ભાસ્કરવર્માએ કોબ્બમમાં ધર્મપરિષદ યોજી હતી. ત્યારથી કેરલની કાલગણનાનો આરંભ થાય છે. બારમી અને તેરમી સદીમાં પાંડ્ય તથા ચોલ રાજાઓનાં રાજ્યો ત્રાવણકોરની આસપાસમાં હતાં. ચૌદમી સદીમાં મલેક કાફૂર અને મહંમદ તુઘલુકનાં આક્રમણો થયાં. અઢારમી સદીના પૂર્વાર્ધમાં આધુનિક ત્રાવણકોર રાજ્યની સ્થાપના માર્તંડ-વર્માએ કરી. તેણે અને પછીના રામવર્માએ શાંતિ અને વ્યવસ્થા સ્થાપી, વેપારનો વિકાસ કર્યો તથા મંદિરો અને મહેલો બંધાવ્યાં. ઈ.સ. ૧૪૯૮માં વાસ્કો ડા ગામાના આગમન બાદ પોર્ટુગીઝો કેરલમાં પ્રવેશ્યા. પૉર્ટુગીઝો, ડચ, ફ્રેન્ચો તથા અંગ્રેજોએ કેરલમાં પોતાની વસાહતો સ્થાપી. અઢારમી સદીમાં લગભગ સમગ્ર કેરલમાં અંગ્રેજોનું આધિપત્ય સ્થાપ્યું. સ્વતંત્રતા અગાઉ ત્રાવણકોર તથા કોચીનનાં દેશી રાજ્યોમાં અને મદ્રાસ ઈલાકાના ભાગ રૂપે મલબાર એમ ત્રણ પ્રદેશોમાં કેરલ વિભાજિત હતું. ત્રાવણકોર રાજ્યમાં થયેલા સત્યાગ્રહના ફલસ્વરૂપે મહારાજાએ નવેમ્બર ૧૯૩૬માં હરિજનોના મંદિરપ્રવેશની પરવાનગી આપી હતી. ત્રાવણકોર રાજ્યમાં ખાદીકામ, અસ્પૃશ્યતા-નિવારણ વગેરે રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે ત્યાંની કૉંગ્રેસે જવાબદાર રાજ્યતંત્રની માગણી કરી હતી. સ્વતંત્રતા બાદ ત્રાવણકોર અને કોચીન રાજ્યનું ભારતીય સંઘ સાથે વિલીનીકરણ થયું હતું. ૧૯૫૬માં મલયાલમભાષી કેરલ રાજ્યની રચના કરવામાં આવી.

પ્રાચીન કેરલનાં લોકો દ્રવિડો હતાં. ત્યાંના એઝાવા, નાયર, હરિજન વગેરે લોકો મૂળ વતની હશે એમ માનવામાં આવે છે. આર્યો ત્યાં નામ્બુદ્રી બ્રાહ્મણો તરીકે ઓળખાય છે. કેરલમાં દ્રવિડ અને આર્ય સંસ્કૃતિનો ઉદ્દ્ભવ થયો છે.

નૃત્ય : કેરલના પ્રશિષ્ટ લોકપ્રિય નૃત્યો વિવિધ પ્રકારનાં છે. તેમાં સમસ્ત ભારતમાં પ્રખ્યાત થયેલ 'કથકલી' નૃત્ય-નાટક પુરુષો કરે છે. મોહિની આટ્ટમ નૃત્ય મહિલાઓ કરે છે. પુલ્લાળ પણ નૃત્યનો જાણીતો પ્રકાર છે. કેરલના અન્ય લોકપ્રિય નૃત્યમાં કુથુ, પટકોમ, કુડિયાટ્ટમ, અષ્ટપદિયાટ્ટમ, કૃષ્ણાટ્ટમ અને રામનાટ્ટમનો



સપાકાર નૌકા - 'ઓણમ'ના ઉત્સવપ્રસંગે

સમાવેશ થાય છે.

ઉત્સવો : કેરલમાં એકાદશીનો ઉત્સવ ગુરુવયુરના શ્રી કૃષ્ણ મંદિરમાં ભારે ધામધૂમથી ઊજવવામાં આવે છે. ગુરુવયુર દક્ષિણ ભારતનું સૌથી પવિત્ર યાત્રાધામ ગણાય છે. એપ્રિલ-મે મહિનામાં ત્રિચુર ખાતે વદક્કુનાથ મંદિરમાં પુરમ્‌નો ઉત્સવ લોકો ભારે ઉત્સાહ અને ઉમંગથી ઊજવે છે. તે વખતે હાથી ઉપર શણગારેલી અંબાડી મૂકીને ભવ્ય સરઘસ કાઢવામાં આવે છે. સત્તરમી સદીમાં બાંધવામાં આવેલા પ્રસિદ્ધ પદ્મનાભ મંદિરમાં લક્ષદ્વીપના ઉત્સવ પ્રસંગે લાખો દીવા સળગાવવામાં આવે છે. તેની શોભા અદ્વિતીય અને અવર્ણનીય હોય છે. પ્રતિવર્ષ એલેપ્પીમાં યોજવામાં આવતી સર્પાકાર હોડીઓની સ્પર્ધા ઓણમ ઘણો મોટો ઉત્સવ ગણાય છે. આ નૌકાસ્પર્ધા વિશ્વની સૌથી મોટી સમૂહ નૌકાસ્પર્ધા ગણાય છે.

રાજ્યનાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. મોટા ભાગના લોકો ખેતી અને તેની સાથે જોડાયેલા કે તેના પર આધાર રાખતા વ્યવસાયો કરે છે. ચા, કૉફી, રબર, કાળા મરી, કાજુ તથા ઇલાયચી રોકડિયા પાકો છે. આ ઉપરંત ચોખા, શેરડી, નાળિયેર, સોપારી, કેળાં વગેરેનો પાક સારા પ્રમાણમાં થાય છે. જંગલની પેદાશોમાં સાગ, ચંદન, ગુંદર, વાંસ, કોલસો, લાકડાનો માવો વિશેષ નોંધપાત્ર છે. રાજ્યમાં મત્સ્ય-ઉદ્યોગનો તથા મરઘાં-બતકાં ઉછેરનો ઘણો સારો વિકાસ થયો છે. ત્યાંથી ઈંડાંની મોટા પ્રમાણમાં નિકાસ થાય છે. રાજ્યનાં કુલ ઔદ્યોગિક કામદારોના ૬૦ ટકા જેટલા મજૂરો કુટિર ઉદ્યોગમાં રોકાયેલાં છે. દોરડાં તથા કાથીની જુદી જુદી વસ્તુઓ નારિયેળના રેસા તથા કાજુ પર પ્રક્રમણ, હાથવણાટ, ચટાઈ, વાંસની વસ્તુઓ વગેરે કુટિર ઉદ્યોગમાં બનાવવામાં આવે છે. રબર, ઇલેક્ટ્રોનિક સાધનો, ખાંડ, ટેલિફોન-કૅબલ્સ, સિમેન્ટ, રેયૉન, સાબુ, રસાયણો, રાસાયણિક ખાતરો, વીજળીનાં ઉપકરણો, એલ્યુમિનિઅમના તાર વગેરે વસ્તુઓના ઉત્પાદન માટેનાં કારખાનાંનો સારી પેઠે વિકાસ થયો છે.

પ્રાણીસૃષ્ટિની યોગ્ય જાળવણી થઈ શકે તે વાસ્તે કેરલમાં બાર અભયારણ્યો છે. તેમાં પેરિયાર નેશનલ પાર્ક પંચાવન ચોરસ કિ.મી.નો છે, જે વાઘ માટેનું અભયારણ્ય છે. પરંતુ ત્યાં વાઘની સંખ્યા ઘટતી જાય છે. પેરિયારમાં ૧૯૮૯માં ૪૫ વાઘ હતા, તે ૧૯૯૩માં ઘટીને ૩૦ થયા હતા. તેમાં આશરે એક હજાર જંગલી હાથી, ૨૪ ચિત્તા ઉપરાંત જંગલી સૂવર તથા જુદા જુદા પ્રકારનાં હરણ છે. કેરલમાં અનેક જાતના સર્પ છે. પાસે આવેલા સમુદ્રમાંથી બટરફિશ, કેટફિશ, મેકરલ, સાર્ડિન તથા શાર્ક જેવી માછલીઓ મોટા પ્રમાણમાં મળે છે.

અણુશક્તિના કાર્યક્રમ માટે ઉપયોગી એવી મોનોઝાઇટ અને થોરિઅમ તેમજ અન્ય ખનિજો પણ અહીં વિપુલ પ્રમાણમાં મળી આવે છે. આ ઉપરાંત લોખંડ, ચિનાઈ માટી, ચૂનાના પથ્થરો, બોક્સાઇટ વગેરે ખનિજો નીકળે છે. રાજયનાં મુખ્ય નગરોમાં તેના પાટનગર ત્રિવેન્દ્રમને ૧૯૯૦થી થિરૂવનંતપુરમ્ તરીકે ઓળખવામાં આવે છે. ઉપરાંત કોચીન, કોઝિકોડે, એલેપ્પી, ત્રિચુર તથા ક્વિલોનનો સમાવેશ થાય છે. રાજયમાં ત્રણ મુખ્ય બંદરો કોચીન, એલેપ્પી તથા કાલિકટ છે. કાલિકટ, કોચીન અને થિરૂવનંતપુરમ્ રાજયનાં હવાઈ મથકો છે.

કેરલમાં એકગૃહી ધારાસભા છે. અહીંની વિધાનસભાની સભ્યસંખ્યા ૧૪૧ છે. રાજયના ૨૦ સભ્યો લોકસભામાં તથા ૯ સભ્યો રાજ્યસભામાં બેસે છે.

કેરલ અવર્ણનીય કુદરતી સૌન્દર્ય ધરાવે છે. પેરિયાર, પામ્બા તથા ભારત - પુઝા નદીઓ જે પ્રદેશોમાં થઈને વહે છે ત્યાંની ખીણો અને મેદાનો લીલાછમ વિશાળ વિસ્તારનું નયનરમ્ય દૃશ્ય ખડું કરે છે. અન્ય પ્રદેશોમાં ડાંગરનાં લીલાં ખેતરો, નારિયેળનાં ઊંચાં ઝાડથી શોભતી વનશ્રી તથા કેળાં અને કાજુની વાડીઓ સમસ્ત વિસ્તારના સૃષ્ટિસૌન્દર્યને રજૂ કરે છે. મેથી નવેમ્બર સુધી સતત પડતા વરસાદને કારણે સર્વત્ર ઝરણાં અને જળાશયો આ વિસ્તારના સૌન્દર્યમાં ઉમેરો કરે છે. રાજયના ચોથા ભાગના વિસ્તારમાં જંગલો છે. તેમાંથી સાગર, રક્ત ચંદન, સીડાર જેવા વૃક્ષોમાંથી લાકડું મળે છે. ઊંચા ડુંગરોના ઢાળ પર કોફી, ચા તથા ઇલાયચીના બગીચા વિકસ્યા છે.

જોવાલાયક સ્થળો : થિરૂવનંતપુરમના પદ્મનાભ મંદિર જેવાં કેટલાંય મંદિરોમાં દ્રવિડ-સ્થાપત્ય પરંપરા જણાય છે. પ્રાચીન પાટનગર પદ્મનાભપુરમનો લાકડાનો તથા લીપણની ફર્શવાળો રાજમહેલ વિશિષ્ટ પ્રકારનો છે. અહીં અનેક જૂનાં ચર્ચ જોવા મળે છે. થિરૂવનંતપુરમ્‌ના સંગ્રહાલયમાં મહર્ષિ રોરિકનાં તેમજ ગગનેન્દ્રનાથ ટાગોરનાં ચિત્રો મોટી સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષે

છે. અહીં પ્રખ્યાત શિલ્પકાર રાયચૌધરીનું શિલ્પ બેનમૂન છે. એર્નાકુલમ અને કોચીનમાં આવેલાં ખ્રિસ્તી દેવળો ધાર્મિક મહત્ત્વ ધરાવે છે. આ ઉપરાંત રૉકેટ મથક થુમ્બા અવકાશ સંશોધનના ક્ષેત્રમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

વિશિષ્ટ બાબતો : કેરલમાં સામ્યવાદી સરકાર ચૂંટણી દ્વારા સૌપ્રથમ ૫ એપ્રિલ, ૧૯૫૭ના રોજ સત્તાધીશ બની. વિશ્વમાં ચૂંટણી દ્વારા સત્તા પ્રાપ્ત કરનાર તે સૌપ્રથમ સામ્યવાદી સરકાર હતી. પરન્તુ બંધારણની કલમ ૩૫૬ હેઠળ ૩૧ જુલાઈ, ૧૯૫૯ના રોજ મુખ્ય પ્રધાન ઈ.એમ.એસ. નામ્બુદ્રીપાદના પ્રધાનમંડળને કેન્દ્ર સરકાર દ્વારા બરતરફ કરવામાં આવ્યું, અને વિધાનસભા વિખેરી નાખવામાં આવી.

ખ્રિસ્તીઓનું મેરામોન સંમેલન પમ્બા નદીના કિનારે પ્રતિવર્ષ ભરવામાં આવે છે અને દુનિયામાં ભરાતાં ખ્રિસ્તીઓનાં સંમેલનોમાં આ સૌથી મોટું હોય છે.

કોચીનથી ૧૨૨ કિ.મી. દૂર અરનમુલ્લામાં છેલ્લાં પાંચસો વરસથી ધાતુના ઉત્તમ અરીસા બનાવવામાં આવે છે. ત્યાંના એક કુટુંબના ચાર માણસો આ આવડત ધરાવે છે. બીજા કોઈને તે કલા શીખવવામાં આવતી નથી.

કેરલની સરકારે ઈ.સ. ૧૯૮૬માં પ્રવાસને ઉદ્યોગ તરીકે જાહેર કર્યો છે. પ્રવાસીઓની સંખ્યા વધે અને તે દ્વારા રાજ્યની આવકમાં વધારો થાય તે માટે સરકાર વિવિધ ઉપાયો યોજે છે રાજ્યમાં પ્રતિવર્ષ પોણા બે લાખથી વધુ પ્રવાસીઓ આવે છે.

કેરલ વલ્લાથોળ જેવા શ્રેષ્ઠ કવિની ભૂમિ છે. વિશ્વ ઓલિમ્પિક તથા એશિયાડમાં ચંદ્રકો જીતીને ભારતને યશ અપાવનાર દોડવીરાંગના પી.ટી. ઉષા વાલ્સમ્મા તથા અશ્વિની નાચપ્પા અહીંના જ છે.

કેરલનો એર્નાકુલમ જિલ્લો નિરક્ષરતા સંપૂર્ણપણે નાબૂદ કરવામાં દેશમાં સતત પ્રથમ રહ્યો છે. પરન્તુ કુદરતી સાધનસંપત્તિ તથા કેટલાંક રાજ્યોની તુલનામાં આ રાજ્યમાં ઉદ્યોગોનો વિકાસ અપૂરતો છે. તેથી પૂરતા પ્રમાણમાં રોજગારીની તક મળતી નથી. તેના પરિણામે લોકોને દેશના બીજાં રાજ્યો તથા વિદેશમાં જવું પડે છે. મધ્ય એશિયાના અખાતી દેશોમાં જતાં ભારતીયોમાં કેરલ મોખરાનું સ્થાન ધરાવે છે. પરદેશગમનનું પ્રમાણ મોટું હોવાથી થિરૂવનંતપુરમને આંતરરાષ્ટ્રિય હવાઈ મથક બનાવવું પડ્યું છે.

કેરલપુત્રી મૃણાલિનીએ ગુજરાતમાં ભરતનાટ્યમ્, કથકલી અને મોહિની આટ્ટમ પ્રકારનાં નૃત્યો પ્રચલિત કર્યાં છે. ☐

અનુસંધાન] લોકશાસક ગાંધી [પૃ. ૬૪૩થી

વેચાણ બટાટાના પાકનું વાવેતર કરનાર ખેડૂતોને દિવસે કરવામાં આવ્યું હતું ત્યારે ગાંધીજી તો ભારે ગેલમાં આવી ગયા અને તેમની પાસે મુલાકાતે આવનાર મોટા નેતાઓને તેમણે સુધીરના આ પરાક્રમની વાત કરી. તેમાંથી બિચારા પંડિતજી (સ્વ. શ્રી જવાહરલાલ) પણ બકાત ન રહી શક્યા !

*

બીજો પ્રસંગ છે ૧૯૪૫ના ડિસેમ્બરની ૧લી તારીખનો. તે દિવસે બપોરે ગાંધીજી કલકત્તા પહોંચ્યા. બંગાળના ગવર્નર કેઝીએ સુધીર ઘોષને એકાદ બે દિવસમાં જ ગાંધીજી સાથે તેમની મુલાકાત ગોઠવી આપવા ભારપૂર્વક કહ્યું. અને કલકત્તાના ગવર્નમેન્ટ હાઉસમાંથી ૧લી ડિસેમ્બર ૧૯૪૫ના રોજ ગાંધીજીને કલકત્તામાં આવકારતો અને તેમની મુલાકાત માટે આતુરતા વ્યક્ત કરતો એક પત્ર પણ સુધીરને ગાંધીજીને હાથોહાથ પહોંચાડવા આપ્યો. સુધીરે ગાંધીજીને પત્ર આપ્યો અને મુલાકાત માટેની વાત કરી એટલે ગાંધીજી એકાદ કલાકમાં જ સામે ચાલીને તેમને મળવ આવે છે તેવો સંદેશો કેઝીને ફોન પર આપવા સૂચના આપી. બ્રિટિશ હકૂમતનો કટ્ટર વિરોધી ગાંધી આટલો બધો વિનમ્ર હશે તેનો તો કેઝીને સ્વપ્ને પણ ખયાલ ન હતો. તે દિવસે સાંજે ૭.૦૦થી રાતના ૯.૩૦ સુધી ખાસ્સા અઢી કલાક ગાંધીજી અને કેઝી વચ્ચે વાતો ચાલી. આ મુલાકાત ગવર્નરના આલીશાન નિવાસસ્થાનને પહેલે માળે યોજવામાં આવી હતી. મુલાકાત પૂરી થતાં નિવાસસ્થાનના ભોંયતળિયાની લાંબી-પહોળી પરસાળના એક છેડેથી છેક બીજા છેડા સુધી ચાલીને ગવર્નર ગાંધીજીને વળાવવા નીચે આવ્યા. ગવર્નમેન્ટ હાઉસના નોકર, ચાકર, રસોઈયાઓ, માળીઓ, ઝાડુવાળાઓ અને બધા જ કર્મચારીઓનો કાફલો પરસાળની બન્ને બાજુએ હાથ જોડીને ગાંધીજીનું અભિવાદન કરવા કતારબદ્ધ ઊભો હતો. ગાંધીજી 'બડા સાહેબ'ની મુલાકાતે આવ્યા હોવાની તેમને જાણ હતી અને તેથી ગાંધીજીનાં દર્શનની તક તેઓ ગુમાવવા માગતા ન હતા. તેમાંના મોટા ભાગનાં મેલાંઘેલાં, ફાટેલાં અને ટૂંકાં વસ્ત્રોમાં જ હતાં. તેઓને તો સ્વપ્ને પણ ખ્યાલ નહિ કે ખુદ 'બડા સાહેબ' આમ ગાંધીજીને છેક તેમની મોટર સુધી વળાવવા નીચે ઊતરશે ! ગવર્નર તો આ દશ્ય જોઈને આભા જ બની ગયા. તેમણે ગાંધીજીને કહ્યું, 'આ જુઓ, મેં નથી ગોઠવ્યું હોં, તેની તમને ખાતરી આપું છું અને ખરેખર મારે માટે તો આ જીવનનું એક આઘાતજનક દશ્ય છે, કારણ કે આમાંના મોટા ભાગના તો મુસ્લિમો છે.' બ્રિટિશ સલ્તનતનો રૂઆબદાર ભપકાબંધ રાજ્યશાસક એક નગ્ન ફકીર લોકશાસક સમક્ષ ઝંખવાઈ ગયો.

(સુધીર ઘોષના પુસ્તક 'ગાંધીઝ ઍમિસરિ'ના એક પ્રસંગને આધારે)

(સંકલન : ધનુભાઈ મહેતા)

❐

ગાલીચા

ડૉ. પ્રિયબાળા શાહ

(આજકાલ સુંદર ગાલીચા યાને જાજમો મોટી હોટેલો કે બંગલાઓમાં મહત્ત્વનું સ્થાન પામે છે અને તે મકાનનું સૌન્દર્ય નિખારે છે. રોજે રોજ ઈરાનના ગાલીચા વેચાવા આવે છે તેથી ગાલીચાની શરૂઆત કેવી રીતે થઈ તે જાણવાની હોંશને કારણે ગાલીચાનો ટૂંકો ખયાલ આ સાથે આપ્યો છે.)

સૈકાઓથી બગદાદની જાદુઈ શતરંજી કે જે ઊડતી હતી તેવી નાનપણમાં વાર્તાઓ વાંચેલી ત્યારે પણ કુતૂહલ થતું કે એવી કેવી જાદુઈ શતરંજી હશે કે જેને મહત્ત્વનું સ્થાન પરીકથાઓમાં મળેલું છે! પૌરસ્ત્ય દેશોના ગાલીચામાં રંગબેરંગી ભાત હોય; ફૂલો, પક્ષીઓની સુંદર મેળવણી હોય. તેમાં પશ્ચિમના દેશો કે જે સામાન્ય શતરંજીઓ બનાવતા હતા તેઓનું આકર્ષણ આ ગાલીચા તરફ વધ્યું. પરિણામે સમગ્ર યુરોપ ખંડમાં તેનું આકર્ષણ અને મહત્ત્વ વધી ગયું. છતાં જર્મનીમાં તેના ઉષ્માભર્યા રંગો અને સુશોભનાત્મક ડિઝાઇનને કારણે સ્કેન્ડીનેવીઅન દેશો તેમજ સમગ્ર યુરોપમાં ઘરગથ્થુ સુશોભન માટે આવા કલાત્મક ગાલીચાનું ગૌરવ વધ્યું.

યુરોપના પ્રદેશોમાં ઠંડીને કારણે મુખ્ય ઓરડામાં ગરમ હવા માટેનાં જે સાધનો વપરાતાં તેને કારણે તે ઓરડાની જમીન લાકડાની બનાવાતી, તેથી ઓરડાના સુશોભન માટે સુંદર રંગબેરંગી ગાલીચાની જરૂર જણાઈ અને ઉપરોક્ત દેશોએ તેનો ઉપયોગ શોખથી વધાર્યો.

આ ગાલીચાની પ્રાચીનતા વિષે વિચારતાં જણાય છે કે પ્રાગૈતિહાસિક વખતનો માનવી ગુફામાં રહેતો, પોતાની ઠંડી ઉડાડવા અને હૂંફ મેળવવા જે પશુને મારીને તેનું માંસ ખાઈને જે ચામડું રહે તેને પોતાની સગવડ અને ગરમાવા માટે કાં તો ગુફાના દરવાજે પડદા તરીકે વાપરવા અથવા જમીન ઉપર પાથરવા કરતો.

પશુઓના ચામડાથી અલગ પણ વણાટવાળા ગાલીચાઓ પ્રાચીન ઇજિપ્તમાં ઈ.સ. પૂર્વે જાણીતા હતા. બેની-હસનની ગુફાઓનાં ભિત્તીચિત્રોમાં ઇજિપ્તની સ્ત્રીઓ શાળ ઉપર ગાલીચા બનાવતી જોઈ શકાય છે. ઇજિપ્તના ગાલીચા વણાટથી કરવામાં આવતા. ચીનના પ્રદેશમાં તાણા ઉપર ઊન બાંધીને સુંવાળાં ફૂલ રેસાથી ઉપજાવતાં. ધીરે ધીરે ચીનથી આ કળા પશ્ચિમ તરફ અર્થાત્ મોંગોલિયા મારફતે પ્રસરી કે જે પાશ્ચાત્ય ગાલીચાનું ઉદ્ભવસ્થાન ગણાય છે. રશિયાના પુરાતત્ત્વવિદોએ મોંગોલિયાની બહારના અલ્તાઈ પર્વતોમાંથી રાજકુટુંબની કબરમાંથી ગૂંથેલી સુંદર જાજમ શોધી કાઢી છે. આ સ્થળ દરિયાની સપાટીથી ૫૫૦ ફીટની ઊંચાઈ પર છે. આ જાજમ ૨૫૦૦થી વધારે વર્ષો જૂની માનવામાં આવે છે. બરફ. ઠંડીને કારણે જાજમ સચવાઈ રહી હતી. આ જાજમનું વણાટ ખૂબ સૂક્ષ્મ હતું. લગભગ ૨૨૫ ગાંઠો એક ચોરસ ઇંચમાં સમાવાયેલી જણાય છે. આવું ઉચ્ચ કોટીનું કામ ઘણા સૈકાઓના અનુભવો પછીથી તૈયાર થઈ શકે, કારણ કે તુર્કસ્તાનના ગાલીચામાં એક ચોરસ ઇંચમાં નવ જેટલી ગાંઠો છે. જે ટોળી ભટકતી જાતિની છે તેઓ સપાટ મેદાનો, પહાડી પ્રદેશો કે રણમાં રહેતી હોય, તેમની પાસે ઊંટ-બકરાં-ઘેટાં હોય, તેમના વસવાટના પ્રદેશોમાં અનહદ ઠંડી હોય અને પોતાના પશુના વાળ અને ઊન તેમને પુષ્કળ પ્રમાણમાં મળતાં હોય તેથી સ્વાભાવિક તેઓ તેનાથી જાજમ-ગાલીચા જેવાં ઉપકરણો પોતાના રહેઠાણ માટે, ઠંડીથી રક્ષણ કરવા વાપરતા હોય. આ ભટકતી જાતિ એક સ્થળેથી બીજા સ્થળે પોતાનાં પશુઓના ચારા માટે ભટકે, એક સ્થળે સ્થિર ન રહેતાં સ્થળે-સ્થળે રખડવું પડે તેવે વખતે જાજમ જેવી વસ્તુઓ સહેલાઈથી વાળીને સાથે લઈ જવાય. વળી, તેમાં તો કુદરતી રંગો પશુઓના વાળના હોય ! ઉપરાંત વનસ્પતિમાંથી પણ તેઓ રંગો બનાવીને પોતાના ઊનને રંગીને સુંદર આકર્ષક જાજમ બનાવે. હિરોડોટસ જેવો



પ્રાર્થનામાં વપરાતો ઊનનો ગાલીચો



લૅન્ડસ્કેપને ઉપસાવતો ઈરાની ગાલીચો

ઇતિહાસકાર' નોંધે છે કે કોકેસસનાં લોકો છોડમાંથી કુદરતી રંગ બનાવવામાં પારંગત હતાં.

અલ્તાઈ પર્વતમાંથી મળેલો ગાલીચો પ્રાચીન હતો. ત્યાર બાદ તેરમા સૈકામાં કેટલાક ગાલીચાના અવશેષો પ્રાપ્ત થયા છે. તેમાંની ઘણી ડિઝાઇનો ઇરાનનાં લઘુચિત્રોમાંથી મળી આવે છે, કારણ કે ગાલીચા પથ્થર જેટલા ટકાઉ હોતા નથી. તેનો નાશ જલદી થઈ જાય. પરંતુ અલ્તાવ પર્વતોમાંથી મળેલો ગાલીચો અજોડ હતો.

પશ્ચિમ યુરોપના દેશો પૂર્વના દેશોના સંપર્કમાં આવતા તેમની સંસ્કૃતિ અને કલાકારીગીરીને પોતાની સાથે ધર્મના યુદ્ધ પછી યાદગીરી રૂપે ગાલીચા ઉપરાંત કેટલીક પૌરત્સ્ય ચીજો પણ લેતાં યાં. માર્કો પોલો જેવા પ્રવાસીઓ અને વેનિસના વેપારીઓએ ગાલીચાના કારીગરો સાથે સંપર્ક કર્યાની નોંધ છે.

જહૉન સોબસ્કીએ તુર્કોને ૧૬૮૩માં વિએનાની બહાર હરાવ્યા અને યુરોપિયન સંસ્કૃતિને મુસલમાનોની ધમકી પતી ગયા પછી ઘણા ગાલીચા તુર્કોના પોતાના લૂંટના માલમાં લેતા આવ્યા.

સોળમો અને સત્તરમો સૈકો ઈરાનના ગાલીચા માટે સુવર્ણકાળ જેવો હતો. તે દરમિયાનના બે ભવ્ય ગાલીચા જાણીતા છે. તેમાંનો એક લંડનના વિક્ટોરિયા અને આલ્બર્ટ મ્યૂઝીઅમમાં છે, જે ૧૫૩૯ પહેલાંનો છે. તેનું માપ ૧૭.૯ ફૂટ છે. તે ૩૨ લાખ જેટલી ગાંઠોનો બનેલો છે. બીજો ગાલીચો રેશમી છે; જે વિએનાના અપ્લાઇડ આર્ટ મ્યૂઝીઅમ વિએનામાં છે. તે પર્શિયાના શાહ તરફથી ભેટ મળેલો છે.

પૂર્વના દેશોના ગાલીચાનું મૂલ્ય તેમાં એક ચોરસ ઇંચમાં કેટલી ગાંઠો છે તે ઉપરથી થાય છે. ઉપરાંત તેમાં વપરાયેલી મુલાયમ સામગ્રી તેની ગુણવત્તા, તેના રંગોનું ટકાઉપણું, તેની ડિઝાઇનથી તેની કિંમત અંકાય છે. કેટલાક સુંદર ગાલીચામાં એક ચોરસ ઇંચમાં ૪૦૦ ગાંઠો હોય છે. સમગ્ર ડિઝાઇન તેની બીજી બાજુએ પણ સ્પષ્ટ જોઈ શકાય છે. ગાલીચામાં વપરાયેલો માલ એકસરખો હોવો જોઈએ, જેથી જમીન ઉપર ગાલીચો પથરાય ત્યારે તેમાં ખાડાટેકરા કે કરચલી ના જણાય.

ગાલીચાની ડિઝાઇન તેના પ્રદેશ પર આધારિત હોય છે — જેમ કે બોખારા, સમરકંદ વગેરે. પ્રાર્થના કરવા માટેના પણ નાના ગાલીચા હોય છે. તેમાં ઘૂંટણિયે પડીને પ્રાર્થના કરતું ચિત્ર બનાવેલું હોય છે. તેમાં ભૌમિતિક ડિઝાઇનો વિશેષ જણાય છે. પરંતુ ઈરાની ગાલીચાઓમાં ફૂલોની ગૂંથણી અને રંગની મેળવણી ખૂબ સરસ હોય છે. તુર્કમેનિસ્તાન અને અફઘાનિસ્તાનના પ્રદેશોના ગાલીચામાં અષ્ટકોણ ડિઝાઇનો હોય છે, પણ રંગ વિવિધ પુરાય છે. આ પ્રકારના ગાલીચામાં ખૂબ ઓછી ગાંઠો હોય છે. પૌરત્સ્ય ગાલીચામાં રંગોના પ્રતીકો જણાય છે જેમ કે સફેદ દિલગીરીનું, લાલ આનંદનું સુખસમૃદ્ધિનું. પીળો રંગ ચીનમાં હોય છે તે શાહી રજવાડાનો રંગ ગણાય છે. ગુલાબ દૈવી ડહાપણનું પ્રતીક મનાય છે. આ કળા એવી અદ્ભુત છે કે તમે તમારા ઘરના ઓરડામાં ગાલીચો પાથરો તો તેમાંના સુંદર રંગો અને ડિઝાઇનો વગેરે પ્રણાલિગત અથવા ઐતિહાસિક સંબંધ ધરાવતો પ્રતીકાત્મક આનંદ આપતો હોય છે; પરંતુ મુખ્ય અને શ્રેષ્ઠ સંતોષ આપણને મળે છે તે તો તે, હસ્તકલા છે, યંત્રથી બનેલી કલા નથી તેને કારણે. ❐

અનોખું વાદ્ય મોરચંગ

ઉમેશ જડિયા

વિશ્વના અનેક પ્રદેશોના આદિવાસીઓનું પ્રાચીન લોકપ્રિય વાદ્ય મોરચંગ આદિવાસી સ્ત્રીઓ લોકનૃત્ય પ્રસંગે વગાડે છે. મધ્ય એશિયાના 'તુવા' પ્રજાસત્તાકનું તે રાષ્ટ્રિય વાદ્ય છે.

કોઈ પણ દેશની લોકસંસ્કૃતિ, ઇતિહાસ, ધાર્મિક, સામાજિક રીતરિવાજ, પરંપરા ઇત્યાદિ જાણવા માટે સંદર્ભગ્રન્થો, ઐતિહાસિક દસ્તાવેજો, પુરાવા, શિલાલેખો, સિક્કાઓ, હસ્તપ્રતો વગેરેનો અભ્યાસ-સંશોધન જરૂરી છે તે રીતે જે તે પ્રદેશોના સંગીતનાં લોકવાદ્યો અને તેની પરંપરાનો અભ્યાસ-સંશોધન પણ એક અતિ આવશ્યક માધ્યમ છે, જેના દ્વારા એ પ્રદેશોનાં લોકો સંગીતપ્રેમી છે. ક્યાં ક્યાં વાદ્યોમાં ઊંડો રસ ધરાવે છે, એ વાદ્યો કયા કયા ધાર્મિક-સામાજિક પ્રસંગોએ કેવી રીતે અને કઈ જાતિનાં લોકો વગાડે છે, પોતાની ભાવના કઈ રીતે વ્યક્ત કરે છે અને તે પ્રદેશની લોકસંસ્કૃતિમાં પરંપરાગત લોકવાદ્યોનું સ્થાન કેવું છે તેની સચોટ માહિતી મળી શકે. આજે કચ્છનું લોકપ્રિય વાદ્ય મોરચંગ લુપ્ત થવાની અણી પર છે ત્યારે આ મોરચંગ વિશ્વના અનેક પ્રદેશોમાં અત્યંત લોકપ્રિય વાદ્ય તરીકે ગૌરવભર્યું ઉચ્ચ સ્થાન ધરાવે છે.


કચ્છના આ પ્રાચીન લોકવાદ્ય મોરચંગ અને તેની પરંપરાનો અભ્યાસ-સંશોધન કરવા અમેરિકાથી શ્રીમાન સ્ટીવ રોધમેન કિન્ડવાલ કચ્છના પ્રવાસે આવેલ. શ્રીમાન સ્ટીવ રોધમેન લોકસંગીત અને તેનાં વાદ્યોના ભારે ચાહક છે, અનેક પ્રકારનાં મોરચંગ વગાડે છે, બનાવે છે. તેઓ મોરચંગ ઉપરાંત જોડિયા પાવા પણ વગાડે છે. તે જ રીતે વિશ્વનાં અનેક લોકવાદ્યોનો અભ્યાસ કરી તેને સારી રીતે વગાડી શકે છે. અમેરિકામાં તેઓ મોરચંગવાદનની એક શાખા ચલાવે છે, જ્યાં તેઓ વિદ્યાર્થીઓને મોરચંગની કલા શીખવે છે.



અલગ અલગ ધાતુ અને વાંસનાં મોરચંગ અને તેને સુરક્ષિત રાખવાના કેસીસ

તાજેતરમાં ભુજની ઑફિસર્સ ક્લબમાં શ્રીમાન સ્ટીવ રોધમેને પોતાની મોરચંગ અને જોડિયા પાવાની કલા રજૂ કરી લોકોની ચાહના મેળવી હતી. કચ્છમાં લોખંડનું બનતું આ વાદ્ય ચંગ કે મોરચંગ તરીકે, ગુજરાતના છોટાઉદેપુરના આદિવાસી વિસ્તારોમાં વાંસના બનતા આ મોરચંગને ધોંઘરી તરીકે, સાબરકાંઠાના પોશીની વિસ્તારમાં કોરાયું, સુરાલિયું, ગુરાલિયું કે ગોરાલિયો તરીકે, રાજસ્થાનમાં મોરચંગ 'પટી' તરીકે દક્ષિણ ભારતના વિસ્તારોમાં મોરશિંગ, મુરઝાંગ તરીકે ઓળખાય છે. ભારતના ઉત્તરપૂર્વીય વિસ્તારોમાં કન્યાઓ લોકનૃત્ય સમયે મોરચંગવાદન રજૂ કરે છે. ભારત ઉપરાંત અમેરિકા-યુરોપમાં, ઇંગ્લંડમાં, ટર્કી, બેલ્જિયમ, ઇટલી, ઓસ્કિયા, નેધરલેન્ડ્ઝ, સર્બિયા, ક્રોએશિયા, મોન્ગોલિયા, ચીન, જપાન, ઇરાન, અફઘાનિસ્તાન, રૂમાનિયા, જર્મની, નૉર્થ સાઇબેરિયા, પાકિસ્તાન, નેપાળ, તિબેટ, વિયેતનામ, મલેશિયા, બર્મા, થાઇલેન્ડ, ઇન્ડોનેશિયા વગેરે દેશોમાં આ મોરચંગનો વિશિષ્ટ ઉપયોગ થતો જોવા મળે છે. નૉર્થ સાઇબિરીઆના તુવા પ્રજાસત્તાક રાજ્યમાં આ મોરચંગ રાષ્ટ્રિય વાદ્ય તરીકે સ્થાન ધરાવે છે. મોન્ગોલિયાની મોન્ગ જાતિ માનવીના મૃત્યુ સમયે જૂથમાં મોરચંગવાદન રજૂ કરે છે, જેથી એ માનવીનો આત્મા શાંતિથી શરીરનો ત્યાગ કરે અને આત્માની સદ્ગતિ થાય. ઇન્ડોનેશિયાના બાલી, જાવા, સુમાત્રાનાં આદિવાસીઓ પોતાના મૃત પૂર્વજોના અસ્થિનું કબ્રસ્તાન બનાવવા માટે વાંસમાંથી બનતા મોરચંગનું વાદન રજૂ કરી ભંડોળ એકઠું કરે છે. આ આદિવાસીઓ પોતાના ધાર્મિક ઇષ્ટદેવની પૂજા, અર્ચના, આરાધના કરવા દરરોજ ઉજવણી કરે છે ત્યારે આ વાંસના મોરચંગમાંથી વિશિષ્ટ પ્રકારનું સંગીત રજૂ કરી પોતાની ભાવના વ્યક્ત કરે છે.

શ્રીમાન સ્ટીવ રોધમેન પગપાળા પ્રવાસના ખૂબ જ શોખીન છે તેથી તેઓ મોરચંગના કર્ણપ્રિય સૂરોને માર્ગમાં ચાલતાં વિવિધ માનવીઓ, ગાય, બકરી, ભેંસ, ઊંટ, ગધેડાં, ઘોડા વગેરેનાં હલનચલન-આવનજાવન સાથે સરખાવી મોરચંગ-વાદનનું મહત્ત્વ માનસિક શાંતિ, ધ્યાન, યોગ અને સમાધિ માટે અને સારા સ્વાસ્થ્ય માટે ઉપયોગી છે તેવું ભારપૂર્વક જણાવે છે. આથી તેઓ રસ્તામાં પગપાળા પ્રવાસ કરતા મોરચંગના વિવિધ કર્ણપ્રિય સૂરો છેડો લોકોને આકર્ષિત કરે છે. તેઓ વધુમાં ઉમેરે છે કે જપાનની શેરીઓમાં મોરચંગવાદકોની સ્પર્ધા યોજાય છે. વિશ્વના જે કોઈ



મોરચંગ વગાડતા શ્રીમાન સ્ટીવ રાંધમેન

પ્રદેશોમાં મોરચંગના સૂરો વહેતા હોય તેવા દૂરદૂરના વિકટ પ્રદેશોની જાતમુલાકાત લેવાની ખેવના સ્ટીવ રાંધમેન રાખે છે.

આ વિસ્તારમાં જોવા મળતાં મોરચંગ વિવિધ ધાતુ જેમ કે લોખંડ, સ્ટીલ, પિત્તળ, સોનું, પ્લેટીનમ, અસ્થિ, પ્રાણીઓના શીંગડાંમાંથી તેમજ વાંસમાંથી નાનાંમોટાં કદ અને વિવિધ ઘાટનાં બને છે. ઘડિયાળની સ્પ્રિંગની પટ્ટીમાંથી પણ બને છે. નેધર લૅન્ડ્ઝ (હોલૅન્ડ) ખાતે દર ત્રણ વર્ષે આંતરરાષ્ટ્રિય મોરચંગ મહોત્સવ યોજાય છે, જ્યાં વિશ્વના નામાંકિત કલાકારો મળે છે. ડચ લેબલ પાન રેકોર્ડ્ઝ કંપનીએ મોરચંગવાદનની કૉમ્પેક્ટ ડિસ્ક તૈયાર કરી છે.

વિશ્વના વિવિધ પ્રદેશોમાં મોરચંગ કયા કયા નામે ઓળખાય છે અને કઈ વસ્તુમાંથી બને છે તેની માહિતી અહીં પ્રસ્તુત છે :

COUNTRY	NAME OF MORCHANG	MATERIAL
Rumania	- Drim, Drimboys, Drimba	- Iron, Steel
Iran-Persia	- Zamborac (Sound of Bees)	- Iron
Nepal	- Binsiyo, Gongap (String hajp, Moralliasingh, Bungap Morchung.	- Himalayan Bamboo, Iron
Italy	- Scacciapensieri, Mungiga	- Spring Steel, Iron, Anodized, Alumiaum
Canada	- Harpe Du Toviff (Qurrecoise)	Steel, Iron
England	- Gewgaw (very old name) Jew's-Harp	- Steel, Iron
Borneo	- Ariuding, Ta Re	- Bamboo
Java	- Karinding	- Bamboo, Sago Stem wood.
Bali	- Genggong, Genggong klopokan, Genggong kopawakah, lombok, nosa Penida, Minang sumatra	- Sagoslam Wood, Bamboo buffalo horn
Japan	-- Mkkuri (String Harp) Koukin	String harp steel bamboo
Germany	- Maultrommel	Iron Steel
France	- Quimarde	- Steel
Papua New Guinea	- Susap (String Harp)	- Split Bamboo
Pakistan	- Chang, pati.	- Bass, Iron
Afghanistan	- Chang, pati	- Brass, Iron, Gold
Tibet	- Kawang	- Iron
Mongolia Tuva Siberia	- Khomus, Khomos Temur, Ncaus, chang	- Russian Airoplane metal, Steel, Iron, Bamboo, Bone, Horn, Brass, Alloy Iron steel
Poland	- Drumla	Fire Hardend
ehed		
Phillippines	- Kubing, Kumbing	- Bamboo
Austria	- Schwarz	- Steel, Iron
Indonesia	- Slobe, lombok, Nysa Penida	- Sago stem wood Bamboo
Norway	- Mundharpe	- Brass
Switzerland	- Mundtrommel	- Steel
East Timor	- Ngope	- Iron
Thailand	- Ta ke, Ma Goo, Py, Ja Em	- Fire Hardened Bamboo
America	- Mouth Harp, Jew's Harp Jaw Harp Twanger	- Iron, Steel
Sumatra	- Gogo	- Bamboo, Sago, Stem wood
Holland	- Gedaschkadriver	- Steel
Netherlands	- (Thought chaser)	
India	- Chang, Morchang, Mursing, Moorsingh, Murchang, Ghongharl, Korayun, Suraliyun, Ghoraliyo	- Iron, Steel, Split Bamboo

પલટાતો જીવ

રવીન્દ્ર ભટ્ટ

ઈ.સ. ૧૯૩૦ આસપાસનો સમય. સ્વાતંત્ર્ય તો વર્ષો દૂર હતું, ત્યારે આજના સૌરાષ્ટ્રના પણ ત્યારના કાઠિયાવાડમાં નાનાં મોટાં ઘણાં રાજ્યો હતાં. આજનું સુરેન્દ્રનગર જંકશન ત્યારે વઢવાણ જંકશન કહેવાતું. ત્યાંથી રોજ સાંજે છ વાગ્યાની આસપાસ એક ટ્રેન ભાવનગર જતી અને બાર-સાડાબારે પહોંચતી. ત્રણ વર્ગો- પહેલો, બીજો અને ત્રીજો. જે દિવસની આ વાત છે તે દિવસે એ ગાડી વઢવાણ જંકશનથી ઊપડે તે પહેલાં એક યુવાન હાથમાં એક બેગ લઈને પહેલા વર્ગમાં ગોઠવાઈ ગયો. બીજું કોઈ નહોતું. ગાડી ઊપડવાની તૈયારીમાં હતી. હાથમાંનાં બે પુસ્તકો, પડખે સીટ ઉપર મૂક્યાં.

તે જ વખતે પડખેના લીમડી રાજયના દીવાનની પુત્રી એ જ ગાડી પકડવા તૈયાર થઈ ગઈ હતી. સારું એવું ભણેલી, સોહામણી, હિંમતવાળી, સંસ્કારી; પણ કંઈક અભિમાની, જે અભિમાન ક્યારેક સ્વભાવમાં સળવળે. અનિવાર્ય સંજોગોમાં પુત્રીને ભાવનગર મોકલવાનું જરૂરી બન્યું હતું. અગાઉ બે-ત્રણ વાર એમ જ થયેલું. તે સમયે ટ્રેનના પ્રવાસમાં સલામતી હતી.

પુત્રી નામે અપર્ણા, તૈયાર થઈ અને હાથમાં બેગ લીધી એટલે પિતાએ તિજોરી ઉઘાડી તેમાંથી એક નાની પિસ્તોલ કાઢી એના હાથમાં આપી : 'લે તારી પર્સમાં રાખ અને આ કાગળ અગત્યનો છે. ભાવનગર રાજયના રેવન્યૂ ખાતામાં મુખ્ય અધિકારીને આપજે, તું ઓળખે છે. પછી રોકાવાની ઇચ્છા હોય તો રોકાજે. નહીં તો મેલમાં બીજે દિવસે પાછી આવતી રહેજે. ચાલો ઊપડો, સ્ટેશન દૂર છે. મારે ઠાકોરસાહેબ પાસે અગત્યના કામે જવાનું છે.'

અપર્ણાને લઈને સેક્રેટરી લીમડી સ્ટેશને પહોંચ્યા. પહેલા વર્ગની ટિકિટ લઈ પ્લેટફૉર્મ ઉપર આવ્યા ત્યારે વઢવાણ સિટી મૂકી લીમડી તરફ આવી રહેલ ટ્રેનનાં બંને સિગ્નલો અપાઈ ગયેલા હતા.

'બહેન,' સેક્રેટરીએ નમ્રતાથી કહ્યું, 'રાત્રે મોડા પહોંચશો. ધ્યાન રાખજો, તકલીફ નહીં થાય ને?' 'શું કામ તકલીફ થાય ?' અપર્ણા બોલી ઊઠી, અને ઉમેર્યું, 'તમને બધાને શું કામ ચિંતા થાય છે ? બાપુજીનો પણ એ જ વાંધો. હવે મને કાંઈ કહેતા નહીં.'

સેક્રેટરી હેબતાઈ ગયો. આ છોકરી તો જબરી. દીવાનની દીકરીનું અભિમાન તેને ન ગમ્યું. ત્યાં તો થોડે દૂર ટ્રેનના એન્જિનનો પ્રકાશ દેખાયો.

ગાડી ઊભી રહી. સામે પ્રથમ વર્ગ-બીજા વર્ગનો ડબ્બો હતો. બીજા વર્ગમાં હા-હા-હી-હી કરતા ચાર-પાંચ જણા પાનાં રમતા હતા. પ્રથમ વર્ગના એક ખાનામાં એક યુવાન જે વઢવાણ જંક્શનથી બેઠેલો તે અપર્ણાને દેખાયો. ત્યાં તેને સલામતી લાગી એટલે બારણું ઉઘાડી બારી પડખે થોડા સંકોચથી બેસી ગઈ. સેક્રેટરી પાછળ દોડ્યા અને ગાર્ડને સૂચના આપી. તે ઓળખીતા હતા. 'અપર્ણાબહેન ભાવનગર જાય છે. જરા ધ્યાન રાખતા રહેજો.' ગાડી ઊપડી, ગાર્ડે નિશાનીથી સમજાવ્યું 'ચિંતા નહીં કરતાં.'

લીમડીથી ઊપડેલી ગતિ પકડતી ગાડી ચુડા તરફ આગળ વધી રહી હતી. એના એ પહેલા વર્ગના ખાનામાં મૌન પથરાયેલું હતું. 'બહેન', યુવાને નમ્રતાથી કહ્યું, 'મારું નામ મહેશ. હું છેક ભાવનગર સુધી જવાનો છું નિશ્ચિંત રહેજો.'

'સારું.' એમ કંઈક અકડાઈથી અપર્ણાએ કહ્યું. પછી વિચારમાં પડી ગઈ : 'હું શું કામ અકડાઈથી બોલી ? ભાઈએ તો નમ્રતાથી જ પૂછેલું. વળી, મારું નામ પણ ન પૂછ્યું.'

રાણપુર સ્ટેશને ગાર્ડ ઉતાવળે આવી પૂછી ગયા 'બહેન, કંઈ નાસ્તાની વ્યવસ્થા કરવાની છે ?' 'ના' અપર્ણાએ કહ્યું, 'મારી પાસે નાસ્તો છે.' પછી ગાર્ડ નજીક તરફની બારી પાસે બેઠેલા યુવાન તરફ ફર્યા, 'મહેશભાઈ, તમારા માટે બોટાદ જંકશન સ્ટેશને કેસરી દૂધ અને ફરસી પુરીનો ઑર્ડર અપાઈ ગયો છે. પહોંચશું ત્યાં તૈયાર જ હશે. લાવો તમારો ગ્લાસ, દૂધ સીધું એમાં જ ભરાવીશ.' મહેશે ગ્લાસ તૈયાર જ રાખેલો, તે આપ્યો અને ગાર્ડ ધજા ફરકાવતા પાછળ દોડ્યા.

અપર્ણાને આશ્ચર્ય થયું. 'સાંજની આ ફાસ્ટનો ઉપયોગ પણ ઘણી વાર કરતા હશે. ભાવનગર તો જાય છે. પણ ક્યાં રહેતા હશે ? શું કરતા હશે ?'

ટ્રેન રાણપુરથી ઊપડી એટલે મહેશે બેગમાંથી પાયજામો બહાર કાઢી તે પહેરી લેવા બાથરૂમમાં ગયો. અપર્ણાએ પણ ઊભા થઈ બેગમાંથી નાસ્તાનો ડબ્બો તથા પીવાના પાણીનો ગ્લાસ બહાર કાઢી બેગ ઉપરની બેઠક પર મૂકી. પછી નીચે થોડેક દૂર પડેલ સહપ્રવાસીના પુસ્તક ઉપર નજર નાખી. નજર નાખવી જ હતી. પુસ્તક ઊંધું પડ્યું હતું અને મથાળું સ્પષ્ટ વંચાતું હતું. 'શૃંગારશતક.' 'બાપ રે ! અપર્ણાને ફાળ પડી. બેસી ગઈ. પડખે જ મૂકેલ પર્સની અંદર સાચવેલી પિસ્તોલ ઉપર એનો હાથ દબાયો.

મહેશ બાથરૂમ-ટૉઇલેટમાંથી બહાર આવ્યો. પાયજામો પહેરી લીધો હતો. હાથમાં પાટલૂન હતું. અપર્ણાને જોઈ રહ્યો, જાણે એને માપવા-જાણવા, કશુંક કહેવા માંગતો હોય એવા એકબીજામાં ભળી જતા ભાવોથી'.

અપર્ણા એને જોઈ રહી. મહેશ સુંદર હતો. વધારે ધ્યાન ખેંચે એવું મજાનું તો ચહેરા ઉપર અંકિત થયેલું ચેતનમય લાગતું એવું સહજ સોહામણું સ્મિત ! અપર્ણાનો હાથ પિસ્તોલ ઉપરથી-

પર્સ ઉપરથી ખસી ગયો. ત્યાં તો મહેશ બીજે છેડેની બારી પાસે બેસી ગયો. પાછળની લાઈટ ચાલુ કરી બીજું પુસ્તક હાથમાં લીધું. 'શૃંગારશતક' પુસ્તક બંધ કરીને રહેવા દીધું.

અપર્ણા વિચારી રહી. 'શૃંગારશતક' જેવું પુસ્તક જાણે નાનો બાળક કોઈ સાહસકથા વાંચતાં વાંચતાં પડખે, એનું મથાળું દેખાય તેમ મૂકી દે તેમ જ મહેશભાઈએ મૂકેલ. અપર્ણાએ અનુમાન કર્યું, 'હવે જે વાંચે છે તે' 'નીતિશતક' હોવું જોઈએ. એની નજર ઘડીક જ મહેશ ઉપર ગઈ. પોતાની ચેતનામાં એક સૂક્ષ્મ ફેરફાર અત્યંત ધીરેધીરે થતો હતો.

એણે પોતાની બેગ ઉપરથી ઉતારી તેમાંથી એક પુસ્તક કાઢી પાછળની વાંચવાની લાઈટ ચાલુ કરી એ પુસ્તક વાંચવા બેસી ગઈ. ભયને બદલે સ્વસ્થતા અનુભવવા લાગી. એ પુસ્તક કવિ કાન્તે જેનો અનુવાદ કર્યો હતો તે એરિસ્ટોટલનું 'નીતિશાસ્ત્ર'. બાપુજીએ ભેટ આપેલ. કેવો યોગાનુયોગ !

બોટાદ જંકશન સ્ટેશને ગાડી ઊભી રહી ત્યાર પછી ગાર્ડે પહોંચાડેલ ગ્લાસમાં દૂધ સાથે મોટી રકાબીમાં ફરસી પુરીઓ એક છોકરો લઈ આવ્યો. તેને પૂરતા પૈસા આપી મહેશ સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર પડેલ લાકડા ઉપર બેસી નાસ્તાને ન્યાય આપવા લાગ્યો. સાથેની સહપ્રવાસિનીને સંકોચ ન થાય તે માટે એમ કરેલું. અપર્ણાએ પણ પોતાનો નાસ્તો શરૂ કર્યો. એની પાસે દૂધભાખરી અને બટેટાનું શાક હતું. એ ધીરેધીરે જમતી હતી. તે દરમિયાન મહેશ પાસે એક નાનો, કેવળ પહેરણ પહેરેલ, છોકરો આવી ઊભો રહ્યો. એક હાથ લંબાવાયેલો, બીજો હાથ પવનમાં પહેરણને સાચવતો રહેલો. મહેશે બે મોટી પુરી સ્નેહપૂર્વક સંભાળથી એ છોકરાના હાથમાં મૂકી દીધી.

અપર્ણાનો નાસ્તો પૂરો થવા આવ્યો ત્યાં ગાર્ડ આવ્યો, 'બહેન, ગાડી ઊપડે છે. કાંઈ જોઈએ છે ? તકલીફ નથીને ?' એટલું પૂછીને ગયો. મહેશ અંદર આવી ગયો. ગાડી ઊપડી. ધીરેધીરે વેગ પકડતી ગાડીના પાટા ઉપર ગતિ પકડતાં પૈડાંમાંથી ઊપજતા સંગીતના સૂરોથી જાણે જુદા પણ માધુર્ય પકડતા અવાજોમાં અપર્ણા પોતાને પૂછી રહી હતી : 'મને તકલીફ ? તકલીફ વળી કેવી ?' એ પ્રશ્નો એના અંતરમાં અટવાતા, પેલા ધીરેધીરે થતા સૂક્ષ્મ ફેરફારને જાણે અડી ગયા !

ગાડીએ ઠીક ઠીક ગતિ પકડેલી. રાત્રિના નવ ઉપરનો સમય થઈ ગયો હતો. અપર્ણાએ ડબાની બત્તીની સ્વિચ દબાવી. જો કે વાંચવા માટે પાછળની લાઈટ પૂરતી હતી. આમ, વેગ અને વાચન વચ્ચે ડબામાં કેવળ મૌન પથરાયેલું હતું.

નીંગાળા તરફ આગળ વધતી ગાડીના પાટા ઉપર ફરતાં પૈડાંમાંથી ઊપજતા પેલા ધાતુમય સંગીત સાથે અપર્ણાના વિચારોનો તાલ બેસતો નહોતો. બે જ અક્ષરોનો શબ્દ 'સારું'-નો ઉચ્ચાર જુદી જુદી રીતે કરવાથી સાંભળનાર વ્યક્તિને વિવિધ અનુભૂતિ થાય, પોતે કેવો એ શબ્દ અભિમાનમાં અને કંઈ તોછડાઈથી બોલી હતી ? સાંભળનાર ક્યાં દૂર હતો ? એને કેવું લાગ્યું હશે ? અપર્ણાને પશ્ચાત્તાપ થયો અને હૈયામાં થતો પેલો સૂક્ષ્મ ફેરફાર વધુ ને વધુ મૃદુ થતો જતો હતો.

મહેશ ખરેખર અપર્ણાની ધારણા પ્રમાણે 'નીતિશતક' જ વાંચતો હતો, પણ એનો જીવ સ્વચ્છ હતો. સાંભળેલ એક જ શબ્દ 'સારું' તો ક્યારનો એની ચેતનામાંથી નીકળી ગયો હતો. એ તો જે વાંચતો હતો તેની સાથે પોતાના નીતિ વિષેના વિચારો ઘડતો હતો. થોડેક જ દૂર પણ સમીપે બેઠેલી એક યુવાન નારીને જાણે કે પોતે સાચવવાની છે, એવી જવાબદારીથી કંઈક ગંભીર હતો. કોઈએ એવી જવાબદારી એને સોંપેલી નહિ. લીમડી સ્ટેશને વળાવવા આવેલા ભાઈ, પણ અપર્ણા સાથે ડબ્બામાં અંદર આવી ગયા પછી ઊતરી પાછળ ગયા હતા.

નીંગાળા આવીને ગયું અને ગાડી ધોળા તરફ આગળ વધી રહી હતી. દસ વાગવાને બહુ વાર નહોતી. અપર્ણાનો લગભગ સૂવાનો સમય. થોડી વારમાં જ આંખ ઘેરાવા લાગી. મહેશ તરફ સહેજ જોયું પણ એનું ધ્યાન પુસ્તકમાં હતું. બીજી બેત્રણ મિનિટમાં અપર્ણાને ઊંઘ આવી ગઈ. ક્ષોભ, પશ્ચાત્તાપ, ઉદ્વેગ એવા બધા જીવને મૂંઝવતા ભાવોમાંથી મુક્તિ મળી ગઈ -- ઘડીક તો મળી જ ગઈ.

ધોળા જંકશન આવ્યું ત્યારે મહેશે પણ 'નીતિશતક' પડખે બંધ કરીને મૂક્યું. ગાર્ડ આવીને વાતો કરી ગયા. અપર્ણા ઊંઘમાં હતી, એટલે તેને બોલાવવા જેવું લાગ્યું નહીં. મહેશે પૂછ્યું ત્યારે ગાર્ડે કહ્યું કે લીમડી રાજ્યના દીવાનની પુત્રી છે. ગાઢ નિદ્રામાં પડેલી અપર્ણાને વિચિત્ર સ્વપ્નાં આવતાં હતા, જીવને મૂંઝવે એવાં. ઘડીક ડબ્બો દેખાય, ઘડીક બહારનું અંધારું દેખાય, ઘડીક મહેશનું અસ્પષ્ટ મુખ દેખાય.

એકાએક એ જાગી ગઈ. ગાડી શિહોર સ્ટેશનનું પ્લેટફોર્મ છોડતી હતી. મહેશ તરફની બારીમાંથી પાછળનો ડુંગર દેખાતો હતો. અપર્ણાએ જોયું કે બારીએ હાથ ટેકવી, જમણા હાથમાં ગાલ ટેકવી મહેશ નિદ્રામાં પડ્યો હતો.

'મને ક્ષમા આપજો' કંઈક અસ્પષ્ટ, કંઈક મનમાં, કંઈક બહાર ફફડતા ઓષ્ઠે એનાથી મહેશને સંબોધીને બોલાઈ ગયું. બે અશ્રુનાં ટીપાંમાં દૂરનાં ઓછાં થતાં સરતાં ઘરોના દીવા એમાં ચમકતા હતા.

બેગ ઉપરથી લઈ એમાં બધું મૂકી રૂમાલથી આંસુ લૂછી બેસી રહી. સાંજનો પ્રવાસ જે આનંદદાયક થઈ શક્યો હોત તે તો હવે પૂરો થવામાં હતો.

મહેશ જાગી ગયો. અપર્ણાની બારીબહાર જોતાં એને લાગ્યું કે ગાડી ભાવનગર પરા ગઢેચીથી ઊપડતી હતી. થોડી વારમાં તે

વખતનું વીજળીનું પાવર હાઉસ ગયું. મહેશ અપર્ણા તરફ ફર્યો. અપર્ણા એને જોઈ રહી. એનો એ જ સૌમ્ય સ્મિતવાળો ચહેરો. ટૉઇલેટમાં જઈ પાટલૂન પહેરી લીધેલું.

પછી એણે કહ્યું, 'મારાથી કહ્યા વગર રહી શકાતું નથી. કદાચ 'નીતિશતક' વાંચતો હતો તેનું કારણ હોય. કોઈ પણ વ્યક્તિ, પુરુષ હોય કે સ્ત્રી, એ બાહ્ય દર્શને જેટલી સોહામણી હોય, સુંદર ન હોય તો ગમે એવો નમણો ચહેરો પણ હોઈ શકે, એ જો આંતર દર્શને પણ સોહામણી હોય તો તો કેવું મજાનું ?'

અપર્ણા મહેશને જોઈ રહી. ચહેરો નિર્દોષ હતો. સ્મિત રોકેલું. કટાક્ષનો તો અંશ પણ અણસાર ન હતો. કેવી સરસ રીતે, પોતાને કહ્યા વગર શું સોહામણી ન્હોતી કહી ?!

ગાડી ભાવનગર સ્ટેશનમાં ધીરી પડતી દાખલ થઈ ત્યારે મહેશે બારણાના હૅન્ડલ ઉપર હાથ મૂકતાં, વળી વધારે કહ્યું : 'નીતિની વાતો આપણે કેટલી બધી કરીએ છીએ ! નીતિ એટલે Morals પણ અંગ્રેજીમાં જેને આપણે એથિક્સ – ETHICS – કહીએ છીએ, તે સદાચાર-સૌ વચ્ચે સમાજમાં કોઈ પણ વ્યક્તિને વાણીથી, વર્તનથી કેવળ સદ્‌ભાવનો અનુભવ કરાવે. એવું બને કે નીતિને માર્ગે ચાલનારમાં એથિક્સ કદાચ ન હોય પણ એથિક્સવાળી વ્યક્તિ નીતિમય તો રહે જ.' ગાડી ઊભી રહી. બારણું ઉઘાડી બૅગ નીચે ઉતારી છેલ્લું બોલ્યો : 'તમારે માટે વાહનની સગવડ થઈ જ હશે. ચાલો.' હાથ ઊંચો કરી એ ઊતરતાં પેન્જરોમાં ભળી ગયો.

અપર્ણા ઊભી થઈ ગઈ. તેને કહેવાની ઇચ્છા હતી કે મહેશને જ્યાં જવું હોય ત્યાં મૂકી જાય. પણ ન બોલી શકી. હતાશ થઈ ગઈ. પોતા ઉપર ક્રોધ આવ્યો. ત્યાં તેની માસીની દીકરી અનુપમા ડબ્બા પાસે આવીને ઊભી રહી : 'ચાલ, અપર્ણા. લીમડીથી ટેલિફોનમાં તારા આવવાના ખબર અમે જમતાં હતાં ત્યારે આવેલા. ઘોડાગાડી તૈયાર છે.'

ઘોડાગાડીમાં અનુપમા અપર્ણાને જોઈ રહી. પછી પૂછ્યું, 'કેમ, કંઈક ધૂંધવાતી લાગે છે ?' અપર્ણા શું કહે ? એ તો સહપ્રવાસીને યાદ કરતી હતી. ઘણાએ તેને દેખાવડી, રૂપાળી કહી હતી; કોઈએ સોહામણી નહીં. એવું પરોક્ષ રીતે કહેનરની ઓળખ તો થઈ જ નહીં, પોતાના વાંકે !

રસ્તા ઉપર રાત્રિની શાંતિમાં ઘોડાના દાબલા ટપ ટપાતા હતા તેથી ઊંચે અવાજે અપર્ણાએ જવાબ આપ્યો, 'કાંઈ નથી. મને કંઈ પૂછતી નહીં. મને મજા નથી પડતી.' અનુપમા ડોક સહેજ ડાબે ઢાળી એને જોઈ રહી. નવા માણેકવાડી વિસ્તારમાં માસીના ઘરે પહોંચ્યાં પછી થોડી વારમાં જ એણે ગરમ પાણીથી હાથ-પગ ધોઈ, પોતાના માટે તૈયાર કરેલ સૂવાના ખંડમાં ગઈ. ત્યાં સુધીમાં અપર્ણાનો ધૂંધવાટ ઠીકઠીક વધી ગયો હતો. અનુપમાની બાની તબિયત નરમ હતી. એટલે તે તેની સાથે સૂવા ગઈ. અપર્ણાના માસા તો દીવાનખાનામાં જ સૂતા.

અપર્ણાના વિચારોએ, જાણે કે, વાવાઝોડાનું સ્વરૂપ લીધું : પરિચય ન થયો તે ન જ થયો. વાંક તો પોતાનો જ. એક જ શબ્દ 'સારું' કંઈક અભિમાનમાં, કંઈક તોછડાઈમાં બોલાયો તેનું પરિણામ. નહીં તો ઓળખાણ થાત, વાતો થાત અને પ્રવાસ સુખદ રહેત. પણ તોયે એ આનંદ પછી છૂટાં જ પડવાનું હતું ને ? વિયોગ જ હતો ને ? વળી, પરિચય સારો એવો થયો હોત તોયે ક્યાં લઈ જવાનો હતો ? કેમ વિકસવાનો હતો ?

અપર્ણાને એના મુંબઈના કૉલેજકાળના અભ્યાસ દરમિયાનના પ્રાધ્યાપક શાન્તનુભાઈ યાદ આવ્યા. એમણે કેવું સરસ કહ્યું હતું, 'સામેની અજાણી વ્યક્તિ, આપણી ચેતના જાગૃત હોય, આપણે સભાન હોઈએ, તો એ વ્યક્તિ પરિચય કરવા જેવી છે કે નહીં તેનો ખ્યાલ આવી જ જાય અને જેમ જેમ એવી સારી વ્યક્તિઓનો પરિચય થતો જાય તેમ તેમ આપણને ઈશ્વરનો પરોક્ષ અનુભવ થતો જાય.'

સહેજ સ્મિતમાં અપર્ણાના હોઠ ઉપર વિચાર આવ્યો, 'આજે એ થયું હોત'. તો પણ પાછા હોઠ બિડાયા અને જાતને પૂછી રહી, 'પછી એક શ્લોકની એક પંક્તિ એને બરાબર યાદ રહી ગયેલી. ખબર નથી પડતી કે સંસાર અમૃતમય છે કે વિષમય.

આવા આવા વિચારોમાં અપર્ણાનું માથું જમણેથી ડાબે અને ડાબેથી જમણે એમ ઓસીકા ઉપર અફળાતું રહ્યું. થોડી વારે જ્યારે ઊંઘ આવી ત્યારે એની બેય આંખ ભીની હતી.

❑

૧૯૯૯ના દાદાસાહેબ ફાળકે પુરસ્કાર દ્વારા વિભૂષિત

હૃષીકેશ મુખરજી : એક મૂલ્યાંકન

રજનીકુમાર પંડ્યા



સત્યપ્રિય એક પ્રામાણિક અને નિષ્ઠાવાન અમલદાર છે. તેની સુંદર સદ્‌ગુણી પત્ની અને એક બાળક જેમની પણ આગવી કહાણીઓ છે. ઘણાબધા ઘટનાક્રમ પછી જ્યારે સત્યપ્રિય માંદગીના અંતિમ બીછાને પડ્યો હોય છે ત્યારે, જો આ દૃશ્ય કોઈ ચલચિત્રનું હોય તો, મૃત્યુ જેવી અકાટ્ય ઘટના, અણગમતી છતાં યથાર્થપૂર્ણ અને પરંપરાગત અર્થમાં જેને અકાળ મૃત્યુની અશુભ ઘટના ગણાય તેની મંગળતા પરદા પર કેવી રીતે ઉજાગર કરવી અને એમાંય જ્યારે તે ઘડીઓમાં સત્યપ્રિય અવાચક થઈ ગયો હોય ત્યારે ? કલાકારને માટે આ એક પડકાર છે.

૧૯૯૯ની સાલનો પ્રતિષ્ઠિત અને ફિલ્મ ક્ષેત્રનો સર્વોચ્ચ ગણાતો દાદાસાહેબ ફાળકે એવૉર્ડ જેમને ૩૦મી સપ્ટેમ્બરે ફિલ્મક્ષેત્રે તેમના નોંધપાત્ર પ્રદાન માટે એનાયત થવાની જાહેરાત થઈ છે તેવા ફિલ્મનિર્દેશક હૃષીકેશ મુખરજીએ, માત્ર એક જ વારના ટેક માં આ અઘરું ગણાતું, પ્રચંડ સર્જનાત્મકતા માગી લેતું દૃશ્ય ૧૯૬૯માં તેમની ફિલ્મ 'સત્યકામ'માં ઝડપ્યું હતું. પડદા ઉપરનું જેને કાવ્ય જ કહી શકાય એવા આ દૃશ્ય માટે તેમણે નાયકના પગના અંગૂઠા પાસે કેમરા મૂક્યો અને નાયક (ધર્મેન્દ્ર)ની હડપચી તથા નાકનાં ફૂલતાં ફોયણાં દ્વારા એની આંતરિક પીડા વ્યક્ત કરી. કેમરાનો લેન્સ એટલે પ્રેક્ષકોની આંખની કીકી !.એ દૃશ્યમાં કેમરાની ગતિ સાથે જ પ્રેક્ષકોની માત્ર આંખની જ નહીં, હૃદયની ગતિ પણ જોડાય છે. કેમરા દ્વારા આ પ્રકારનો, આ ઍંગલથી આવો શૉટ પહેલી જ વાર લેવાયો છે. એ પછી કેમરા, બાજુમાં બેઠેલી એની શોકના ઓથારવાળી પત્ની (શર્મિલા ટાગોર) અને બાળક પર માત્ર ક્ષણવાર માટે કેન્દ્રિત થયા પછી એ આગળ વધે છે, અને ત્યાં હાજર રહેલાં પરિવારજનો, મિત્રો, નોકર-ચાકરો વગેરે પર એક પછી એક ફરે છે. એ દૃશ્યો કલોઝ અપનાં નથી તો ય પ્રેક્ષકો સુધી બરાબર પહોંચે છે. એ પછી સાવ છેલ્લે કેમરા એ ખંડની સાવ ખુલ્લી ઉઘાડી ફટાક બારીને આખા પરદા ઉપર તાદૃશ કરે છે,, જેમાંથી શાંત નિરભ્ર આકાશ તેળાય છે. સૌથી વધુ વાર કેમરા આ જગ્યાએ થંભે છે. ભાગ્યે જ પિસ્તાલીસ સેકંડમાં સમેટાતા આ દૃશ્ય દરમિયાન પશ્ચદ્‌ભૂમાં એક પાત્ર (અશોકકુમાર)ના મોંએ ચાલતું ભગવદ્‌ગીતાના શ્લોકોનું પઠન આ સમગ્ર દૃશ્યને મંગલકારિતાનો સંસ્પર્શ આપે છે.

ખુદ આપણા પોતાના જીવનાન્ત સુધી યાદ રહેનારા આ દૃશ્યને જોઈને આપણને બિમલ રોયની ૧૯૫૫માં બનેલી ઉત્કૃષ્ટ ફિલ્મ 'દેવદાસ'ના નાયક (દિલીપકુમાર)ની અંતિમ ઘડીઓનું દૃશ્ય યાદ આવી જાય. કોઈને એમાં એ દૃશ્યનું બેઠું અનુકરણ પણ અનુભવાય, પણ એક માત્ર ગીતાપાઠ અને ઘટનાસામ્ય સિવાય એમાં કશું જ સમાન નથી. 'દેવદાસ'માં પારો એ દૃશ્ય દૂરથી જોતી હોવાના કારણે લૉંગ શૉટમાં લેવાયું છે, જ્યારે 'સત્યકામ'માં હૃષીદાએ થોડા કલોઝ અપને બાદ કરતાં મિડશૉટનો જ ઉપયોગ કર્યો છે. 'દેવદાસ'માં એ દૃશ્ય મૃત્યુ પછીની ક્ષણોનું છે, આમાં મૃત્યુની જ ક્ષણોનું છે. અને સૌથી વધુ, 'દેવદાસ'ના એ અદ્‌ભુત દૃશ્યમાં બિમલદાએ કેમરાને સ્થિર રાખ્યો છે, જ્યારે 'સત્યકામ'માં હૃષીદાએ એને ટ્રૉલિશૉટ બનાવ્યો છે. મતલબ કે પ્રેક્ષકોને જ એ અંતિમ ઘડીના ધબકારાની યાત્રા કરાવવાની હોઈને કેમરા ગતિશીલ રાખ્યો છે.

આમ છતાં એ બન્નેની 'સ્કૂલ' એક જ છે, એ સ્વીકારવું જ પડે. ૧૯૩૫માં સાયગલ દ્વારા અભિનિત 'દેવદાસ' વેળા બિમલ રૉય માત્ર કેમરામૅન હતા, જે ૧૯૫૫ની એ જ ફિલ્મમાં નિર્દેશક બન્યા. બરાબર એવી જ રીતે ૧૯૫૫ની ફિલ્મ 'દેવદાસ'-માં બિમલ રોયના મદદનીશ તરીકે હૃષીકેશ મુખરજી હતા, જે પાછળથી ૧૯૫૭થી, ફિલ્મ 'મુસાફિર' થી સ્વતંત્ર નિર્દેશક બન્યા. બિમલ રૉય ઉપર એમના પૂર્વસૂરિઓનો પ્રભાવ હોય જ, એમ હૃષીદા ઉપર બિમલ રોયનો છે.

હૃષીદાનું ફિલ્મસૃષ્ટિમાં કોઈ વિચિત્ર કારણોસર આવવાનું થયું. ૩૦મી સપ્ટેમ્બર ૧૯૨૨ના રોજ કલકત્તામાં વિદ્વાન પિતા શીતલચંદ્ર ને માતા ઉમાદેવીની કુખે જન્મેલા હૃષીકેશ નાનપણથી જ ભણવામાં તેજસ્વી હતા. એ કલકત્તા યુનિવર્સિટીમાંથી રસાયણશાસ્ત્રનો વિષય લઈ વિજ્ઞાનના સ્નાતક થયા અને તેથી જ પોતાની રુચિ અનુસાર એક કોલેજમાં શિક્ષકની નોકરી સ્વીકારી. આમ તો બધું જ સમુસૂતરું ચાલતું હતું, પણ એમના નાના (માતાના પિતાને) દૌહિત્ર કોઈ કન્યાશાળામાં એની ઉંમરની છાત્રાઓને ભણાવવા જાય એ રુચતું નહોતું. એમની જીદને કારણે એ નોકરી એમણે છોડી દીધી અને ૧૯૪૫માં પોતાનો



નિર્દેશક અમરકુમાર સાથે હૃષીકેશ મુખરજી

એક મિત્ર સુબોધ રોય પોતે જ્યાં નોકરી કરતો હતો એ ન્યૂ થીઅટર્સની પ્રોસેસિંગ લૅબોરેટરીમાં નોકરી કરવા ખેંચી ગયો. આમ તો એ જમાનામાં ફિલ્મોમાં નોકરી કરવી એ કંઈ સારું નહોતું ગણાતું, શિક્ષકની નોકરી કરતાં તો નહીં જ નહીં. છતાં નાનાને એમાં વાંધો ન લાગ્યો, કારણ કે લૅબોરેટરીની નોકરી હતી ને પગાર પણ સારો હતો – નેવું રૂપિયા !

એ દિવસોમાં ફિલ્મ સંકલન (એડિટિંગ) પડદા ઉપર દશ્યો જોઈને નહીં, નેગટિવ્ઝ પરથી થતું હતું. એમાં આંખોને બહુ અસર પહોંચતી છતાં કામમાં રસ પડ્યો એટલે ગમી ગયું. મિત્ર સુબોધ રોય એમાં એમનો ગુરુ સાબિત થયો. થોડાં વર્ષો એમાં પસાર થયાં. દરમિયાન ન્યૂ થીઅટર્સ કલકત્તામાં અને ક્વચિત્ ડાઈરેક્ટર તરીકે કામ કરતા બિમલ રોયનું ધ્યાન એમના પર પડી ગયું. એમના ખંત અને સૂઝથી એ બહુ પ્રભાવિત થયા હતા. ખાસ કરીને એમણે જ્યારે બંગાળી ફિલ્મ 'ઉદયેર પા' અને 'હમરાહી' (૧૯૪૫)નું નિર્દેશન કર્યું ત્યારે આ યુવાને (૧૯૪૪) એમને એડિટિંગ દ્વારા બહુ મદદ કરી હતી. આમ, રાજી થઈને એમણે હૃષીકેશને ન્યૂ થીઅટર્સ સિવાયના બીજા નિર્માતાની ફિલ્મ 'તથાપિ'ના એડિટિંગનો સ્વતંત્ર હવાલો સોંપ્યો. આજ સુધી સંકલનકારના મદદનીશ તરીકે પોતાની હિટ ફિલ્મ બનાવી ચૂકેલા હૃષીકેશ આ ફિલ્મથી સ્વતંત્ર રીતે ૧૯૪૭માં સંકલનકાર (એડિટર) બન્યા. ત્યાર પછી એ સિલસિલો ચાલ્યો તે જે ચલચિત્રના નિર્દેશક બિમલ રોય હોય તેના સંકલનકાર હૃષીકેશ મુખરજી જ હોય. આ જુગલબંધી એવી જામી કે એ પછી ન્યૂ થીઅટરના ચિત્રોમાં પણ એમને એ કામગીરીની સોંપણી થવા માંડી. અલબત્ત, આમ છતાં એમનો અભ્યાસપ્રિય જીવ આવી સફળતાઓથી તૃપ્ત નહોતો. એમને હજુ વિજ્ઞાનમાં અનુસ્નાતક થવું હતું. એથી એમણે સારા પગારની એવી ન્યૂ થીઅટર્સની નોકરી પણ છોડી દીધી. થોડો સમય એમ ને એમ પસાર થયો. આગળ અભ્યાસની તૈયારીઓ ચાલી. ફરી જોગાનુજોગ નામના તત્ત્વે એક ચમત્કાર સર્જ્યો. એક વાર એ કોલેજનું ફોર્મ ભરવા જતા હતા ત્યાં જ કલકત્તાની એક ગલીમાં એમને બિમલદાનો ભેટો થયો. એ દિવસોમાં ન્યૂ થીઅટર્સના કેટલાક કલાકારોની માફક (જેમ કે કે. એલ. સાયગલ) બિમલદા પણ મુંબઈ આવી જવાનો મનસૂબો કરતા હતા. એમણે હૃષીદાને પણ પાંખમાં લીધા. પરિણામે ફરી કોલેજનો અભ્યાસ ખોરંભે પડ્યો અને હૃષીદાએ ૧૯૫૧માં બિમલદાની સાથે જ મુંબઈના ફિલ્મજગતમાં પગરણ માંડ્યાં, અને એમની ફિલ્મોનાં ઓડિટિંગની કામગીરી સંભાળી લીધી, એટલું જ નહીં – ૧૯૫૩માં નિર્માણ પામેલી ફિલ્મ 'દો બીઘા જમીન'માં એમને પટકથાલેખનની જવાબદારી પણ સોંપી. આ ફિલ્મની વાર્તા સંગીતકાર સલીલ ચૌધરીએ લખેલી હતી. એ પ્રમાણમાં પાંખી હતી, પણ હૃષીકેશના પટકથાલેખનની કળાએ તેને સઘનતા અર્પી. બિમલ રોયનું નિર્દેશન તો બેનમૂન હતું જ. પરિણામે આ ફિલ્મ જેમાં બલરાજ સહાની અને નિરુપા રોયે અત્યંત ભાવસભર અભિનય આપ્યો હતો તે જગતભરના ફિલ્મવિવેચકોની ભરપૂર પ્રશંસા પામી. અલબત્ત, એ પહેલાં ૧૯૫૨માં એમણે બિમલ રોયની જ ફિલ્મ 'માં'નું સંપાદનકાર્ય પણ સંભાળેલું અને સારી એવી પ્રશંસા પ્રાપ્ત કરી હતી. બિમલ રોયનો સાથ એમણે આમ ૧૯૫૨થી ૧૯૫૮ સુધી નિભાવ્યો. ઉપર દર્શાવેલી ફિલ્મો ઉપરાંત તેમની પરિણીતા (૧૯૫૩) નૌકરી (૧૯૫૪) દેવદાસ (૧૯૫૫) ગૌતમબુદ્ધ (૧૯૫૭) અને યહુદી (૧૯૫૮)માં સંપાદન સંભાળેલું. બિમલ રોયની ફિલ્મો અનામત (૧૯૫૫) પરિવાર (૧૯૫૬)અપરાધી કૌન (૧૯૫૭) કે જેમાં બિમલ રોય સિવાય અન્યનું નિર્દેશન ન હતું તેમાં અને 'મધુમતી' (૧૯૫૮) જેમાં બિમલ રોયનું નિર્દેશન હતું (છતાં) તેમણે સંપાદનની કામગીરી સંભાળી નહોતી.

બિમલ રોયના સતત સહવાસને કારણે અને તેમની પોતાની તીવ્ર ગ્રહણશીલતાને કારણે તેમને સૌપ્રથમ વાર સ્વતંત્ર નિર્દેશન કરવાનો વિચાર ઉદ્ભવ્યો, પણ તેઓને બિમલ રોયની પરંપરાની ફિલ્મો બનાવવાની ઈચ્છા નહોતી. એ અરસામાં તેઓ પશ્ચિમ અંધેરીમાં એક રૂમના નિવાસમાં રહેતા હતા. એના નાનકડા ઓરડામાં લોકોનો સતત આવરોજાવરો ચાલુ રહેતો હતો. દિલીપકુમાર પણ ત્યાં ક્યારેક આવી ચડતા. એ દિવસોમાં આજુબાજુની ગીચ વસ્તીમાં બનતા રહેતા જન્મ અને મરણના બે સાવ વિરુદ્ધના છેડાના બનાવોથી હૃષીદાના ચિત્તમાં જે સ્પંદનો જાગતાં તે તેઓ દિલીપકુમારને કહી સંભળાવતા. આ દુનિયા એક સરાઈ (ધર્મશાળા) છે તેવી ફિલસૂફી તેમના દિમાગમાં દૃઢ થતી જતી હતી. દિલીપકુમારે આ જોયું અને વાતવાતમાં જ સૂચન કર્યું કે આ વિચારને કેન્દ્રમાં રાખીને એમણે એક ફિલ્મ બનાવવી જોઈએ, પછી એમાં ભલે નાયકના મૃત્યુનું દૃશ્ય પણ આવે. નાયકના મૃત્યુના દૃશ્યને એ જમાનામાં લોકો સ્વીકારતાં નહીં અને એવાં દૃશ્યો હોય તો ફિલ્મો ટિકિટબારી ઉપર નિષ્ફળ જતી. રાજકપુરની 'આહ'નો દાખલો નજર સામે જ હતો. હૃષીદાએ એવી દહેશત દર્શાવી ત્યારે દિલીપકુમારે કહ્યું કે, ભલે કોઈ લોકપ્રિય સ્ટાર ફિલ્મમાં 'મરવા' તૈયાર ન થાય પણ પોતે

થશે અને કહ્યું કે, 'મૈં મરૂંગા ઔર તુ તરેગા' આટલા સંવાદ પછી હૃષીદાએ 'ફિલ્મ ગ્રૂપ'ના બેનર નીચે પોતે જે ફિલ્મનું નિર્માણ, નિર્દેશન અને સંકલન કર્યું તે ફિલ્મ હતી 'મુસાફિર'. દુનિયા એક સરાઈ છે એ દર્શાવવા માટે એક મકાન અને એમાં વારાફરતી રહેવા આવતા ત્રણ ભાડુઆત પરિવારની કથાઓ ગૂંથી લીધી. આમ તો એ ત્રણ પરિવારોને સ્પર્શતી ત્રણ અલગ અલગ ટૂંકી વાર્તાઓ જ હતી. પણ હૃષીદાએ એ ત્રણ મણકાને એક જીવનદોરમાં ગૂંથીને એક માળા, એક સળંગ કથા, બનાવી દીધી. ત્રણ અલગ અલગ કથા હોવાને કારણે નાયકનાયિકા પણ ત્રણ જોડીમાં હતાં. દિલીપકુમાર-ઉષા કિરણ, કિશોરકુમાર-નિરુપા રોય (દિયરભોજાઈ) અને શેખર-સુચિત્રા સેન. આ ફિલ્મમાં દિલીપકુમારે પહેલી જ વાર પડદા પર ગાયું : 'લાગી નાહી છૂટે રામા, ચાહે જિયા જાય.' આ ગીત એમણે લતા મંગેશકર સાથે ગાયું, ને પરદા પર એમના અને ઉષા કિરણના અભિનય સાથે ચિત્રાંકિત કરવામાં આવ્યું. ભૂતકાળનાં પ્રેમીપ્રેમિકાના સ્મૃતિવિહારના સંવેદનાસભર દૃશ્યને પ્રકૃતિના હળવા સંસ્પર્શ સાથે ઉપસાવી આપીને હૃષીદાએ પોતાની સર્જકપ્રતિભાનો પરિચય કરાવી આપ્યો આ ફિલ્મમાં હાસ્ય કલાકાર કેસ્ટો મુખરજીને પણ પહેલી જ વાર હિંદીમાં અભિનય કરવાની તક મળી. કૂબડા ભીખારીના પાત્રમાં એની પાસેથી હૃષીદાએ બેનમૂન કામ લીધું એટલું જ નહીં, એને માટે શૈલેન્દ્ર પાસે એક વિશિષ્ટ ગીત પણ લખાવ્યું, 'ટેઢી મેઢી હમસે ફીરે સારી દુનિયા' જેવા શબ્દો દ્વારા એ પાત્રના શારીરિક ટેઢા-મેઢાપણાને હાસ્યને બદલે કરુણનું ભાજન બનાવ્યું. આ ફિલ્મ તેના ગીતસંગીત-અભિનયને કારણે તો ખરી જ, પણ ફિલ્મીકથાના નવા જ નિરાળા માળખાને કારણે બેહદ લોકચાહના પામી. અલબત્ત, ધંધાદારી રીતે એની ગણના હિટ ફિલ્મોમાં ન થઈ, પણ એને રાષ્ટ્રિય કથાનું સર્ટિફિકેટ ઑવ્ મેરિટ મળ્યું હતું. અને એ રીતે એમની પહેલી જ સ્વતંત્ર ફિલ્મથી એમની રાષ્ટ્રિય સ્તરે નોંધ લેવાઈ.

એમની શક્તિઓને પારખીને બહારના નિર્માતાઓમાંથી વિખ્યાત નિર્માતા એલ બી. લક્ષ્મણની એમના માટે એક ફિલ્મનું નિર્દેશ કરવાની દરખાસ્ત આવી. આ એમના માટે કસોટીરૂપ કાર્ય હતું, કારણ કે એમણે પોતાની સંવેદનપટુતાને કાયમ રાખીને ફિલ્મમાં થોડાં રંજક તત્ત્વો પણ દાખલ કરવાનાં હતાં. જો કે એમણે ફિલ્મ 'અનાડી'માં એ કરી બતાવ્યું. શંકર-જયકિશનને કર્ણમધુર સંગીતવાળી અને રાજકપુર-નૂતન જેવાં એ જમાનાના સિતારાઓને ચમકાવતી એ ફિલ્મ અદ્ભુત સફળતાને વરી. વળી, એમાં માનવતાનો સંદેશ હતો. પ્રામાણિકતા, પારદર્શકતા, પ્રેમની સામેનો ભ્રષ્ટાચાર, કપટ અને ખલનાયકીનો તીવ્ર વિરોધાભાસ હતો. આ બધાંને કારણે ફિલ્મ સુપરહિટ પુરવાર થઈ. એ ફિલ્મને પણ ૧૯૫૯નો રાષ્ટ્રિય પુરસ્કાર મળ્યો.

એ પછી ફરી વાર એમણે પોતાના મનપસંદ કથાનકવાળા ફિલ્મનું નિર્દેશન કર્યું. એના નિર્માતા ભલે એલ બી. લક્ષ્મણ જ હતા, પણ વ્યાવસાયિક તત્ત્વોથી આ ફિલ્મને દૂર રાખવાનું હૃષીદા એમને સમજાવી શક્યા. પરિણામે ૧૯૬૦નો રાષ્ટ્રિય પદક જીતનારી ફિલ્મ 'અનુરાધા' આપણને મળી. આદર્શવાદની વિરુદ્ધ વાસ્તવનો ટકરાવ અને એમાંથી સંસારમાં પેદા થતી સમસ્યા એ તેના કેન્દ્રમાં હતી. ત્રણ મુખ્ય પાત્રો (બલરાજ સહાની, લીલા નાયડુ, અભિ ભટ્ટાચાર્ય)માંથી કોઈ જ ખલ નહોતું, છતાં એ ત્રણે વચ્ચે સંઘર્ષનું તત્ત્વ નિપજાવી એમણે ક્રૂરતા વગરનું કારુણ્ય પણ હોઈ શકે તે બતાવી આપ્યું — શંકર- જયકિશનથી તદ્દન વિપરીત ધાટીનું. ફિલ્મો માટે તો તદ્દન નવતર કહેવાય એવું શાંત સંગીત લીધું. પંડિત રવિશંકર જેવા સંગીતશિરોમણિને એમાં સંગીત આપવા સમજાવી શક્યા. આ ફિલ્મમાં તેમણે 'મુસાફિર'ની જેમ અનેક પ્રતીકોસંકેતોનો કલાત્મક વિનિયોગ કર્યો હતો.

હૃષીકેશ મુખરજીએ ૧૯૬૧ થી ૧૯૯૮ના સાડત્રીસ વર્ષના પ્રલંબ સમયગાળામાં આ પછી બીજી ચાલીસ ફિલ્માં (એક અધૂરી) પોતાના નિર્દેશનમાં આપી એ એક જુદા જ અભ્યાસગ્રંથનો વિષય છે. આ ટૂંકા લેખમાં એમાંની એકાધિક નોંધપાત્ર ફિલ્મોની વાત કરવી શક્ય નથી. માત્ર નામોલ્લેખ કરીને જ સંતોષ લેવો રહ્યો. ૧૯૬૧માં તેમણે સુનીલ દત્ત, આશા પારેખ દ્વારા અભિનિત ફિલ્મ 'છાયા' આપી જે લોકોને આજે માત્ર તેના માત્ર એક ગીત 'ઈતના ન મુઝસે તુ પ્યાર બઢા' ને કારણે જ યાદ છે. કદાચ એ મદ્રાસની ફિલ્મ કંપની એ.વી.એમ.નું ચિત્ર હોવાના કારણે હૃષીદાને એમાં પોતાની સર્જકતાને રમવા દેવાની પૂરી મોકળાશ ન મળી હોય એવું બને. 'મેમદીદી'નું પણ એવું જ થયું. ચરિત્ર અભિનેતાઓ (જયંત ડેવિડ) વગેરેને નાયક અને લલિતા પવાર જેવાં વયસ્કને કેન્દ્રવર્તી સ્રીપાત્ર તરીકે રાખવાને કારણે એ ફિલ્મ પણ ઝાઝું જોર કરી શકી નહીં. જો કે પછી ૧૯૬૨માં આવેલી ફિલ્મ 'આશિક' દ્વારા ખાતું થોડું સરભર થયું; પણ તટસ્થ રીતે વિચારતાં એની સફળતા શંકર-જયકિશનના સંગીત અને રાજકપુર, પદ્મિની, નંદાની સ્ટારવેલ્યૂ અને અભિનયને કારણે હતી. ફિલ્મ તરીકે આજે કોઈને ભાગ્યે જ એ યાદ આવે. એ પછીનાંવર્ષોમાં દેવ આનંદ-સાધનાના અભિનયવાળી ફિલ્મ 'અસલી-નકલી', પણ લોકોને ગીતો(સંગીત, શંકર-જયકિશન)ને કારણે યાદ રહી છે. ૧૯૬૪ની ફિલ્મ 'સાંજ ઓર સવેરા' પણ કોઈ વિશેષ છાપ મૂકી નથી ગઈ. આનો અર્થ એ થયો કે ૧૯૬૬માં એમની

એક ઉત્તમ ફિલ્મ 'અનુપમા' આવી ત્યાં સુધીનાં છ વર્ષના ગાળામાં હૃષીદાને ફિલ્મનિર્માતાઓની મરજીને કારણે થોડાં સમાધાનો કરવો પડ્યાં યા એમનો જ ઉન્મેષ એ ગાળામાં એટલો મંદ. ૧૯૬૬ના વર્ષમાં એમની 'બીવી ઔર મકાન' અને 'ગબન' એમ બીજી બે ફિલ્મો પણ આવી. 'ગબન' તો મુન્શી પ્રેમચંદજીની કથા પર આધારિત હતી. એ પછી ૧૯૬૭માં 'મઝલી દીદી' એ શરદબાબુની નવલકથા પર આધારિત ફિલ્મ આપી. એમાં ઘણાં દશ્યોમાં હૃષીદાનો કલાધબકાર વરતાતો હતો, પણ છતાં એને એમની યાદગાર ફિલ્મ ન કહી શકાય.

એવું લાગે છે કે કમર્શયલ ફિલ્મો બનાવવાની આવી પડતી ફરજને કારણે હૃષીદાના પગમાં જાણે કે બેડીઓ પડી જતી હતી. બિમલ રોયને પોતાની પ્રોડક્શન કંપની હતી જ્યારે હૃષીદાને બીજા નિર્માતાઓ માટે ફિલ્મો બનાવવી પડી હોવાથી આમ બન્યું. આમ છતાં જ્યાં એમને તક મળી ત્યાં પોતાનું કૌવત બતાવ્યા વગર રહ્યા નથી. એનો પુરાવો ૧૯૬૯માં આવેલી બે ફિલ્મો `પ્યાર કા સપના' (વિશ્વજિત-માલા સિંહા) અને `સત્યકામ' આપે છે. પહેલી સાવ સામાન્ય અને એમાં હૃષીદાનો સંસ્પર્શ જરા પણ નહીં ને એકદમ ફ્લોપ; જ્યારે બીજી હિંદી પરદા ઉપરની એક સર્વકાલીન યાદગાર સર્વોત્કૃષ્ટ ફિલ્મ! 'સત્યકામ' ગીતોને કારણે વિખ્યાત થઈ એવું પણ નથી, કારણ કે એનું એક પણ ગીત લોકોને આજે કે ત્યારે પણ યાદ રહે તેવું નહોતું. સંગીત પણ લક્ષ્મીકાંત પ્યારેલાલનું, છતાં એ જ વર્ષની એમની 'પ્યાર કે સપને' જો તળેટીમાં છે તો `સત્યકામ' શિખર પર! આમ કેમ બન્યું તેનાં માત્ર બાહ્ય કારણો આપણે જાણી શકીએ. ભીતરના સર્જકત્વને સ્પર્શતાં કારણો કોઈ અભ્યાસીએ તપાસવા ઘટે. એવું જ ૧૯૬૮થી ૧૯૭૩ના ગાળામાં આવેલી ફિલ્મો વિષે. ૧૯૭૧ની 'આનંદ' વળી 'મુસાફિર'ની જેમ તદ્દન નવા વિષય (ફિલ્મ સિતારાઓ માટેની મુગ્ધાઓની ઘેલછા) અને એની માવજતને કારણે સીમાચિહ્ન જેવી, તો ૧૯૭૨ની 'બાવર્ચી' સામાન્ય અને એ જ સાલની `સબસે બડા સુખ' તો નગણ્ય જ. ૧૯૭૩ની 'નમકહરામ' જગવિખ્યાત નાટક `બેકેટ' પરથી બનાવેલી તેમની એક નિર્દેશકની રીતે અવિસ્મરણીય ફિલ્મ હતી, તો ૧૯૭૪ની 'ફીર કબ મિલોગી'માં દિલીપકુમારનું અતિથિ કલાકાર રૂપે એમાં પ્રદાન છતાં ઘોર નિષ્ફળ અને સામાન્ય. ૧૯૭૩ની 'અભિમાન' જ્યારે સ્પર્ધાભાવ, ઈર્ષા, જાતિગત અહમ્ જેવા વિષયના લોકભોગ્યીકરણ દ્વારા ઉત્તમ ફિલ્મ તો 'ચૈતાલી' (૧૯૭૫) ગંભીર વિષયની અચ્છી માવજત છતાં ઝળકી નહીં. ફિલ્મોની સફળતા-નિષ્ફળતા, અલબત્ત બીજાં અનેક બાહ્ય પરિમાણો પર આધાર રાખે છે એ વાત સાચી છે. પણ અહીં આપણે માત્ર હૃષીદાના નિર્દેશનની જે તે ફિલ્મમાં વ્યક્ત થતી એમની સર્જપ્રતિભાના સંદર્ભમાં વાત કરીએ છીએ.

હાસ્યનો હળવો સૂર એ તો એમની ફિલ્મોની એક આગવી ઓળખાણ. 'અનાડી', 'મેમદીદી', 'બીવી ઔર મકાન', 'આશીર્વાદ', 'આનંદ' બધામાં જ એ સહાયક સૂર તરીકે છે; પણ ૧૯૭૫ની 'મિલી' કે ૧૯૭૭ની 'આલાપ' ને બાદ કરતાં, ૧૯૭૫ની ૧૯૯૮ સુધીમાં હૃષીદાએ હાસ્યરસ જ જેમાં પ્રધાન હોય તેવી ફિલ્મો વિશેષ બનાવી. અલબત્ત, ભાવના કે લાગણીશીલતાને તેઓ પરહરી ન શક્યા, પણ કથાની પરિસ્થિતિ જન્ય કે પાત્રગત લાક્ષણિકતાઓને કારણે જન્મતા હાસ્યનો મુક્ત આસ્વાદ કરાવવો અને એમાં જ પોતાની નિર્દેશકીય શક્તિઓ વાપરવી તેવો તેમનો ધ્યેય રહ્યો. 'ચૂપકે ચૂપકે', (૧૯૭૫) 'ગોલમાલ' (૧૯૭૯)અને તેની જ અનુકથા જેવી 'જુર્માના' (૧૯૭૯) 'ખૂબસુરત' (૧૯૮૦), 'રંગબિરંગી', (૧૯૮૩) અને 'જૂઠ બોલે કૌવા કાટે', (૧૯૯૮) જેવી ફિલ્મો એ વાતની ગવાહી આપશે. એમાં તેઓ ખીલવાને કારણે અત્યંત સફળ પણ રહ્યા, જ્યારે એમાં પણ 'બેમિસાલ' (૧૯૮૨), 'કિસી સે ન કહના' (૧૯૮૩), 'ઝુઠી' (૧૯૮૫)માં તેમની ઝાંખી-ઝંખવાતી છબી જ ઊપસી.

કોઈ પણ સર્જકને જીનિઅસ તો જ ગણવામાં આવે છે કે જો ઉચ્ચ કલાકીય ધોરણો સ્થાપી આપતા એના મૌલિક ઉન્મેષો, પ્રતિભાના એના આગવા આવિર્ભાવોનો એ પરિચય કરાવી શકે. હૃષીદા બેશક એવા `જીનિઅસ' ફિલ્મસર્જક હતા. એમની મૌલિકતાનો પરિચય એમણે એમની પહેલી જ ફિલ્મ 'મુસાફીર'થી આપ્યો. પણ તે પછી ઘણા એકાદ ચમકારાવાળા દિગ્દર્શક પાછળથી ક્યાં ફેંકાઈ જાય છે તેની ખબર પડતી નથી. 'ગર્મ હવા'ના એમ. સથ્યુ, 'આહ'ના રાજા નવાથે, 'બુટ પોલીશ'. જેવી જગવિખ્યાત ફિલ્મ સર્જનારા પી. એન. અરોરા (નિર્માતા રાજકપુર) જેવાં આનાં અનેક ઉદાહરણો છે. ગુણવત્તાનું સાતત્ય અને વૈવિધ્ય ઉપરાંત જથ્થો, ઇયત્તા પણ લક્ષમાં લેવાં ઘટે. એ રીતે આપણે હૃષીદાને સાયગલયુગ પછીના દિગ્દર્શકો જેવા કે વી. શાંતારામ, બિમલ રોય, મહેબુબખાન, રાજકપુર વગેરેના પંક્તિમાં મૂકવા પડે. બંગાળી સ્કૂલની તીવ્ર ભાવપ્રણવતા છતાં વેવલાવેડાથી તેઓ જોજનો દૂર રહ્યા. પાત્રાંકનમાં તેઓ સર્વશ્રેષ્ઠ હતા. ક્રમશ તેઓની યાત્રા આદર્શવાદિતાના મુકામથી આગળ વધતી વધતી છેવટે ઈશ્વર નિભ્રાઁતિ સુધી પહોંચી. માનવતાનો સંદેશ એમની હરેક ફિલ્મમાં; પણ તેમનો મુખ્ય ઉદ્દેશ એ નહોતો. કોઈના પણ ખલનાયકી વગરના માનવ્ય-અમાનવ્યના ટકરાવ, મૃત્યુ જેવી અકાટ્ય નિયતિની સામે યુદ્ધ અને છેવટે તેનો સ્વીકાર. -- આવી અનેક વાસ્તવિકતાઓ તેમણે પરદા પર કાવ્યાત્મક રીતે નિરૂપી. ટેલિવિઝનમાં પણ તેમણે 'રિશ્તે', 'હમ હિંદુસ્તાની' જેવી સિરીયલ બનાવી. પણ એ માધ્યમ તેમને ફિલ્મો જેટલો સંતોષ નથી આપી શક્યું. ફિલ્મોમાં નોંધપાત્ર પ્રદાન બદલ તેમને અપાતા આ દાદાસાહેબ ફાળકે એવોર્ડથી એ એવોર્ડનું જ ગૌરવ વધ્યું છે. □

ઈતિહાસધારા

અશોક હર્ષ

ભારતમાં ઈ. ૧૮૫૭નું પુનરાવર્તન થવા ન પામે એટલા માટે અંગ્રેજી હકૂમતના પ્રતિનિધિ લોર્ડ ડફરિને એલન ઓક્ટેવિયસ હ્યૂમ દ્વારા રાષ્ટ્રિય કૉંગ્રેસની સ્થાપના કરાવી, પરન્તુ ભારતીય સ્વાતંત્ર્યની ભાવના એથી જરાય નબળી નહોતી પડી. બંગાળના ભાગલા પછી શરૂ થયેલા આંદોલનને દમનથી કચડી નાખવાની નીતિ ત્યારની અંગ્રેજી હકૂમતે શરૂ કરી. બંગાળ પછી પંજાબમાં દમને જોર પકડતાં અને પંજાબકેસરી લાલા લજપતરાયને દેશનિકાલ કરતાં દેશ પરની વિદેશી હકૂમત પ્રત્યે પ્રજાના રોષે વધુ જોર પકડ્યું.

દમનના આ કોરડાનો પ્રજા અંત ઇચ્છતી હોઈને ઈ. ૧૯૦૭માં સુરતમાં ભરાનારી રાષ્ટ્રિય કૉંગ્રેસમાં તેણે બહુ આશા પરોવેલી, પણ કૉંગ્રેસના ત્યારના સૂત્રધારો સરકારના સીધા સામના માટે તૈયાર નહોતા. કૉંગ્રેસની આવી નબળી નીતિથી ઘણા કંટાળી ઊઠ્યા હતા અને આગલી સાલની કૉંગ્રેસની નાગપુર બેઠકની સ્વાગતસમિતિમાં તેનો પડઘો પડેલો.

આ પરિસ્થિતિમાં સુરતમાં કૉંગ્રેસનું અધિવેશન યોજવામાં આવ્યું. એ અધિવેશનનું સુકાન કોને સોંપવું એ બાબતમાં વિવાદ ચાલુ થયો. ડૉ. રાસબિહારી ઘોષ જેવા વિનીત પ્રમુખની પસંદગી સામે કૉંગ્રેસનો ઉદ્દામ વર્ગ લોકમાન્ય ટિળકની આગેવાની હેઠળ આગળ પડ્યો, અને લોકમાન્યે ઉદ્દામોના પક્ષે લોકમત વાળવા ગુજરાતી ભાષાનું સારું જ્ઞાન ધરાવતા ખાપર્ડેને સુરત મોકલી આપ્યા. ટિળક સ્વદેશીના આગ્રહી અને બ્રિટિશ માલના બહિષ્કારના શસ્ત્રમાં માનતા હતા, જે કૉંગ્રેસના ત્યારના મવાળ નેતાઓ કદાપિ સ્વીકારે તેમ ન હતા.

લોકમાન્ય પ્રત્યેની સમ્માનવૃત્તિ અને ખાપર્ડેનાં વ્યાખ્યાનોએ ત્યારનું લોકમાનસ ફેરવવામાં અગ્ર ભાગ ભજવ્યો. ગુજરાતના દી. બ. અંબાલાલે પણ આને અનુસરી મવાળ દળ તરફથી વ્યાખ્યાનમાળા યોજી, પરંતુ તે લોકદાર ન પામી.

અધિવેશનની તા. ૨૮મી ડિસેમ્બર ૧૯૦૭ આવી પહોંચી. લોકમાન્ય ટિળક સુરત આવી પહોંચ્યા. દેશનિકાલની સજામાંથી મુક્તિ મળતાં લાલા લજપતરાય પણ આવી પહોંચ્યા. તેમની ગાડીના ઘોડા છોડી નાખી સ્વયંસેવકોએ પંજાબના એ નરશાર્દૂલની ગાડી હાથે ખેંચેલી. અધિવેશનના પ્રમુખ રાસબિહારી ઘોષનું સ્વાગત એક તદ્દન મામૂલી ઘટના બની રહી.

અધિવેશ માટે લોકો એટલાં ઊમટી પડ્યાં કે છેવટે ટિકિટો બંધ કરવી પડી. સ્વાગત પ્રમુખ ત્રિભુવનદાસ માળવીના પ્રવચન બાદ દી. બ. અંબાલાલે પ્રમુખ તરીકે રાસબિહારી ઘોષનું નામ રજૂ કર્યું. તેને ટેકો આપવા સુરેન્દ્રનાથ બેનરજી ઊભા થયા કે ઉદ્દામવાદીઓએ ભારે ધાંધલ મચાવી મૂકતાં બેઠક બીજા દિવસ પર મુલતવી રહી.

બીજા દિવસે પોલીસ બંદોબસ્ત નીચે બેઠક મળતાં સુરેન્દ્રબાબુએ પ્રમુખપદ માટેની દરખાસ્ત ટેકો આપીને ગઈ ગુજરી ભુલી જવા જણાવ્યું. પંડિત મોતીલાલે સુરેન્દ્રબાબુને ટેકો આપતાં સ્વાગત પ્રમુખે રાસબિહારી ઘોષની પ્રમુખ તરીકે જાહેરાત કરી. ત્યાં તો 'રહો, હું એમાં સુધારો કરવા ઇચ્છું છું.' એમ કોઈ બોલ્યું. પણ તેને દાદ ન મળતાં ખુદ લોકમાન્ય ટિળક સિંહગર્જના કરતા આગળ ધસી આવ્યા. તેમને વ્યાસપીઠ પરથી ખસેડવાના પ્રયત્નો થતાં તે બોલ્યા, 'મને મારી નાખશો કે ફેંકી દેશો ત્યાં સુધી હું અહીંથી હટવાનો નથી.'

સભામાં અંધાધૂંધી ફેલાઈ ગઈ. એક દક્ષિણી જોડો સુરેન્દ્રબાબુને વાગતાં તે સભા છોડી ગયા. અધિવેશનના મંડપનો કબજો ઉદ્દામવાદીઓએ લઈ લીધો. છેવટે પોલીસ આવી પહોંચતાં નાસભાગ શરૂ થઈ. પોલીસે ધરપકડ કરી. આ ધાંધલ-ધમાલમાં 'ગુજરાતી'ના તંત્રી ઇચ્છારામ સૂર્યરામ દેસાઈનો સોનાનો અછોડો અને કેટલાકના પૈસાના પાકી ગુમ થઈ જવા પામેલાં.

બીજા દિવસે સ્વાગતપ્રમુખ તરફથી અખબારોમાં જાહેરાત કરવામાં આવી કે કૉંગ્રેસનું અધિવેશન અચોક્કસ મુદત સુધી મુલતવી રાખવામાં આવ્યું છે.



સુરેન્દ્રનાથ બેનરજી



બાલગંગાધર તિળક



એલન ઑક્ટેવિયસ હ્યૂમ

કંકાવટી

શતરંજ-નિષ્ણાત કુ. અર્પી શાહ

શતરંજની રમતમાં રાષ્ટ્રિય તેમજ આંતરરાષ્ટ્રિય કક્ષાએ ગુજરાતનું નામ રોશન કરનારી અમદાવાદની યુવતી



અર્પી શાહ 'ઇન્ટરનૅશનલ વુમન માસ્ટર'નું નૉર્મ મેળવનારી ગુજરાતની એકમાત્ર મહિલા ખેલાડી છે. ૧૯૭૫માં જન્મેલી અર્પીએ, પ્રખર બુદ્ધિમત્તા માગતી આ રમતમાં હરણફાળ ભરી અનેક ટૂર્નમેન્ટોમાં આશ્ચર્ય પમાડે તેવી ઝળહળતી ફતેહો મેળવી છે.

દેખાવમાં નમણી અને આકર્ષક, બોલવામાં ક્ષોભમુક્ત અને મુદ્દો સમજનારી, સૌમ્ય પ્રકૃતિ ધરાવતી અર્પીએ હાલ તો ચેસને પોતાની કારકિર્દી બનાવી દીધી છે. તે કૉમર્સ ગ્રૅજ્યુએટ છે અને તાજેતરમાં તેણે લૉની ડિગ્રી તથા વકીલાતની સનદ પણ મેળવી લીધી છે. અર્પીનું નાનું આખું કુટુંબ ચેસ-માઇન્ડેડ છે. ચેસનો આ કૌટુંબિક રસ સંતાનોમાં ચેસ પ્રત્યે પ્રેમ અને આકર્ષણ ઊભું કરવામાં કારણભૂત બન્યો. ઘરમાં ચેસનું વાતાવરણ જામેલું હતું. અર્પી જેમ જેમ મોટી થતી ગઈ અને ચેસને જોતી-જાણતી ગઈ તેમ તેમ કૌમાર્યાવસ્થામાં પગરણ થતાં જ આ અદ્દભુત રમત તેના દિલ અને દિમાગ ઉપર છવાઈ ગઈ. ચેસની રમત આમ તો ધીમી અને ઉત્તેજના વગરની ગણાય છે. જો કે આ તો સામાન્ય માણસનો એક ઉપરછલ્લો ખયાલ છે. ટૂર્નમેન્ટમાં સ્પર્ધકોને ઘડિયાળ તો શું સ્ટૉપવૉચ લઈને બેસવું પડે છે. રમત પણ નક્કી કરેલ સમય-મર્યાદામાં અને ચેસનાં નિર્ધારિત પગલામાં (એક દિવસીય ક્રિકેટ મૅચની માફક) પૂરી કરવાની હોય છે. ગણિતની ક્રાંતિકારી 'શૂન્ય'ની શોધ જેમ ભારતમાં થઈ હતી તેમ ચેસની શોધ પણ ભારતમાં થયેલી છે, જો કે ભારતના અંદરના ભાગમાં રમાતી ચેસ આંતરરાષ્ટ્રિય નિયમોથી થોડી અલગ રીતે રમાતી હોય છે. છેલ્લા ઘણા દસકાઓથી આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે આ રમત ઉપર રશિયા પ્રભુત્વ ધરાવે છે. ભારતમાં હાલનો ચેસ ચૅમ્પિયન વિશ્વનાથન આનંદ છે.

તરુણાવસ્થામાં પ્રવેશતાં જ તેર વર્ષની કિશોર વયે અર્પીએ સૌપ્રથમ વાર ગુજરાત સ્ટેટ સબ-જૂનિઅર ગર્લ્સ ટૂર્નમેન્ટમાં ભાગ લઈ પદ્ધતિસર ચેસ રમવાની શરૂઆત કરી. આ એક રાજ્યકક્ષાની ટૂર્નમેન્ટ રમાય છે. અર્પી પણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજમાં ભણતી વિદ્યાર્થિની હતી અને તેણે અઢાર વર્ષની ઉંમરે આ ટૂર્નમેન્ટમાં ભાગ લીધો. યુનિવર્સિટીની આ ટૂર્નમેન્ટમાં મહિલાઓ માટે અલગ વિભાગ નહોતો. સ્પર્ધકોમાં અર્પી સિવાય બીજી કોઈ મહિલા ખેલાડી નહોતી. છોકરાઓ અને છોકરીઓની આ સંયુક્ત ટૂર્નમેન્ટમાં પણ અર્પી ચૅમ્પિઅન થઈ અને તેની કારકિર્દી વધુ ઉજ્જ્વળ બની.

ગુજરાતમાં ચેસ માટે 'ગુજરાત સ્ટેટ ચેસ ઍસોસિયેશન' નામની સંસ્થા છે અને આ સંસ્થાના નેજા તળે રાજ્યમાં દર વર્ષે પુરુષોની અને મહિલાઓની અલગ-અલગ ટૂર્નમેન્ટ યોજાય છે. મહિલાઓની આ ટૂર્નમેન્ટમાં



૧૯૯૨, ૧૯૯૪, ૧૯૯૭ અને ૧૯૯૮ના વર્ષોમાં અર્પી ચૅમ્પિયન બની હતી.

વીસ વર્ષની ઉંમર સુધીમાં અર્પીએ સારી એવી સફળતાઓ મેળવતા, આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે ચેસ રમવાનું તેને બળ મળ્યું અને ૧૯૯૫થી દર વર્ષે અર્પી લંડન ચેસ રમવા જાય છે અને ત્યાંની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લે છે.

રાષ્ટ્રિય કક્ષાએ ભારતનાં બધાં રાજ્યોને આવરી લેતું ચેસનું સંગઠન All India Chess Federation (AICF) છે અને તેનું મથક કોઝિકડે (જૂનું નામ કાલિકટ)માં છે. આંતરરાષ્ટ્રિય કક્ષાએ પાત્રતા મેળવવા માટે રાષ્ટ્રિય કક્ષાએ રમાતી ચેસ ટૂર્નમેન્ટમાં નૅશનલ 'A' અને B' મહિલાઓની ટૂર્નમેન્ટમાં ભાગ લેવાનું મળતા '૧૯૯૨માં રમાયેલી ટૂર્નમેન્ટમાં તેને પાત્રતા મળી. આજ દિવસ સુધી આ સ્પર્ધામાં અર્પી સિવાય ગુજરાતની કોઈ મહિલાને પાત્રતા મળી નથી. સાંગલી ખાતે ૧૯૯૬માં રમાયેલી સિતાબાઈ ભીડે ઓપન રાષ્ટ્રિય ટૂર્નમેન્ટમાં અર્પી પ્રથમ નંબરે વિજયી થઈ હતી.

આંતરરાષ્ટ્રિય કક્ષાએ આખી દુનિયાને આવરી લેતી ચેસની માન્ય સંસ્થા 'FIDE (Federation International) Deos Echess) છે. તેનું વડું મથક એલિસ્ટા ખાતે છે. આ વૈશ્વિક સંસ્થા FIDEના નેજા નીચે યોજાતી સ્પર્ધાઓમાં કરેલા દેખાવ પ્રમાણે ખેલાડીને સંખ્યાક્રમ મળે છે. ખેલાડીએ કેવા સંખ્યાક્રમવાળા

તથા કેવું ટાઈટલ ધરાવનારા પ્રતિસ્પર્ધી સામે કેટકેટલી વાર કેવો દેખાવ કર્યો છે તે અનુસાર પહેલા તો તેને 'નૉર્મ' મળે છે. અને આવા ત્રણ નૉર્મ મળે એટલે ટાઇટલ માટે તે અધિકૃત ગણાય છે. ક્રમાંકપ્રદાનની ન્યૂનતમ સપાટી ૨૦૦૦ છે. આ રેટિંગ માટે પાત્ર થવું ઘણું અઘરું છે. ગુજરાતમાં મહિલાઓમાં અર્પી સિવાય કોઈ રેટેડ ખેલાડી નથી. વિશ્વ ચૅમ્પિયન ગેરી કાસ્પારોવનું રેટિંગ ૨૮૦૦ છે. તેની સામે અર્પીનું હાલનું રેટિંગ ૨૦૬૬ છે.

આંતરરાષ્ટ્રિય ટૂર્નમેન્ટમાં અત્યાર સુધીમાં અર્પી લંડન અને પૅરિસ ખાતે રમેલી છે. લંડનમાં બ્રિટિશ ચૅમ્પિયનશિપ ફાર ગર્લ્સ અંડર-૨૧માં, ૧૯૯૫માં અર્પી પ્રથમ આવી હતી. તે જ વર્ષમાં હેસ્ટિંગ્સ માસ્ટર્સ ટૂર્નમેન્ટમાં અર્પી કાઉન્ટી-માસ્ટર બની હતી. ૧૯૯૬માં મહિલાઓની બ્રિટિશ ચૅમ્પિયનશિપ ટૂર્નમેન્ટમાં અર્પી બીજા ક્રમે આવી હતી. ૧૯૯૭માં મહિલાઓની મેજર ઓપન ટૂર્નમેન્ટમાં અર્પીને પ્રથમ ક્રમ મળ્યો હતો. ઇન્ટરનેશનલ વુમન માસ્ટર્સ ટૂર્નમેન્ટમાં ભાગ લેવા તે ભાગ્યશાળી થઈ હતી, પણ વુમન-માસ્ટર બની શકી નહોતી. ૧૯૯૬માં ગુડરિક આંતરરાષ્ટ્રિય ટૂર્નમેન્ટ ભારતમાં રમાઈ હતી અને તેમાં અર્પીએ ભાગ લીધો હતો. ૧૯૯૫માં કૉમનવેલ્થ ચેસ ચૅમ્પિયન ટૂર્નમેન્ટમાં અર્પીએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

વિદેશની સરખામણીમાં આપણાં દેશની ચેસ મોખરાની નથી. વિદેશમાં કમ્પ્યૂટર અને પુસ્તકો દ્વારા ખૂબ મદદ મળે છે; ઉપરાંત સમાજ, સંસ્થાઓ અને સરકાર તરફથી પ્રોત્સાહન, તાલીમ અને આર્થિક ટેકો પણ મળે છે. ચેસ અંગેનું સાહિત્ય પણ ગુજરાતીમાં બહુ ઉપલબ્ધ નથી. (જો કે 'કુમાર' માસિકમાં વર્ષો પહેલાં, તેની પરંપરા પ્રમાણે ચેસ અંગેની લેખમાળા પ્રકટ થઈ હતી.) અર્પીને આવી કોઈ તાલીમ કે માર્ગદર્શન ન મળ્યું હોવા છતાં તેણે પોતાની આત્મસૂઝથી આ બધી સિદ્ધિઓ હાંસલ કરેલી છે.

અર્પી ગુજરાત સ્ટેટ ચેસ એસોસિયેશનની કમિટી મેમ્બર છે. આ સંસ્થા રાજ્યકક્ષાએ ચેસની સ્પર્ધાઓ તથા ટૂર્નમેન્ટોનું આયોજન કરે છે. આ ઉપરાંત અમદાવાદની 'Queen's Square Women Association'ની તે ઉપપ્રમુખ છે. ગુજરાતમાં અર્પીની 'Chess Queen' તરીકે ગણના થાય છે. ગુજરાતમાં મહિલાઓમાં ચેસ પ્રત્યેની સભાનતા લાવવામાં અર્પીનો મહદ ફાળો છે.

'International Woman Master' પછીની ઉપરની કક્ષા Woman Grand Masterની છે. ગુજરાતમાં હજુ સુધી કોઈને 'International Woman Master'નો ખિતાબ મળ્યો નથી. ભારતમાં ભાગ્યશ્રી થિપ્સે, અનુપમા ગોખલે, સ્વાતિ ઘાટે જેવી કેટલીક મહિલાઓ આ ટાઈટલ પ્રાપ્ત કરી શકી છે. પહેલાં તો ત્રણ નૉર્મ મળે પછી જ આ ટાઈટલ મળી શકે. અર્પીને હજુ આ ટાઈટલ મળ્યું નથી, પણ તેને એક નૉર્મ મળી ચૂક્યું છે અને બાકીનાં બે નૉર્મ મેળવવા તે ઇન્ટરનૅશનલ માસ્ટર્સ ટૂર્નમેન્ટમાં રમવાની છે. ભલે અર્પીને ઇન્ટરનૅશનલ વુમન માસ્ટરનો ખિતાબ મળ્યો નથી, પણ આ ખિતાબ જેને મળી ચૂક્યો છે તેવી વર્તમાન રાષ્ટ્રિય ચૅમ્પિયન અને ભારતની એકમાત્ર વુમન ગ્રાંડ માસ્ટર વિજયાલક્ષ્મીને તેણે ત્રણ વાર શિકસ્ત આપી છે અને આમ આડકતરી રીતે તે ઇન્ટરનેશનલ વુમન માસ્ટરના ટાઇટલ કરતાં પણ આગળ નીકળી ગઈ છે તેમ ગણાય !

અર્પી પોતાનું એ સદ્ભાગ્ય માને છે કે ૧૯૯૭માં લંડન ખાતે તેની મુલાકાત વિશ્વચૅમ્પિયન કાસ્પારોવ સાથે થઈ હતી. આ જ પ્રમાણે ૧૯૯૮માં ભારતના ચેસ સમ્રાટ વિશ્વનાથન આનંદ સાથે ચેન્નાઈમાં તેની મુલાકાત થઈ હતી અને તેણે લગભગ વીસ મિનિટ સુધી અર્પી સાથે ખૂબ આત્મીયતાથી વાતો કરી હતી.

અર્પી માને છે કે આપણા ખેલાડીઓએ વિશ્વસ્પર્ધામાં ટકવું અને પ્રગતિ કરવી હોય તો તેમને સઘન તાલીમ તથા અદ્યતન ઉપકરણો ઉપલબ્ધ થવાં જોઈએ. ચેસના એસોસિએશનોએ તથા સરકારે આર્થિક અને અન્ય પ્રકારની મદદ પૂરી પાડીને પ્રોત્સાહિત કરવા જોઈએ. આ દિશામાં બીજાને પોતે થોડીઘણી સહાયરૂપ બની રહે તેવી ઉમદા ભાવનાથી તે ઊગતા ખેલાડીઓને તથા રસ ધરાવતા સૌને ચેસમાં તાલીમ આપે છે. અર્પીની હાલની મહેચ્છા ઇન્ટરનેશનલ વુમન માસ્ટર બનવાની છે. આ ધ્યેયને હાંસલ કરવા અર્પીએ અત્યારે અન્ય વ્યાવસાયિક પ્રવૃત્તિઓ છોડીને ચેસ ઉપર જ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. અર્પીને અનેક ટ્રોફીઓ અને સર્ટિફિકેટો મળેલ છે.

ચેસની રમતમાં તેની સર્વોચ્ચ મહેચ્છા ફળીભૂત થાય પછી આગળ તે શું કરવા માગે છે તે અંગે અર્પીને પૂછતાં હસતાં હસતાં વ્યંગમાં તે કહે છે કે મારા વિદ્યાર્થી જીવનમાં મેં કાળાંધોળાં (કાળો કોટ અને સફેદ કપડાં) કરવાનાં છે. વળી, સામાન્ય રીતે વકીલો જ રાજકારણમાં જતાં હોય છે એટલે હું પણ જો રાજકારણમાં ઝંપલાવીશ તો ત્યાં પણ મારા ભાગે કાળાંધોળાં કરવાનું જ આવશે ! જ્યારે અર્પીને એવું કહેવામાં આવ્યું કે આ રમતમાં એકએક ચાલે ડઝનબંધ વિકલ્પો વિચારવાના હોય છે તો તમારું મગજ ઉઘાડીને જોઈએ તો જ ખબર પડે કે તે કેટલાં ગૂંચળાંવાળું છે ! આના જવાબમાં પણ અર્પી સ્મિત સાથે કહે છે કે, મારું મગજ જોવાને બદલે તમે વિશ્વચૅમ્પિયન કાસ્પારોવનું મગજ ખોલશો તો વધારે મજા આવશે, કારણ કે તેમાં ગૂંચળાંનાં ગૂંચળાં ભરેલાં જોવા મળશે! આ પ્રકારનાં કથન-વલણમાં અર્પીના વિનમ્ર સ્વભાવનો પરિચય મળી રહે છે.

-નૌતમભાઈ વખારિયા

કલાવાર્તા

સુરેશ રાવલની ચિત્રકલા

૧૯૯૮ અને ૧૯૯૯માં ક્રમિક રીતે રાજકોટના ચાર કલાકારો શ્રી ફ્રાન્સિસ ડાયસ, હીતેષ રાણીંગા, નવનીત રાઠોડ અને સુરેશ રાવલનો ગ્રૂપ શો અમદાવાદની રવિશંકર રાવલ ગેલરીમાં જોયો. શ્રી સુરેશ રાવલને તે સમયે નજીકથી મળવાનું થયું. જલરંગમાં લેન્ડસ્કેપ કરનાર વર્ગ હવે બહુ થોડો જ રહ્યો છે. મોટા ભાગના હવે તૈલ માધ્યમ વાપરે છે અને મોટા કદનાં ચિત્રો કરે છે. રાજકોટમાં કલાકારોનું એક વર્તુળ છે જેઓ નિયમિત રીતે રાજકોટ આસપાસ ભ્રમણ કરે છે ને ચિત્રો સર્જે છે, ખાસ કરીને જલરંગમાં.




રાજકોટના સ્વ. મગનલાલ ત્રિવેદી અને સનત ઠાકરે કલાનું એક વાતાવરણ અને પેઢી ઊભી કરી. આજે એ પ્રવાહ નવા વહેણ સાથે વહેતો રહ્યો છે. જેમાંના એક વિનોદ શાહ વડોદરા ગયા, પરંતુ જળરંગનું માધ્યમ ઉત્તમ રીતે વાપરતા રહ્યા. ગુજરાતમા રાજકોટ આ માટે તેનું આગવું સ્થાન જાળવી રહ્યું છે.



છેલ્લી હાર (તૈલરંગી)

શ્રી સુરેશભાઈનો જન્મ ૨-૭-૧૯૫૩ હળવદમાં. આમ તો એમ.એસસી. રસાયણ સાથે, ડિપ્લોમા ઈન કમ્પ્યૂટર સાયન્સ અને નોકરી એકાઉન્ટન્ટ ઑફિસર તરીકેની રાજકોટમાં એ.જી.ની ઑફિસમાં. એમના પિતા શ્રી પરશુરામભાઈ કહે છે કે, કલા એ શાશ્વત આનંદનો સ્રોત છે. અલબત્ત, એના સર્જકની આંતરિક અનુભૂતિ મહત્ત્વની છે. શ્રી સુરેશભાઈના કામમાં અનુભૂતિની ગહેરાઈ છે. એમના લૅન્ડસ્કેપ જોતાં થયું કે તેઓ કુદરત અને રંગોને સારી પેઠે સમજે છે. દશ્યચિત્રમાં માત્ર કુદરતની છબી ઉતારવાની નથી. ઈમ્પ્રેશનિસ્ટ શૈલીના તેમના કામને જોતાં તો એમ થાય કે તેઓને ગુજરાતના એક સારા ઈમ્પ્રેશનિસ્ટ કહી શકાય. તેઓ પ્રકાશના રંગો પકડે છે. નાના નાના બ્રશસ્ટ્રોકથી કેનવાસને રંગોનું મોઝેક બનાવે છે. પીસારો કામ અને ગુણવત્તા તેમણે પોતાના કામમાં આવરી લીધાં છે. કુદરતમાં રહેલું માધુર્ય તેમની પીંછીમાંથી નીતરે છે. તેઓ તેમનું સર્જન સ્થળ પર જ કરે છે. મધ્યમ કદના તેમના લૅન્ડસ્કેપ, તેમની પીંછીમાંથી નીકળે છે.

અદ્યતન કલાના પિતા સેઝાંએ પણ પોતાના રહેઠાણ નજીકની એઈક્સની ટેકરી આઠેક વખત ચીતરેલી. તે ભૂમિના સ્ટ્રકચરને સમજવા મથતો અને રંગનું મોઝેક રચતો. તેના મિત્ર અને ગુરુસમ વિસારો. જિંદગીભર ખાસ ક્યાંય ફર્યો નથી. પોતાના ગામની આસપાસનાં સ્થળ ચીતરતો. શ્રી સુરેશભાઈએ આ સિદ્ધાંત અપનાવ્યો છે, ચિત્ર કરવાની આવડતથી ચિત્ર થાય છે, નહિ કે રૂપાળાં દશ્યો જોવાથી. પ્રત્યેક રવિવારે તેઓ ગામને પાદર જાય છે ને એકાદ ચિત્ર સર્જે છે. તેમને કોઈ વ્યસન નથી. વ્યસન માત્ર ચિત્રનું છે.



ઉદવવંળા રંતજં (તૈલરંગી)

સર્જનની પ્રક્રિયા બાબતે શ્રી સુરેશભાઈ કહે છે કે, વર્ષોના અનુભવ પછી ઉચ્ચ સ્તરની કલ્પનાશક્તિ વિકસે છે. સ્થળ પર જ દશ્ય ચિત્રકાર અનેક મુશ્કેલીઓ વચ્ચે ચિત્ર પૂરું કરે છે. એમાં નવા સંબંધો સ્થાપિત થાય છે. ટેકનિકલ નિપુણતા કે મર્મજ્ઞતા એ વાયોવૃદ્ધપણા જેવી જ એક ધીમી પ્રક્રિયા છે. આ બધાનું સુભગ મિલન એક પક્વ કલાકૃતિ સર્જે છે.

તેમનું સર્જન આધુનિકતા



દશ્યચિત્ર (જળરંગી)



ગઢની રાંગવાળી શેરી

પારંપરિકતામાં સીમિત નથી. આવા વિભાગો અભ્યાસ માટે જરૂરી ખરા, પણ સર્જન માટે નથી. કાળના વિશાળ સાગરમાં ગઈ કાલ અને આજ શું ? સર્જનમાં તો સચ્ચાઈ, સંવેદન અને સર્જનની વેધકતા મહત્ત્વનાં છે. પ્રત્યેક વિષયનાં નવાં સંશોધન આડકતરી રીતે પણ સંમિલિત થતાં હોય છે.

તેમની કલાયાત્રા ૨૫ વર્ષની ખરી. તેઓ કલાશાળામાં ગયા નથી, પરંતુ કુદરતને ખોળે બેઠા છે. રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાનાં ઈનામો મેળવ્યાં છે. દેશમાં થતાં પ્રદર્શનોમાં ભાગ લે છે. તેઓ સ્વભાવે સાવ સરળ, દેખાવે કદાવર ને બોલવે મીઠા. તેમનામાં કલાકારનો કોઈ ઠાઠ નથી. પૂરી છ ફૂટની ઊંચાઈ અને પોષાક બાબતે ઝાઝી દરકાર નહિ. ધ્યાન માત્ર સર્જનનું. પ્રદર્શનમાં ચિત્ર મોકલે પછી સ્વીકૃતિ-અસ્વીકૃતિ બાબતે નિર્લેપ છે. પરમ આસ્તિક નહિ હોવા છતાં આ નિર્લેપતાને ઈશ્વરની અસીમ કૃપા ગણાવે છે. પત્ની જાગૃતિબહેન અંગ્રેજી સાથે બી.એ. છે. તેમનો સતત સહકાર સર્જનને પોષક છે. સુરેશભાઈને સમાન વિચારોવાળી સહૃદયી વ્યક્તિઓ સાથે વિચારોની આપલે કરવી ગમે છે.

તેઓ ચિત્રના પ્રારંભે કુદરતમાંથી પ્રેરણા મેળવે છે. બાદ તેના અંત સુધી પરિશ્રમ વેઠે છે. દિવસ પૂરો થયે સારું થાય તો તેનો આનંદ, બાકી નિષ્ફળ જાય તો પ્રક્રિયામાંથી કાંઈ શીખ્યાનો



શેરી (સંયોજન)

સંતોષ લે છે.

રાજકોટની લાખાજી લાઈબ્રેરીમાં તેમણે જયારે ફ્રેંચ ઈમ્પ્રેશનિસ્ટ ચિત્રકારોનાં સચિત્ર પુસ્તકો જોયાં ત્યારે રોમાંચ અનુભવેલો. આ પ્રસંગ ભુલાતો નથી.

તેમનું પ્રિય મીડિઅમ જલરંગ છે. ૧૫ વર્ષ સુધી આ માધ્યમમાં કામ કર્યું. ૧૯૯૦ પછી તૈલરંગો શરૂ કર્યા. તેમનો સ્ટૂડિઓ એટલે ખુલ્લું આકાશ. સર્વ ઋતુઓમાં સર્જન ચાલુ. રવિવારે નોકરીમાં રજા, પણ એ રજા કુદરતના સાન્નિધ્યમાં ફેરવાઈ જાય છે.

તેમની કૃતિઓ રાજ્ય કક્ષાએ ને રાષ્ટ્ર કક્ષાએ પ્રદર્શિત થઈ છે. જલરંગના ફાઇન આર્ટ અને ક્રાફટ પ્રદર્શન ન્યૂ દિલ્હી, ઇન્ડિયન એકેડેમી અમૃતસર, ચંદીગઢ, ગુજરાત રાજ્ય લ.કા. પ્રદર્શન અમદાવાદ, સાઉથ સેન્ટ્રલ ઝોન નાગપુર (આ પ્રદર્શન પંદર જગાએ કરેલું) રાયપુર, હૈદરાબાદ, અને બીએનાલ આર્ટ એકિઝ- બિશન, રાજસ્થાન, લલિતકલા અકાદમી જયપુર તથા વિશાખાપટ્ટનમ સ્મોલ ફોર્મેટ પ્રદર્શનોમાં ચિત્રો પ્રદર્શિત થયાં છે.

એવોર્ડ્ઝમાં મહાકોશલ કલા પરિષદ રાયપુર, ૧૯૯૨માં નાગપુમાં ગોલ્ડ મેડલ, બે ઇનામો અમૃતસર. ૧૯૯૫,૯૯ મેરિટ સર્ટિફિકેટ નાગપુર, જળરંગ માટે. ૧૯૯૫ રાજકોટમાં ૧૯૯૬માં પ્લૅટિનમ જયંતી નિમિત્તે ૧૯૯૬માં સન્માન. ૧૯૯૯માં વીશાખાપટ્ટનમ્, સ્મોલ ફોર્મેટ પ્રદર્શનમાં મેરિટ સર્ટિફેક્ટ મળ્યાં છે. -**નટુ પરીખ**

કલાવૃત્ત

કલાકાર ભરત મોદીનું કચ્છ સંસ્કૃતિ લોકજીવનને ધબકતું કરતું ચિત્રપ્રદર્શન

અમદાવાદની રવિશંકર રાવળ કલા ગેલરીમાં અમદાવાદના જાણીતા કલાકાર ભરત મોદીના કચ્છનાં ગ્રામલોકોની ભાતીગળ સંસ્કૃતિ અને તેમના વિશિષ્ટ રંગપૂર્ણ જીવનની જુદી જુદી ઝાંખીઓ કરાવાતું ચિત્રપ્રદર્શન ખરેખર ચિત્તાકર્ષક તથા કલાની દષ્ટિએ પણ સંતર્પક રહ્યું. તેમની કચ્છયાત્રા ખરેખર તેમની ચિત્ર શ્રેણીમાં આકર્ષક અને વિશિષ્ટ દષ્ટિકોણવાળી રચનાઓમાં સફળ થઈ છે.

ભરતે તેમની ઝડપી સશક્ત બ્રશ સ્ટ્રોક્સ અને સીમિત રંગોવાળી રચનાઓમાં વિશિષ્ટ પોષાક અને દાગીના પરિધાન કરેલી સ્ત્રીઓ, ભરવાડો, પ્રાણીઓ, દશ્યો, મકાનોને જીવંત કર્યાં છે. તેમની તૈલરંગોની સૂઝ તથા તેની માવજત ખાસ ધ્યાનપાત્ર છે.



કચ્છના લોકજીવનની ઝાંખી કરાવતું રંગીન ચિત્ર (ભરત મોદી)

કલાસ્મૃતિ

કવિવર રવીન્દ્રનાથ ટાગોર

કવિવર અને ગુરુદેવના માનવાચક સંબોધનથી દેશભરનાં લોકોમાં જાણીતા એવા રવીન્દ્રનાથ ટાગોર વિષે વર્ષોથી



ઘણુંબધું લખાતું વંચાતું, ચર્ચાતું, ગવાતું આવેલ છે., તેમનાં ગીતો, લખાણો, નાટકો અને ચિત્રો મશહૂર છે. તેમના નામ સાથે વિશ્વભારતી શાંતિનિકેતન, કલાનિકેતન જોડાએલાં છે. જગતભરમાં ભાગ્યે જ કોઈ મહાનુભાવ એવો હશે જે ભારતની મુલાકાતે આવ્યો હોય અને ઉપરોક્ત સ્થળોની મુલાકાત ના લીધી હોય !


૧૮૨૮માં રાજા રામ મોહનરાયે હિન્દુધર્મ અને વેદ સંસ્કૃતિને તે સમયે પ્રવર્તમાન યુરોપીઅન સંસ્કારિતામાંથી બહાર કાઢવા અને તેને પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરાવવા, બ્રહ્મોસમાજની સ્થાપના કરી હતી. સમાજ અને ધર્મસુધારણાનું આ કામ આગળ તેમના સહાધ્યાયીઓએ ચાલુ રાખ્યું હતું, જેમાં મુખ્ય હતા દ્વારકાનાથ ટાગોર. તેઓ ટાગોર પરિવારના મુખ્ય પ્રબંધક હતા. ટાગોર પરિવારને તે જમાનામાં તેમના સુધારક દૃષ્ટિની વિચારસરણીવાળા જીવન-વ્યવહારને કારણે સમાજમાં ઊતરતી કક્ષાનું સ્થાન અપાતું હતું. સમય જતાં દ્વારકાનાથના પુત્ર દેવેન્દ્રનાથે ૧૮૩૯માં 'તત્ત્વબોધિની સભા'ની સ્થાપના કરી, જે કાળે કરીને બ્રહ્મોસમાજમાં વિલીન થઈ ગઈ. દેવેન્દ્રનાથ ખૂબ જ ધાર્મિક મનોવૃત્તિવાળા હતા, જેને કારણે તેઓ મહર્ષિ તરીકે ઓળખાતા હતા. તેમના પુત્ર તે શ્રી રવીન્દ્રનાથ ટાગોર.

શ્રી રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ સન ૧૮૬૧માં કલકત્તામાં થયો હતો. તેમનું સર્વ પ્રકારનું શિક્ષણ પોતાના મહાલયમાં બેસીને થયું હતું. આગળની અન્ય ખોજ

ત્રણ કલાકારોનું પ્રદર્શન

ચંદ્રશેખર, જિજ્ઞા અને કૃષ્ણના સંયુક્ત પ્રદર્શનમાં (રવિશંકર રાવળ કલાભવનમાં) ચંદ્રશેખરની ટેરાકોટાના ગોળ ફોર્મેટમાં સર્જાયેલી શિલ્પકૃતિઓ પકવેલી માટીના માધ્યમની કલાકારની સૂઝ અને તેનો કલાત્મક ઉપયોગ અને તેમાં તેમણે સર્જેલાં પંખીઓ, પ્રાણીઓના વિચિત્ર લાગતા ઉપસાવાયેલા (લૉ રિલીફમાં) આકારો નજરે પડે છે. બગલાની ડોકમાંથી નીચે ફેલાયેલા ત્રણ સર્પોનાં મુખની આકૃતિ 'ફેન્ટસી' પક્ષી જેવું લાગે છે. તેમને જુદી આકૃતિઓને એક જ આકૃતિમાં રૂપાંતરિત કરવું ગમે છે.


કૃષ્ણના સ્વપ્નિલ જગતને સર્જતાં આધિભૌતિક તેજસ્વી રંગોના દૃશ્યચિત્રો તેમના આંતરિક મનના જ પહાડોના રસ્તાનાં દૃશ્યચિત્રો છે અને એક પ્રકારનું સુંદર છતાં નિગૂઢ વાતાવરણ સર્જે છે. જિજ્ઞાના કેવળ બ્લૅક અને ગ્રેના ગ્રૅડેશનમાં આછા બ્લુમાં સર્જાયેલાં ડ્રૉઈંગ તેમની નિજી વૈયક્તિક દૃષ્ટિ વિશિષ્ટ ખૂણાથી તેમણે જોયેલા બસ સ્ટેન્ડનાં દૃશ્યોને સર્જનાત્મક રીતે વ્યક્ત કરે છે અને આ ત્રણે ચિત્રકારો



બસ-સ્ટૅન્ડનું દૃશ્ય (ચિત્રકાર : જિજ્ઞા)

સાચેસાચ વડોદરાની ફાઈન આર્ટ ફેકલ્ટિનાં આશાસ્પદ યુવા કલાકારો છે.

-બંસીલાલ દલાલ



આધિભૌતિક ચિત્ર (ચિત્રકાર : કૃષ્ણ)



ટેરાકોટાના ગોળ ફોર્મેટમાં શિલ્પ કૃતિઓ (કલાકાર : ચંદ્રશેખર)



શ્રી રવીન્દ્રનાથ ટાગોરે દોરેલું એક ચિત્ર

મુસાફરી સ્વમહેનતે ઉપાર્જિત કરી હતી. તેઓનો શિક્ષણનો અનુભવ વિશ્વભારતીમાં થયો હતો. તેઓ શાંતિનિકેતનમાં સ્વનિર્મિત એવા સુંદર ઘરમાં રહેતા, દેશવિદેશથી આવતા મહાનુભાવોને સત્કારતા, વિચારવિનમય કરતા, કાવ્યો-નાટકો રચતા. કલાભવન રંગમંચમાં તેમનાં નાટકો 'શ્યામા', 'તાશેર દેશ', 'ચોખેરવાલી' આદિ ભજવાતાં. તહેવારોમાં પહેરવેશ અને તખ્તાની સજાવટો આગવું સ્થાન જમાવતી. મહાન ચિત્રકારો અવનીન્દ્રનાથ, ગગનેન્દ્રનાથ અને નંદલાલ બોઝ જેવા કલાકારોનું સાન્નિધ્ય રહેતું અને પરસ્પરને પુલકિત કરતું. આમ, કલાસર્જન થતું રહેતું. બધું કવિવર જોતા, અનુભવતા અને માણતા. કવિવર પોતાના દેશવિદેશના પ્રવાસો દરમિયાન પણ સર્વપ્રકારના કલાપ્રવાહોથી માહિતીગાર રહેતા. એટલે આવા સર્જકને ચિત્રકલાના સર્જનની ઇચ્છા તો અવારનવાર જાગતી જ હોય, જે કાગળ ઉપર નાનાંમોટાં રેખાંકનો દ્વારા છતી થતી રહેતી. પોતાના મનમાં ઉદ્દભવતાં આ રેખાંકનોમાં રંગો ભરવાની ઇચ્છા જાગે, રંગો ભરાતા જાય, અને એક બાદ એક ચિત્રસર્જનો થતાં જાય. આ રીતે કવિવરની ચિત્રયાત્રા શરૂ થઈ અને સર્જનો થયાં અને ચિત્રકલાના ઇતિહાસમાં એક આગવું સર્જનાત્મક સ્થાન પામી શક્યા.

શ્રી અવનીન્દ્રનાથ ટાગોર, કવિવરના સર્જન વિષે જણાવતા કે, તે જમાનાના લોકો-વિવેચકો આ કામમાં કંઈક નવીનતા છે તેમ કહેતાં, મૉર્ડન છે તેમ કહેતા. મારા માનવા પ્રમાણે નવીનતા એ એક અરાજક તત્ત્વ છે. જ્યારે કવિવરનાં ચિત્રોમાં અવ્યવસ્થા નામનું કોઈ તત્ત્વ નહોતું.. લોકો કહેતા કે તેમના ઉપર ક્યૂબિઝમ (ઘનવાદ)ની અસર છે. હું માનું છું કે ક્યૂબિઝમ નવીન હતું, પણ ક્યૂબિઝમ ગાડી ભરીને અવ્યવસ્થા પણ લાવ્યું. અવનીન્દ્રનાથ ટાગોર કહેતા ક્યૂબિઝમ કલા એક ફૅશનની જેમ આવી છે, જેમ દરેક ફૅશનનો એક સમય હોય છે, તેમ રહીને ચાલ્યું જશે. કવિવરનાં ચિત્રોને ક્યૂબિઝમવાળાં કે મૉર્ડન કહેવાં યોગ્ય નથી. કવિવરની ચિત્રકલામાં એવું કશું જ ન શોધી શકાય જે નિસર્ગમાં ના હોય. કવિવરનાં ચિત્રોનાં રંગોમાં નિસર્ગ છે, રચનાઓમાં નદીઓ અનેખેતરોની ઝલક દેખાય છે. તેમની અન્ય રચનાઓમાં આ બધું હતું જ, માત્ર અચરજ એ વાતનું થાય છે કે તેમના સર્જનની પ્રક્રિયાને તેમની મોટી ઉંમરે પ્રકટ થવાનો સમય મળ્યો. એટલે સમજી શકાય છે કે અંદર કેટલું બધું ભંડારી રાખ્યું હશે ? તેમની કલા એક જ્વાલામુખીની જેમ પ્રકટ થઈ અને આપણી સમક્ષ આવી. કવિવરના આ પ્રચંડ આવેગે જ તેમને વિવિધ પ્રતીકો આપ્યાં, રંગો આપ્યાં, રેખાંકનોની તાજગી આપી અને રજૂઆતના માધ્યમને પોતાની રીતે ખીલવવાની શક્તિ આપી. આ તેમનું પોતાનું સર્જન હતું. તેની અનુકૃતિ થઈ શકે તેમ નથી, અથવા આ સર્જનપ્રક્રિયામાં કવિવરને કેટલો સંતોષ થયો હશે તે પણ કહી શકાય તેમ નથી. કોઈ પણ વિવેચક તેમના સર્જન માટે મંતવ્યો બાંધી શકે તેમ નથી.

શ્રી રવીન્દ્રનાથનાં ચિત્રપ્રદર્શનો ૧૯૩૦, પૅરિસ, લંડન, જર્મની, ડેનમાર્ક, મોસ્કો અને ન્યૂ યૉર્કમાં; ૧૯૩૧ ફિલાડેલ્ફિયામાં, ૧૯૩૮ લંડનમાં ૧૯૪૩થી ૧૯૫૬ કલાભવન શાંતિનિકેતનમાં, ૧૯૫૩ નૅશનલ લાઇબ્રેરી કલકત્તામાં, ૧૯૬૧ કરાચી અને સ્વિત્ઝરલૅન્ડમાં, ૧૯૬૫ નૅશનલ ગૅલરી ઑવ્ મૉર્ડન આર્ટ ન્યૂ દિલ્હીમાં, ૧૯૭૩થી ૭૮ રવીન્દ્રભવન શાંતિનિકેતનમાં ૧૯૮૬-૮૭ પ્રવાસી પ્રદર્શન, લંડન, માનચેસ્ટર, ગ્લાસગો, બેડફૉર્ડ, ઑક્સફર્ડ વગેરે સ્થળે યોજાયાં હતાં. ખાસ સંગ્રહો ઇન્ડિયન મ્યુઝીઅમ કલકત્તા, શ્રી કજરીવાલ અને ચિત્રકલા પારિશાત બૅંગલોર; એન.જી.એમ.એ. ન્યૂ દિલ્હી, કલાભવન શાંતિનિકેતન, ટાગોર મ્યૂઝીઅમ કલકત્તા, વિક્ટોરિયા અને આલ્બર્ટ મ્યૂઝીઅમ લંડનમાં છે.

દેશભરમાં કલાજગતે તેમની જન્મશતાબ્દી ૧૯૬૧માં ઊજવી. તેના માનમાં પુસ્તકો, સ્મરણિકાઓ, પોર્ટફોલીઓ વગેરે પ્રકટ કરવામાં આવ્યાં.

આવા આપણા ગુરુદેવે ૧૯૪૧માં દુનિયામાંથી વિદાય લીધી. આવા મહાન કવિ-ચિત્રકાર-સર્જકને જેટલાં વંદન કરીએ તેટલાં ઓછાં છે. અત્યારે તો માત્ર સ્મરણ કરીને ધન્ય થઈએ !

-ગજેન્દ્ર શાહ (ચિત્રકાર)

સાહિત્યસંપર્ક

અવલોકન

સીમાચિહ્નરૂપ લઘુકથાસંગ્રહ

(હાર્બર : લે હરિત પંડ્યા, પ્રકાશક : દમયંતી પંડ્યા, ૨૧, મેઘાનગર, પવન-ચોકી રોડ, નડિયાદ - ૩૮૭ ૦૦૨. ક્રાઉન, પૃ. ૨૬૨, ૧૯૯૯, રૂ. ૬૦)

નવલિકાસંગ્રહ 'નિહારિકા' અને 'અતીતને આરે' તથા 'તમન્ના' નામક લઘુનવલોના લેખક, અંગ્રેજી સાહિત્યના અધ્યાપક શ્રી હરિત પંડ્યા પાસેથી લઘુકથા તથા લઘુ નવલિકાનો સંગ્રહ 'હાર્બર' પ્રાપ્ત થાય છે. આ સંગ્રહની ૧૦૧ રચનાઓ, લેખકે કહ્યું છે તેમ, વિભિન્ન સામયિકોમાં 'લઘુકથા' તરીકે જ પ્રકટ થઈ છે; પણ કેટલીક કૃતિઓ એમના કદના વ્યાપને કારણે લઘુકથાના ચોકઠામાં ગોઠવાતી વાચકોને-વિવેચકોને ન લાગે તેથી લેખકે સંગ્રહને લઘુકથા તથા લઘુનવલિકાના સંગ્રહ તરીકે ઓળખાવ્યો છે.

ગુજરાતી કથાસાહિત્યમાં લઘુકથા, નવલિકા (ટૂંકી વાર્તા), લાંબી ટૂંકીવાર્તા, લઘુનવલ, નવલકથા અને મહાનવલ જેવી સંજ્ઞાઓ રૂઢ બની છે. આ પ્રત્યેક સંજ્ઞાની વિભાવના પણ મહદંશે નિશ્ચિત થઈ છે. પરંતુ 'લઘુ નવલિકા' સંજ્ઞા આપણે ત્યાં હજી સ્વીકૃત બની નથી. અલબત્ત, આ સંગ્રહની લગભગ ચોથા ભાગની રચનાઓ તથા અન્ય લઘુકથાકારો (મોહનલાલ પટેલ, રમેશ ત્રિવેદી વગેરે) દ્વારા રચાતી એ પ્રકારની રચનાઓ ગુજરાતી કથાસાહિત્યના સમીક્ષકોને એ સંજ્ઞા વિશે વિચારવા અવશ્ય પ્રેરશે.

મોહનલાલ પટેલ દ્વારા 'કુમાર' માસિકમાં સાતમા દાયકાની મધ્યમાં શરૂ થયેલ લઘુકથા સાડાત્રણ દાયકાની મજલ પછી ગુજરાતી સાહિત્યમાં એક સાહિત્ય સ્વરૂપ તરીકે લગભગ સ્થિર થઈ શકી છે એમ કહી શકાય. મોહનલાલ પટેલના 'પ્રત્યાલંબન' (૧૯૭૦) સંગ્રહમાં પહેલી વાર આપણને નમૂનેદાર લઘુકથાઓ સાંપડેલી. તેમની પાસેથી ૧૯૮૫માં ગુજરાતી પ્રતિનિધિ લઘુકથાઓનું સંપાદન પણ મળ્યું. એ પછી તો લઘુકથાના અનેક સંગ્રહો આપણને પ્રાપ્ત થયા છે, જેમાં રમેશ ત્રિવેદીના ('આઠમું પાતાળ', 'આઈસબર્ગ' વગેરે સંગ્રહો પછી હરિત પંડ્યાનો પ્રસ્તુત સંગ્રહ નોંધપાત્ર ઉમેરારૂપ છે.

ઉપર ઉલ્લેખ્યું તેમ સંગ્રહની ૧૦૧ રચનાઓ પૈકી લગભગ પોણા ભાગની રચનાઓ તો નિઃશંકપણે લઘુકથા કહી શકાય તવી છે. જે રચનાઓ તેના કદ અને અંતઃતત્ત્વને કારણે લઘુકથાઓ નથી બની શકી (સંગ્રહની ૯, ૧૨, ૧૫, ૨૦, ૨૩, ૨૭, ૩૪, ૩૭, ૪૦, ૪૧, ૪૩, ૪૬, ૪૭, ૪૮, ૫૪, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૯, વગેરે રચનાઓ) તેમણે પણ નવલિકા કે ટૂંકી વાર્તા ગણવી કે લેખકે સૂચવ્યું છે તેમ લઘુનવલિકા ગણવી એ વિચારણીય મુદ્દો છે.

મોહનલાલે લઘુકથાનું જે સ્વરૂપ નિપજાવ્યું તેમાં આજ સુધીમાં સમજદારી-પૂર્વકના (અને નાસમજ ગણી શકાય તેવાં પણ) અનેક પ્રયોગો થયા છે. હરિત પંડ્યાએ પણ એ દિશામાં આવકાર્ય મથામણ કરી છે.

શરૂઆતમાં ઓ. હેન્રી પ્રકારની ચમત્કૃતિને લઘુકથાકાર માટે આવશ્યક માનવામાં આવેલી. હરિત પંડ્યાની પણ લગભગ ચોથા ભાગની લઘુકથાઓ (ક્રમાંક ૧, ૩, ૧૨, ૧૪, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૫, ૨૭, ૨૮, ૩૦, ૩૫, ૩૬, ૪૧, ૪૩, ૪૪, ૬૨, ૬૩ વગેરે)માં આ તત્ત્વનો જોવા મળે છે. એને કારણે લઘુકથા સચોટ પણ બને છે. પરંતુ આ તત્ત્વનો અતિરેક લઘુકથા અને ટૂચકા વચ્ચેની ભેદરેખાને પાતળી કરી દેશે એવો ભય સભાન લઘુકથાકારોને આવી ગયો. પરિણામે અંતની ચમત્કૃતિ ન હોય એવી લઘુકથાઓ પણ લખાવા માંડી. શ્રી પંડ્યાએ પણ એવી અનેક સફળ લઘુકથાઓ લખી છે.

લઘુકથામાં લેખકે ઓછામાં ઓછા શબ્દો દ્વારા વધુમાં વધુ વ્યક્ત કરવાનું હોય છે તેથી તેણે કેટલીક પ્રયુક્તિઓ પણ યોજવી પડે છે. શ્રી પંડ્યા અંગ્રેજી સાહિત્યના અભ્યાસી છે તેથી એલિયટની વસ્તુગત સહસંબંધકની વિચારણાથી પરિચિત હોય તે સ્વાભાવિક છે. તેમણે અનેક કૃતિઓમાં આ પ્રયુક્તિનો સફળ વિનિયોગ કર્યો છે. દૃષ્ટાંત લેખે ૪૮, ૫૩, ૫૭, ૬૦, ૬૫, ૭૦ વગેરે ક્રમાંકની કૃતિઓ જોઈ શકાય. 'કાયર'માં પત્નીનો પગાર પડાવી લેતા પતિની વૃત્તિને લેખક નિર્બળ કૂતરી પાસેથી ખોરાક ઝૂંટવી લેતા ડાઘિયા કૂતરાના વસ્તુગત સહસંબંધકની સહાયથી સચોટપણે ઉપસાવી આપે છે.

કેટલીક કૃતિઓમાં લેખકે પૌરાણિક ઐતિહાસિક સંદર્ભોનો પણ કાર્યસાધક ઉપયોગ કર્યો છે. 'એકલવ્ય', 'દધીચિ', 'અતિજ્ઞાન', 'ધૃતરાષ્ટ્ર', 'વસ્ત્રાહરણ' 'હૂમાયુ' જેવી રચનાઓ આ સંદર્ભે તપાસી શકાય. 'ધૃતરાષ્ટ્ર' જેવી રચનામાં દ્રૌપદીનો સંદર્ભ સહજપણે જ (શીર્ષકને કારણે) સૂચવાતો હતો પણ લેખકને (ધૂમકેતુની જેમ ?) પોતાના ભાવકો પર પૂરતો વિશ્વાસ ન રહ્યો ને અંતે 'દુઃશાસનની જેમ' એમ લખી થોડા મુખર બની ગયા. તેમની અનેક રચનાઓ આવા વલણને કારણે જ થોડી મુખર બની ગઈ છે. લેખકની પ્રયુક્તિઓથી પરિચિત ભાવક અડધી રચના વાંચતાં વાંચતાં જ હવે શું બનશે એ ધારી શકે છે.

લેખકે 'મારી વાત' નામક નિવેદનના અંતે લખ્યું છે : 'હાર્બર'માં સંગ્રહાયેલી કૃતિઓ એમના વાચકોને એમના તનાવમાંથી થોડે ઘણે અંશે ય મુક્તિ અપાવી શકાશે, તો એ કૃતિઓનું સર્જન અને પ્રકાશન સાર્થક થયું લેખીશ.' સત્ત્વશીલ્ સાહિત્યકૃતિનો એક ઉદ્દેશ ભાવકને તનાવમુક્ત કરવાનો છે એમ લેખક માને છે અને એ આ કૃતિઓના સર્જન પાછળનું એમનું પ્રયોજન પણ છે.

સંગ્રહની મોટા ભાગની રચનાઓ સાંપ્રત માનવજીવનના વાસ્તવ સાથે, ક્યારેક કટુ વાસ્તવ સાથે કામ પાર પાડે છે. જીવનના નગ્ન વાસ્તવનું દર્શન કરાવવાનો પણ લેખકનો ઉદ્દેશ જણાય

છે. 'સૌપ્રથમ જાણ કરનારને ઈનામ', 'પછેડી', 'દધીચિ', 'બીજો સોદો', 'જાહેરાત', 'હાર્બર', 'મગનિયાનો પગ' વગેરે સંખ્યાબંધ રચનાઓ જીવનના કરુણ વાસ્તવને આલેખે છે. આ રચનાઓ જયંત ખત્રી, બકુલેશ, સુંદરમ્ વગેરેની પ્રગતિવાદી મોજાની અસર નીચે રચાયેલી વાર્તાઓની યાદ અપાવી રહે છે.

વાસ્તવલક્ષી રચનાઓ માનવજીવનના કટુ સત્યને ઉજાગર કરવાની સાથે માનવસંબંધોની જટિલતા સંકુલતાને પણ સૂચિત કરે છે. લેખકે વ્યંજનાનો પણ સમર્થ ઉપયોગ કર્યો છે. 'પેરેસાઈટ' રચનામાં સુશીલની પત્ની પરની વધુ પડતી પરાધીનતાને આધારે ધારદાર બનાવવા લેખકે 'પેરેસાઈટ'નો સૂચક ઉપયોગ કર્યો છે. વાર્તાને અંતે આવતી પત્નીની ઉક્તિ આ વ્યંજનાને થોડી મુખરતાથી પ્રકટાવી આપે છે. 'નિશ્વાસ', 'વાસ્તુ', 'આઉટ ઑફ ફોક્સ', 'માઠા સમાચાર', 'અચાનક', 'ગૌરીવ્રત', 'સજા', 'ફેર' જેવી અનેક રચનાઓમાં ધ્વનિતત્ત્વનો કાર્યસાધક ઉપયોગ થયેલો જોઈ શકાય છે.

લેખકે ભાષા પાસેથી પણ સારું એવું કામ લીધું છે. 'દધીચિ' વાર્તામાં ડોસાના મૃત્યુને લેખક આ શબ્દોમાં સૂચક રીતે વ્યંજિત કરે છે : 'ડોસાના ઓરડાની દીવાલ પરનો તડકાનો ગાભો ક્યારે ભૂંસાઈ ગયો એની કોઈને ખબર ન પડી.' (પૃ. ૧૨) સંગ્રહની નામદાત્રી વાર્તાનું ગદ્ય જુઓ : 'પાણીની શાંત સપાટી પર રમતી નાની નાની લહેરો એમનાં પડખાંને પ્રેમથી ચૂમી લેતી હતી. ડાન્સિંગ ડૉલ્સની જેમ આછું ડોલતાં જહાજો હાર્બરમાં નચિંત થઈને વિરામતાં હતાં !' (પૃ. ૩૫). ગ્રામીણ પરિવેશવાળી વાર્તાઓમાં લેખક બોલી પણ પ્રયોજે છે, 'કશી ચિંત્યા નૈ'ની આ ભાષા જુઓ : 'તારું નખ્ખોદ જાય !' સોડીને વીલી મેલાતી અસે ! આ જો ઈની દસા થઈ સે તે ! અવે તારી સોડીને રૂપલી કોણ કે'વાનું અતુ ?' (પૃ. ૫૭). એકંદરે લેખકનું ભાષાપ્રભુત્વ પ્રશસ્ય છે. કથયિતવ્યને અનુરૂપ ભાષાશૈલી લેખક પ્રયોજી શક્યા છે.

લઘુકથા જેવી લઘુ રચનામાં પાત્રાલેખન માટે ઝાઝો અવકાશ ન હોય એ સમજી શકાય એવું છે. અનેક કૃતિઓમાં તો લેખકે પાત્રોને નામ જ નથી આપ્યાં ! કેમ કે ત્યાં પાત્રનો નહીં પણ પરિસ્થિતિનો, કથયિતવ્યનો મહિમા છે. પરંતુ કોઈ કોઈ વાર્તામાં પાત્રની સુરેખ રેખાઓ અંકિત થયેલી જોવા મળે છે. 'અચાનક' જેવી કૃતિમાં વિમળાનું માતૃહૃદય સુપેરે ઊપસી શક્યું છે. પાત્રોની સ્પષ્ટ રેખાઓ ઊપસે કે નહીં પણ માનવસ્વભાવની અનેકવિધ ખૂબીઓ ખામીઓ વિલક્ષણતાઓ સંગ્રહની અનેક વાર્તામાં સુપેરે પ્રકટ થઈ છે. હાર્બર'માં નાયકની લાચાર મનઃસ્થિતિ હાર્બરની પડછે પ્રભાવક રીતે વ્યક્ત થઈ છે.

કોઈ પણ વાર્તાસંગ્રહની બધી જ રચનાઓ આસ્વાદ્ય કલાકૃતિ બને એ શક્ય નથી. પરંતુ કોઈ પણ સંગ્રહમાં ત્રીજા-ચોથા ભાગની રચનાઓ પણ એવી હોય તો એ આશ્વાસક ગણી શકાય. આ સંગ્રહમાં 'લાકડી', 'પછેડી', 'એકલવ્ય', 'દધીચિ', 'હાર્બર', 'અચાનક', 'વસ્ત્રાહરણ' જેવી અનેક રચનાઓ સંતર્પક બની શકી છે. એક જ સંગ્રહમાં આટલી મોટી સંખ્યામાં સફળ, આસ્વાદ્ય લઘુકથાઓ સાંપડી હોય એવા સંગ્રહો ગુજરાતી સાહિત્યમાં અલ્પ જ છે. ગુજરાતી લઘુકથા સાહિત્યમાં આ સંગ્રહ સીમાચિહ્નરૂપ ગણાશે તો મને આશ્ચર્ય નહીં થાય. **-પ્રસાદ બ્રહ્મભટ્ટ**

'સત્યાર્થપ્રકાશ'

મહર્ષિ દયાનંદ સરસ્વતી રચિત ગ્રંથોમાં 'સત્યાર્થપ્રકાશ' એ અમર કૃતિ છે. ઋષિ દયાનંદના કાશીનિવાસ (૧૮૭૪) દરમિયાન તેઓના પરમ ભક્ત રાજા જયકિસનદાસની વિનંતીથી 'સત્યાર્થ-પ્રકાશ'ના પ્રથમ સંસ્કરણની રચના કરવામાં આવી હતી. 'સત્યાર્થપ્રકાશ'ના પ્રથમ ગુજરાતી ભાષાન્તરકર્તા મહર્ષિ દયાનંદના સમકાલીન પં. મંછાશંકર જયશંકર દ્વિવેદીએ તેને અનુરૂપ શબ્દશઃ અનુવાદ કરવા પ્રયાસ કરેલો છે. 'સત્યાર્થપ્રકાશ' એક પ્રકાશસ્તંભ (દીવાદાંડી) છે, જે આપણને સાચી દિશા, સાચો માર્ગ દેખાડે છે. તેના માધ્યમથી આપણે આપણા જીવનને યથાર્થ રૂપમાં સુખીસંપન્ન, સંતુષ્ટ, નિર્ભીક, સ્વતંત્ર બનાવી શકીએ છીએ અને ઉન્નતિ કરીને જીવનના અંતિમ લક્ષ્યને પણ પ્રાપ્ત કરી શકીએ છીએ.



પ્રચારાર્થે અલ્પ મૂલ્યવાળા આ ગ્રંથને પોતાના એવા પરિચિત મિત્રો, સંબંધીઓ તથા ધાર્મિક જિજ્ઞાસુઓને પહોંચાડે, ભેટરૂપે પ્રદાન કરે કે જેઓએ હજુ સુધી આ ગ્રંથને જોયો નથી, વાંચ્યો નથી. અને જે ખરીદી શકતા નહોતા તેઓ પણ ખરીદી શકશે. પુસ્તક મેળવવા નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો.

પ્રકાશક : દર્શન યોગ મહાવિદ્યાલય, આર્યવન, રોજડ, પો. સાગપુર - ૩૮૩ ૩૦૭ (જિ. સાબરકાંઠા), ડિમાઈ સાઈઝ, રંગીન પૂઠું, પૃ. ૫૫૪, પ્રચારાર્થ મૂલ્ય ફક્ત ૧૫ રૂપિયા, પ્રાપ્તિસ્થાન : ગુજરાતનાં દરેક આર્યસમાજ અને મુખ્ય વિતરક : આર્ય રણસિંહ યાદવ, 'સમ્યક્' પો. ગાંધીગ્રામ, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧

-કા.વ. રામી

સર્જકસૃષ્ટિ : વ્યંગદષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



'પ્રણયની જૂજ ક્ષણો, દર્દ જિન્દગીભરનું'
કરી ચૂક્યો છું દસ્તખત હું એ કરાર ઉપર
ક્ષિતિજો સ્વચ્છ રહે કેમ કરી જીવનની
અપેક્ષાઓની આ વણઝારને વિરામ નથી.

-હેમન્ત દેસાઈ



આજ વરસાદ નથી એમ ન કહેવાય, રમેશ
એમ કહીએ કે હશે, આપણે ભીના ન થયા.
પૂછો કે પેનમાં ય ફરે ઝાંઝવાં, તો હા
પૂછો કે હોય ત્યાં ય હરણ બ્હાવરાં, તો હા.

-રમેશ પારેખ

સાહિત્યિક કસોટી

નીચેનાં વાક્યો જુદી જુદી નવલકથામાંનાં છે. કોણ તેનાં લેખક/લેખિકા, ક્યું પાત્ર, કોને સંબોધીને બોલે છે ને ક્યારે, તે બતાવશો ?

(૧) અલકબહેન, હું તમારો ભાઈ થાઉં હો !

(૨) 'દોલત' જેવા યાવની ભાષાના શબ્દને મ્હારા દિવ્યનામ સાથે જોડતાં મને લાંછન લાગે છે; તેથી બળીબળીને અર્ધો થઈ ગયો છું.

(૩) રંગદ્વેષ માટે એકબીજાને કાપવાને તૈયાર થયા છો ? એટલી પણ ખબર નહીં ? સંસ્કારભેદ હોય ત્યાં વર્ણભેદ માનવો, એ તો અંધાપો છે.

ઉત્તરો :(૧) 'સરસ્વતીચંદ્ર'-ગોવર્ધનરામ મા. ત્રિપાઠી. નવીનચન્દ્ર એની મેડીમાં અસ્વસ્થતાને કારણે સૂઈ રહ્યો હતો ને અલકકિશોરીને તેની બરદાસ કરવાની, ઔષધ આપવાની જવાબદારી મળી હતી. ત્યારે તે ત્યાં આવી. પણ નવીનચન્દ્ર નિદ્રામાં હતો, તે જોઈ કાંઈક વિચારે તેની આંખ આંસુથી ભરાઈ ગઈ ને તે આંસુ નવીનચન્દ્રના હાથ પર પડ્યાં ને હાથ અનિચ્છાથી પકડી લીધો, તે જાગ્યો ને કુમુદસુંદરીનું ગવાતું છેલ્લું પદ 'ભ્રષ્ટ થઈ મતિ તેનો શતમુખ વિનિપાત જ નિર્મેલો' તેના કાન પર પડ્યું. તેનું હૃદય ચિરાઈ ગયું અને ખરેખર જાગૃત થયો. અલકકિશોરી સામું જોઈ રહ્યો. અને ધીમે રહીને, ઠપકાભરી આંખ કરી, આ મધુર, નરમ વચનો તે બોલ્યો.

(૨) 'ભદ્રંભદ્ર' - રમણભાઈ નીલકંઠ. ભદ્રંભદ્ર તેના સાથીને મુંબઈ જતાં પૂર્વે જણાવે છે.

(૩) 'લોકમહર્ષિણી' — ક.મા. મુનશી. વસિષ્ઠ. શુનઃશેષ જે ઉગ્રાનો પુત્ર ને 'પતિત' ગણાય છે. તેને મંત્રો શિખવાડે છે અને તેથી જે વિવાદ ઉદ્‌ભવે છે તે સંબંધમાં વસિષ્ઠ પોતાનું મંતવ્ય રજૂ કરે છે.

—મહેન્દ્ર ન. પંડ્યા


કેવલ રાષ્ટ્રિય ઉદ્યાન
(દેશાટન-૨૧)

મધ્યપ્રદેશમાં આવેલા ભરતપુરનો રાષ્ટ્રિય ઉદ્યાન દૂર દૂરનાં પક્ષીઓ માટેનાં



ભ્રમણસ્થાન તથા જુદા જુદા પ્રકારના અજગર, સાપ, જંતુઓનાં નિવાસસ્થાન માટે વિશ્વવિખ્યાત છે. બતકના શિકાર માટે વિકાસ પામેલા આ ઉદ્યાનને ૧૯૮૨માં રાષ્ટ્રિય ઉદ્યાન તરીકે માન્યતા મળી અને ૧૯૮૫માં એને 'વર્લ્ડ હેરિટેજ સાઈટ' ગણવામાં આવ્યો.

૨૯ ચોરસ કિલોમીટરના વિસ્તારના આ ઉદ્યાનની મધ્યમાં ભગવાન શિવનું મંદિર આવેલું હોવાથી 'કેવલદેવ' નામથી આ ઉદ્યાન ઓળખાય છે. ૩૭૫થી પણ વધુ પક્ષીઓનું નિવાસસ્થાન એવો આ ઉદ્યાન પક્ષીઓનું સ્વર્ગ કહેવાય છે. વર્ષાઋતુ પક્ષીઓનો પ્રજજનકાળ, ઠંડી ઋતુ દૂર દેશાવરનાં પક્ષીઓનું ભ્રમણસ્થળ તથા ગ્રીષ્મઋતુમાં પક્ષીઓનો કલરવ આ ઉદ્યાનમાં સતત માણવા મળે છે. આ ઉદ્યાન પૂરેપૂરો જોવા માટે ઓછામાં ઓછા બે દિવસનો સમય જોઈએ. પક્ષીઓ ઉપરાંત અહીં શિયાળ, નીલગાય, અજગર વગેરે પ્રાણીઓની વિવિધતા પણ જોવા મળે છે. પર્યટકો ઠંડી ઋતુમાં આ ઉદ્યાન જોવા ખાસ આવે છે અને દૂર દૂર દેશાવરનાં જુદાં જુદાં પ્રકારનાં પક્ષીઓ જોવાની મોજ માણે છે. ('યોગક્ષેમ'ને આધારે)



દુ:ખના રે દહાડા વહી ગયા, આવ્યો આસો રે માસ;
સૌ કો સપરમે દહાડલે, વસે પોતાને વાસ...
સખી સાહેલી સૌ મળી, હરિને લેવાને જાય;
આણે મારગ હરિ આવશે, ઊલટ અંગ ન માય....
રત્નાના સ્વામી રે શામળા, દોહેલું કીધું છે રાજ.

- રત્નો

મેગસેસે ઍવૉર્ડ વિજેતા અરુણા રૉય

ફિલિપાઇન્સ સરકાર દ્વારા સ્વૈચ્છિક સામાજિક કાર્યનું ગૌરવ કરવા માટે આંતરરાષ્ટ્રિય સ્તરે દર વર્ષે એનાયત કરવામાં આવતા બહુપ્રતિષ્ઠિત રેમન મૅગસેસે ઍવૉર્ડ માટે આ વર્ષે રાજસ્થાનના રાજસમંદ જિલ્લાના દેવડુંગરી ગામડાનાં બાહોશ મહિલા સામાજિક કાર્યકર અરુણા રૉયની પસંદગી કરવામાં આવી છે. ચુસ્ત બ્રાહ્મણપરંપરાનો મૂળ વારસો ધરાવતાં પણ છેલ્લી બે પેઢીથી પ્રગતિશીલ વિચારસરણીને વરેલા પરિવારમાં અરુણા રૉયનો જન્મ મદ્રાસ (હવે ચેન્નાઈ) ખાતે ૧૯૪૬માં થયો હતો. તેમના પિતા જયરામ ઐય્યર રવીન્દ્રનાથ ઠાકુર અને શાંતિનિકેતનના મુક્ત અને પ્રગતિશીલ વાતાવરણથી ખૂબ પ્રભાવિત થયા હતા. જેના પરિણામે તેમણે જ્ઞાતિની બહાર લગ્ન કર્યાં હતાં એટલું જ નહિ પરંતુ પોતે બ્રાહ્મણ જ્ઞાતિનાં છે તે સૂચવતી તેમની ઐય્યર અટક પણ ત્યજી દીધી હતી. મહાત્મા ગાંધીના ઉચ્ચ આદર્શોથી પણ જયરામ રંગાયેલા હતા. અરુણાનું બાળપણ વ્યતીત ત્યાં થયું હતું અને એમ.એ. સુધીનું શિક્ષણ પણ ત્યાં જ લીધું હતું. ત્યાંની ઇન્દ્રપ્રસ્થ મહિલા કૉલેજમાંથી તેમણે અંગ્રેજી સાહિત્ય સાથે દિલ્હી યુનિવર્સિટીની સ્નાતકોત્તર પદવી પ્રાપ્ત કરી હતી અને થોડોક સમય કૉલેજકક્ષાએ તે વિષયનું અધ્યાપનકાર્ય કર્યા પછી ૧૯૬૮માં તેમણે ભારતીય વહીવટી સેવાની પરીક્ષા પાસ કરી કેન્દ્ર સરકારની નોકરી સ્વીકારી હતી. કૉલેજકારકિર્દી દરમિયાન દિલ્હીની સ્ટિફન્સ કૉલેજમાં ભણતા સંજિત રૉય નામના એક બંગાળી યુવાન સાથે અરુણાનો પરિચય થયો. 'બંકર' નામથી મિત્રોમાં ઓળખાતા આ યુવાને સ્ક્વૉશની રમતમાં સળંગ ત્રણ વર્ષ રાષ્ટ્રિય ચૅમ્પિયનશિપ મેળવી હતી. પણ તેનાથી વિશેષ તેને સામાજિક સેવાના કાર્યમાં



અને તેને લગતા સંશોધનમાં વધુ રસ હતો. ૧૯૭૦માં અરુણાએ માત્ર વીસ મિનિટની તદ્દન સાદી હિંદુ વિધિ દ્વારા બંકર સાથે લગ્ન કર્યાં પોતાનાં સંતાનો ઉછેરવાને બદલે વિશ્વનાં બાળકોને દત્તક લેવાનો પોતાનો નિર્ધાર જાહેર કર્યો.

ભારતીય પ્રશાસનિક સેવાનાં ઉચ્ચ અધિકારી તરીકે અરુણાને જે કરુણ અનુભવો થયા તેનાથી હતાશ થઈ તેમણે ૧૯૭૭માં પોતાના પદનું રાજીનામું આપીને રાજસ્થાનના તિલોનિયા

ગામડામાં સામાજિક સેવાનાં કાર્યને વરેલા પતિએ ૧૯૭૬માં સ્થાપેલા 'સોશ્યલ' વર્ક રિસર્ચ સેન્ટર'માં જોડાયાં. આઝાદી પછી પણ દેશની પ્રશાસનિક સેવાઓ નોકરશાહી અને લાલફીતશાહીના વમળમાં ફસાયેલી રહી છે અને તેથી તે દેશનો ઉદ્ધાર કરવામાં તદ્દન અસમર્થ છે એવો કડવો અનુભવ તેમને ૧૯૬૮થી ૧૯૭૭ દરમિયાન આઈ.એ.એસ. અધિકારી તરીકે થયો હતો. આપણા દેશની આવી પ્રશાસનિક વ્યવસ્થા પ્રામાણિક, નિષ્ઠાવાન અને કાબેલ માણસોને ક્રમશઃ બહાર ફેંકી દે છે એવું અરુણાનું તે અંગેનું નક્કર તારણ હતું.

પરંતુ સામાજિક કાર્ય દરમિયાન પણ અરુણાનો અનુભવ સુખદ તો હતો જ નહિ. તેમણે જોયું કે દેશના દરેક ક્ષેત્ર પર સ્વાર્થી ભ્રષ્ટાચારી અને લેભાગુ લોકોનું જ વર્ચસ્ છે અને તેમાં નિખાલસતા તથા પારદર્શકતાનો સંપૂર્ણ અભાવ છે. રાજ્યની પ્રશાસનિક વ્યવસ્થામાં ગોપનીયતાના નામે પ્રજાનું ભયંકર શોષણ થઈ રહ્યું છે. ભ્રષ્ટાચારને ખુલ્લો દોર મળ્યો છે અને વિકાસના નામે બખડજંતરનું પોષણ થઈ રહ્યું છે એવું અરુણાએ ડગલે ને પગલે જોયું. જ્યાં સ્વાસ્થ્ય ઉપચાર કેન્દ્રો, શાળાઓ, જાહેર મુતરડીઓ કે સંડાસ જેવાં જાહેર બાંધકામો, ક્યારેય પણ નિર્માણ કરવામાં આવતાં ન હતાં. તેમના નામે લાખો રૂપિયાનાં બનાવટી બિલો સરકારી ખાતામાં મૂકવામાં આવતાં હતાં અને સરકારી નાણાંની ઉચાપત થતી હતી. જાહેર બાંધકામો પર કામ કરતા મજૂરોને લઘુતમ વેતન ધારાના ધોરણે ચુકવણી કરવાને બદલે ઓછી રકમો ચૂકવાતી અને મોટી રકમોનાં બિલો પર નિરક્ષર મજૂરોના અંગૂઠાની છાપ લેવાતી. કેટલાક કિસ્સાઓમાં ભૂતિયા મજૂરોની લાંબી યાદી તૈયાર કરવામાં આવતી અને તે રકમો બારોબાર કર્મચારીઓ અને અધિકારીઓનાં ખિસ્સાંમાં જતી હતી. જમીનદારો ગેરકાયદેસર રીતે જમીનો પર કબજો જમાવતા અને તેમાં પણ સરકારી તંત્રની સામેલગીરી રહેતી.

આવી બદીઓ ખુલ્લી પાડવા અને સાચા અર્થમાં કાયદો અને ન્યાયની વ્યવસ્થાને ઉત્તેજના આપવાના હેતુથી ૧૯૯૦ના મે દિવસના અવસરે રાજસ્થાનના દેવડુંગરી ગામમાં અરુણા રોય અને તેમના સહકાર્યકરોએ 'મજદૂર કિસાન શક્તિ સંગઠન (MKSS)' નામની સંસ્થાની સ્થાપના કરી, જેનો મુખ્ય ઉદ્દેશ મહેનતકશ મજૂરો અને કિસાનોને સાચા અર્થમાં સત્તાધીશ બનાવવાનો, સમર્થ બનાવવાનો હતો. સરકારી તંત્રમાંથી ગોપનીયતાનો ઓપ દૂર કરી માહિતી મેળવવાના મૌલિક અધિકારના પોષણ દ્વારા એક અસરકારક જનઆંદોલન આ સંસ્થાના નેજા હેઠળ ઊભું કરવામાં આવ્યું, જે સતત બાવન દિવસ ચાલું રહ્યું. તેના માટે ઠેર ઠેર ધરણાં, જન સુનવાઈ, ઘોટાલા, રથયાત્રા, શેરીનાટકો, પ્રચારગીતો, મોરચા, મહિલાસભાઓ જેવાં માધ્યમોનો સહારો લેવામાં આવ્યો. પ્રચારસભાઓ કે સરઘસોમાં વિશિષ્ટ પ્રકારનાં સૂત્રો ઉચ્ચારવામાં આવતાં. દા.ત. 'સોના ચાંદી મેં નહીં માંગા', 'મોટા બંગલા મેં નહીં માંગા', 'બંગલે મેં ગદ્દી મેં નહીં માંગા', 'મોટર મેં બેઠા કુત્તા મેં નહીં માંગા', તો ફિર ક્યા માંગા ?, 'પંચાયત કા લેખાજોખા મેં માંગા', 'માસ્ટર રોલકી નકલ મેં માંગી', 'બિલ વાઉચર્સ મેં માંગા', 'ફોટોકોપી મેં માંગી' વગેરે. સાથોસાથ લઘુતમ વેતન કાયદાનો અસરકારક અમલ તથા સતી અને બળાત્કાર જેવાં દૂષણો સામેની ઝુંબેશ આ સંસ્થાના નેજા હેઠળ હાથ ધરવામાં આવી. સોહનગઢ નામક ગામડાની ૨૫ હેક્ટર જમીન ગેરકાયદેસર રીતે પડાવી લેનાર જમીનદાર સામે ઉગ્ર આંદોલન કરવામાં આવ્યું અને તેમાં અરુણાના સંગઠનને સફળતા મળી. ત્યાર બાદ આ જમીન પર ગામડાની સ્ત્રીઓએ છોડ વાવ્યા. જે આજે તેમની ઘણી જરૂરિયાતો પૂરી કરે છે. શરૂઆતમાં રાજ્ય સરકારના અધિકારીઓ MKSS નાં આંદોલનોને મચક આપતા ન હતા. પરંતુ જેમ જેમ આંદોલનો ઉગ્ર બનતાં ગયાં તેમ તેમ અરુણાની સંસ્થાએ રજૂ કરેલ નક્કર પુરાવાઓ સામે સરકારી તંત્રને ઝૂકી જવું પડ્યું. ૧૯૯૫-૨૦૦૦ના ગાળામાં અરુણાએ માહિતી મેળવવાના મૌલિક અધિકારની તરફેણમાં જે જનઆંદોલન ચલાવ્યું તેના જ પરિણામે રાજસ્થાન અને મધ્યપ્રદેશની સરકારોએ પ્રજાના માહિતી મેળવવાના આ મૌલિક અધિકારને માન્યતા આપી અને કેન્દ્ર સરકારે પણ તે અંગે એક વિસ્તૃત કાયદો ઘડવાની પોતાની નેમ જાહેર કરી.

પોતાના વ્યક્તિગત જીવનમાં પણ અરુણાએ ખુલ્લાપણાની નીતિ અખત્યાર કરી. પોતે જે ખર્ચ કરે તેનો હિસાબ માગે તેને આપવાની નીતિ તેમણે અમલમાં મૂકી. આ રીતે એક સ્વચ્છ જાહેર અને ખાનગી જીવનનો આદર્શ પ્રજા સમક્ષ મૂક્યો.

અરુણા રૉય સ્વાનુભવને આધારે એમ માને છે કે શહેરી વિસ્તારના તજ્જ્ઞોએ ઘડી કાઢેલી ગામડાના ઉદ્ધારની યોજનાએ કદી ગામડાનો વિકાસ કરી શકશે નહિ. ઊલટાનું આવા કહેવાતા તજ્જ્ઞો પોતે ગામડાનાં લોકો પાસેથી ઘણુંબધું શીખી શકે છે. દેશના ગરીબોનો ઉદ્ધાર ગરીબો પોતે જ કરી શકે. એ તેમની સંપૂર્ણ પ્રતીતિ છે.

અરુણાને મેગસેસે એવોર્ડ જાહેર થયો તે પહેલાં તેમને 'દિવાળીબહેન મહેતા' એવોર્ડ તથા રોટરી ક્લબનો આંતરરાષ્ટ્રિય એવોર્ડ એનાયત કરવાની દરખાસ્ત હતી. પરંતુ સામૂહિક કાર્ય માટે વ્યક્તિગત એવોર્ડ કોઈએ સ્વીકારવા ન જોઈએ એવું ત્યારે અરુણાનું મંતવ્ય હતું. પણ મેગસેસે એવોર્ડ દ્વારા મળતી રકમ જાહેર ટ્રસ્ટને સોંપી દેશમાં માનવઅધિકારો અને લોકશાહી આંદોલનોને પ્રોત્સાહિત કરી શકાશે એમ વિચારીને તેમણે આ એવોર્ડ સ્વીકારવાની સંમતિ આપી છે.

અરુણાએ દેશની વિખ્યાત નર્તકી શ્રીમતી રુક્મિણી અરુંડેલ દ્વારા સ્થાપિત અને સંચાલિત કલાક્ષેત્ર ખાતે વિદ્યાર્થી અવસ્થામાં બે વર્ષ શાસ્ત્રીય નૃત્યની તાલીમ પણ લીધેલી છે.

('વિશ્વવિહાર' સપ્ટે. ૨૦૦૦માંથી)

શીગડાંવાળાં માનવ

આપણે ત્યાં ઉક્તિ પ્રચલિત છે 'માણસ જેવા માણસ ફીએ કંઈ શીંગડાં ઓછાં હોય ?' પણ જ્યારે મિ. લૈમ્પ્રેસે તેમના સાથીદારો સાથેના આફ્રિકાના ગર્નિમ પ્રદેશના પ્રવાસ દરમિયાન પોતાનાથી થોડે દૂર માથે શીંગડાંવાળો, આફ્રિકન હબસી જોયો ત્યારે તેમને ભારે અજાયબી થઈ ને ખરેખર એ દૃશ્ય સાચું છે, કે ભ્રમ તે ચકાસવા તેઓ વારંવાર આંખો મસળવા લાગ્યા. પણ એ ખરેખર એક હકીકત જ હતી. એ માણસના માથાના બંને તરફ શીંગડાં ઊગ્યાં હતાં. એ પછી તો એ શીંગડાંવાળો હબસી એમને એ પ્રદેશના અંદરના જુદા જુદા ભાગમાં લઈ ગયો. ત્યાં એમને માથે શીંગડાં ઊગેલાં બીજાં કેટલાંય માણસો જોવા મળ્યાં, એમાં એક બાળકના માથાની એક તરફ શીંગડું નાનું-શું ઊગેલું હતું અને એક સ્ત્રીને માથાને બદલે નાકની બંને તરફ શીંગડાં ઊગેલાં હતાં.

આવાં દશ્યોને અલ્પ માનવામાં ન આવે, પણ એ વિરલ નથી. વિલેનિંઉન નામના એક લેખકે પોતાના પુસ્તકમાં શીંગડાં ધરાવતાં ૭૨ જેટલાં સ્ત્રી-પુરુષોનો ઉલ્લેખ કરેલો છે. એ પૈકી પચાસ પુરુષો ને બાકીની સ્ત્રીઓ છે. એ દરેકનાં માથાં પર જાનવરની જેમ જ શીંગડાં ઊગેલાં છે.

ઇંગ્લંડમાં સત્તરમી સદીમાં લેંકેશાયરમાં એલન નામની સ્ત્રીના માથા પર બે શીંગડાં ઊગેલાંનું ઇતિહાસ જણાવે છે. વળી, એ બદલ એ સ્ત્રીને જરાય શરમ યા સંકોચનો અનુભવ થતો નહોતો. પણ તે તો એ શીંગડાંને અવનવા રંગે રંગીને તેની શોભા વધારતી હતી. તેમાં ફૂલ તથા રંગીન કાગળો પણ ગૂંથતી હતી અને એ રીતે પોતાને શણગારીને તે જાહેર સમારંભોમાં ભાગ લેતી હતી. છૂટથી પ્રવાસ કરતી હતી. એ જ નગરમાં બીજી એક મહિલાના માથા પર પણ બે શીંગડાં ઊગ્યાં હતાં. એણે એ શીંગડાં ચાર વાર કપાવ્યાં હતાં, પણ પાછાં એ ઊગી આવ્યાં હતાં. એણે પોતાનાં એ શીંગડાંની એક જોડ ફ્રાંસના રાજા ચોથા હેન્રીને ભેટ તરીકે આપી હતી.

મેક્સિકોના રોડરિગ્જ નામના પુરુષને માથાની એક બાજુ સાત ઈંચ લાંબું શીંગડું હરણના શીંગડા જેવું ને ઝાડની ડાળ સમુ ઊગેલું હતું. આ રીતે જેટલાં શીંગડાં સ્ત્રી પુરુષોનાં ઉપલબ્ધ થયાં છે તે સઘળાં બ્રિટિશ મ્યૂઝિઅમમાં સાચવવામાં આવ્યાં છે એક સંભ્રાંત અંગ્રેજને માથે આઠ ઈંચ લાંબું નીકળેલું શીંગડું પ્રાપ્ત શીંગડાંમાં સૌથી મોટું છે.

આ રીતે માનવીના માથા પર ઊગી નીકળતાં શીંગડાંની બાબતમાં જુદા જુદા મત નિષ્ણાતો ધરાવે છે. કેટલાક એને વંશવારસાગત બાબત ગણે છે તો ઈ.સ. ૧૮૩૦ના 'જનરલ કાર્માસિક'ના કથન મુજબ એ સ્નાયુગત દીર્ઘતાના કારણરૂપ છે. બીજા કેટલાક નિષ્ણાત તેને દૂષિત અવયવનું બહાર નીકળવું ગણે છે. આમ છતાં, સઘળા નિષ્ણાતો સર્વાનુમતે માને છે કે, માનવીનાં શીંગડાં, પશુનાં શીંગડાં તથા તે બંનેનાં નખો એકસમાન પદાર્થની જ સરજત છે. વળી, માનવીને નીકળી આવતાં શીંગડાં નથી હોતાં હાનિકારક કે નથી હોતાં જીવન આરોગ્ય માટે જોખમરૂપ. -

-પ્રો. નવેન્દુ

સંપત ગઈ તે સાંપડે, ગયાં વળે છે વહાણ;
ગત અવસર આવે નહીં, ગયા ન આવે પ્રાણ
— દલપત રામ


હિન્દ આવ્યા પછી શરૂઆતમાં ગાંધીજી મુંબઈમાં રેવાશંકર મહેતાને ત્યાં ઊતરતા. એક વખત સ્વામી આનંદ કામઅર્થે બાપુ પાસે ત્યાં રહ્યા. એ વખતે રેવાશંકરભાઈના રસોઈયાની સાથે કંઈક ચડભડ થતાં રસોઈયાએ સ્વામીનું અપમાન કર્યું આથી સ્વામીએ એને એક જોરદાર થપ્પડ ચોડી દીધી. બાપુએ કહ્યું કે, ઊજળાં લોકો માંના કોઈ સાથે તમારે ઝઘડો થયો હોત તો તમે આમ થપ્પડ ન મારત, હમણાં જ જઈને એ નોકરની માફી માગો. સ્વામી માફી માગવા તૈયાર ન થયા એટલે બાપુએ કહ્યું, જો તમે કરેલા અન્યાયનો ડાઘ ન ધોઈ શકો તો તમારે મારો સંગ છોડવો પડશે.' સ્વામી તરત જ રસોઈયાની માફી માગી આવ્યા.

*

વિશ્વનું પ્રથમ આધુનિક વિશ્વવિદ્યાલય ઈ.સ. ૧૦૮૮માં ઈટલીમાં બલોન્યામાં સ્થપાએલું.

*

બ્રાઝિલનાં ગાઢ જંગલોમાં મંચીનીલ નામના ઝાડને વસંતઋતુમાં લાલ રંગનાં સુંદર ફૂલો આવે છે ને એ ફૂલોમાંથી સતત પરાગ ઝરે છે. આ સમયે કોઈ મુસાફર એની છાયામાં આરામ કરવા બેસે તો તેને તરત જ કોઢ નીકળે છે.



તિજોરી આકારમાં તિજોરી શબ્દ
(મહેબુબ અ. સૈયદ)

अर्थकामेष्वसक्तानां धर्मज्ञानं विधीयते ।
धर्मं जिज्ञासमानानां प्रमाणं परमं श्रुतिः ॥

જે પુરુષો અર્થ અને કામમાં નથી ફસતા, તેમને જ ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જે ધર્મના જ્ઞાનની ઈચ્છા કરે તે વેદ દ્વારા ધર્મનો નિશ્ચય કરે, કેમ કે ધર્માધર્મનો નિશ્ચય વેદ વગર બરોબર થતાં નથી. ('સત્યાર્થપ્રકાશ' માંથી)

ગણિતગમ્મત

તે અંકનો તૃતિયાંશ તે મૂક મધ્ય મોઝાર
ત્રીજે, બીજે, નવમે, ચોથે એક વધાર.
સાત, આઠ, પ્રથમે, છઠે ઓછો કરજે એક
સરવાળો સરખો થશે, છએ તરફથી છેક.

૧ ૧૯	૨ ૨૪	૩ ૨૩
૪ ૨૬	૫ ૨૨	૬ ૧૮
૭ ૨૧	૮ ૨૦	૯ ૨૫

એ ગણતરી મુજબ ખાનામાં આંકડા ભરીએ તો સરવાળો જોઈએ છે ૬૬ બધી બાજુથી. ૬૬÷૩ = ૨૨ આ ચોરસમાં બરાબર મધ્યમાં છે. ખાનામાં નાના આંકડા ખાનાનો ક્રમ દર્શાવે છે.

-અરવિંદ પટેલ

*

દાડમની છાલ સૂકવી, ખાંડી, ચૂર્ણ બનાવી એક ચમચી જેટલું સવારસાંજ દહીં સાથ મિશ્ર કરી ખાવાથી જૂનો મરડો મટી જાય છે.

*

ચોરી કરતાં પકડાયેલા ચોરને પોલીસે પૂછ્યું, બોલ તેં ચોરી કેમ કરી ?'

ચોરે કહ્યું : આપનાં બાળકો માટે.'

પોલીસે આશ્ચર્યથી પૂછ્યું : હેં ? મારા બાળકો માટે ?' ચોરે ઠાવકાઈથી કહ્યું : 'હાસ્તોવળી, જો હું ચોરી ના કરું તો તમને નોકરીમાં કોણ રાખે ? તમારાં બાળકો ભૂખે જ મરી જાય.'



ચૂંટણી પતી ગઈ, પણ દરવખતની જેમ ચૂંટણીભંડોળ અને કાર્યકરો ન મળતાં... બિચારા ઉમેદવારને પોતે જ સ્વયં-સેવક બની બધું કામ પાર પાડવું પડે છે



કલાકણિકા : નેપલ્સ પાસેથી મળી આવેલી એક યુવતીની આરસમાં કંડારેલી ઉત્તરાર્ધ પ્રતિમા. નીચે પુષ્પની પીઠિકા છે તેથી તે પુષ્પમાંથી ઉદ્ભવી હોય તેમ દર્શાવાયું છે. આ શિલ્પાકૃતિ એન્ટનિની પુત્રી એન્ટોનિઆની હોવાનું મનાય છે.